૧૫૩

અહેવ - ૧૫૩

# ગુજરાતના આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ : મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન

ભીખાભાઈ સો. પટેલ

સંકલન

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૧૪૯

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૧૯૮૪

# ગુજરાતના આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ : મૂલ્યાંકન અભ્યાસ


**અહેવાલ લેખન**

ભીખાભાઈ સો. પટેલ

**સંકલન**

ડૉ. ઠાકોરભાઈ નાયક



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર** १४૯

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૧૯૮૪

# અનુક્રમણિકા


| અ.નં. | પ્રકરણ | વિગત | પાન નં. |
|---|---|---|---|
| ૧ | - | આભારદર્શન | |
| ૨ | ૧ | સંશોધન પ્રાયોજના | ૧ |
| ૩ | ૨ | સહકારી પ્રવૃત્તિનો ઉદ્ભવ, ડેરી સહકારી પ્રવૃત્તિ, વિકાસ અને ડેરી ઉદ્યોગનું વિહાંગાવલોકન | ૯ |
| ૪ | ૩ | પસંદ થયેલ મંડળીઓનો વિસ્તાર અને મંડળીઓનો યથાસ્થિતિ અહેવાલ | ૩૬ |
| ૫ | ૪ | દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ | ૯૫ |
| ૬ | ૫ | વહીવટી માળખું | ૧૪૯ |
| ૭ | ૬ | નિષ્કર્ષ અને સૂચનો | ૧૭૪ |
| ૮ | - | સંદર્ભ સૂચિ | ૨૦૬ |

## કોઠાની યાદી


| ક્રમ | કોઠાનું નામ | પાન નં. |
|---|---|---|
| ૧ | જિલ્લાવાર ડેરી પ્લાન્ટની ક્ષમતા અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તથા દૂધ એકત્રિકરણ અંગેની હાલની પરિસ્થિતિ | |
| ૨ | ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વ્યાજ રાહત યોજના હેઠળ ૧૯૭૭-૭૮ ના વર્ષમાં પ્રોજેકટવાર પૂરી પાડેલી લોનની માહિતી | |
| ૩ | ગુ.આ. વિ. કોર્પોરેશન દ્વારા તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ (વ્યાજ રાહત લોન હેઠળ) ધિરાણની માહિતી (પંચમહાલ જિલ્લો) | |
| ૪ | ગુ. આ. વિ. કો. દ્વારા વ્યાજ રાહત યોજના હેઠળ આદિવાસી લાભાર્થીઓને જુદા જુદા હેતુઓ માટે (દૂધાળા ઢોર) વર્ષવાર / તાલુકાવાર કરેલ ધિરાણની વિગતો (પંચમહાલ) | |
| ૫ | પસંદ પામેલ તાલુકાવાર મંડળીઓને આ. વિ. કોર્પોરેશન દ્વારા અપાવેલ ભેંસોની સંખ્યા અને તેની રકમ દર્શાવતો કોઠો | |
| ૬ | ભૂતકાળના ભાવો દર્શાવતો કોઠો | |
| ૭ | જિલ્લાવાર (કાર્યરત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની નોંધ) | |
| ૮ | આદિવાસી વિસ્તારની જિલ્લાવાર / તાલુકાવાર દૂ. ઉ. ક. સ. મંડળીઓની માહિતી | |
| ૯ | પસંદ થયેલ પાંચ ચાલુ દૂધ મંડળીઓન વિગતવાર માહિતી પાન નં.૭૬ થી ૧૧૭ | |
| ૧૦ | **પ્રકરણ-૩**<br>**કોઠો :**<br>૧. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના વિસ્તારવાર તપાસેલ નમૂનાના સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો<br>૨ નમૂનાના કુટુંબોના ઘરની માહિતી દર્શાવતું પત્રક<br>૩ ઘરવખરીના સાધનો (વાસણો)<br>૪ ઘરવખરીના સાધનો (ફર્નિચર)<br>૫ નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા<br>૬ કુટુંબના સભ્યોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ | |

| | | |
|---|---|---|
| | ૭ કુટુંબના સભ્યોમાં પરિણિત / અપરિણિત | |
| | ૮ કુટુંબના વડાનું શિક્ષણ સ્તર | |
| | ૯ નમૂનાના કુટુંબોમાં શિક્ષણ પુરૂં કર્યું હોય તેની વિગત દર્શાવતો કોઠો વિસ્તારવાર ચાલુ શિક્ષણ લેનાર સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો | |
| | ૧૦ નમૂનાના કુટુંબોનો મુખ્ય ધંધો | |
| | ૧૧ વિસ્તાર પ્રમાણે ધંધાનો પ્રકાર દર્શાવતો કોઠો | |
| | ૧૨ કુલ કમાનાર અને નહિ કમાનાર | |
| | ૧૩ વિસ્તારવાર નમૂનાના કુટુંબોનું જમીનનું કદ | |
| | ૧૪ વિસ્તાર પ્રમાણે જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી કુલ આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો : કુટુંબદીઠ આવક, કુલ આવક ટકામાં, કુટુંબદીઠ માસિક/ માથાદીઠ માસિક અને વાર્ષિક આવક (રૂા.માં) | |
| | ૧૫ જુદા જુદા ધંધા પાછળનું કુલ ખર્ચ | |
| | ૧૬ જુદા જુદા ધંધાની કુલ આવક, કુલ ખર્ચ અને ચોખ્ખી આવક | |
| | ૧૭ વિસ્તારવાર નમૂનાના કુટુંબોનું કુલ વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો | |
| | ૧૮ વિસ્તારવાર / ગામવાર દેવાદાર કુટુંબો | |
| | ૧૯ હેતુવાર દેવું | |
| | ૨૦ વિસ્તાર પ્રમાણે નમૂનાના કુટુંબો પાસેના ખેત સાધનો દર્શાવતો કોઠો | |
| | ૨૧ વિસ્તાર પ્રમાણે ઘર /ઝાડ અને પશુધનની વિગતો દર્શાવતો કોઠો | |
| | ૨૨ વિસ્તારવાર અસ્કયામતનું પ્રમાણ દર્શાવતો કોઠો | |
| | ૨૩ પૂરક પ્રશ્નોના જવાબ દર્શાવતો કોઠો | |
| ૧૧ | પસંદ થયેલ મંડળીઓના વહીવટી માળખામાં કામ કરતા કર્મચારીઓની વિગત | |
| ૧૨ | દૂધ મંડળીઓને વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંગે સૂચનો | |

# આભારદર્શન

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં સહકારી ક્ષેત્રે કામ કરતી આદિવાસી વિસ્તારો પૈકીના પંચમહાલ જિલ્લાની આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસનું કામ આ વર્ષે હાથ ધરવામાં આવ્યું હતું. કેન્દ્ર દ્વારા આ કાર્ય નવેમ્બર-૮૩ થી ક્ષેત્રકાર્યની શરૂઆત કરીને એપ્રિલ-૮૪માં તેના અહેવાલ લેખનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ અગાઉ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લગતા કેટલાક અભ્યાસો થયા છે અને તેને તપાસ્યા પણ છે. જેમાં દૂધ ઉત્પાદક મંડળીની જે તે ગામના અનુસંધાનમાં તેની અસરો, કોઈ એક જાતિ પરની અસર, કેટલાક શોધ નિબંધમાં ડેરી અને પરિવર્તન વિષે તો કેટલાકમાં ડેરી ઉદ્યોગમાં કામદારોની સમસ્યાઓ વિષેનો ઉલ્લેખ છે.

અહીં પ્રસ્તુત અહેવાલમાં આ બધાથી અલગ એવા માત્ર આદિવાસી વિસ્તારના સંદર્ભમાં થોડા આગળ વધીને દૂધ ઉત્પાદક સહકારી મંડળીની શરૂઆતથી આજ સુધી વિકસેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો શ્વેત ક્રાંતિ સર્જવામાં કેટલો હિસ્સો રહ્યો છે તેનો ખ્યાલ આપ્યો છે. માત્ર એટલું જ પૂરતું નથી, પરંતુ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદોની વસવાટની ભાત, તેમની આર્થિક-સામાજિક સ્થિતિ, દૂધ મંડળી દ્વારા મળેલા લાભો અને તેના દ્વારા તેમની આર્થિક સ્થિતિમાં શું પરિવર્તન આવ્યું, હજુ પણ દૂધ સંઘો દ્વારા અને સરકારશ્રી દ્વારા સભાસદો માટે શું કરવું જોઈએ વગેરે બાબતોને આવરી લઈ પંચમહાલ જિલ્લાના પાંચ પછાત તાલુકાઓનો બબ્બે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને નમૂનાની મંડળીઓ તરીકે પસંદ કરીને સભાસદોને લગતા, મંડળીને લગતા તમામ પાસાઓને આવરી લઈ આ અહેવાલ લેખનનું કામ કર્યું છે.

સમગ્ર તપાસને અનુલક્ષીને પછાત વિસ્તારમાં કામ કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા સભાસદોના હિતમાં હજુ શું કરવું જોઈએ તે અંગે વિગતે ખ્યાલ અહેવાલના છેવટના પ્રકરણમાં આપ્યો છે. આ સૂચનો મારા પોતાના ક્ષેત્રકાર્ય આધારિત, તેમજ કેન્દ્રના નિયામકશ્રીએ અવાર-નવાર સૂચવેલા આજના ડેરી વ્યવસાયને લગતા સૂચનો તેમજ મંડળીના કાર્યકર્તાઓ અને સભાસદોએ જણાવેલ મુદ્દાઓ પર આધારિત છે.

ક્ષેત્રકાર્યમાં દૂધ મંડળીઓ વિષે માહિતી પૂરી પાડનાર મંડળીઓમાં કામ કરતાં, મંડળીના સંચાલકો અને સભાસદોએ કે જેમણે આ અભ્યાસમાં રસ લઈ ખુલ્લા દિલે મંડળીઓ અંગે, મંડળીઓના વહીવટ અંગે અને સભાસદોએ પોતાને મળતા લાભો વિષે જણાવતા, આ ઉપરાંત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મંત્રીઓ અને જિલ્લા સંઘમાં કાર્ય કરતી મહત્વની વ્યક્તિઓ કે જેમાં વહીવટી અધિકારી અને સંઘના મેનેજરશ્રી સાથેની ચર્ચા પર પ્રસ્તુત અહેવાલ આધારિત છે. તે માટે ઉપરોક્ત દરેક પ્રશાસન સાથે સંકળાયેલ વ્યક્તિઓનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

અહેવાલ લેખનના ગાળા દરમ્યાન કેન્દ્રના નિયામક ડૉ. ઠાકોરભાઈ નાયક અને સંશોધન અધિકારીશ્રી મુસ્તાઅલી મસવીએ અહેવાલની લગતી દરેક બાબતોમાં મને માર્ગદર્શન પૂરૂં પાડયું છે. કેન્દ્રના નિયામકશ્રીએ આ અહેવાલનાં રચના અને લેખનમાં ખૂબજ રસ બતાવ્યો છે. તેમનો હું રૂણી છું.

ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી વિનોદભાઈ ત્રિપાઠીએ જરૂરી વહીવટી અનુકુળતા ગોઠવી આપી તે બદલ તેમનો પણ આભાર માનું એટલો ઓછો છે.

મને વિશ્વાસ છે કે પ્રસ્તુત અહેવાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને તેમના સભાસદોને માટે અને આદિવાસી વિસ્તારના બીજા સહકારી મંડળીના કાર્યકર્તાઓ માટે તેમજ ડેરી વ્યવસાય સાથે સંકળાયેલા તમામને ઉપયોગી થશે. ઉપરાંત આજના સંશોધન ક્ષેત્રમાં પડેલા સમાજ માનવશાસ્ત્રીઓને પણ રૂચિકર લાગશે. કોઈપણ ક્ષેત્રનું સંશોધન માત્ર સંશોધકને જ જ્ઞાનસર્જન રૂપી ફાયદો કરે અને જેના વિષે સંશોધન કર્યું છે તે માટે ઉપયોગી ન થાય એવું હવે આજની પરિસ્થિતિમાં તો કેમ ચાલે ? મને મારા આ અભ્યાસથી મને તો લાભ થયો જ છે, પરંતુ સહકારી ક્ષેત્રે કાર્યરત એવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને તેના સભાસદોને માટે નવો માર્ગ ખુલ્લો થશે એવી આશા અસ્થાને નહિ લેખાય.

ગૂજરાત વિદ્યાપીઠ
તારીખ : ૧-૪-૧૯૮૪ ભીખાભાઈ સો. પટેલ

# પ્રકરણ-૧
# સંશોધન પ્રાયોજના

**સંશોધન પ્રાયોજના, વિસ્તાર પસંદગી, હેતુઓ, તપાસ પદ્ધતિ અને પ્રકરણીકરણનું માળખું :**

**પ્રસ્તાવના :**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૨થી આજ સુધી મજૂર સમાજકલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ દ્વારા સૂચવેલી ગુજરાતમાં અત્યંત કપરી પરિસ્થિતિમાં જીવન ગુજારતી જુદી જુદી આદિવાસી જાતિઓ વિષેના અભ્યાસો હાથ ધરવામાં આવતા. તેની સાથે સાથે બહારના પણ જુદા જુદા બ્લોક પસંદ કરીને અભ્યાસો થયા છે. કેન્દ્ર દ્વારા કેટલાક મૂલ્યાંકન અભયાસો પણ કરવામાં આવ્યાં છે. જેમાં આશ્રમશાળા, મોટા કદની ખેતી વિકાસ મંડળીઓ અને જંગલ કામદાર સહકારી મંડળીઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે કેન્દ્ર દ્વારા ''દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ'' એક મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરી દૂધની અર્થવ્યવસ્થાને સમજવા એક નવો જ કિસ્સો હાથ ધરવામાં આવ્યો છે. જેની પ્રસ્તુત અહેવાલમાં રજૂઆત કરવામાં આવી છે.

**સંશોધન પ્રાયોજના :**

ભારતના અર્થતંત્રમાં કૃષિ વ્યવસાયની સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે ડેરી વ્યવસાયનું સ્થાન મોખરાનું ગણવામાં આવે છે. આજે વધતી જતી વસ્તીને પહોંચી વળવા માટે રોજગારી પૂરી પાડવાના સાધનોમાં તથા કૌટુંબિક આવકમાં પૂર્તિ કરનાર વ્યવસાય તરીકે ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં તેની અવેજીમાં ટકી શકે તેવો કોઈ નક્કર વ્યવસાય હજી સુધી આપણે મેળવી શક્યા નથી. આ સંદર્ભમાં ડેરી વ્યવસાય દ્વારા પ્રાપ્ત થતી ઉપજ અને તેની બજાર વ્યવસ્થા છે. તેનો અભ્યાસ કેટલાંક કારણોને લીધે આવશ્યક બને છે. જેમકે કોઈપણ ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવા માટે તેનું બજાર હોવું જરૂરી છે. બજારની સાથે સાથે ઉત્પાદન કરનાર (ઉત્પાદક) પાયામાં હોઈ તેને પેદાશના વ્યાજબી ભાવો મળવા એટલું જ જરૂરી છે. મૂડીવાદી બજાર વ્યવસ્થામાં મુઠ્ઠીભર ખરીદનારા હોવાને પરિણામે ઉત્પાદકના હિતોનું રક્ષણ થતું નથી. આ સંદર્ભમાં ડેરી અને ખેતી પેદાશોના ઉત્પાદકોને રક્ષણ આપવું મહત્વનું બને છે.

આજે ગુજરાતભરમાં મોટાભાગનાં ગામડાઓમાં ખેતીની સાથે દૂધ ઉત્પાદનનો (પશુપાલન) ધંધો ઘણા લોકોએ સ્વીકારેલો છે. આઝાદી પહેલાં જયારે દૂધ ઉત્પાદકો સંગઠિત ન હતા ત્યારે ખાનગી વેપારીઓ અને દૂધની પેદાશો બનાવનાર પેઢીઓ ગામડાના લોકો પાસેથી દૂધ / ઘી ખરીદતા હતાં. તેમાં ઉત્પાદકોના હિતને ધ્યાનમાં લેવાતું ન હતું. વેપારીઓનો ધંધો નફાલક્ષી હોવાથી ઉત્પાદકોને તેમના દૂધ / ઘી ના ભાવ સારા મળતા ન હતા. દૂધના નાણાંની ચૂકવણી પણ અનિયમિત

થતી. જેથી ઉત્પાદકોને અન્યાય થતો હતો. સાથે સાથે શોષણ પણ એટલું જ થતું હતું. આ શોષણ અને અન્યાય અટકાવવા માટે લગભગ ૧૯૩૫-૩૬ના સમયગાળામાં સહકારી ધોરણે દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો પાયો નંખાયો. આજે સહકારી ક્ષેત્રે દૂધના ઉત્પાદન અને વેપારનું માળખું ગોઠવવામાં આવ્યું છે અને સારી રીતે વિકસાવવામાં પણ આવ્યું છે. હાલના તબક્કે ગ્રામસ્તરે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, જિલ્લાકક્ષાએ દૂધ ઉત્પાદક સહકારી સંઘો અને રાજય સ્તરે ગુજરાત રાજય ડેરી વિકાસ નિગમ કાર્ય કરે છે. આજે દૂધ ઉત્પાદક સંઘો દ્વારા ઉત્પાદકના માલનું એકત્રીકરણ કરીને ડેરીના અદ્યતન પ્લાન્ટમાં દૂધની વિવિધ પ્રક્રિયામાંથી પસાર કરીને નવીન ચીજોનું દૂધની વિવિધ બનાવટોને બજારમાં વેચાણ કરે છે.

રાજયમાં સહકારી માળખુ એ કોઈ નવું ઊભુ થયેલુ ન હતું. બૃહદ મુંબઈ રાજય વખતે સહકારી મંડળીઓનો પાયો નંખાઈ ચૂક્યો હતો. પરંતુ તેમાં વિવિધ કાર્યકારી અને રૂપાંતર કરનારી સહકારી મંડળીઓની શરૂઆત થઈ હતી. સ્વતંત્રતા મળ્યા પછી બીજી પંચવર્ષીય યોજનામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને મહત્વ આપવામાં આવ્યું હતું. પ્રથમ પંચવર્ષીય યોજનામાં ખેતીને પ્રાધાન્ય આપ્યા પછી ગુજરાત સરકારની નજર ખેતીના પૂરક એવા પશુપાલનના ધંધાને વેગ આપવા બીજી પંચવર્ષીય યોજનામાં ખાસ ભાર મૂકવામાં આવ્યો. આજે ગુજરાતભરમાં ડેરી ઉદ્યોગ ડાંગ સિવાયના તમામ જિલ્લામાં સારી રીતે વિકસતો જોવા મળે છે. આજે કેટલાક જિલ્લાઓમાં તો સારી એવી હરણફાળ ભરી હોવા છતાં તે વિકાસની દિશામાં આગેકૂચ કરી રહ્યો હોવાથી, રોજબરોજ આ ક્ષેત્રે નવા સંશોધનો થતાં હોવાથી વિકાસની કેડી પાર કરવા આગળને આગળ વિકસતો રહ્યો છે. આ વિકાસ માટે મૂળ પાયામાં રહેલા ઉત્પાદકને તેની આવક વૃધ્ધિ માટે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે અને સરકારશ્રીએ પણ ૧૯૭૨-૭૩માં વિકાસની જુદી જુદી પ્રવૃત્તિને વેગ આપવા અને આદિવાસી પ્રજાના સામાજિક આર્થિક ઉત્કર્ષ માટે એક અલગ કોર્પોરેશન ઊભુ કરીને ૧૯૭૭ના ડિસેમ્બર માસથી ચાલુ કરેલ વ્યાજ રાહત યોજનામાં દૂધાળાં ઢોર આપવાની યોજના અમલમાં મૂકી છે. શરૂઆતમાં આદિવાસી સભ્યોને ૧૫૦૦ રૂપિયાથી શરૂ કરી આજે એક સભ્યને દૂધાળાં પશુ (ભેંસ) માટે રૂપિયા ૩૦૦૦ સુધીની વ્યાજ રાહત લોન ધિરાણના સ્વરૂપે અને ૫૦ ટકા સબસીડીના ધોરણે ઘણી મોટી સંખ્યામાં આદિવાસી વિસ્તારમાં ભેંસો આપી છે. આ યોજનાથી ખરેખર શું પરિણામ આવ્યું તેનું મૂલ્યાંકન આ તબક્કે જરૂરી અને એટલું જ ઉપયોગી છે.

**મૂલ્યાંકન શા માટે :**

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા આજે ગામડામાં ઓછુ ભણેલા અને બેકાર યુવાનો માટે પશુપાલન અને ડેરી ઉદ્યોગ તેમજ અંબર એ રોજી પૂરી પાડવા માટેના અસરકારક કાર્યક્રમ રહ્યા છે. આજે આદિવાસી વિસ્તારમાં માત્ર ભેંસો આપવાથી ગામડાના ગરીબનું ભલું નહિ થાય, તે માટે આ યોજનાની સાથે સાથે સહકારી ધોરણે કે પંચાયત દ્વારા જયાં શક્ય હોય ત્યાં ઘાસચારાની

વ્યવસ્થા નહિ કરવામાં આવે તો આદિવાસીની ભેંસોય જશે અને લોકોના નાણાં પણ જશે. લીલા ઘાસચારાની યોજના વિચાર્યા વગર ગાય / ભેંસ ખરીદવા લોન આપવાથી ગરીબ આદિવાસીનું કલ્યાણ નહિ થાય. હા, આપણે આંકડા છાપીને કે લોન આપીને, લોન વિતરણ સમારંભો કરીને ગરીબોને મદદ કર્યાનો સંતોષ લઈશું પણ ખરેખર અત્યાર સુધીના કામોનું શું પરિણામ આવ્યું, તેની આવક વધી કે ઘટી, તેનામાં દૂધની ટેકનોલોજી વિષે કેટલું જ્ઞાન વધ્યું તેનું મૂલ્યાંકન કરવું હાલના તબક્કે જરૂરી છે.

એક એવું મંતવ્ય પ્રચલિત છે કે દૂધ ગાય / કે ભેંસના આંચળમાં નહી પણ તેની દાઢમાં છે. જેટલું અને જેવું ઘાસ તેટલું વધારે દૂધનું ઉત્પાદન વધશે. એટલે કે દૂધ ઉત્પાદક મંડળીઓ રચવાની સાથે ઘાસ ઉછેરની યોજના પણ મૂકવી જોઈએ. આ યોજના વગર આદિવાસી વિસ્તારમાં અપાતાં મોટાભાગનાં દૂધાળાં ઢોર કદાચ ગરીબને વધુ ગરીબ બનાવશે અને તેને વધારે મુશ્કેલીમાં મૂકશે. જેથી આ અંગે પણ વિચારણા જરૂરી છે.

આજે જુદી જુદી પ્રાયોજના કચેરીઓ દ્વારા ભેંસો આપવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે તે યોજનાથી આદિવાસી લોકોને ફાયદો થયો કે કેમ ? તે કેટલે અંશે ફળીભૂત થઈ તેનું મૂલ્યાંકન આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસમાં ખૂબ ઉપયોગી નીવડશે. આજે ગુજરાત રાજયાં ડાંગ સિવાયના દરેક જિલ્લાઓમાં દૂધ ઉત્પાદક સહકારી સંઘો અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા રાજયમાં આવી રહેલી શ્વેતક્રાંતિ સામે કેટલાક વિરોધો પણ થઈ રહેલા જોવા મળે છે. અને દૂધ ઉત્પાદક સહકારી મંડળી આવવાથી ગામડામાં

દૂધનો વપરાશ ઘટ્યો છે તેવાં જૂઠાણા સામે ખરેખર આ બધું સત્ય છે કે કેમ ? તેના માટે પણ આ મૂલ્યાંકન અભ્યાસ ખૂબ અગત્યનો છે. ચાલુ વર્ષે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રએ આ કામ હાથ ધરીને આ બધા સામે પડકાર રૂપ થવા માટે ખૂબ જહેમત ઉઠાવી છે.

**વિસ્તાર પસંદગી :**

આજે ઠેર ઠેર ડેરી વ્યવસાય પહોંચેલો છે. રાજયના જુદા જુદા આઠ આદિવાસી જિલ્લાઓમાં પણ દૂધ ઉત્પાદક સહકારી સંઘોની સ્થાપનાની સાથે દૂધ ઉ.ક.સહકારી મંડળીઓ વિસ્તરણ પામી છે. તેમાં કેન્દ્ર દ્વારા પ્રસ્તુત અભ્યાસમાં પછાત વિસ્તારની દૂધ મંડળીઓ અંગે સામાન્ય માહિતી મેળવીને આઠ જિલ્લા અને ૩ર તાલુકાઓની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો એક સામાન્ય પરિચય આપી આ અભ્યાસની પૃષ્ઠભૂમિ નિર્માણ કરી છે. મૂલ્યાંકનના વધુ ગહન અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લાની પસંદગી માટેના કેટલાંક કારણો પણ અહીં નીચે દર્શાવ્યા છે.

(૧) પંચમહાલ જિલ્લો એ બધા પછાત વિસ્તારોની દ્રષ્ટિએ હજુ ખૂબ પછાત છે અને જેમાં પાંચ આદિવાસી તાલુકાઓ છે. જેમાં બારિયા તાલુકા સિવાય દાહોદ, ઝાલોદ, સંતરામપુર અને લીમખેડા તાલુકામાં ૫૦ ટકા ઉપરાંતની વસ્તી આદિવાસીઓની છે.

(૨) જિલ્લાની કુલ વસતિમાં આદિવાસીઓની વસ્તી ૧૯૮૧ પ્રમાણે ૯,૬૯,૫૨૩ની છે એટલે કે કુલ વસ્તીના ૪૧.૩૬ ટકા લોકો આદિવાસીઓ છે.

(૩) આ જિલ્લામાં જંગલ વિસ્તારનો નાશ થવાથી વૈકલ્પિક રોજગારીનું પ્રમાણ સતત ઘટતું જોવા મળે છે. જેના પરિણામે વસતિના મોટા પ્રમાણમાં સ્થળાંતર થાય છે. આજે દરેક જિલ્લામાં કોઈને કોઈ કામ માટે પંચમહાલનો આદિવાસી પહોંચેલો જોઈ શકાય છે. જ્યારે બીજા આદિવાસી જિલ્લાના લોકો ખૂબ ઓછા જોવા મળશે. ત્યારે શું દૂધ ઉદ્યોગ આમાંથી કંઈક રાહત આપી શકે છે ? એ પ્રશ્નનો ઉત્તર આમાંથી મળી શકે તેવો ખ્યાલ છે.

(૪) આ વિસ્તારની ખેતીની જમીન પણ બીજા આદિવાસી વિસ્તારોની જમીનની સરખામણીએ ઓછી ફળદ્રુપ પથરાળ અને છીછરી છે. તેમજ જમીન સપાટ ન હોવાને લીધે ઉત્પાદકતા પણ નીચી છે. તેથી ખેતીમાંથી મળતી આવક ઓછી છે. તો પશુપાલનના વ્યવસાય સ્વીકારવાથી અને દૂધાળાં ઢોરની યોજનાના લાભથી ડેરી વ્યવસાયને લીધે કેટલાને પૂરક આવક મળે છે ? તે અંગે પણ જાણી શકાય.

(૫) ગુજરાતના બીજા પછાત જિલ્લાઓ જેમાં સુરત-વલસાડની જેમ બાગાયતી ખેતી આ વિસ્તારમાં શક્ય નથી તથા વરસાદની અનિશ્ચિતતા અને સિંચાઈની સુવિધા તે બે જિલ્લાઓ જેટલી અનુકૂળતા પંચમહાલને નથી. જેથી તેના વિકલ્પે ડેરી સહકારી મંડળી જ એક એવો વ્યવસાય છે કે જે નવી રોજગારીની તકો પૂરી પાડી શકે.

ઉપર મુજબ વિસ્તાર પસંદગી અને તેને માટે કેટલાંક કારણો ઉપરાંત પ્રસ્તુત અભ્યાસમાં તપાસ માટે કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યાં છે.

**તપાસના હેતુઓ :**

ગ્રામ વિકાસનો એક સુંદર અને સુગઠિત કાર્યક્રમ ઘડી કાઢવો એ કોઈ મુશ્કેલ વાત નથી. પરંતુ કાર્યક્રમને સફળતાપૂર્વક અને સમય મર્યાદામાં અમલી બનાવવા માટે એક અત્યંત કુશળ વહીવટી અને સંસ્થાકીય માળખુ પણ હોય છે તો અહીં,

(૧) પસંદ કરેલ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મડળીઓની વહીવટ અંગેની વ્યવસ્થિત માહિતી એકત્રિત કરવી. તેના કાર્યોમાં મંડળીનું વહીવટી માળખુ તપાસવું.

(૨) દૂધ ઉત્પાદક સહકારી મંડળી આવવાથી સભાસદોને શું લાભ થયો ? તેની આવક વધી, દૂધ ઉત્પાદન વધ્યું કે કેમ તે જાણવું.

(૩) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કાર્યમાં દૂધ મંડળીઓનો સંઘ કઈ રીતે મદદરૂપ થાય છે તે જોવું. તેમજ વ્યવસ્થા તંત્રમાં દૂધનો કેટલો હિસ્સો વધારે છે તે જોવું.

(૪) દૂધ ઉત્પાદન સહકારી મંડળીથી આર્થિક રીતે કયા સ્તરના આદિવાસીઓને કેટલો આર્થિક લાભ મળ્યો છે તેની વ્યવસ્થિત તપાસ કરવી. મંડળીઓનો લાભ નાના ખેડૂતો / બિનખેડૂતોને મળ્યો છે કે કેમ તે જોવું. દૂધ ઉત્પાદક મંડળી આવવાથી આદિવાસી સદસ્યોનો કેટલો આર્થિક વિકાસ થયો તેની તપાસ કરવી.

(૫) મંડળી આવવાથી ગ્રામ સંરચનામાં કંઈ ફેર પડ્યો છે ? ગામમાં ઝઘડા વધ્યા કે ઘટ્યા ? ચારાના ઝઘડા થાય છે ? તે જાણવું. ગ્રામ વિકાસ માટેના કેવા અને કયા પ્રકારનાં કાર્યો હાથ ધરેલાં છે તે જોવું.

(૬) મંડળી આવવાથી લોકોમાં કેટલી જાગૃતિ આવી તે તપાસવું.

(૭) દૂધ ઉત્પાદક સહકારી મંડળીથી આદિવાસીમાં તાંત્રિક જ્ઞાન કેટલું વધ્યું તે પણ તપાસવું. સાથે સાથે સ્ત્રીઓનો આમાં શું હિસ્સો છે અને સ્ત્રીઓની ભૂમિકામાં શો ફેર પડ્યો તે જોવું.

(૮) આ બધા ઉપરથી દૂધ ઉત્પાદક સહકારી મંડળી આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષમ અને ફાયદાકારક બનાવવા માટેના પગલાં સૂચવવાનો હેતુ રખાયો છે.

(૯) આ સાથે દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા મંડળીઓના સભાસદોની દૂધાળી ગાય / ભેંસ માટેની સારવાર અંગે, દાણ માટેની, દૂધ જથ્થાના હેરફેર માટેની તેમજ દૂધના ધંધા સાથે સંકળાયેલ વહીવટી સેવામાં રોકાયેલ મંત્રી-પ્રમુખોની તાલીમની શી વ્યવસ્થા કરવામાં આવે છે તે જાણવાનો હેતુ રાખવામાં આવ્યો છે.

(૧૦) ઉપરોક્ત જુદા જુદા હેતુઓ ઉપરાંત ડેરી ફાર્મીંગની વ્યવસ્થા અંગે જમીનના વિકાસની કેટલી શક્યતાઓ રહેલી છે તે તપાસવાનો હેતુ ધ્યાનમાં રાખવામાં આવ્યો છે.

ઉપરોક્ત જુદા જુદા હેતુઓને ધ્યાનમાં લઈ તેની તપાસ માટે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાસ માટે કરવામાં આવ્યો છે.

**તપાસની પ્રવિધિઓ :**

(૧) આ અભ્યાસ સ્તરે સૌ પ્રથમ ટપાલથી આદિવાસી વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જેમાં જુદા જુદા આઠ જિલ્લાના ૩ર તાલુકાઓમાંથી ર૭ તાલુકાની દૂધ મંડળીઓની માહિતી પ્રાપ્ય થઈ હતી. આ પધ્ધતિ દ્વારા

પસંદ થયેલ વિસ્તારની (પંચમહાલ) દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સ્થાપના વર્ષ, અને સભાસદોની સંખ્યા વિષેની માહિતી એકત્રિત કરીને પસંદ થયેલી મંડળીઓના રેકર્ડ ઉપરથી આંકડાકીય માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમાં મંડળીમાં માસવાર દૂધ કેટલું આવે છે તેની મંડળીને કેટલી આવક પ્રાપ્ત થાય છે અને સભાસદોને કેટલી રકમ ચૂકવવામાં આવે છે તેને લગતી બાબતો એકઠી કરવામાં આવી હતી.

(૨) મંડળીના સભાસદોની મુલાકાત દ્વારા અને પ્રશ્નાવલીના ઉપયોગથી આર્થિક સામાજિક પાસાઓ તેમજ સભાસદોને ચૂકવવામાં આવતા ભાવો અંગે ઊંડાણપૂર્વક માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ સાથે મંડળીના સભાસદોને મંડળી દ્વારા શું ફાયદો / ગેરફાયદો થયો તે વિષેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જેને માટે નિયત પ્રશ્નાવલી તૈયાર કરીને પસંદ થયેલી દરેક મંડળીના ૨૦ / ૨૦ સભાસદોનો સંપર્ક કરી કુલ ૧૬૦ સભાસદોને આ અભ્યાસની સાથે સાંકળી લઈ પ્રસ્તુત અહેવાલ માટે ઉપયોગી બાબતોની માહિતી મેળવી હતી.

(૩) આ અભ્યાસને વધુ સમર્થન આપવા દૂધ ઉત્પાદક સહકારી સંઘ, તાલુકાકક્ષાના સહકાર ખાતાના સંબંધિત અધિકારીઓ, ગુજરાત ડેરી વિકાસ નિગમના કર્મચારીઓ અને મુખ્ય ઉત્તરદાતાઓની પ્રત્યક્ષ કાર્ય દ્વારા મુલાકાત પદ્ધતિથી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લગતી તમામ પ્રકારની માહિતી એકત્રિત કરી હતી. જેની અલગ અલગ પ્રકરણોમાં પૃથ્થકરણ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

(૪) પસંદ થયેલ નમૂનાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી/પ્રમુખ, સંઘના વહીવટી અધિકારીશ્રી તેમજ ચેરમેનશ્રીની મુલાકાત દ્વારા મંડળીની રચના, કાર્યો અને વહીવટી માળખાની ચર્ચા કરવામાં આવી હતી.

(૫) દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદો અને મંડળી સાથે સાંકળાયેલ વ્યક્તિઓના સંપર્કથી તેમની પ્રવૃત્તિઓને સમજવા તેમનામાં આવેલ તાંત્રિકજ્ઞાનની જાણકારી માટે દૂધના ધંધામાં સ્ત્રીઓનો શું હિસ્સો છે તે સમજવા, તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી આવવાથી આર્થિક, સામાજિક બન્ને રીતે શું પરિવર્તન આવ્યું તે સમજવા, દૂધમંડળીની દૈનિક પ્રવૃત્તિ તેની ગતિશીલતા તપાસવા અને અન્ય માહિતી એકત્રિત કરવા નિરીક્ષણ પ્રવિધિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ગ્રંથાલય કાર્ય :**

પ્રસ્તુત અભ્યાસની શરૂઆતથી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લગતા આજ સુધી થયેલા અભ્યાસો, ડેરી સહકારી પ્રવૃત્તિની શરૂઆત કયારથી તે અને ૧૯૪૯-૫૦થી માંડીને આજ સુધીના

કૃષિ વિકાસ, ગ્રામ સ્વરાજ અને સહકારના પખવાડિક, માસિક સામયિકો પણ તપાસવામાં આવ્યા હતા.

ગ્રંથાલય કાર્ય વખતે આજ સુધી દૂધ મંડળીઓને લગતા થયેલા તપાસ નિબંધો પણ જોયા હતા. જેમાં (૧) કંસારકૂઈ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને તેની આર્થિક અસરોમાં (૧૯૭૧) તપાસ નિબંધમાં દૂધ મંડળી આવવાથી ગામના સભાસદોને કેટલો ફાયદો થયેલો છે, આર્થિક જીવન સ્તરમાં શું પરિવર્તન આવ્યુ તે દર્શાવ્યુ છે. એજ રીતે (૨) દૂધસાગર ડેરીની ખેરાળુ ગામની ચૌધરી કોમ ઉપર થયેલી આર્થિક અસર શિર્ષક હેઠળના તપાસ નિબંધ (૧૯૭૦)માં પણ મંડળીની આર્થિક અસરો વિષે જે ટૂંકાણમાં સમજાવ્યું છે. (૩) ચરોતરનો દૂધ ઉદ્યોગ (૧૯૭૦) આ તપાસ નિબંધમાં દૂધ ઉદ્યોગની શરૂઆતનો આછો ખ્યાલ આપીને ખેડા જિલ્લામાં ડેરી વિકાસ વિષેની ચર્ચા કરી છે. (૪) દૂધ સાગર ડેરી અને પરિવર્તનના કેટલાક ક્ષેત્રો (૧૯૭૯) તપાસ નિબંધ ડેરી દ્વારા શું પરિવર્તન આવ્યું કયાં કયાં પાસામાં વધુ અસર થઈ તેની માહિતી દર્શાવી છે. એજ રીતે (૫) દૂધસાગર ડેરીના કામદારોની સમસ્યાઓ વિષેની તપાસ (૧૯૮૦) નિબંધમાં ડેરીના કામદારોના પ્રશ્નોની જ ચર્ચા કરવામાં આવી છે. (૬) સાબર ડેરી અને ધડકણ ગામના પરિવર્તનનાં કેટલાક ક્ષેત્રો (૧૯૭૯-૮૦) વિષેના તપાસ નિબંધમાં સાબર ડેરી દ્વારા શું વિકાસ થયો તે દર્શાવ્યું છે.

ઉપર મુજબના જુદા જુદા છ તપાસ નિબંધો જેમાં દૂધ મંડળીઓના પરિવર્તન અંગેના બે, આર્થિક અસરોના ત્રણ અને તેની સમસ્યાઓ (કામદારોની) વિષેના એક તપાસ નિબંધમાં જોઈએ તેટલો તલસ્પર્શી ચિતાર આપવામાં આવ્યો નથી. જયારે પ્રસ્તુત અહેવાલમાં એકજ જિલ્લાને કેન્દ્રમાં રાખીને અસરકારક રીતે બધાજ પાસાઓને આવરી લઈ ઊંડાણપૂર્વક સહકારી મંડળીઓના ઉદ્ભવથી માંડીને તેનો વિકાસ, વિકાસની સમસ્યાઓ, મંડળીઓના યથાસ્થિતિ ચિતાર, સભાસદોના આર્થિક-સામાજિક પાસાઓ પરની અસર અને મંડળીઓના વહીવટી માળખા વિષે ઊંડાણપૂર્વક વિસ્તૃત ચર્ચાવિચારણા દ્વારા આલેખન કર્યુ છે. સાથે સાથે દૂધ ઉત્પાદક મંડળીઓના સભાસદોના પ્રશ્નોને સમજી વિકાસ માટે શું સૂચનો સૂચવી શકાય અને દૂધાળાં ઢોરની માવજત- સારસંભાળ માટે વિશેષ શું કરવું ઘટે તેની પણ નોંધ દર્શાવી છે.

ઉપરોક્ત તપાસ નિબંધો ઉપરાંત દૈનિક વર્તમાનપત્રોમાં આવતા શ્વેતક્રાંતિને લગતા ટીકાત્મક લેખોનો અભ્યાસ કરીને ખરેખર શું પરિસ્થિતિ છે તેનો ચિતાર આપ્યો છે. બીજુ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ આણંદ દ્વારા સહકારી મંડળીઓના વ્યક્તિગત અભ્યાસ અને ઈન્સ્ટીટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ અમદાવાદ તરફથી ડો. એસ.એમ. પટેલ તથા શ્રી એમ.કે. પાન્ડે દ્વારા ૧૯૭૩-૭૪માં થયેલ દૂધ મંડળીઓની અસરના અભ્યાસની ચર્ચા કેન્દ્રના નિયામકશ્રી સાથે કરીને

તેની પદ્ધતિઓ વિષેનો ખ્યાલ મેળવ્યો હતો. આ સિવાય ''મહારાષ્ટ્ર રાજયમાં ડેરી વિકાસ'' (ધ ઈકોનોમીકસ ટાઈમ્સ)માં છપાયેલા લેખનો અભ્યાસ કરી તેની પદ્ધતિનો ખ્યાલ મેળવ્યો હતો.*

ગ્રંથાલય કાર્ય દ્વારા ડેરી વ્યવસાયને લગતી ઘણી બધી વિગતો એકત્રિત કરીને પ્રસ્તુત અહેવાલમાં ઉપયોગમાં લેવામાં આવી છે. આ રીતે આ અભ્યાસને અનેક મર્યાદાઓ હોવા છતાં માહિતી સભર બનાવવાનો પ્રયત્ન તો કર્યો જ છે. અહેવાલ માટે એકત્રિત કરવામાં આવેલી માહિતીને કોષ્ટીકરણ, વિશ્લેષણ અને પૃથ્થકરણ દ્વારા જુદા જુદા પ્રકરણોમાં વહેંચી દેવામાં આવી છે.

**પ્રકરણીકરણ :**

(૧) પ્રસ્તાવના, સંશોધન પ્રાયોજના વિસ્તાર પસંદગી, હેતુઓ, તપાસ પદ્ધતિઓ

(૨) સહકારી પ્રવૃત્તિનો ઉદ્ભવ, ડેરી સહકારી પ્રવૃત્તિ વિકાસ અને ગુજરાતના ડેરી ઉદ્યોગનું વિહાંગાવલોકન.

(૩) પસંદ થયેલ મંડળીઓનો વિસ્તાર પરિચય અને મંડળીઓનો યથાસ્થિતિ અહેવાલ.

(૪) નમૂનાના કુટુંબોની આર્થિક-સામાજિક સર્વેક્ષણ નોંધ

(૫) વહીવટી માળખુ - મંડળીના ઓડિટ રીપોર્ટ નોંધ દ્વારા દર્શાવેલ ખૂબીઓ- ખાસિયતો

(૬) નિષ્કર્ષ અને સુઝાવ.

પ્રસ્તુત અભ્યાસ માટે ઉપર મુજબના પ્રકરણીકરણ માળખાને શક્ય તેટલી રીતે જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. છતાં મંડળીના અભ્યાસમાં કેટલીકવાર એકની એક માહિતી બેવડાતી હોય થોડા ફેરફારો જેવું લાગશે. પરંતુપરના માળખાને અનુલક્ષીને આ અહેવાલ તૈયાર કર્યો છે.

---

★ ડેરી ડેવલપમેન્ટ ઈન મહારાષ્ટ્ર - ઓગસ્ટ ૧૯૮૩
ધ ઈકોનોમીક્સ ટાઈમ્સ - પાન નં.૬૭ લે. અશોક બાસક

## પ્રકરણ-૨

## સહકારી પ્રવૃત્તિનો ઉદ્‌ભવ, ડેરી સહકારી પ્રવૃત્તિ, વિકાસ અને ડેરી ઉદ્યોગનું વિહંગાવલોકન

**ભારતમાં સહકારી પ્રવૃત્તિ :**

ભારતમાં ભલે સહકારી પ્રવૃત્તિના મંડાણ ૧૯૦૪ના શરાફી સહકારી મંડળીઓનો કાયદો અને પછી ૧૯૧૨ના સહકારી શરાફી અને બિનશરાફી તમામ પ્રકારની મંડળીઓની રચનાની જોગવાઈ અને પ્રથમ વિશ્વયુધ્ધ અને ત્યારબાદ પ્રાન્તીય (રાજ્ય) સરકારને સ્વાતત્તા બક્ષીસ, વિશ્વવ્યાપી મંદી, બીજું વિશ્વયુધ્ધ વગેરે બનાવોની સહકારી પ્રવૃત્તિના વિકાસ ઉપર ભલે ઓછી વત્તી અસરો થઈ હોઈ પણ સહકારની ચળવળની ઉપયોગિતા સમજી ૧૯૫૦માં રાષ્ટ્રીય આયોજન પંચની સ્થાપના થયેલી ત્યારબાદ પંચવર્ષીય યોજનાના કાર્યક્રમ અમલથી સહકારીક્ષેત્રે કૃષિ ધિરાણનો સારો એવો વિકાસ થયેલો છે તેથી ધીરે ધીરે રૂપાંતર, વેચાણ વગેરે પ્રકારની સહકારી મંડળીઓ નોંધપાત્ર પ્રગતિ કરી રહેલી છે.

ભારતમાં સહકારી પ્રવૃત્તિનો આશય આર્થિક સમાજ રચના સાથે સામાજીક સમાજ રચનાનો પણ ખ્યાલ રાખવામાં આવેલો છે.

આપણા દેશમાં પરદેશ પરાધીનતા ગયા પછી અને દેશને સ્વાધીનતા મળ્યા બાદ ભારતની પ્રજા વધારે સુખી થાય અને તે સમૃધ્ધ બને એ હેતુથી ખેતી અને ઉદ્યોગક્ષેત્રે પ્રગતિ થઈ રહી છે. ૭૦ (સીત્તેર) ટકા વસ્તી ખેતી પ્રધાન હોવાથી તેની આબાદી ખેતીની આબાદીમાં જ સમાયેલી છે અને ભારતનો કિસાન બુધ્ધિશાળી અને મહેનતુ જરૂર છે, પરંતુ આર્થિક રીતે તે સધ્ધરતા પ્રાપ્ત કરી શક્યો નથી. બલ્કે સબળ થયો નથી. કારણ કે તેણે ખેતી તરીકે અપનાવેલ ધંધામાં તે જોઈતી પ્રગતિ કરી શક્યો નથી અને તેથી જ ખેડૂતના આ પ્રશ્નના ઉકેલ માટે અનેક પ્રયત્નો થઈ રહ્યા છે.

દેશના આર્થિક આયોજનમાં સહકારી પ્રવૃત્તિ દિન-પ્રતિદિન વધુને વધુ મહત્તા પ્રાપ્ત કરી રહી છે અને ખેડૂતોને ખેતી માટે ધિરાણો, સહકારી મંડળી મારફત લોન - મદદ સહકારી મંડળી મારફત ખેડૂતોને અપાઈ રહેલો વિવિધ કાર્યક્ષેત્રોમાં લાભ, દરેક ક્ષેત્રે સહકારી મંડળીઓ દ્વારા નાના-મોટા લાભો, રોજી-રોટી આપવા, મેળવવા-પરવાનાદાર મારફત થતુ શોષણ અટકાવવા દરેક ક્ષેત્રને સહકારી પ્રવૃત્તિમાં આવરી લેવામાં આવ્યા છે. એટલું જ બસ નથી પરંતુ હરિયાળી ક્રાંતિ સર્જવામાં મહત્વનો ફાળો આપનાર રાજયકક્ષાથી માંડી પ્રાથમિક સહકારી જમીન વિકાસ બેંક અને તેની જુદી જુદી યોજનાઓ દ્વારા વિવિધ ક્ષેત્રે અપાતી લોન - ધિરાણની સવલતો - તે દ્વારા ઊભી થનારી રોજગારીની તકો તથા સહકારી તાલીમ રાજયકક્ષાથી માંડીને મંડળી સભાસદ અને મંડળી મંત્રી સુધીની યોજનાવાળી વગેરે અસરકારક સાધનો જણાતાં આ (દા.તા. ગુજરાતમાં

કપાસીયા પીલવાના કારખાનાની યોજના, કલોલ અને કંડલા ખાતે ઊભાં થયેલા ખાતરનાં કારખાના) સર્વે જુદા જુદા સહકારી અંગો ભારતની સહકારી પ્રવૃત્તિમાં પ્રગતિશીલ થતાં અનિવાર્ય બની રહેશે. કારણ કે જાહેરક્ષેત્રે અને ખાનગીક્ષેત્રે ઉપરાંત આજના અર્થતંત્રમાં સહકારી ચળવળ પણ દેશની આર્થિક, સામાજીક અને નૈતિક ઉન્નતિ સાધવામાં એક અગત્યનું અંગ બની રહ્યું છે કે જેથી આવક અને સંપત્તિની વિષમતાના કારણે થતા શોષણનો પ્રતિકાર સહકારી ચળવળ (પ્રવૃત્તિ) મારફત થતાં સહકારી પ્રવૃત્તિએ લોકશાહી પ્રવૃત્તિ બની રહે અને ભારતે સ્વીકારેલા સમાજવાદ અને સહકારી સમવાયતંત્રનું સ્વપ્ન સાકાર કરવા જે પાનો સૌના એટલે દેશના સહકારી અને બિનસહકારી કાર્યકરોને સત્તા અને સહકારથી તે ફળીભૂત થતાં સહકાર દ્વારા ભારત આબાદી અને ઉન્નતિના સોપાન બીજા દેશોની હરોળમાં ધીમે ધીમે સર થતાં માનવકલ્યાણ તરફ દેશ વળી શકે.

ભારત દેશની સાથે સાથે ગુજરાત રાજયમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ કાર્યમાં પંચવર્ષીય યોજનાની જોગવાઈ ઉપરાંત લોકશાહી સરકારની ઉદાર નીતિ અને પ્રોત્સાહજનક પગલાં ઉપરાંત નાણાંકીય સહાયે પણ સારો એવો ભાગ ભજવ્યો છે.

શ્રીમતી ઈન્દિરા ગાંધી, ભારતના વડાપ્રધાને ૧૯૬૭ના ડિસેમ્બરમાં નવી દિલ્હી ખાતે પાંચમી ભારત સહકારી કોંગ્રેસના ઉદ્‌ઘાટન પ્રવચનમાં જણાવેલું કે ''તે પછી ભલે ખેતી, ઉદ્યોગ કે સેવા સહકારી સંસ્થા હોય પણ ૧૯૫૦-૫૧થી ભારતે આયોજન કરવા માંડયુ ત્યારથી સહકારી પ્રવૃત્તિમાં સદર પ્રગતિ થઈ રહી છે અને સહકારી માર્કેટીંગ મંડળીઓ મારફત ૩૨૮ કરોડ રૂપિયાનું ૧૯૬૬-૬૭માં ખેતીના ઉત્પાદનનું માલનું વેચાણ થયેલ છે. તેનાથી હું પ્રભાવિત થઈ છું.''

**ડેન્માર્કનો બોધપાઠ :**

દૂધ ઉદ્યોગની વાત નીકળે છે કે તરત જ ડેન્માર્કનું સ્મરણ થાય છે. ગુજરાતને ભારતનું ડેન્માર્ક બનાવવાની આશાઓ વ્યક્ત થાય છે.

દૂધના ક્ષેત્રમાં ડેન્માર્ક ઉપરાંત હોલેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે દેશો પણ મશહૂર છે. એમ છતાં ડેન્માર્કની કેટલીક વિશિષ્ટતાઓ છે એટલે આ સ્થળે તેના સંબંધી કેટલુંક જાણી લેવું જોઈએ.

**ડેન્માર્કના સમાજની સ્થિતિ :**

ડેન્માર્કના સમાજનો ગમે તે બાજુએથી અભ્યાસ કરનારને સૌથી મોટી અસર થાય છે તે ત્યાંની ઘણી ઓછી આર્થિક અસમાનતાની.

યુરોપની પશ્ચિમ-ઉત્તરે આવેલો આ નાનકડો દેશ છે. તેની વસતિ (૧૯૫૫ વખતે) ૪૦ લાખની હતી અને વિસ્તાર ૧૭ હજાર ચોરસ માઈલ હતો. એટલે તેને સૌરાષ્ટ્ર સાથે સરખાવી શકાય.

આ દેશના નાનામાં નાના ગામડાથી માંડી રાજધાની કોપનહેમન સુધીના ગમે તે શહેરનું ગમે તે ઘર લ્યો, તો ત્યાં જીવનની મૂળભૂત જરૂરિયાતોમાં લગભગ સમાનતા દેખાશે. એકલવાયા ખેતર પર વસતા નાના ખેડૂતના ઘરમાં પણ શહેરી ઘરની જેમજ ટેલિફોન, સુસજ્જિત દિવાખાનું, રેડિયો, ચિત્રો ને અદ્યતન તથા વિશિષ્ટ માન્ય ગ્રંથો હોવાના જ. તેવી જ રીતે આવા ખેડૂતને ઘેર જમીએ કે કોઈ શહેરી ગૃહસ્થને ત્યાં જમીએ પોષક પદાર્થોના પ્રમાણમાં તે બન્ને જગ્યાએ કોઈ મહત્વનો ફેર નહીં દેખાય.

**ડેન્માર્કની કાયાપલટ :**

ઈ.સ.૧૮૭૦ સુધી ડેન્માર્ક અનાજ ઉત્પન્ન કરનારો દેશ હતો. તેનું અનાજ ઈંગ્લેન્ડ જતું. પરંતુ સ્ટીમરોની સવડતા વધતાં અમેરિકા અને કેનેડાનું અનાજ ઠલવાવા માંડ્યું. યુરોપના ઘણા દેશોના ખેડૂતો માટે કોયડો ઊભો થયો, મોટાભાગના દેશોએ અમેરિકા અને કેનેડાના અનાજ સામે સંરક્ષણ જકાતો નાખી. ડેન્માર્કના ખેડૂતોને એક દાયકાના વિચારો પછી રસ્તો કાઢ્યો. અનાજ નહી ગોપાલન - વીજળીની ચાંપ દબાયને દીવો ઓલવાય કે પ્રગટવા માંડે તેમ અનાજની ખેતી બંધ થવા માંડી અને ગોપાલન માટેની ખેતી શરૂ થઈ, ખેતી ખરી પણ ગાયના ખાણ અને ચારા માટે.

તેમણે ચારો, ખાણ, અનાજ સીધું વેચવાને બદલે તે ગાયને આપી તેમાંથી દૂધ ઉત્પન્ન કરી તેનું માખણ અને પનીર મોકલવાનું શરૂ કર્યું. ગામો જાણે ચારાઓ ખાણના કાચામાલમાંથી પાકો માલ ઉત્પન્ન કરનારાં કારખાના બની ગયા. ઘેર-ઘેર ફિનિશ્ક ગુડઝનાં જીવંત કારખાના.

પણ દૂધનું માખણ અને પનીર પણ દરેક વ્યક્તિ વેચવા જઈ શકે નહિ. વચલા માણસોએ નફો આપવાનું પરવડે નહિ. દુનિયાના બજારમાં માલ અપાવવામાં પણ અડચણ નડે તેમ હતું. એટલે સહકારી ડેરીઓ શરૂ થઈ. એ દશકાઓમાં તો ખેડૂતોની સહકારી મંડળીઓથી દેશ આખો છવાઈ ગયો. દેશની સિકલ બદલાઈ ગઈ.

**ડેન્માર્કની શક્તિસ્રોત :**

ડેનિસ લોકોને કોઈપણ કામ સહકારમાં જ કરવાની ટેવ પડી છે. ગમે તે પ્રવૃત્તિ કે વ્યવસાય વિકસાવવાનો હોય તો સૌ પ્રથમ સહકારી મંડળીની જ રચના થાય. દુનિયાના કોઈપણ પ્રદેશ કરતાં આ તેની વિશેષતા છે.

પણ વાસ્તવમાં તેની સઘળી શક્તિનો સંચાર ત્યાંની લોક શાળાઓમાંથી થાય છે. ખેડૂતો અને ગોપાલકોને છાજે તેવી, બે શાળાઓની રચના છે. તેના વિષયો અને સમય તેમના નિત્ય જીવનને અનુરૂપ હોય છે. લોકશાળાઓમાંથી જ તેમને માર્ગદર્શકો સાંપડ્યા છે. લોકશાળાના જ વિદ્યાર્થીઓ તેમનું રાજકારણ સંભાળે છે. લોકશાહી તંત્ર ચલાવવાની આવડત લોકશાળાઓમાં જ કેળવાય છે. લોકશાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રના કોઈપણ અગત્યના કાર્યક્રમને ઘડે છે,

અને પાર પાડે છે. આજ લોકશાળાઓએ ડેન્માર્કની લાખો એકર વેરાન અને ખારી જમીનને ઉપજાઉ અને હરીભરી કરી મૂકી છે.

**ડેન્માર્કની સ્થિતિના ૧૯૫૫ પહેલાંના કેટલાક આંકડાઓ :**

ડેન્માર્કમાંથી થતી નિકાસ દૂધ ઉત્પાદનના ૫૦ ટકા માખણની નિકાસ સહકારી મંડળીઓ કરાવે છે. તેની કિંમત ૧,૩૪,૦૦,૦૦,૦૦૦ ક્રોનર થતી હતી.

★ સહકારી બેકન ફેકટરી - ૬૧ દેશની ૯૦ ટકા બેકન ચલાવે છે.)

★ ખાનગી બેકન ફેકટરી - ૨૧

★ સહકારી દૂધ ઉ.ક. મંડળી - ૧૩૨૧

★ ખાનગી દૂધ મંડળીઓ - ૨૪૫

સહકારી દૂધ મંડળીના ખેડૂત સભ્યો ૧,૮૦,૦૦૦ હતા અને કુલ દૂધના ૯૦ ટકા દૂધ તેમને મળતું હતું.

★ ઘોડાની જાત સુધાર સહકારી મંડળી ૪૨૦ હતી.

★ પશુ સંવર્ધન જાત સુધાર સહકારી મંડળી ૫૩૮ હતી અને તેના સભ્યો ૧,૦૭,૦૦૦ છે. જેમની પાસે ૧૨૫૦ ખૂટો હતાં.

દૂધ નોંધનારી સહકારી મંડળીઓ ૧૬૮૧ હતી. તેના સભ્યો ૬૭,૩૦૦ હતા અને ગાયો ૬,૮૮,૭૦૦ હતી. જે ડેન્માર્કની કુલ ગાયોના અડધા ભાગની હતી.

અહીં ધ્યાનમાં લેવા જેવું એ છે કે - કોઈનો પણ ઘડો લેતાં પહેલાં પોતાની અને તેની પરિસ્થિતિ, દેશ, કાળનું સદાય સ્મરણ રહેવું જોઈએ. ડેનિસ લોકો માંસાહારી છે. આર્થિક ગણતરીમાં જે પ્રાણી ખાવા લાગે તેને ઉછેરવાને બદલે ખાઈ જવું તેમને ફાયદામંદ હોય છે. તેઓ પાસે માત્ર ગાયો જ છે. ભેંસો એકપણ નથી. છતાં દૂધના ધંધામાં તેઓ ફાવ્યાં છે. તે તેમના પશુવિજ્ઞાનને આભારી છે. ખેતી માટે તેઓ ઘોડા કે યંત્રોનો ઉપયોગ કરે છે. એટલે ગાયો માટે જરૂરી ખૂંટ ઉછેરી બાકીનાનો આહારમાં ઉપયોગ કરેછે. તે લોકોમાં સહકારની ભાવના હાડમાં ઊતરી ગઈ છે. લોકશાળાઓ તેમની શક્તિનો સ્રોત છે.

પેલો ડેનિલ ઉન્નત મસ્તકે લલકારે છે :

''...... અમારા ડેન્માર્કમાં ગરીબમાં ગરીબ માણસને પેટપૂરતો રોટલો અને રહેવા માટે ઘર મળે છે અને અમે ગર્વપૂર્વક કહી શકીએ છીએ કે અમારી સંપત્તિનું પ્રમાણ અને તેની વહેંચણી

એવા છે કે જે જરૂર કરતાં ઓછું જેમની પાસે હોય તેવા બહુ જ થોડા માણસો અમારા દેશમાં છે અને વધારે પડતી સંપત્તિવાળા તો તેથીય ઓછા.''★

**સહકારી દુગ્ધાલયો :**

દૂધ ઉત્પાદનના ધંધામાં સહકારી સંસ્થાઓ એક મુખ્ય સ્તંભ તરીકે કામ કરે છે. વધુમાં આ સંસ્થાઓ ગ્રામ્ય અને અંગત પાયા પર સ્થાપેલી સહકારી સંસ્થાઓ માટે અગત્યનો ભાગ ભજવે છે. ક્રીમ તૈયાર કરવાના મશીનની શોધથી ડેન્માર્કમાં માખણ બનાવવાની પરિસ્થિતિમાં ઘણોફેર પડ્યો છે. માખણ બનાવવાનો જે ગૃહઉદ્યોગ હતો તે મૂડીવાદી કારખાનાના ઉદ્યોગમાં ફેરવાઈ ગયો. ૧૮૮૦ ના અરસાથી ઘણા ખાનગી સાહસોએ માખણ બનાવાવનો ઉદ્યોગ હાથ ધર્યો હતો. આ વસ્તુ ખેડૂતોને રૂચિ નહીં અને એજ કારણે ૧૮૮૨માં પ્રથમ સહકારી ડેરી સ્થપાઈ હતી. તેના સિધ્ધાંતો નીચે મુજબ હતાં.

(૧) ઘરવપરાશ સિવાયનું તમામ દૂધ સભાસદો ડેરીને આપવા જ બંધાયેલા હતા.

(૨) બધા સભાસદો મંડળીના દેવા માટે સમૂહગત રીતે તેમજ વ્યક્તિગત રીતે જવાબદાર હતાં.

(૩) વહીવટી ખર્ચ તેમજ મૂડીનું વ્યાજ બાદ કરતાં જે વધારો થતો તે સભાસદો વચ્ચે તેમણે જે પ્રમાણમાં દૂધ આપ્યું હોય તે પ્રમાણમાં વહેંચી આપવામાં આવતો હતો.

(૪) તમામ સભાસદો પ્રથમ નક્કર મૂડી રોકયા વગર પણ સભાસદ થઈ શકતા.★

ગુજરાતમાં ડેરી સહકારી મંડળીઓની પ્રગતિ અને તાયાઝાખાન નામના લેખકે ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદક સંઘ લી. આણંદ (અમુલ ડેરી) અંગે જણાવ્યું છે કે ''૧૯૫૮ થી અમુલનું માખણ ઘેર ઘેર જીભે બોલાઈ રહ્યું છે અને ભારતમાં દૂધની બનાવટમાં અમુલ ડેરી મોખરે છે અને પ્રદેશની કંપનીઓ જેમકે ગ્લેક્સો, નેશલ્સ, ભુનીલીવર વગેરેનો પણ તેને સાથ અને સહકાર છે અને રોમની ખેતી અને અનાજ સંસ્થાએ અમુલ ડેરીને એશિયામાં પ્રથમ નંબર આપેલો છે. વળી ૧૯૬૪માં સહકારી મંડળીઓના ખેતી અંગેના ખાતા અને ઢોરની ઓલાદ અંગેના કામકાજની કમિટીએ અમુલ અંગે જણાવ્યું છે કે અમુલ બેબીફૂડ માટે મોખરે છે અને સેન્ટ્રલફુડ ટેકનોલોજીકલ રીસર્ચ ઈન્સ્ટીટયુટના સહયોગથી બીજી પેઢીએ કે જે આ અંગે બહોળો અનુભવ ધરાવતા હતી તે બેબીફુડ ઉત્પાદન કરવા ખચકાતી જયારે અમુલે આ બેબીફુડના ઉત્પાદનમાં ઘેર ઘેર અને આખા દેશમાં નામ રોશન કર્યું છે.

ઉપરની વિકસી રહેલ સહકારી પ્રવૃત્તિઓની વિગતો જોતાં આપણા ગુજરાત અંગેની વિગત જોતા જણાશે કે બીજા રાજયોની સરખામણીમાં ગુજરાત વિવિધ સહકારી ક્ષેત્રે આગળ છે અને સારી

---

★ (ગ્રુટવિંગના ''ડેન્માર્કના બંધારણમાંથી'')

★ (ડેન્માર્કના ડેરી ઉદ્યોગ)

ગ્રામ સ્વરાજ - મે-૧૯૫૧ પાન નં.૨૭ લેખક : સી.પી. પટેલ

રીતે પ્રગતિ સાધેલી છે બલ્કે મોખરે છે અને ગુજરાતના સહકારી આગેવાનો રાષ્ટ્રકક્ષાની સહકારી સંસ્થાઓમાં પણ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. કારણ કે તેમાં ભાવના સેવાભાવ અને સહકારી સંગઠન, કાર્યક્ષમતા તથા વેપારી કુનેહ અને વહીવટી વિશાળ અનુભવ સહેજે તરી આવે છે.

**ગુજરાતનો વિકાસ પામતો સહકારી ડેરી ઉદ્યોગ :**

ગુજરાત રાજય ભારતભરમાં સહકારી ક્ષેત્રે વિશિષ્ટ રીતે વિકાસ પામેલું રાજય ગણાય છે. ખાસ કરીને ધિરાણ, કૃષિ ઉત્પન્ન, તેનું રૂપાંતર અને વિતરણ, ડેરી અને ઔદ્યોગિક ક્ષેત્રે તેનો સહકારી વિકાસ આગળ પડતો છે. આ બધા ક્ષેત્રોનો ઝડપી વિકાસ સ્વરાજય મળ્યા પછી થતો રહ્યો છે. છેલ્લા ૩૫ વર્ષમાં ગુજરાતમાં ડેરી ઉદ્યોગ સહકારી ધોરણે નોધપાત્ર રીતે આગેકદમ ભરી રહ્યો છે.

પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધો દરમ્યાન મિલટરી માટે માખણની જરૂરિયાત ઉભી થતાં ગુજરાતમાં ક્રિમરીનો ધંધો ખાનગી રાહે શરૂ કરવામાં આવ્યો હતો. ખેડા અને અમદાવાદ જિલ્લામાંથી આ ધંધાની શરૂઆત થયેલી. તેમાંથી સને ૧૯૨૦માં રૂસ્તમજી પોલસને આણંદમાં સૌ પ્રથમ આધુનિક ડેરી શરૂ કરેલી, તેમણે ખેડા જિલ્લાના ગામડાઓમાંથી દૂધ એકઠું કરી તેનું ક્રીમ કાઢી લઈ માખણ બનાવી મિલટરી અને બજારમાં વેચાણ માટે મૂકયું હતું. આને પગલે ક્રીમનો ધંધો ખાનગી ક્ષેત્રે વિકસતો ગયો. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ખેડૂતો પોતાના દૂધાળાં ઢોરોનું દૂધ ઘેર વલોવી ઘી બનાવતા, એટલે આ વિસ્તારોમાંથી ઘીનો ધંધો ખાનગી રીતે વિકસતો રહ્યો. આમ માખણ અને ઘીનો વેપાર ઉપરના બંને વિભાગોમાં ખાનગી રીતે ઈ.સ. ૧૯૫૦ સુધી વિકસતો રહ્યો.

**ગુજરાતમાં સૌ પ્રથમ સહકારી દૂધ મંડળીના શ્રી ગણેશ :**

ગુજરાત રાજયમાં સુરત શહેરમાં દૂધાળાં ઢોરો રાખી દૂધ ઉત્પાદનનો ધંધો કરનાર ખેડા જિલ્લાના પાટીદાર ભાઈઓએ ભાટિયાઓની ચૂસણ નીતિમાંથી બચવા સને ૧૯૩૮-૩૯માં લોકશાહી ધોરણે તેનું વેચાણ કરવાના શ્રીગણેશ કરેલ અને તેની આગેવાની એક દૂધ ઉત્પાદક તરીકે વિદ્યાર્થી અવસ્થામાં સેવકને લેવી પડેલી. આ મંડળીને પગલે શહેરની આજુબાજુનાં ગામડાઓમાં ખેડૂતોને સહકારી મંડળી કરવાની પ્રેરણા થઈ. સને ૧૯૩૯-૪૦માં ચોર્યાસી તાલુકા સહકારી દૂધ મંડળીનો જન્મ થયો. જેનું ઉદ્‌ઘાટન ભારતના માજી વડાપ્રધાન માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈના વરદ્‌હસ્તે થયું હતું. ભારતમાં તે સમયે સૌ પ્રથમ આ સહકારી દૂધ ઉત્પાદક મંડળી હતી. સુરત દૂધ ઉત્પાદક મંડળ અને ચોર્યાસી તાલુકા દૂધ વેચાણ સહકારી મંડળીના સંયોજનથી ઉત્પાદક અને વાપરનારાઓનો સીધો સંપર્ક થતાં વચલો વર્ગ નાબૂદ થયો અને આમ ગુજરાતમાં સુરત જિલ્લામાં દૂધના વ્યવસાયના સહકારી ધોરણે શ્રીગણેશ મંડાયા એમ કહી શકાય.

સને ૧૯૩૯માં સહકારી ધોરણે ડેરી ઉભી થઈ. જયારે ખેડા જિલ્લામાં સને ૧૯૪૨ પછી ભારતના લોખંડી પુરુષ સ્વ. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનથી સને ૧૯૪૬માં ખેડા

જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સ્થાપના થઈ. ત્યારથી તેની કામગીરીનાં પગરણો મંડાયા અને સંઘની પ્રવૃત્તિઓનીઆગે કદમ થતી રહી છે. સંઘને પ્રારંભથી જ શ્રી ત્રિભોવનદાસ પટેલ જેવા દીર્ધ દ્રષ્ટિવાળા ભેખધારી પુરુષની નેતાગીરી સાંપડી, ડો. કુરિયન જેવી વહીવટી કુશળ અને ડેરી તજજ્ઞતા ધરાવતા વ્યવસ્થાપક મળ્યાં. પરિણામે બધાના સંયુકત સહકારથી તેમણે ડેરી માટે દેશ-પરદેશની વિવિધ ડેરી યોજના હેઠળ લાખો રૂપિયાની મદદ મેળવી, ડેરીનો અદ્યતન નમૂનેદાર પ્લાન્ટ બનાવી વખતોવખત વિસ્તૃતિકરણ થતું રહ્યું છે.*

આજ રીતે સુરતમાં સહકારી દૂધ મંડળીઓની સંખ્યા વધતાં ૧૯૫૧માં સુરત દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના કરી, ત્યારબાદ મહેસાણા, અજોડ ડેરી મહેસાણા જિલ્લા સંઘ ૧૯૬૦માં નોંધાયો ત્યારબાદ અમુલ ડેરીની પ્રેરણાથી બરોડા ડેરી શરૂ કરવામાં આવી, ત્યારબાદ ૧૯૭૦માં બનાસકાંઠા અને સાબરકાંઠા અને ૧૯૭૨-૭૩માં પંચમહાલ જિલ્લાની ડેરીઓના પ્લાન્ટ શરૂ કરાયા.

**દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી રચનાનું મહત્વ :**

ખેતીના પૂરક ધંધા તરીકે દૂધાળા ઢોર પાળવાની પધ્ધતિ રૂઢિગત હતી. દૂધ ઉત્પાદનનો ધંધો આવકના સાધન તરીકે નહીં પરંતુ પોતાની જરૂરિયાત તરીકે ચાલતો આવ્યો છે. ખેડૂત છાણીયા ખાતરનો ઉપયોગ જમીનની ફળદ્રુપતા જાળવવામાં તેમજ ઉત્પાદન વધુ લેવાના હેતુથી કરતો તેથી પશુઓનું છાણ તેને માટે ઉપયોગી ખેતી કરવામાં, પશુઓનો ઉપયોગ ખોરાક તરીકે દૂધ, ઘી, છાશનો ઉપયોગ કરતાં જે કોઈ વધારો રહે તેનો નિકાલ સ્થાનિક રીતે વેચાણ કરી કરતો. સ્થાનિક વેપારીઓ દૂધની ખરીદી વખતે માપમાં, ભાવ ચૂકવવાની બાબતમાં દુધ ઉત્પાદકનોનું શોષણ કરતા. ઘી તૈયાર કરી વેચાણની બાબતમાં પણ શોષણ થતું, દૂધના વેપારી, ભઠ્ઠાવાળા તેમજ ઘીના વેપારીઓ દ્વારા થતા શોષણને ગંભીર લેખવામાં ન આવતું કારણ કે ખેતીની આવક મુખ્ય ગણાતી જયારે પશુ ઉછેર કે દૂધ અને દૂધની બનાવટોમાંથી થતી આવકને ગૌણ સ્થાન રહેતું. બીજા વિશ્વયુધ્ધ સમય બાદ દૂધ અને દૂધની બનાવટોની જરૂરિયાત લશ્કર માટે ઉભી થતાં તે વખતની સરકારે ડેરી વિકાસ માટે મર્યાદિત પ્રયત્નો કરેલા જેમાંથી ખાનગી ક્ષેત્રે દૂધ અને દૂધની બનાવટો તૈયાર કરવા સરકારને પૂરી પાડવા માટેના કરારથી પોલશન ડેરી અસ્તિત્વમાં આવેલ, પોલશન ડેરી દ્વારા એકત્રિત કરવામાં આવતા દૂધ અને તેના ચૂકવાતા નાણાંની પદ્ધતિથી દૂધ ઉત્પાદકોને દૂધનો ધંધો એક વિશાળ ક્ષેત્ર છે તેવો દ્રષ્ટિકોણ સાંપડ્યો. સાથે સાથે દૂધના ભાવનો પાયો તેમાં રહેલો ફેટ (ચરબી) ઉપર આધાર રાખે છે તેથી દૂધના વેપારી કે ભઠ્ઠાવાળા દ્વારા ચૂકવવામાં આવતા ભાવ ન્યાયયુક્ત કે પોષણક્ષમ હોવાને બદલે શોષણ યુક્ત હોવાથી દૂધ ઉત્પાદકોને ખાત્રી થઈ. યોગ્ય સમયે નિષ્ઠાવાન નેતાગીરી મળી તેના કારણે સહકારી ધોરણે દૂધના ધંધાનો ઝડપી વિકાસ થવા પામ્યો છે.

---

સહકારી સપ્તાહ વિશેષાંક - ૧૯૭૭, ગુજરાતનો વિકાસ પામતો સહકારી ડેરી ઉદ્યોગમાંથી - લે- આશાભાઈ શ. પટેલ, પ્રકાશક : ગુ.રા.સ.સંઘ, સહયોગ રીલીફ રોડ, અમદાવાદ-૧

ખેડા જિલ્લામાં ૧૯૪૪માં પોલશન કું. ના મુંબઈ સરકારને દૂધ પૂરૂ પાડવાનો કોન્ટ્રાકટ પુરો થતો હતો. આણંદ વિસ્તારના નિષ્ઠાવાન સહકારીઓએ આ કામ હાથ પર લીધું. આ પ્રવૃત્તિ સરકારની યોજનાની જરૂરિયાત પુરી પાડવાના સાધન તરીકે શરૂ થઈ જે પ્રાથમિક મંડળીના સ્વરૂપમાંથી જિલ્લા ડેરી, જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ તરીકે અસ્તિત્વમાં આવી. દૂધનો જથ્થો લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે આધુનિક યંત્રસામગ્રી સરકારની મદદથી, પરદેશોની મદદથી તેના પેટા ઉત્પાદનો માટે અદ્યતન ડેરી સ્થાપવામાં આવી જેને ''અમુલ'' નામે રાષ્ટ્રને ધોરણે દૂધના ધંધા અંગે દિવાદાંડી રૂપ પ્રેરણા પૂરી પાડી છે. ખેતીના પૂરક ધંધાને ગૌણને બદલે મુખ્ય બનાવી દૂધ ઉત્પાદકની આર્થિક સ્થિતિમાં સુધારો નોંધાયાની ખાત્રી પુરી પાડી છે. અમુલને પગલે ગુજરાતમાં ઉત્પાદકોની સહકારી મંડળીઓ અને તેમની જિલ્લા ડેરીઓ દૂધ સંઘો સ્થપાયા અને ઝડપી વિકાસ થયો છે. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં આ પ્રવૃત્તિ ઝડપથી વિકસતી જાય છે. સરકારને પણ આ પ્રવૃત્તિનું મહત્વ જણાતા ગુજરાત ડેરી વિકાસ નિગમ જેવી કાયદેસરની સંસ્થા સ્થાપી મદદરૂપ બની છે. દેશમાં સહકારી ડેરીઓ ઝડપી અને તંદુરસ્ત રીતે વિકસે તે માટે નેશનલ ડેરી કોર્પોરેશન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ જેવી કોર્પોરેટ સંસ્થાઓ સરકાર તરફથી સ્થાપવામાં આવી છે.

ગુજરાતની સહકારી ડેરીઓએ તેમની વિકાસ કૂચ આગળ ધપાવવાના હેતુથી રાજય કક્ષાએ ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ નામની સંસ્થાની સ્થાપના કરી, દૂધ અને દૂધની બનાવટોના વેચાણનો પ્રશ્ન હલ કર્યો છે. જેનો લાભ છેવટના ઉત્પાદકોને મળે તેવા હેતુ સાથે આ સંસ્થા કામગીરી બજાવી રહી છે. આપણા રાજયમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનું માળખું હાલના તબક્કે ત્રણ સ્તરનું ગોઠવાયું છે. પાયામાં દૂધ ઉત્પાદકોની સહકારી મંડળીઓ, મધ્યસ્થ સંસ્થાઓ તરીકે જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો (જિલ્લા ડેરીઓ) અને (મિલ્ક માર્કેટીંગ ફેડરેશન) ટોચમાં રાજય સહકારી દૂધ વિતરણ સંઘ ગોઠવાયેલ છે અને દૂધ બનાવટોના વેચાણની કાર્યક્ષમ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આજે ગુજરાત દૂધના ધંધામાં સફળતાના જે સોપાન સર કરી રહ્યું છે તેના કારણે શ્વેતક્રાંતિ થઈ છે તેવો શબ્દ સામાન્ય માનવીની જીભે રમતો થઈ ગયો છે. દૂધ ઉત્પાદન વધારી આવકમા વધારો કરવામાં પશુપાલન એક વિજ્ઞાન છે તેમજ તેનો ધંધાકીય વિકાસ કરી પશુપાલકોને પોષણક્ષમ વળતર મળવું જોઈએ તેવું ચોક્કસ ગણત્રીની સૂઝ અને દ્રષ્ટિકોણ પૂરો પાડી ખેડૂત દૂધ ઉત્પાદકોમાં જાગૃતિ લાવનાર શ્વેતક્રાંતિથી દેશના લાખો કરોડો કુટુંબોને આર્થિક સ્થિરતા બક્ષે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. સહકારી ધોરણે દૂધના ધંધાના વિકાસમાં પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની અગત્યતા જરા પણ ઓછી આંકી શકાય તેમ નથી.

**દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ઉદ્દેશ :**

**ઉદ્દેશ :**

(૧) ખેડૂત સભાસદોને પૂરક ધંધા તરીકે ડેરી ઉદ્યોગ આપવો અને તેમાં સહાય કરવી.

(૨) ઢોર ઉછેર (દૂધાળાં) માટે મધ્યમ મુદતની લોનની વ્યવસ્થા કરવી.

(૩) દૂધના વેચાણની વ્યવસ્થા કરી સારે ભાવે દૂધ વેચાવી આપવું.

(૪) સભાસદોને ઢોર ઉછેર, પોષણ તથા અન્ય જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવી.

(૫) સભાસદોનાં ઢોરોની માવજત, દૂધની પેદાશ વધારવી વગેરે, ડેરી ઉદ્યોગને લગતી તાલીમ આપવી.

**સભ્યપદ :**

ભેંસ યા ગાય રાખતો ખેડૂત સભાસદ થઈ શકે પુરૂષ યા સ્ત્રી ગમે તે.

**કાર્યક્ષેત્ર :**

ગામ યા સમૂહ પૂરતું હોય છે ?

**બંધારણ :**

સાધારણ સભા સભ્યોમાંથી ૯ની કમિટિ ચૂંટે છે. કમિટિ જરૂરિયાત મુજબ પેટા કમિટિઓ ચૂંટે છે. દા.ત. બાંધકામ કમિટી, દૂધના ભાવની કમિટી વગેરે. કમિટી પોતાનો તેમજ મંડળીનો પ્રમુખ ચૂંટે છે. સેક્રેટરી સાધારણ સભામાં નિમાય છે. જેમાં જિલ્લા ડેરીની મંજૂરી જોઈએ. જે મંડળીના જેવો જ ધંધો કરતો પ્રત્યક્ષ યા પરોક્ષ કમિટીમાં ચૂંટાઈ શકે નહીં.

**મંડળીના કાર્ય :**

(૧) સભાસદોને દૂધાળા ઢોર માટે મધ્યમ મુદતનું ધિરાણ મેળવી આપવું.

(૨) સભાસદોનાં ઢોરનું દૂધ એકત્ર કરી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘને પહોંચાડવું.

(૩) સભ્યોને દૂધની આવક ઉપર એડવાન્સ માલ ધિરાણ કરવું.

(૪) સભાસદોને તથા ઢોરની જરૂરિયાતનો પૂરી પાડવી.

(૫) સભાસદોના ઢોરનું આરોગ્ય, માવજત, લીલું ઘાસ, દાક્તરી સારવાર, કૃત્રિમ વીર્યદાનની યોજના તેમજ દૂધ ઉત્પાદન વધારવાની સગવડો પૂરી પાડવી.

(૬) વધારાના દૂધનું રૂપાંતર કરી વેચવાની વ્યવસ્થા કરવી.

(૭) સભાસદોને તેમજ બિનસભ્યોને ઢોરને માટે ગામમાં પાણીના હવાડાની વ્યવસ્થા કરવી.

(૮) જિલ્લા ડેરીની સલાહ અનુસાર અને માર્ગદર્શન હેઠળ ડેરી ડેવલપમેન્ટ સ્કીમની અમલની વ્યવસ્થા કરવી.

(૯) સભાસદોને ઢોર ઉછેરવા ઉત્તેજન આપવું.

**કામકાજનું ભંડોળ :**

દાખલ ફી, શેર ભંડોળ, કરજ, થાપણો, બચત થાપણ, સરકારી સહાય વગેરેથી ભંડોળ ઉભું કરી શકાય.

**ગુજરાતનો સહકારી ડેરી ઉદ્યોગ :**

ગુજરાત રાજય એ ભારતમાં સહકારી ધોરણે દૂધના ધંધામાં એક મોખરાનું સ્થાન ધરાવતું રાજય છે અને એ બાબતે આપણે સૌ જાણીએ છીએ, અને સહકારી ડેરી ઉદ્યોગનું નામ આવતાં તરત જ આણંદના નામનો અવસ્ય ઉલ્લેખ થશે.

ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં ગ્રામ્યકક્ષાએ માનવ રોજી પૂરી પાડવા આ સહકારી દૂધ ઉદ્યોગ સફળ થયો છે અને આજે આશીર્વાદરૂપ બન્યો છે અને આજ કારણોસર આખાએ ભારતમાં આણંદ પદ્ધતિ મુજબના દૂધ ઉદ્યોગની શરૂઆત કરવા આયોજનો અને તેની શરૂઆત માટેના મોટા પાયે પ્રયાસો થઈ રહ્યા છે.

દિન-પ્રતિદિન વસ્તી વધતી જાય છે. ખેડૂત વર્ગ પાસે જે જમીન હશે તેમાં કોઈ વધારો થશે નહીં અને આને લીધે હવે પછીની પેઢીને પૂરતો ધંધો આ જમીન પરથી મળશે નહીં. તેમને તેટલી જ જમીનમાંથી વધુ ઉત્પાદન મેળવવું પડશે. તેની સાથેનો પૂરક ધંધો શરૂ કરી આવકનું સાધન ઊભું કરવું પડશે અને આવા સંજોગોને લીધે જ ખેતી સાથેનો પશુપાલનનો ધંધો પૂરક ધંધા તરીકે વધુમાં વધુ અનુકુળ હોઈ તેને વિકસાવવા આ સહકારી ડેરી ઉદ્યોગ જ મદદરૂપ થઈ શક્યો છે. જેનાં પરિણામો મળ્યા છે તે આપણે સૌ જાણીએ છીએ.

સહકારી ડેરી ઉદ્યોગ ત્રિસ્તરીય ગોઠવાયેલ છે. ગ્રામ્ય કક્ષાએ સહકારી દૂધ મંડળી, જિલ્લા કક્ષાએ દૂધ ઉત્પાદક સંઘ અને રાજય સ્તરે ફેડરેશન અથવા કોર્પોરેશન એમ ત્રિસ્તરે એકબીજાને સંયોજિત ડેરી ઉદ્યોગ આજે ગુજરાતમાં કામ કરી રહ્યો છે. સહકારી ડેરી ઉદ્યોગમાં ગામડાના એક છેવાડાના ઉત્પાદકનું હિત જોવામાં આવે તે તેની ખાસિયત છે. ગામના દૂધ ઉત્પાદકો ગામની દૂધ મંડળીના સભાસદો બને, તેમના પ્રતિનિધિઓ મંડળીઓનો વહીવટ કરે, જિલ્લાની દૂધ મંડળીઓ જિલ્લા દૂધ સંઘના સભાસદ બને અને જિલ્લાની ડેરીનો વહીવટ કરે અને છેલ્લે જિલ્લા સંઘોનું ફેડરેશન બને અને તે દૂધ અને દૂધની બનાવટોના વેચાણ તેમજ અન્ય નીતિવિષયક બાબતોનું ધ્યાન રાખે ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળીઓ મારફત દૂધની ગુણવત્તા ઉપર દૂધના પોષણક્ષમ ભાવો ચૂકવાય,

દૂધ ઉત્પાદકોના હિત જોવાય, તેમના પશુઓની સાર-સંભાળ રખાય, ઉત્પાદન ખર્ચ ઘટે, પશુઓની ઓલાદ સુધરે અને દૂધનું ઉત્પાદન વધે તેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે. સાથે સાથે શહેરી પ્રજાને સ્વચ્છ, પૌષ્ટિક, નિર્ભેળ જોઈએ તેટલા પ્રમાણમાં દૂધ મળી રહે તે આણંદ પદ્ધતિ મુજબ સહકારી દૂધના મૂળભૂત ગુણધર્મો છે.

કોઈપણ પદ્ધતિને સ્વીકારવામાં તેના પરિણામોને ધ્યાનમાં લેવામાં આવે છે. તેમાં કેટલું માનવહિત સમાયેલું છે તે સૌ જુએ છે, વિચારે છે, અનુકૂળ લાગે તો જ સ્વીકારે, આમ આ સહકારી ડેરી ઉદ્યોગને ભારતભરમાં તો આવકાર મળ્યો છે, પણ દુનિયાના બીજા દેશોએ પણ આણંદ પદ્ધતિ મુજબ ડેરી ઉદ્યોગ માટે બોધપાઠ લીધો છે. તે આપણા રાજય માટે અને આપણા દેશ માટે એક ગૌરવની વાત છે.

આપણે આ બાબતે ગૌરવ અનુભવવા છતાં ગુજરાતના કેટલા વિસ્તારમાં સહકારી ડેરી ઉદ્યોગ, પૂર્ણ વિકસ્યો છે, કેટલા વિસ્તારમાં બાકી છે ? શા માટે બાકી છે ? આ બધુ જો ઊંડાણથી વિચારીશું તો તેમાંથી ઘણા કારણો બહાર આવશે. ૧૯ જિલ્લા ધરાવતા આ રાજયમાં હજુ સુધી પૂર્ણ વિકસિત પરિસ્થિતિમાં ગણીએ તો ફક્ત છ જિલ્લાઓનો સમાવેશ થાય છે. જયારે બાકીના ૨/૩ કરતાં પણ વધુ ભાગના ગુજરાતના સહકારી ડેરી ઉદ્યોગનું શું ? ૧/૩ ભાગના ગુજરાતમાં ડેરી ઉદ્યોગની સફળતાનાં આપણે ગુણગાન ગાઈએ અને બાકીના તેની બાજુના જ ડેરી ક્ષેત્રે અણવિકસિત જિલ્લાઓ છે. આ વિપરિત પરિસ્થિતિ કાયમ માટે ન રહે તે માટે સહકારી ડેરી ઉદ્યોગમાં અણવિકસિત વિસ્તારને મદદરૂપ થવાય, તેમને બેઠા કરી શકાય તે માટે આવા વિસ્તારોની કામગીરી હાથ ધરવા ગુજરાત સરકારે ગુજરાત ડેરી વિકાસ નિગમની સ્થાપના કરી.

જિલ્લાવાર ડેરી પ્લાન્ટની ક્ષમતા અને દૂધ મંડળીઓ તથા દૂધ એકત્રિકરણ અંગેની હાલની પરિસ્થિતિ

| અ.નં. | જિલ્લાનું નામ | પ્લાન્ટ કેપીસીટી (લાખમાં) | દૂધ મંડળીઓની સંખ્યા | દૈનિક દૂધ એકત્રિકરણ કિલો (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧. | ખેડા | ૮.૦૦ | ૮૯૫ | ૬.૦૦ |
| ૨. | મહેસાણા | ૪.૫૦ | ૮૭૫ | ૬.૦૦ |
| ૩. | સાબરકાંઠા | ૧.૭૫ | ૧૦૧૨ | ૨.૫૦ |
| ૪. | બનાસકાંઠા | ૧.૫૦ | ૯૧૫ | ૧.૬૦ |
| ૫. | સુરત | ૧.૫૦ | ૬૪૫ | ૧.૨૫ |
| ૬. | વડોદરા | ૧.૦૦ | ૭૮૨ | ૧.૦૦ |
| ૭. | ભરૂચ | ૦.૩૦ | ૨૫૭ | ૦.૩૫ |
| ૮. | પંચમહાલ | ૦.૩૦ | ૨૪૩ | ૦.૪૫ |
| ૯. | વલસાડ | ૨.૩૦ | ૨૩૭ | ૦.૨૦ |
| ૧૦. | અમદાવાદ(આબાદ-બાવળા-અજોડ) | ૨.૦૦ | ૨૯૫ | ૧.૧૦ |
| ૧૧. | રાજકોટ | ૦.૪૫ | ૧૩૦ | ૦.૨૫ |
| ૧૨. | ગાંધીનગર | ૦.૩૦ | ૨૦ | ૦.૧૦ |
| ૧૩. | જૂનાગઢ | ૦.૨૫ | ૧૨૧ | ૦.૨૩ |
| ૧૪. | સુરેન્દ્રનગર | ૦.૩૦ | ૨૧૫ | ૦.૩૦ |
| ૧૫. | ભાવનગર | ૦.૧૬ | ૧૦૧ | ૦.૧૮ |
| ૧૬. | કચ્છ | ૦.૧૦ | ૫૧ | ૦.૧૦ |
| ૧૭. | જામનગર | ૦.૨૫ | ૨૮ | ૦.૦૪ |
| ૧૮. | ચલાલા (અમરેલી) | ૦.૨૦ | ૧૧૬ | ૦.૧૫ |
| | **કુલ** | **૨૩.૧૬** | **૬૯૩૮** | **૨૧.૮૦** |

હાલના તબક્કે ગુજરાત રાજયના સઘળા ડેરી ઉદ્યોગનો વિચાર કરીએ તો આખા રાજયમાં આજે ૬૯૩૮ દૂધ મંડળીઓ મારફતે દૈનિક ૨૧.૮૦ લાખ લીટર દૂધનું એકત્રિકરણ કરવામાં આવી રહ્યું છે. હાલની બધી જ ડેરીઓની દૂધ સ્વીકારવાની ક્ષમતા દૈનિક ૨૩ થી ૨૫ લાખ લીટર દૂધની છે. જયાં જયાં જરૂર જણાય છે ત્યાં તેની ક્ષમતાની વિસ્તરણ કાર્યવાહી અલગ અલગ યોજનાઓ મારફત હાથ ધરાઈ રહી છે.

ગુજરાત સરકારના અભિગમ મુજબ દરેક જિલ્લાઓમાં એક ડેરી હોવી જોઈએ તેમાં ડાંગ સિવાયના દરેક જિલ્લાઓમાં ડેરીઓ સ્થપાઈ ગઈ છે. શરૂઆતના તબક્કે સ્થાનિક દૂધ એકત્રિકરણ

થાય છે તે મુજબ ડેરી પ્લાન્ટ તૈયાર થાય છે / થઈ રહ્યા છે અને જેમ જેમ જરૂરિયાત ઊભી થાય છે તેમ તેમ તેનું વિસ્તરણ કાર્ય પણ હાથ ધરવામાં આવે છે. હાલની ગુજરાતની ડેરી વિકાસ પ્રવૃત્તિ બે વિભાગમાં વહેંચાયેલી છે.

(૧) કલસ્ટર-૧ જેમાં આણંદ, મહેસાણા, પાલનપુર, હિંમતનગર, ગોધરા, વડોદરા, ભરૂચ, વલસાડ, ડાંગ અને

(૨) કલસ્ટર-૨ માં અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, જામનગર, રાજકોટ અને કચ્છ ડેરીઓનો સમાવેશ થાય છે. પ્રથમ કલસ્ટરની ડેરીઓની સઘળી કામગીરી ગુજરાત રાજય મિલ્કત માર્કેટિંગ ફેડરેશનના માર્ગદર્શન હેઠળ અને કલસ્ટર-૨ની કામગીરી ગુજરાત ડેરી વિકાસ નિગમના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ રહી છે.

ફક્ત દૂધ ઉત્પાદકના ઘેર બેઠાં દૂધ ખરીદી કરી સહકારી ડેરી ઉદ્યોગે સંતોષ નથી માન્યો. પરંતુ દૂધ ઉત્પાદકોના પશુઓની પણ ચિંતા કરી છે. જે ખાનગી દૂધના વેપારીઓએ નથી કરી, ખાનગી વેપારીઓએ ગાય / ભેંસના આંચળામાંથી દૂધ કેવી રીતે નીકળે છે, તેમાં કઈ તકલીફો છે ? તેની કોઈએ ચિંતા કરી નથી. અને કરશે પણ નહી. જયારે સહકારી ડેરી ઉદ્યોગમાં પશુપાલકનાં ઘેર બેઠાં તેના પશુને સારવાર મળે તે હેતુથી ફરતા પશુ દવાખાનાથી વ્યવસ્થા વધુદૂધ ઉત્પાદન મેળવવા ઓલાદ સુધારણા માટે કૃત્રિમ બીજદાનની સેવાઓ, સસ્તુ, સારૂ અને પૌષ્ટિક ખાણદાણ પુરું પાડવું તેમજ સારી જાતના ઘાસચારાની વ્યવસ્થા વગેરે બાબતે સેવાઓ આપે છે અને જે દૂધ ઉત્પાદક દૂધ ભરે છે તેની જીંદગીનું પણ રક્ષણ અમુક ડેરીઓએ કરેલ છે અને જૂથ વીમા યોજનાઓ દાખલ કરી છે. સંકરીકરણથી ગાયોમાં વધુમાં વધુ દૂધ ઉત્પાદન મેળવવામાં સફળતા મળી હોઈ દૂધ ઉત્પાદકો ગાયો રાખવા આકર્ષાય તે હેતુથી ગાયના દૂધના ભાવ પ્રમાણમાં ઊંચા મળી રહે તે હેતુથી ''દ્વિધરી'' પદ્ધતિ મુજબ ભાવો સહકારી ડેરી ઉદ્યોગ મારફત ચૂકવવામાં આવી રહ્યા છે. આમ સહકારી ડેરી ઉદ્યોગે દૂધ ઉત્પાદકની આર્થિકતા ઉપર અસર થાય તેવા અનેક પગલાં ભર્યાં છે. દૂધ ઉત્પાદન ખર્ચ અંગે થયેલા અનેક અભ્યાસોનું તારણ એકજ છે કે દૂધ ઉત્પાદકોને ઉત્પાદન ખર્ચની સામે પોષણક્ષમ ભાવો મળતા નથી.

સહકારી ડેરી ઉદ્યોગના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં આવી છે. ઓપરેશન ફલડ યોજના પૂરી થતાં, ઓપરેશન યોજના અમલમાં આવી રહી છે. જેમાં ગુજરાત માટે લગભગ ૬૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજયમાં પાંચ વર્ષને હપ્તે ૭૪૦૦ દૂધ મંડળીઓ મારફત દૈનિક સરેરાશ ૨૪.૦૨ લાખ લીટર દૂધ એકત્રિકરણ કરવામાં આવશે તેવો ભાવિ કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. સાથે સાથે દૂધ પ્રક્રિયા કરવાની હાલની ક્ષમતામાં વધારો કરી દૈનિક ૩૬.૮૦ લાખ લીટર દૂધ સ્વીકારી શકે તેવી ડેરી વિસ્તરણની યોજનાઓ પણ

હાથ ધરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ જામનગર, અમરેલી અને ડાંગ સિવાયના ગુજરાતના તમામ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ડીપીએપી યોજના હેઠળ પણ ગુજરાતમાં ડેરી વિકાસ યોજનાને સફળ બનાવવા વધુ મદદ મળી છે. ખાસ કરીને પંચમહાલ, બનાસકાંઠા, અમરેલી, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાઓમાં વધુમાં વધુ મદદો મળી છે. આ ઉપરાંત અમદાવાદ, ભાવનગર, જામનગર, રાજકોટ અને મહેસાણા જિલ્લાઓમાં પણ થોડેગણે અંશે મદદો મળી છે અને પાયાની કામગીરી થઈ રહી છે.

**સહકારી ડેરી મંડળીઓ :**

ખેતીક્ષેત્રને વધુ ઉત્પાદક બનાવવા માટે જેમ ખેતીમાં સહકારી મંડળીની જરૂર દેખાય છે તેમ ખેતીને આનુષગિક બીજી ચીજોમાં પણ સહકારી પ્રવૃત્તિ અત્યંત ઉપયોગી નીવડી શકે તેમ છે. ખાસ કરીને ડેરી ઉદ્યોગનું સ્થાન આમાં મોખરાનું ગણી શકાય. દુનિયાના ઘણા દેશોમાં જેમકે ડેન્માર્ક, આયર્લેન્ડ, ફ્રાન્સ વગેરેમાં ડેરી ઉદ્યોગ સહકારી ધોરણે ચાલે છે.

ભારતમાં પણ આ ક્ષેત્રનો વિકાસ કરવાની ઘણી જરૂર છે અને તક પણ છે. ભારત દુનિયામાં પશુધનની દ્રષ્ટિએ જરૂર ઉતરતા ગણી શકાય તેવા છે. આમ છતાં ખેડૂતોની આવકમાં વધારો કરવા અને પશુધનને વધુ કમાઉ બનાવવા સહકારી ડેરીની સ્થાપના અત્યંત ઉપયોગી નીવડી શકે તેમ છે.

**મંડળીઓનો ઉદ્દેશ :**

વિવિધ દેશોમાં ડેરીના વિવિધ પ્રકારના ઉદ્દેશો હોય છે. ડેરીની શક્તિ અને તેના વિકાસની તકને આધારે ઉદ્દેશો નક્કી કરી શકાય. કેટલાક મૂળભૂત ઉદ્દેશો નીચે પ્રમાણેના ગણી શકાય.

(૧) સભ્યો પાસેથી દૂધ એકત્ર કરવું.

(૨) આ દૂધનું પ્રોસેસીંગ કરી તેમાંથી માખણ, ચીઝ વગેરેનું ઉત્પાદન કરવું.

(૩) સભ્યોને નાણાંકીય મદદ કરવી.

(૪) ઢોર સારવાર અને માવજત અંગે મદદ પૂરી પાડવી.

(૫) ઉત્પાદકને દૂધની વ્યાજબી કિંમત મળે તેવી વ્યવસ્થા કરવી.

**મંડળીની કામગીરી :**

સહકારી ડેરીમાં તેના કાર્યક્ષેત્રમાં રહેતા કોઈપણ માલિકને જોડાવાની છૂટ હોય છે. તેઓ નિયમિત રીતે ડેરીને દૂધ આપવા બંધાયેલા હોય છે. ડેરી દૂધની ગુણવત્તા પ્રમાણે તેની ચકાસણી કરીને તેનો વ્યાજબી ભાવ ચૂકવે છે. આ દૂધને ''પેસ્ચ્યુરાઈઝડ'' બનાવીને અને તેમાંથી માખણ, ચીઝ વગેરે બીજી વસ્તુઓ તૈયાર કરીને ડેરી તેનું વેચાણ કરે છે. આ વેચાણમાંથી પ્રાપ્ત થતો નફો

ડેરીના સભ્યોને વહેંચી આપવામાં આવે છે. ડેરીનું સંચાલન લોકશાહી ઢબે થાય છે. સભ્યો કારોબારીની રચના કરીને તેનું સંચાલન કરે છે. સભ્યોને મત આપવાનો અધિકાર હોય છે.

ભારતમાં ડેરીની સ્થાપના જરૂરી છે. આમ છતાં હજુ આ ક્ષેત્રમાં બહુ નોંધપાત્ર પ્રગતિ થઈ હોય તેવું જોવા મળ્યું નથી. વાસ્તવમાં ખેડૂતોની આવકમાં વધારો કરવા માટેનું આ એક અગત્યનું સાધન છે. કારણ કે તેની આવકમાં પશુપાલનમાંથી થતી આવકનો મોટો ફાળો હોય છે.

**દૂધ પૂરૂ પાડનારી મંડળીનો વિકાસ :**

ખેડૂતની આવકમાં ખેતપેદાશ ઉપરાંત પશુપાલનમાંથી મળતા આવકનો ફાળો ઘણો મહત્વનો હોય છે. અત્યાર સુધી ખેડૂતો પોતાના દૂધનું વેચાણ વેપારીઓને કરતાં અને વેપારીઓ આ દૂધના ભાવ ઘણા ઓછા ચૂકવતા. આથી દૂધના વેચાણ માટે સહકારી મંડળીઓ અથવા સહકારી સંઘોની રચના કરી છે.

૧૯૬૨-૬૩ને અંતે દેશમાં આવી દૂધ પરૂ પાડનારી મંડળીઓની સંખ્યા ૫૦૯ની હતી. જે વધીને ૧૯૬૩-૬૪ને અંતે ૬૦૬૮ની થઈ હતી. આમાંથી ૧૮૨૦ મંડળીઓ ઉત્તર પ્રદેશમાં, ૮૬૬ મંડળીઓ મહારાષ્ટ્રમાં, ૬૩૮ મંડળીઓ આંધ્ર પ્રદેશમાં, ૪૯૮ મંડળીઓ ગુજરાતમાં અને ૪૭૦ મંડળીઓ પંજાબમાં આવેલી હતી. આ રાજયોની સરખામણીમાં બીજા રાજયોમાં આવી મંડળીઓનો વિકાસ જોઈએ તેટલો થયો નથી.

**ડેરી સહકારી પ્રવૃત્તિ :**

ડેરી વિકાસ ક્ષેત્રે ગુજરાત દેશમાં સૌથી આગળ પડતા રાજયમાંનું એક છે. સને ૧૯૪૮માં આણંદમાં પ્રથમ ડેરી સ્થપાઈ ત્યારથી રાજયમાં પ્રગતિ કરી છે.

ડેરી એક એવો ઉદ્યોગ છે જે ગ્રામ્ય વિસ્તારને મોટા પ્રમાણમાં લાભપ્રદ અને ઉત્પાદક રોજગારી પૂરી પાડવાની શક્તિ ધરાવે છે.

૩૦-૬-૮૨ના અંતે રાજયમાં ગ્રામ્યકક્ષાએ ૭૫૬૦ પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓ કામ કરતી હતી. જેમાં ૧૧.૭૧ લાખ જેટલા લોકો મંડળીમાં સભાસદ તરીકે જોડાયા હતા.જે પૈકી ૦.૮૧ લાખ સભાસદો અનુસૂચિત જાતિના અને ૦.૯૯ લાખ સભાસદો અનુસૂચિત જનજાતિના હતા. કુલ સભાસદો પૈકી ૩૫ થી ૪૦ ટકા સભાસદો નાના અને સીમાન્ત ખેડૂતો અને ભૂમિહીન ખેતમજૂરો છે. ખેડાજિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ, વડોદરા, સુરત, મહેસાણા, ભરૂચ, વલસાડ, બનાસકાંઠા, પંચમહાલ અને રાજકોટ પાસે પોતાનો ડેરી પ્લાન્ટ છે. રાજકોટ જિલ્લામાં દૂધ ડેરી રાજકોટ જિલ્લા ગોપાલક સંઘ લિ. ને સોંપી દેવામાં આવી છે. વધુમાં સાબરકાંઠા, વડોદરા, મહેસાણા, સુરત, બનાસકાંઠા, પંચમહાલ અને ગાંધીનગર જિલ્લાઓમાં ૧૧ ઠારણ કેન્દ્રો આવેલા

છે. સહકારી ખાતાની સહાયની યોજના હેઠળ પ્રાથમિક સહકારી મંડળીઓને કેન, વાસણ વગેરે ખરીદવા માટે મંડળીદીઠ રૂા.૨૦૦૦-૦૦ની સહાયની અને જિલ્લા દૂધ ઉત્પાદક સંઘોનું / ડેરીઓ ઠારણ કેન્દ્રો સ્થાપવા વિસ્તારવા માટે ૩૦ ટકાના દરે સહાય આપવાની યોજના અમલમાં છે. આદિજાતિ વિસ્તારમાં જિલ્લા દૂધ ઉત્પાદક સંઘને ૫૦ ટકાની સહાય ચીલીંગ સેન્ટરો / શીત કેન્દ્ર સ્થાપવા / વિસ્તારવા માટે આપવામાં આવે છે.

૬ઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ડેરી સહકારી મંડળીઓ માટે રૂા.૬૫ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે. જે સામે અત્યાર સુધીમાં ૫૨.૮૦ લાખનું ખર્ચ થવા પામેલ છે. નવી ૧૦૦૦ મંડળીઓની રચનાના લક્ષાંક સામે ૧૪૮૦ પ્રા.દૂ.ઉ.સ.મંડળીઓની રચના થવા પામેલ છે.

૭મી પંચવર્ષીય યોજનામાં દૂધ સહકારી મડળીઓની સહાય માટે રૂા.૧૩૦ લાખની જોગવાઈ કરવાનું વિચારાયું છે અને નવી ૧૦૦૦ પ્રા.દૂ.સ.મંડળીઓની રચના કરવાનું પણ લક્ષાંક રાખવા વિચારવામાં આવેલ છે. તદ્ઉપરાંત આદિજાતિ વિસ્તારના તમામ ગામોને દૂધ મંડળીઓની રચના દ્વારા આવરી લઈ આદિજાતિ પ્રજાની પૂરક આવક મળી રહે તેવા પ્રાયસો કરવાનું પણ વિચારવામાં આવેલ છે.★

૩૦-૬-૮૩ના અંતે રાજયમાં ગ્રામ્ય કક્ષાએ ૭૫૬૦ પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓ કામ કરતી હતી. જેમાં ૧૧.૭૧ લાખ જેટલા લોકો મંડળીમાં સભાસદો તરીકે જોડાયા હતાં. જે પૈકી ૦.૮૧ લાખ સભાસદો અનુ. જાતિના અને ૦.૯૯ લાખ સભાસદો અનુ.જનજાતિના હતાં. કુલ સભાસદો પૈકી અંદાજે ૩૫ થી ૪૦ ટકા સભાસદો નાના અને સીમાન્ત ખેડૂતો અને ભૂમિહિન ખેતમજૂરો છે.

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ડેરી સહકારી મંડળીઓ (પ્રવૃત્તિ માટે) માટે અત્યાર સુધીમાં ૫૨૮૦ લાખનું ખર્ચ થવા પામેલ છે. નવી ૧૦૦૦ મંડળીઓની લક્ષાંક સામે ૧૪૮૦ પ્રા.દૂ.ઉ.સ.મં.ની રચના થવા પામેલ છે.

ઉપર મુજબ ભારતમાં સહકારી પ્રવૃત્તિ ડેન્માર્કનો બોધપાઠ, ગુજરાતમાં ડેરી સહકારી મંડળીઓની પ્રગતિ ગુજરાતનો સહકારી ડેરી ઉદ્યોગ - તેના વીકાસ માટેના માળખાની ચર્ચા કર્યા પછી પંચમહાલ જિલ્લામાં ડેરી વિકાસ વિષે અને કામકાજનો ખ્યાલ મેળવીશું.

પંચમહાલ જિલ્લામાં ડેરી વિકાસ :

પંચમહાલ જિલ્લો પૂર્વ ગુજરાતનો એક હિસ્સો છે. જિલ્લો અગિયાર તાલુકાઓમાં વહેંચાયેલો છે. જેનું ક્ષેત્રફળ ૮૮૬૬ ચોરસ કીલોમીટર છે. ૧૯૮૧ની વસ્તી ગણત્રી મુજબ જિલ્લાની કુલ

★ ગ્રામ સ્વરાજ - ડીસે. ૮૩ - અંક-૬, શ્રી અમરીષ માંકડના લેખમાંથી
૭મી પંચવર્ષીય યોજનામાં સહકારી પ્રવૃત્તિનું સ્થાન.

વસ્તી૨૩.૨ લાખ જેટલી હતી.જેમાં ૪૨ ટકા વસ્તી આદિવાસી તથા આદિજાતિની છે. પંચમહાલ જિલ્લામાં કુલ ૧૯૦૦ ગામડાં આવેલા છે. કુલ વસ્તીના લગભગ ૯૦ ટકા લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતીના પૂરક ધંધા તરીકે પશુપાલનનો ધંધો મુખ્ય છે. ૧૯૭૭ની ગણત્રી મુજબ પંચમહાલ જિલ્લામાં ૭.૭૪ લાખ જેટલી ગાયો અને ૨.૮૯ લાખ જેટલી ભેંસો છે.

જિલ્લાના ગરીબ ખેડૂતોને તેમની માલિકીની ગાય- ભેંસના દૂધના પુરવઠાનો નિકાલ માટે યોગ્ય બજાર અને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી ૮ મી મે ૧૯૭૩ના રોજ પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડની સ્થાપના મુખ્ય મથક ગોધરા મુકામે થઈ હતી. શરૂઆતમાં જિલ્લાના માત્ર ૪૦ ગામડાઓમાં સહકારી ધોરણે દૂધ મંડળીઓની સ્થાપના કરવામાં આવી હતી. જેની સંખ્યા વધીને ૧૯૭૪-૭૫માં ૫૨ ની થઈ હતી અને તે વર્ષે સંઘે કુલ ૫.૬૭ લાખ લીટર દૂધની ખરીદી કરેલ હતી. ૧લી ફેબ્રુઆરી ૧૯૭૫થી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.નો વહીવટ ગુજરાત ડેરી વિકાસ નિગમ લી. ગાંધીનગરને ટેકનીકલ માર્ગદર્શન હેઠળ સોંપાયો હતો. આ સમયે પંચમહાલ જિલ્લાની અને ખેડા જિલ્લાની સરહદ પાસેથી વરધરી વિભાગની ૧૮ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અમુલડેરી મારફતે, વડોદરા જિલ્લાની સરહદ પાસેની ૧૭ દૂધ મંડળીઓ બરોડા ડેરી મારફતે તથા સાબરકાંઠાની સરહદના વિસ્તારની ખાનપુર વિભાગની ૧૨ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ સાબર ડેરી મારફતે ચલાવવામાં આવતી હતી. આમ તે સમયે ગોધરા મુકામે દૂધ ઉપર પ્રક્રિયા કરવાનો પ્લાન્ટ ઉપલબ્ધ ન હોવાથી ૪૭ દૂધ મંડળીઓનું દૈનિક ૫૦૦૦ લીટર જેટલું દૂધ પડોશના સાથી દૂધ ઉત્પાદક સંઘોમાં જતું હતું. જે પુરવઠો ૧૯૭૮-૭૯ સુધીમાં વધીને ૧૨૮ મંડળીઓમાંથી દૈનિક સરેરાશ ૨૧,૦૦૦ લીટર સુધી પહોંચ્યો હતો. દૈનિક આટલા મોટા પ્રમાણમાં દૂધના પુરવઠાનો સાથી જિલ્લાના દૂધ સંઘો મારફતે કરવામાં આવેલ નિકાલ આ જિલ્લાના પશુ પાલકોની સહકારી ધોરણે દૂધના ધંધામાં રહેલી ઊંડી દિલચસ્પીનો નિર્દેશ કરે છે. પરંતુ આવી દૂધ મંડળીઓ પડોશના જિલ્લા દૂધ સંઘોના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી તે મંડળીઓને જે તે જિલ્લા સંઘનું સભ્યપદ મળેલ ન હતું. જેના કારણે આ મંડળીઓને તેમના પશુપાલકોના જાનવરોને પશુ સારવાર સેવા, કૃત્રિમ બીજદાન લાભ, દાણનો પુરવઠો તથા બોનસ વિગેરે જેવા અન્ય લાભો મળતાં ન હતાં. જે ખરેખર સહકારી ધોરણે દૂધના ધંધામાં પડેલા ગરીબ પશુપાલકોને પરવડતું ન હતું.

આ જિલ્લાના ખેડૂતોને ખેતી સાથે દૂધ ઉત્પાદનની પૂરક રોજી પૂરી પાડી તેમનું જીવનધોરણ ઊચું લાવવાના ઉદ્દેશથી જિલ્લાની ડી.પી.એ.પી. એજન્સીએ પંચમહાલ જિલ્લામાં ડેરીની શક્યતાઓ અંગે ૧૯૭૫માં નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ, આણંદ દ્વારા ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવ્યો હતો. આ રીપોર્ટ અનુસાર જિલ્લાના સમગ્ર ગામોને આવરી લેવામાં આવે તો દૈનિક ૨.૮૧ લાખ લીટર દૂધ એકત્ર થઈ શકે તેવી શક્યતાઓ દર્શાવવામાં આવી હતી અને જિલ્લામાં દૈનિક ૧ લાખ

લીટર દૂધની પ્રક્રિયા થઈ શકે તેવો ડેરી પ્લાન્ટ આ જિલ્લામાં સ્થાપવા માટે ભલામણ કરી હતી. ઉપરોક્ત શક્યતાઓને આધારે પંચમહાલ જિલ્લામાં ડેરી પ્લાન્ટના પ્રથમ તબક્કા રૂપે દૈનિક ૩૦,૦૦૦ લીટર દૂધ ઠંડુ કરી શકાય તેવી પ્રક્રિયાવાળા દૂધ શીત કેન્દ્રની શીલારોપણ વિધિ નવેમ્બર ૧૯૭૦માં ગુજરાત રાજયના તે વખતના માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદ્‌હસ્તે કરવામાં આવી હતી. સદર દૂધ શીત કેન્દ્ર ડિસેમ્બર ૧૯૭૯માં સ્વતંત્ર રીતે કામકાજ કરતું થઈ ગયુ હતું. દૂધ ઉત્પાદકો માટે આ ખૂબ આનંદની ઘડી હતી અને ત્યાં સુધી જિલ્લાએ ડેરી ક્ષેત્રે મેળવેલી સિધ્ધી સાથી સંઘોની સરખામણીમાં નહિવત હતી. પરંતુ ૧૯૭૯ પછી ડેરી વિકાસની આ પ્રક્રિયાએ ખૂબ ઝડપથી તેની વિકાસ યાત્રા આરંભી દીધેલ છે અને આજે પંચમહાલજિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દેશના વિકસિત દૂધ સંઘોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નો ઉદ્દેશ્ય જેમ બને તેમ જિલ્લાના ઊંડાણવાળા વિસ્તારની પ્રજાને ખેતીની નિયમિત આવક સાથે દૂધના ધંધામાંથી નિયમિત અને એકધારી પૂરક આવક મળી રહે તેવો છે. સંઘ દ્વારા શરૂઆતમાં ૭ રૂટ મારફત દૂધ મંડળીઓનું દૂધ ટ્ર મારફતે લાવવામાં આવતું હતું. જે વધારીને આજે દૂધના સતત વધતા પુરવઠાને ડેરી પર પહોંચાડવા માટે ૧૩ રૂટ જિલ્લાના ખૂણે ખૂણેથી દૂધ સંપાદન કરી લાવવા માટે દોડાવવામાં આવે છે.

હાલમાં સંઘ સંયોજન દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા ૪૬૨ ઉપર પહોંચી છે. માર્ચ ૮૩ના પૂરા થયેલા વર્ષ દરમ્યાન સંઘે ૧ કરોડ ૨૧ લાખ લીટર જેટલા દૂધનું વિક્રમજનક સંપાદન કરી જિલ્લાના દૂધ ઉત્પાદકોને રૂા.૨ કરોડ અને ૯૨ લાખ જેવી માતબર રકમ ચૂકવવામાં આવેલી છે. જિલ્લાના ૪૦ હજાર દૂધ ઉત્પાદક ખેડૂતોને સહકારી ધોરણે વિકસેલા દૂધના આ ધંધામાં આવરી લેવામાં આવ્યા છે અને દૂધની ખરીદી પેટે જિલ્લાની દૂધ મંડળીઓને દૈનિક રૂા.૭૫ થી ૮૦ હજાર જેટલી રકમ દર દશ દિવસે ચૂકવી આપવામાં આવે છે. ગત વર્ષ દરમ્યાન ડેરી પ્લાન્ટની દૈનિક ૩૦ હજાર લીટર દૂધની પ્રક્રિયા કરવાની ક્ષમતા સામે જાન્યુઆરી ૮૩માં ૬૨ હજાર લીટર જેટલું દૂધ સંપાદન કરી શક્યા હતા. જે ખરેખર પંચમહાલ જિલ્લાને પછાત ગણનારાઓ માટે અચંબારૂપ હકીકત સિધ્ધ થઈ છે.

ગત વર્ષ દરમ્યાન ૫.૯૧ લાખ કિલો કેટલ ફીડ સાથી સંઘોમાંથી પ્રાપ્ત કરી નહીં નફો નહીં નુકશાનના ધોરણે જિલ્લાના દૂધ ઉત્પાદકોના જાનવર માટે પુરું પાડેલ છે. જાનવરોને સારી જાતનો લીલો ઘાસચારો મળી રહે તે હેતુથી વર્ષ દરમ્યાન ૬ હજાર કિલો રજકા ઘાસનું બીજ સંઘ સંયોજિત મંડળીઓને તેમની માંગણી પ્રમાણે પહોંચાડવામાં આવ્યું હતું. જિલ્લાના મુખ્ય શહેરો જેવા કે ગોધરા, દાહોદ, હાલોલ તેમજ લુણાવાડામાં હાલમાં લુઝ તથા પોલીથીન બેગ મારફત દૈનિક ૧૬ હજાર લીટર દૂધનું વિતરણ કરી સંઘ દ્વારા જિલ્લાની પ્રજાને શુધ્ધ સાત્વીક દૂધ પોષણક્ષમ ભાવે પુરૂં

પાડવાના ધ્યેયને પણ સફળતાપૂર્વક પાર પાડેલ છે અને ટૂંક સમયમાં જિલ્લાના અન્ય શહેરોને પણ આ લાભ આપવા અંગેની સક્રીય વિચારણાઓ ચાલી રહેલ છે. દૂધની અન્ય બનાવટોમાં માત્ર ઘીનું જ ઉત્પાદન કરવામાં આવે છે. તે ગત વર્ષ દરમ્યાન આશરે ૬૮ હજાર કિલો ઘીનું ઉત્પાદન કરી જિલ્લાની મંડળીઓને તેમજ શહેરની પ્રજાને પુરૂં પાડવામાં આવ્યું હતું.

દૈનિક ૫ ટન દૂધનો પાવડર બનાવી શકાય તેવો પાવડર પ્લાન્ટ સંઘને મળે તેવા પ્રયત્નો હાલ થઈ રહ્યા છે. જો નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આ અંગેની મંજૂરી આપે તો વધારાના દૂધનો નિકાલ કરવાનો પ્રશ્ન આવતા વર્ષમાં સરળતાથી હલ કરી શકાશે. ૧૯૭૯માં અમલમાં આવેલ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડની ઓપરેશન ફલડ-રની યોજના અન્વયે પંચમહાલ સંઘને ડેરી અને પશુપાલનના વિકાસ કાર્યો માટે રૂા.ર.ર૭ કરોડ જેટલી માતબર રકમ તબક્કા પ્રમાણે પ્રાપ્ત થનાર છે. જેનાથી જિલ્લાના પશુઓનો વિકાસ તેમજ અત્રેની ડેરીની પ્રગતિ તેની ચરણસીમાએ પહોંચી જશે તેમાં કોઈ શંકા દેખાતી નથી. જિલ્લાના દૂર દૂર પથરાયેલા ગામડાઓમાંથી દૂધ સંપાદન કરી ગોધરામાં આવેલ ડેરી પ્લાન્ટ પર દૂધ વહન કરી લાવવામાં ખૂબ સમય જતો હોવાથી જિલ્લાના હાલોલ અને લુણાવાડા મુકામે અનુક્રમે ૧૦ હજાર અને ૨૦ હજાર લીટર દૂધ ઠંડુ કરી શકવાની ક્ષમતાવાળા દૂધ શીત કેન્દ્રો ઓપરેશન ફલડ-રની યોજના અન્વયે ટૂંક સમયમાં શરૂ થનાર છે.

આ ઉપરાંત ભારતીય ડેરી નિગમ અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ દ્વારા નાણાંકીય સહાય અને ટેકનીકલ માર્ગદર્શન હેઠળ જિલ્લાની સંઘ આયોજિત ૧૦૮ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદોના જાનવરોને મફત પશુ સારવાર અઠવાડિક કાર્યક્રમો દ્વારા નિષ્ણાત વેટરનરી ડોકટર મારફત આપવામાં આવે છે. જિલ્લા દૂધ ઉત્પાદક સંઘને સુધારવાના અને તે દ્વારા જિલ્લાના દૂધ ઉત્પાદન વધારવાના હેતુથી જિલ્લામાં ૨૫ કૃત્રિમ વીર્યદાન કેન્દ્રો કામ કરે છે. ત્યાં સુધારેલી કૃત્રિમ વીર્યદાનની રીતથી ઉત્તમ ઓલાદોના ખુઠના યોજાએલ વીર્યનો ઉપયોગ કરી કૃત્રિમ વીર્યદાનની સેવા દૂધ ઉત્પાદનકોના જાનવરોને હંમેશાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નવેમ્બર ૮૨માં પુરૂ કરવામાં આવેલ આ સેવા અન્વયે અત્યાર સુધીમાં ૧૮૦૦ જેટલા વીર્યદાન દેશી ગાય-ભેંસોમાં કરવામાં આવેલ છે અને અત્યાર સુધીમાં ઉપલબ્ધ ગર્ભધારણ ચિકિત્સાના પરિણામ મુજબ ગર્ભધારણનો આંક લગભગ ૪૫ ટકા જેટલો છે. જે એક વિકસતા દૂધ સંઘ માટે ગૌરવ લેવા જેવી બીના છે. ઉપરોક્ત ૨૫ કૃત્રિમ વીર્યદાન કેન્દ્રો ઉપર પ્રાથમિક પશુ સારવારની સેવાનો લાભ પણ દૂધ ઉત્પાદકોના જાનવરને વિના મૂલ્યે આપવામાં આવે છે. કૃત્રિમ વીર્યદાન પદ્ધતિથી સારી ઓલાદોને સિધ્ધ કરવા માટે પેઢી અને વેતરે વેતરે જાનવરના દૂધ ઉત્પાદનની નોંધણી કરવી ખૂબ જરૂરી છે. આ માટે પણ જિલ્લાની ૧૦ મંડળીઓના સભાસદોના પસંદ કરાયેલા જાનવરોનું 'મિલ્ક રેકોર્ડીંગ' શરૂ કરવામાં આવેલ છે. આ પ્રકારની ઓલાદ સિધ્ધ કરવાનો પ્રયાસ ઓપરેશન ફલડ-રની યોજના અન્વયે શરૂ કરનાર પંચમહાલ દૂધ સંઘ સારાએ દેશમાં પ્રથમ છે. જે એક ઉગતા દૂધ સંઘ માટે ખૂબ જ ગૌરવપ્રદ હકીકત છે.

ઓપરેશન ફલડ-૨ની યોજના અન્વયે જિલ્લામાં સુધારેલી જાતોના ઘાસચારાના ફાર્મ તેમજ શંકર ગાયોના નિદર્શન ફાર્મ ઉભા કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. ઉપરાંત જિલ્લામાં આકાર લઈ રહેલી અનેક વિધ સિંચાઈ યોજના પાનમ, ભાદર, કડાણા, મોરવા, હડક, માછણ, નાળા કરડ, કબુતરી, દેવ, પાટા ડુંગરી વિગેરેને લીધે ભવિષ્યમાં આ જિલ્લાના પશુધનની આબાદીની સજ્જડ શક્યતાઓ રહેલી છે અને આવી અનેક વિધ યોજનાઓથી વધારાના દૂધના પુરવઠાને પહોંચી વળવા સંઘ સજાગ છે.

પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લી.ના વિકાસમાં સરકારશ્રીની ઉદારનીતિ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ, ભારતીય ડેરી નિગમ, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, ગુજરાત ડેરી વિકાસ નિગમ, તેમજ સંકલિત ગ્રામ વિકાસ એજન્સી તથા ટ્રાયબલ સબ પ્લાન વિગેરે સંસ્થાઓનો ખૂબજ નોંધપાત્ર ફાળો છે. આ બધાય કરતાંય વિશેષ સંઘના દૂધ ઉત્પાદકોએ, પડોશના સંઘો કરતાં ઓછો ભાવ લઈને પંચમહાલ જિલ્લા દૂધ સંઘના વિકાસમાં ખૂબજ મોટો ફાળો આપેલો છે. જેનો ઉલ્લેખ મારાથી ભૂલી શકાય તેમ નથી. વધુમાં પંચમહાલ જિલ્લાના ખેડૂતો માટે વધારે આનંદ અને સંતોષ લેવા જેવી હકીકત એ છે કે ગઈ તા.૩૧મી માર્ચ ૮૩થી ગુજરાત ડેરી વિકાસ નિગમે સરકારશ્રીના આદેશથી ગોધરા ડેરી પ્રોજેકટનો વહીવટ સંઘના વહીવટકર્તાઓને સોંપવામાં આવેલ છે. જેથી હું વિશ્વાસ અને ખાતરીપૂર્વક કહી શકીશ કે ઉમદા ઉદ્દેશોને કારણે આ ભગીરથ સહકારી ચળવળ પંચમહાલ જિલ્લાના તરછોડાયેલા અને આર્થિક અને સામાજિક રીતે પછાત ખેડૂતો દૂધ ઉત્પાદકોને વધુને વધુ તેમના જીવન ધોરણમાં નોંધપાત્ર સુધારો કરી ગોરવભેર જીવવાની સુંદર તક પૂરી પાડશે.

**જિલ્લા ડેરીના કામકાજ :**

ગ્રામકક્ષાએ રચાયેલ પ્રા.દૂ.ઉ.સ.મં. દ્વારા એકત્રિત કરવામાં આવતા દૂધના જથ્થાના વેચાણ માટે અગત્યની જિલ્લાકક્ષાએ રચાયેલ પ્રાથમિક દૂધ મંડળીઓના ફેડરેશન તરીકે મહત્વની કામગીરી બજાવનાર સંસ્થા સભાસદ તરીકે પ્રા.દૂ.ઉ.સ.મંડળીઓ મુખ્યત્વે હોય છે. તેની રચના વખતે મર્યાદિત વ્યક્તિઓ- સભાસદો દાખલ કરેલા હોય. વ્યવસ્થા સંચાલન મંડળી પ્રતિનિધિઓ દ્વારા સંચાલક મંડળના નિયંત્રણથી સંસ્થાનું સંચાલન થાય. જિલ્લા ડેરીના વહીવટી વડા મેનેજરના હોદ્દા આપવામાં આવે અને જરૂરિયાત મુજબ ટેકનીશીયનો રોકવામાં આવે, તેમની મારફતે ડેરીનું રોજબરોજનું કામકાજ કરવામાં આવતું હોય છે. જેના મુખ્ય ચાર વિભાગો નીચે મુજબ છે.

★ દૂધનો પુરવઠા વિભાગ

★ પશુસારવાર અને પશુસંવર્ધન વિભાગ

★ પશુદાણ વિભાગ

★ ડેરી ફેકટરી

(એન્જીનીયરીંગ વિભાગ મુખ્ય હોય છે.)

**જિલ્લા ડેરીના મુખ્ય કામકાજ :**

(૧) સભાસદ મંડળીઓએ એકત્રિત કરેલ દૂધ મુખ્ય ડેરીએ લાવવા માટે વાહનની સગવડ કરી આપે છે.

(૨) મંડળીદીઠ દૂધની ગુણવત્તા - ફેટ ટેસ્ટીંગ અને વજન કરે છે.

(૩) દૂધના જથ્થાને ડેરીની જુદી જુદી બનાવટો બનાવવા માટે ફેકટરી પ્રક્રિયાની વ્યવસ્થા કરી તેમાંથી દૂધનું પેશ્યુરાઈઝેશન કરવું, માખણ - ઘી વગેરે બનાવે છે.

(૪) દૂધ અને દૂધની બનાવટોના વેચાણ-સમૂહ માટે ખાસ પ્રકારની વ્યવસ્થા કરે છે.

(૫) દૂધનો પુરવઠો જાળવવા - વધારવા ઉત્પાદકોને પશુસંવર્ધનને લગતી સેવાઓ - પશુ સારવાર, માવજતો કૃત્રિમ બીજદાન, પૌષ્ટિક આહાર વિગેરે અંગે વિસ્તરણ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પાદકોને ઉપયોગી સેવાઓ પૂરી પાડે છે.

(૬) ઢોરદીઠ ઉત્પાદન વધારવા માટે ઢોરની માવજત, દેખભાળ, ઓલાદ સુધારણા, ખોરાક અને માહિતી-માર્ગદર્શન, પ્રચાર અને પ્રસારણ દ્વારા દૂધના ધંધાને વ્યવસ્થિત અને સંકલિત કરવા વ્યવસ્થા યોજે છે.

(૭) સભાસદ મંડળીઓને ટેસ્ટીંગ સામાન વ્યાજબી ભાવે પૂરા પાડે છે.

(૮) દૂધ સંઘની નાણાંકીય સગવડ અનુસાર દૂધ ઉત્પાદકોને દૂધના નાણાં સાત, દશ કે પંદર દિવસે ચૂકવે છે.

(૯) પશુ સારવાર માટે પશુ સંવર્ધન વિભાગ દ્વારા નિયમિત ફરતા દવાખાના દ્વારા પશુઓની ચિકિત્સા તેમજ સેવાઓની વ્યવસ્થા યોજે છે.

(૧૦) સભાસદ સંસ્થાઓની વહીવટી કામગીરી વ્યવસ્થિત ચાલે તેમજ હિસાબી નિયમિતતાના હેતુથી સુપરવાઈઝરને રોકી મંડળીઓની નિયમિત મુલાકાતો - ઈન્સ્પેકશન કરાવે છે.

(૧૧) દૂધ ઉત્પાદન વધારવા તેમજ ગુણવત્તા જળવાય તે માટે દૂધ ઉત્પાદન હરિફાઈ યોજી ઈનામો આપે છે.

(૧૨) ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા ભાવવધારો બોનસ આપે છે. ધંધાકીય, વ્યવસાયિક શિક્ષણ હેતુથી ડેરી સેમિનાર, ડેરી મંત્રી - કર્મચારી તાલીમ વિગેરે માટેની ગોઠવણો કરે છે.

(૧૩) દૂધ ઉત્પાદન પ્રવૃત્તિ ઉત્પાદકોને આર્થિક રીતે પોષણક્ષમ બને તે માટે સંશોધન અભ્યાસની પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પાદકોને અદ્યતન માહિતી પૂરી પાડે છે.*

''ગુજરાત રાજયમાં અનુસૂચિત આદિજાતિઓના સભ્યોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે અને કોર્પોરેશનને આવી ફરજો બજાવવા માટે જરૂરી હોય તેવાં તમામ કાર્યો કરવાનો અને તેવી તમામ સત્તા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈઓને આધિન વાપરવાનો અધિકાર રહેશે.''

**આરંભ :**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના ગુજરાત એકટ નંબર-૫, ૧૯૭૨થી કરવામાં આવેલ છે. સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક એસ.એચ./એસ/૫૦૯૦/ટીડીસી/૧૦-૧૨-જે, તારીખ ૨૭-૧૦-૭૨ થી કરવામાં આવી છે અને તારીખ ૨૪-૧૧-૭૨ના રોજ મળેલ કોર્પોરેશનના ડિરેકટરોના બોર્ડની પહેલી બેઠકથી કોર્પોરેશને પોતાના કામકાજની શુભ શરૂઆત કરી છે.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ હેઠળની જોગવાઈઓ અનુસાર કોર્પોરેશનને ગુજરાત રાજયની આદિજાતિ પ્રજાના સામાજિક, આર્થિક કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્ર સોંપવામાં આવ્યું છે.

તેના કાર્યક્રમ હેઠળ સઘન આદિજાતિ વસતિ ધરાવતા ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ આઠ સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટના ૩૨ તાલુકાઓમાં તેમજ આદિજાતિ વસતિવાળા ૧૫ ગામ જૂથ વિસ્તારો તેમજ રાજયના અન્ય વિસ્તારોમાં વસતા આદિજાતિના સભ્યોને દૂધાળા ઢોર, બળદ-પાડા, બળદગાડાં, સિંચાઈ માટે ઓઈલ એન્જિન અને ઈલે.મોટર ખરીદવા, મરઘાં ઉછેર એકમ શરૂ કરવા, મત્સ્ય ઉદ્યોગ સ્થાપવા અને કુટિર ઉદ્યોગ જેવા ઉત્પાદનલક્ષી એકમ શરૂ કરવાના હેતુઓ માટે ૪ ટકાના જ દરે ધિરાણ આપવામાં આવે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૨૦૦૦ની વાર્ષિક આવક અને શહેરી અથવા અર્ધ શહેરી વિસ્તારમાં રૂા.૨૦૦૦ની વાર્ષિક આવક ધરાવનાર કોઈપણ આદિજાતિની વ્યક્તિ પોતાની સહકારી મંડળી અથવા માન્ય સ્વૈચ્છિક સંસ્થા મારફત રૂા.૫૦૦૦/- સુધીની લોન સાધન, ઓજારો માટે તથા રૂા.૧૫૦૦/- સુધીની લોન કાર્યકારી ભંડોળ માટે મેળવવા પાત્ર છે. ધિરાણ મંજૂર કરવામાં પણ આવે છે. આ પ્રવૃત્તિ કોર્પોરેશનની મુખ્ય કામગીરી બની રહેલ છે. આ ઉપરોક્ત યોજનાઓમાં દૂધાળાં ઢોર પૂરા પાડવાની યોજનામાં ભેંસ ખરીદવા વધારેમાં વધારે રૂા.૨૫૦૦/- અને એક ગાય ખરીદવા રૂા.૧૬૦૦/-નું ધિરાણ કરવામાં આવે છે. જે ૩૦ માસિક હપ્તામાં પરત ભરપાઈ કરવાનું હોય છે.

---

* પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના છેલ્લા બે વર્ષના વર્કીંગ રીપોર્ટ પરથી તારવેલી નોંધ

કોર્પોરેશનની શરૂઆતથી ૩૧-૩-૮૧ સુધીમાં જુદી જુદી પ્રવૃત્તિઓ માટે ૩૪૨ સહકારી મંડળીઓને રૂા.૧,૪૪,૪૦,૦૨૩નું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું હતું. જેમાં દૂધ ઉત્પાદક દૂધ વેચાણ મંડળી મારફત દૂધાળા ઢોર ખરીદવા ધિરાણ કુલ લાભાર્થી મંડળીઓ અને માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ મળીને ૫૮ સંસ્થાઓને ૬૦,૫૯,૭૦૦ રૂા.નું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું હતું.

૧૯૭૭-૭૮ થી ૪ ટકાની વ્યાજ રાહત ધિરાણ યોજના અન્વયે કોર્પોરેશનને ૩૧-૩-૮૧ સુધીમાં ૪,૩૮,૮૮૦ આદિજાતિના સભ્યોને જુદા જુદા હેતુઓ માટે ૮,૬૫,૨૮,૪૧૫ રૂા. નું ધિરાણ મંજૂર કર્યુ છે. જેમાં દૂધાળા ઢોર માટે ૫૪,૭૨,૮૪,૦૦૦ રૂા. નું ધિરાણ ૨૭,૬૯૬ આદિજાતિઓને કર્યું હતું.*

**દૂધાળા ઢોર ખરીદવા આદિજાતિ સભ્યોને સહકારી મંડળીઓ મારફતે લોન :**

કોર્પોરેશનના મૂડી ધિરાણ વિનિયમ-૬ હેઠળ આદિજાતિ સભ્યોને દૂધાળા ઢોર ખરીદવા દૂધ ઉત્પાદક અને દૂધ વેચાણ કરનારી સહકારી મંડળીઓ મારફતે પ્રત્યેક આદિજાતિ સભાસદ દીઠ રૂા. ૨,૦૦૦ ની લોન આપવાની જોગવાઈ છે. દૂધાળા ઢોરની કિંમતમાં વધારો થયો હોવાને કારણે રૂા.૨,૦૦૦ ની લોનની મર્યાદા વધારીને રૂા.૨,૫૦૦ સુધીની લોન આપવાનો વિનિયમમાં સુધારો કરેલ છે.

**વ્યાજ રાહત યોજના હેઠળની પ્રગતિ :**

વ્યાજ રાહત યોજનાનો કોર્પોરેશનને તા.૧૨-૧૦-૭૭ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈના વરદ્‌ હસ્તે રૂા.૫,૧૧,૭૦૦ ની લોનની રકમનું વિતરણ કરી શુભારંભ કર્યા બાદ આદિવાસી વિસ્તારના આદિજાતિ સભાસદો તથા સહકારી મંડળી / સંસ્થાઓ તરફથી જુદી જુદી ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે લોનની માંગણીઓ બહુજ સારા પ્રમાણમાં આવવા લાગી. તા.૩૧-૩-૭૮ સુધીમાં કુલ ૧૪૮ સહકારી મંડળીઓ તથા ૧ સ્વૈચ્છિક સંસ્થાના કુલ ૪,૭૦૪ આદિજાતિ અરજદારોને કુલ રૂા. ૭૩,૧૫,૮૫૦/-ની લોન જુદી જુદી ઉત્પાદક પ્રવૃત્તિઓ જેવી કે દૂધાળા ઢોર, બળદ/પાડા, બળદગાડા, મરઘાં ઉછેર તથા મત્સ્ય ઉદ્યોગ માટે પૂરી પાડવામાં આવી. જેની પ્રોજેકટવાર તથા યોજનાવાર પ્રગતિના આંકડા નીચે મુજબ છે.

---

* ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન - સેકટર-૨૦ ગાંધીનગર - રૂપરેખામાંથી

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનદ્વારા વ્યાજરાહત યોજના હેઠળ ૧૯૭૭-૭૮
## (દૂધાળા ઢોર માટે)

| પ્રોજેકટનું નામ | ૧૯૭૭-૭૮ | | ૧૯૭૮-૭૯ | | ૧૯૭૯-૮૦ | | ૧૯૮૦-૮૧ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | લાભ પામેલ આદિજાતિ અરજદાર | લોનની રકમ (રૂા.) | સભ્ય | રકમ | સભ્ય | રકમ | સભ્ય | રકમ |
| ડાંગ | ૧૪૯ | ૨,૯૦,૧૦૦ | - | - | - | - | | |
| ખેડબ્રહ્મા | ૨૭૫ | ૫,૪૮,૮૦૦ | ૩૪૩ | ૬,૮૬,૦૦૦ | ૧૫૯ | ૩,૧૬,૪૦૦ | | |
| માંડવી | ૬૮૩ | ૧૩,૬૬,૦૦૦ | ૬૩૦ | ૧૨,૬૦,૦૦૦ | ૩૪૬૩ | ૬૯,૭૬,૦૦૦ | | |
| સોનગઢ | ૭૯૮ | ૭,૯૬,૦૦૦ | ૯૩૧ | ૧૮,૬૨,૦૦૦ | ૩૯૫૧ | ૭૯,૦૨,૦૦૦ | | |
| વાંસદા | ૧૯૪ | ૪,૮૩,૫૦૦ | ૯૦૧ | ૨૨,૪૬,૧૦૦ | ૫૧૪ | ૧૨,૮૫,૦૦૦ | | |
| રાજપીપળા | ૧૩૫ | ૨,૭૦,૦૦૦ | ૬૫૦ | ૧૩,૦૦,૦૦૦ | ૧૪૬૨ | ૨૯,૨૪,૦૦૦ | | |
| છોટાઉદેપુર | ૧૭૫ | ૩,૫૯,૦૦૦ | ૫૧૭ | ૧૦,૩૪,૦૦૦ | ૨૧૮ | ૩,૩૦,૦૦૦ | | |
| દાહોદ | ૧૪૬ | ૨,૪૦,૫૦૦ | ૪૨૮ | ૭,૪૨,૫૦૦ | ૮૮૫ | ૧૮,૩૫,૦૦૦ | | |
| જૂનાગઢ-ગીર | - | - | - | - | ૬૨ | ૧,૨૪,૦૦૦ | | |
| કુલ | ૨૧૫૫ | ૪૩,૪૪,૯૦૦ | ૪૪૦૦ | ૯૧,૩૦,૬૦૦ | | ૨,૧૬,૯૨,૦૦૦ | | |

## ગુ. આ. વિ. કોર્પોરેશન દ્વારા તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ ધિરાણની માહિતી (વ્યાજ રાહત લોન હેઠળ)
## (જિલ્લો - પંચમહાલ)

| તાલુકાનું નામ | પ્રોજેક્ટ- દાહોદ જિલ્લો - પંચમહાલ મંજૂર કરેલ ધિરાણ ૧૯૭૭-૭૮ | ૧૯૭૮-૭૯ | કુલ | કુલધિરાણ સામે ટકાવારી | ૧૯૭૯-૮૦ | કુલ ટકા |
|---|---|---|---|---|---|---|
| ઝાલોદ | ૨,૪૩,૮૦૦ | ૮,૧૬,૧૦૦ | ૧૦,૫૯,૯૦૦ | ૪.૭૨ | ૫,૭૪,૮૦૦ | ૨.૯૭ |
| દાહોદ | ૬,૨૨,૯૦૦ | ૯,૬૦,૩૫૦ | ૧૫,૮૩,૨૫૦ | ૭.૦૬ | ૩૦,૯૧,૯૫૦ | ૮.૫૦ |
| સંતરામપુર | ૧,૮૯,૦૦૦ | ૨,૭૫,૦૦૦ | ૪,૬૪,૦૦૦ | ૨.૦૭ | ૪,૦૪,૪૦૦ | ૧.૫૮ |
| લીમખેડા | ૧,૭૨,૮૦૦ | ૩,૨૯,૯૦૦ | ૫,૦૨,૭૦૦ | ૨.૨૪ | ૨,૦૭,૦૦૦ | ૧.૨૯ |
| દેવગઢબારિયા | ૮૧,૦૦૦ | ૨,૨૭,૩૦૦ | ૩,૦૮,૩૦૦ | ૧.૩૭ | ૨,૮૪,૪૦૦ | ૧.૦૮ |
| ગોધરા | | | | | ૧,૬૫,૫૦૦ | ૦.૩૦ |
| કુલ | ૧૩,૦૯,૫૦૦ | ૨૬,૦૮,૬૫૦ | ૩૯,૧૮,૧૫૦ | ૧૭.૪૬ | ૪૭,૨૮,૦૫૦ | ૧૫.૭૨ |

## ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વ્યાજરાહત યોજના હેઠળ આદિવાસી લાભાર્થીઓને જુદા જુદા હેતુઓ દૂધાળા ઢોર માટે વર્ષવાર / તાલુકાવાર કરેલ ધિરાણની વિગતો (પંચમહાલ)

| ક્રમ | વર્ષ | દાહોદ | | સંતરામપુર | | બારિયા | | લીમખેડા | | ઝાલોદ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સભ્ય સંખ્યા | રકમ | સભ્ય સંખ્યા | રકમ | સભ્ય સંખ્યા | રકમ | સભ્ય સંખ્યા | રકમ | સભ્ય સંખ્યા | રકમ | સભ્ય સંખ્યા | રકમ |
| ૧. | ૧૯૭૭-૭૮ | ૧૬૧ | ૨૪૩૦૦૦ | ૬ | ૯૦૦૦ | ૧ | ૧૫૦૦ | - | - | ૪૦ | ૮૦૦૦૦ | ૨૦૮ | ૩૩૩૫૦૦ |
| ૨. | ૧૯૭૮-૭૯ | ૯૦ | ૧૩૫૦૦૦ | ૨૭ | ૩૮૦૦૦ | ૧૪ | ૨૧૫૦૦ | ૧૬ | ૧૮૦૦૦ | ૨૫૫ | ૫૦૪૦૦૦ | ૪૦૨ | ૭૧૬૫૦૦ |
| ૩. | ૧૯૭૯-૮૦ | ૭૪૩ | ૧૫૫૨૯૦૦ | ૭૭ | ૧૫૪૦૦૦ | - | - | - | - | ૭૮ | ૧૫૬૦૦૦ | ૮૯૮ | ૧૮૬૨૯૦૦ |
| ૪. | ૧૯૮૦-૮૧ | ૩૩૯ | ૭૦૦૦૦૦ | - | - | - | - | ૩૧૧ | ૬૨૨૦૦૦ | - | - | ૬૫૦ | ૧૩૨૨૦૦૦ |
| ૫. | ૧૯૮૧-૮૨ | ૭૨૮ | ૧૭૩૭૫૦૦ | - | - | - | - | ૩૩૫ | ૮૨૧૫૦૦ | ૨૦૭ | ૪૩૦૫૦૦ | ૧૨૭૦ | ૨૯૮૯૫૦૦ |
| ૬. | ૧૯૮૨-૮૩ | ૩૯૨ | ૯૮૦૦૦૦ | - | - | - | - | ૧૪૧ | ૩૫૨૫૦૦ | ૨૪૭ | ૬૧૭૫૦૦ | ૭૮૦ | ૧૯૫૦૦૦૦ |

**નોંધ :** ૧૯૭૯-૮૦ થી પાકેટ વિસ્તાર તરીકે ગોધરા, હાલોલનો સમાવેશ કરી બળદગાડા, મત્સ્ય ઉદ્યોગ, મરઘાં ઉછેર અને નાના ઉદ્યોગ માટે ધિરાણ કરેલ છે.

**પ્રાપ્તિ સ્થાન :** ૧૯૭૭-૭૮ થી ૧૯૮૨-૮૩નું ધિરાણ સહાય દર્શાવતું પત્રક - પ્રોજેક્ટ ઓફિસ દાહોદ.

કોઠામાં દર્શાવ્યા મુજબ વર્ષવાર કુલ સભ્યોને આપેલ ધિરાણનું પ્રમાણ જોઈએ તો આ પ્રમાણ વિશેષ કહી શકાય. ખરેખર આ પ્રોજેકટ દ્વારા અને આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સહયોગથી વ્યાજરાહત યોજનાની શરૂઆતથી આજ સુધીમાં જુદી જુદી ઉત્પાદકીય પ્રવૃત્તિઓ હાથ ધરવા મોટા પ્રમાણમાં રકમ ખર્ચી છે. અહીં નાના નાના ધંધા માટે આપેલ ધિરાણની માહિતી દર્શાવી છે. વિસ્તાર પરિચય અને મંડળીના યથાસ્થિતિ અહેવાલમાં આજે આ વિસ્તારમાં શ્વેતક્રાંતિ લાવવા આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા કેટલાં નાણાં ખર્ચાયા છે તેની વિગતો કોઠામાં તાલુકાવાર દર્શાવવામાં આવી છે. ખરેખર આ તાલુકાઓમાં આજ રીતે જો પ્રવૃત્તિઓને ઝોમ મળતુ રહેશે તો પાછળના એક દાયકામાં શ્વેતક્રાંતિ દ્વારા આદિવાસી પ્રજાની આર્થિક ઉન્નતિમાં ઘણો ફેરફાર જોવા મળશે તેમાં શંકાને સ્થાન નથી. હવે પછીના પ્રકરણમાં જિલ્લાનો / વિસ્તાર પરિચય અને મંડળીની યથાસ્થિતિ વિષે ચર્ચા કરીશું.

## પ્રકરણ-૩

## પસંદ થયેલ મંડળીઓનો વિસ્તાર અને મંડળીઓનો યથાસ્થિતિ અહેવાલ

**પંચમહાલ જિલ્લાનો પરિચય :**

ભારતના સમગ્ર ચિત્રમાં શંખાકારે ઊભેલા ગુજરાતના ૧૯ જિલ્લાઓમાં પંચમહાલ જિલ્લો પ્રાદેશિક પુનઃરચનાને કારણે દસ તાલુકા અને એક મહાલમાં વિસ્તારવામાં આવ્યો છે. વિલિનીકરણ પૂર્વેના જિલ્લામાં ગોધરા, દાહોદ, ઝાલોદ, હાલોલ અને કાલોલ એમ પાંચ મહાલ હતા. તેના પરથી આ જિલ્લો પંચમહાલના નામે ખોળખાય છે. આ જિલ્લાના દેવગઢબારિયા, લીમખેડા, સંતરામપુર અને ઝાલોદ તાલુકાના સંજેલી વિભાગને વર્ગીકૃત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યાં છે. જયારે દાહોદ, હાલોલ અને જાંબુઘોડા મહાલને અણવિકસિત વિભાગ તરીકે ગણવામાં આવે છે.

**જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર :**

| ક્રમ | વિગત | એકંદર (એકર) |
|---|---|---|
| ૧. | જંગલ વિસ્તાર | ૩૯૦૫૫૦ |
| ૨. | પડતર, ખરાબા અને વેરાન જમીન | ૨૫૧૭૨૮ |
| ૩. | ખેતી સિવાયના ઉદ્યોગ | ૭૬૫૨ |
| ૪. | ખેતીલાયક પડતર જમીન | ૧૬૧૩૮૪ |
| ૫. | ઝાડી ઝાંખરાં હેઠળની જમીન | ૧૧૧૭૯૦ |
| ૬. | ચાલુ પડતર જમીન | ૬૨૫૦૯ |
| ૭. | બીજી પડતર જમીન | ૩૪૦૩૨ |
| ૮. | વાવેતર હેઠળનો ચોખ્ખો વિસ્તાર | ૧૧૬૯૭૨૯ |
| | **કુલ** | **૨૧૮૫૭૭૪** |

જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર લગભગ ૨૨ લાખ એકર જમીનમાં વિસ્તરેલો છે. જિલ્લાની મોટાભાગની વસ્તી ગ્રામ વિસ્તારમાં વસે છે. જિલ્લાની કુલ જમીનનો છઠ્ઠોભાગ જંગલ વિસ્તાર હતો, પરંતુ હાલ જંગલો ખાસ જોવા મળતાં નથી.

પંચમહાલ જિલ્લાની પૂર્વે મધ્યપ્રદેશ, પશ્ચિમે ખેડા જિલ્લો અને વડોદરા જિલ્લાની સરહદ, ઉત્તરે સાબરકાંઠા જિલ્લો અને રાજસ્થાન રાજયની સરહદ અને દક્ષિણે ગુજરાત અને વડોદરા જિલ્લો આવેલો છે.

પંચમહાલ જિલ્લો ૭૩.૧ થી ૭૪.૧ અંશ રેખાંશ અને ૨૩.૧ થી ૨૪.૧ અંશ અક્ષાંશ પર વિસ્તરેલો છે. અહીંનું વધુમાં વધુ ઉષ્ણતામાન ૧૧૫° ફે. અને ઓછામાં ઓછું ૪૦° ફેરનહીટ જેટલું

રહે છે. જિલ્લામાં સરેરાશ ૩૫ થી ૪૦ ઈંચ વરસાદ થાય છે. વરસાદ જૂનના ચોથા અઠવાડિયાથી શરૂ થઈ સપ્ટેમ્બરના અંત સુધી પડે છે.

જિલ્લાનો પશ્ચિમનો થોડો ભાગ તલાટ વિસ્તાર છે. મોટાભાગનો વિસ્તાર ડુંગરાળ પ્રદેશ છે. જિલ્લાની જમીન મૂળભૂત રીતે ગુજરાતના અન્ય વિભાગોની સરખામણીએ જુદી પડે છે. આ જિલ્લાની જમીન મુખ્યત્વે નીચે રહેલા ગ્રેનાઈટ અને નીસના ખડકોમાંથી છુટા પડેલા અવશેષોની છે. સામાન્ય નિયમ તરીકે તે ઝાંખા રંગની છીછરી અને ઓછી ફળદ્રુપ હોય છે. આ જમીનને આ જિલ્લામાં બેસર કહેવામાં આવે છે. ડુંગરાળ પ્રદેશની મોટાભાગની જમીન પથરાળ છે. કોઈ કોઈ જગ્યાએ ગોરાડુ અને કાળી પણ છે. જે કપાસ અને મકાઈના પાક માટે ખૂબ ઉપયોગી છે. જિલ્લામાં મેગેનીઝ ધાતુના ખનિજના સ્તર છે. શિવરાજપુર વિસ્તારમાં મેગેનીઝની ખાણો આવેલી છે.

આ જિલ્લો મુખ્યત્વે અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિની વસ્તીવાળો વિસ્તાર છે. જિલ્લાની કુલ વસ્તીના ૯૬૯૫૨૩ એટલે કે ૪૧.૭૬ ટકાની વસતિ આદિવાસીઓની છે. ગુજરાતના જુદા જુદા આઠ જિલ્લાઓની આદિવાસી વસતિની દ્રષ્ટિએ ડાંગને બાદ કરતાં બીજા નંબરે આવે છે. જિલ્લામાં વસતી આદિવાસી પ્રજામાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. કુલ વસતિમાંથી કુલ ૨૩૨૦૬ પુરુષ અને ૮૧૮૫ સ્ત્રીઓ શિક્ષણ પામેલી હતી. આ પ્રજા આર્થિક રીતે ચૂસાયેલી, સામાજિક રીતે દબાયેલી, અજ્ઞાન અને અશિક્ષિત છે. છેલ્લા થોડાક દાયકાઓથી આ જિલ્લાની કેટલીક સંસ્થાઓ અને મંડળોની પ્રવૃત્તિથી તેમજ સહકારી પ્રયત્નોને લીધે થોડી જાગૃતતા કેળવાઈ છે.

આ ઉપરાંત આ જિલ્લામાં થોડાક જંગલો પણ છે. નદીઓ-ઝરણાંની દ્રષ્ટિએ જોઈએ તો જળસંપત્તિથી સમૃધ્ધ હોવા છતાં સિંચાઈની દ્રષ્ટિએ ઘણો પાછળ છે અને સૂકોપ્રદેશ છે. જિલ્લામાં કુદરતી તળાવો પણ અનેક છે. જેનાથી કેટલાક ભાગોમાં સિંચાઈની પ્રવૃત્તિને વેગ સાંપડ્યા છે.

આ સિવાય જિલ્લામાં રસ્તા અને વાહનવ્યવહાર તેમજ રેલ્વેએ વાહન વ્યવહારની સારી સુવિધા પૂરી પાડી છે.

**દાહોદ તાલુકો :**

ગુજરાત રાજયની પૂર્વ સરહદે રેલ્વેના ધોરી માર્ગ પર આવેલો છે. રાજયની સરહદે માળવા અને મધ્યપ્રદેશની સરહદ આવેલી હોવાથી તેને (દાહોદ-બેહદ) દાહોદના નામથી ઓળખવામાં આવે છે. આ તાલુકાનું મુખ્ય મથક અને શહેર પણ છે. દાહોદ ઐતિહાસિક રીતે પણ મહત્વનું છે. બાદશાહ ઓરંગઝેબનું જન્મ સ્થળ છે. શહેરનું છાબ તળાવ જસમા ઓડણે બંધાવ્યું હોવાનું મનાય છે. દાહોદ તાલુકો લગભગ ૨૦ માઈલની પહોળાઈમાં વિસ્તરેલો છે. તાલુકાની જમીન પથરાળ, ગોરાડું અને કાળી પણ છે. મુખ્ય પાક મકાઈ, ડાંગર, ઘઉં અને ચણા થાય છે. દાહોદ તાલુકામાં કોઈ કોઈ જગ્યાએ ડુંગરો તેમજ જંગલો આવેલા છે. ત્યાંની વન્ય સંપત્તિમાં સાગ મુખ્ય છે. તાલુકામાં

ઠેરઠેર નાના મોટા અનેક ઝરણાં આવેલાં છે. તાલુકાના નગરાળા, ગરબાડા, બાલિયા અને જાલત પાસે મોટા તળાવો પણ છે. જેમાં પાટાડુંગરી બંધ વિખ્યાત છે. જે ૨૫૦૦ એકરમાં પથરાયેલ છે.

દાહોદ તાલુકાની મુખ્ય વસ્તી ભીલ-પટેલિયા અને નાયકા આદિવાસીઓની છે. તાલુકાની કુલ વસતિમાં ૭૨.૮૨ ટકા વસતિ આદિવાસીઓની છે. ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકાની કુલ આદિવાસી વસતિ ૨,૧૫,૭૭૪ની હતી.

**લીમખેડા તાલુકો :**

રાજયની પૂર્વ સરહદે પશ્ચિમ રેલ્વેના ધોરીમાર્ગને અડીને લીમખેડા તાલુકો આવેલો છે. તાલુકાનું મુખ્ય મથક છે. તાલુકાની પૂર્વે દાહોદ-ઝાલોદ તાલુકો, પશ્ચિમે દેવગઢબારિયા, ઉત્તરે સંતરામપુર અને દક્ષિણે માળવાનો પ્રદેશ આવેલો છે. તાલુકાનો કુલ વિસ્તાર ૪૦૯.૩ માઈલનો છે. આખો પ્રદેશ નાની-મોટી ટેકરીઓથી અને ડુંગરોથી છવાયેલો છે અને સૌથી વધુ પછાત પણ છે. તાલુકાની જમીન ખૂબજ હલકા પ્રકારની પથરાળ તેમજ ખડકાળ હોઈ મુખ્ય પાક મકાઈ થાય છે. તાલુકામાં થઈને પાનમ, હડફ, સૂકી અને વાલ્વા જેવી નાની નાની નદીઓ વહેતી હોવા છતાં કોઈ ઉપયોગી નથી. તાલુકામાં વાહન વ્યવહારની સુવિધા સારી હોવા છતાં વર્ષના છ માસ મુખ્ય માર્ગ સિવાયના ગામોમાં વાહનવ્યવહારની સગવડોની રીતે ખૂબજ મુશ્કેલી ઊભી થાય છે.

આ તાલુકાની મોટાભાગની વસતિ આદિવાસીઓની છે. તાલુકાની કુલ વસતિમાં ૫૮.૪૩ ટકા વસતિ આદિવાસીઓની છે.જેમાં કોળી, ધાનકા, નાયકડા, પટેલિયા વગેરે ઉપરાંત ભીલોનો સમાવેશ થાય છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને જંગલ ગૌણ પેદાશ એકઠી કરવાનો છે.

**સંતરામપુર તાલુકો :**

રાજયની પૂર્વ સરહદે અને જિલ્લા મથકની ઉત્તરે રાજસ્થાનની સરહદ સામે જોડાયેલ તાલુકો છે. તાલુકાનો કુલ વિસ્તાર ૧૩૬૦.૩ ચો.કિ.મી. છે. તાલુકાની કુલ વસતિમાં ૬૬.૪૨ ટકા વસતિ આદિવાસીઓની છે. તાલુકાની મોટાભાગની જમીન ખડકાળ-પથરાળ છે. કેટલીક જમીન સારી ફળદ્રુપ પણ છે. મુખ્ય પાકોમાં મકાઈ, ડાંગર, વાલ થાય છે. શિયાળુ ઘઉં, ચણા અને કઠોળ પણ થાય છે. તાલુકો વાહન-વ્યવહારની સગવડોની દ્રષ્ટિએ ખૂબજ પાછળ છે.

સંતરામપુર તાલુકાનો મોટોભાગ આછાં પાતળાં જંગલોથી છવાયેલો છે. તેમાં માનગઢ, આમગઢ, નદીનાથ અને ખેરમાળના ડુંગરો આવેલા છે. તેમાં સાગ-બાવળ, વાંસ વગેરે ઝાડો થાય છે.

**ઝાલોદ તાલુકાનો ટૂંકો પરિચય :**

ઝાલોદ તાલુકો પૂર્વે રાજસ્થાનનો કુશળગઢ તાલુકો, પશ્ચિમે ગોધરા-સંતરામપુર અને લીમખેડા તાલુકો, ઉત્તરે રાજસ્થાનનો વાંસવાડા તાલુકો અને દક્ષિણે દાહોદ તાલુકાની સરહદ સાથે જોડાયેલો

છે. તાલુકાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૪૮ કિલોમીટર અને ઉત્તર-દક્ષિણ ૩૨ કિ.મી.ની પહોળાઈમાં પથરાયેલ છે. તાલુકાની મુખ્ય વસ્તી આદિવાસી લોકોની છે. ૧૯૮૧ પ્રમાણે તાલુકાની કુલ વસતિમાં ૧,૭૧,૫૪૯ ની વસતિ એટલે કે ૮૫.૫૯ ટકા આદિવાસીઓ જ છે. તાલુકાની મોટાભાગની જમીન ટેકરીઓવાળી ખડકાળ, પથરાળ અને કેટલીક ગોરાડું તેમજ કાળી છે. તેમાં મુખ્ય ડાંગર, મગફળી અને ચણાની ખેતી થાય છે. આ તાલુકામાં મોટા ડુંગરો ખાસ આવેલા નથી, પરંતુ નાની નાની ટેકરીઓ જોવા મળે છે. તેમાં આંબા, મહુડા, લીમડા, વડ વગેરે ઝાડો થાય છે. વાહનવ્યવહારની દ્રષ્ટિએ જોઈએ તેટલી સુવિધા ઉપલબ્ધ નથી.

અહીં ઉપર મુજબ પંચમહાલ જિલ્લાનો અને નમૂનાના તાલુકાઓનો સામાન્ય પરિચય મેળવ્યા પછી જિલ્લામાં કુલ કામ કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો પરિચય મેળવીએ.

**પંચમહાલ જિલ્લાની દૂધ ઉત્પાદક સહકારી પ્રવૃત્તિને લગતી સામાન્ય માહિતી :**

પંચમહાલ જિલ્લા દૂધ ઉ. સંઘની સ્થાપના ૮-૫-૭૩ના રોજ થઈ હતી. તેણે ૧૯૭૫ના ફેબ્રુઆરી માસથી દૂધ એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી હતી. તેમાં શરૂઆતમાં ફક્ત ૪૦ મંડળીઓ જોડાયેલી હતી. શરૂઆતમાં એક દિવસનું ૭૫૦૨ લીટર દૂધનું સંપાદન કરતી હતી.

આ જિલ્લા સંઘ સાથે હાલ દૂધ સંપાદન શાખા હેઠળ કુલ ૪૭૧ મંડળીઓ જોડાયેલી છે. તેમાં આણંદ પર્ટન ંડળીઓની સંખ્યા ૨૭૨ની છે. જિલ્લાની કુલ રજિસ્ટર્ડ થયેલી મંડળીઓની સંખ્યા ૪૬૭ની છે. જે પૈકી ૧૪૫ મંડળીઓ આદિવાસી વિસ્તારમાં આવેલી છે. કુલ મંડળીઓમાંથી હાલ ૩૩૮ મંડળીઓ કામ કરે છે. બધી મંડળીઓના મળી કુલ ૪૦૫૦૦ સભાસદો છે. જેમાંથી ૩૭૪૫૦ પુરૂષ અને ૨૫૫૦ સ્ત્રી સભાસદો પણ છે. જિલ્લા સંઘમાં કુલ જુદા જુદા ૧૩ રૂટો પરથી દૂધ એકત્રિત કરવામાં આવે છે. હેડ લોડ મંડળીઓ ૭૦ ટકા છે. દિવસનું દૂધ ઉત્પાદન ૪૮,૬૦૪ લીટરનું છે. દૂધ પરિવહનનું ખર્ચ સરેરાશ (લીટરે) ૦.૧૬ પૈસા આવે છે.

જિલ્લામાં હાલ પોતાના મકાન હોય તેવી દૂધ મંડળીઓની સંખ્યા ૫૦ની છે. જિલ્લાના મુખ્ય દૂધ આપતા પ્રાણીઓની સંખ્યા કુલ ૩,૬૫,૦૬૮ની છે. જેમાં ૧,૯૨,૨૭૩ ગાયો અને ૧,૭૨,૭૯૫ ભેંસો છે. જેમાંથી દૂધ સંપાદન હેઠળ ૩૬,૭૯૩ ગાયો અને ૬૮,૨૧૦ ભેંસોને આવરી લેવામાં આવી છે. આમાંથી કૃત્રિત વીર્યદાન હેઠળની યોજનામાં ૨,૨૩૫ ગાયો અને ૮,૫૬૦ ભેંસો મળીને કુલ ૧૦,૭૯૫ પ્રાણીઓને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં હાલ કુલ ૪૨ કૃત્રિમ વીર્યદાન કેન્દ્રો છે.

**જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. (ગોધરા)ની મંડળીઓની માહિતી :**

અહી દર્શાવેલ માહિતી ૨૦-૭-૧૯૮૩ના રોજ સુધીની માહિતી દર્શાવવામાં આવી છે.

(૧) કુલ દૂધ મંડળીઓની સંખ્યા : ૪૬૨

(૨) રજીસ્ટર થયેલ મંડળીઓની સંખ્યા : ૩૮૫

(૩) સૂચિત મંડળીઓ કુલ : ૯૩ (જેને ૬૫ ચાલુ મંડળી સાથે સાંકળી લીધી છે.)

(૪) દૂધ આપતી મંડળીઓ :

| | |
|---|---|
| ૧૦૦ લીટરથી નીચે | ૨૭૮ |
| ૧૦૧ થી ૩૦૦ લીટર | ૧૧૬ |
| ૩૦૧ થી ૫૦૦ લીટર | ૧૦ |
| ૫૦૧લીટરથી વધુ | ૨ |
| **કુલ** | **૪૦૬** |

(૫) બંધ મંડળીઓની સંખ્યા : ૬૮

(૬) હેડ લોડ મંડળીઓ (કાયમી) : ૨૫૪
(ચોમાસામાં કુલ ૩૦૮ની સંખ્યા થાય છે.)

(૭) આદિવાસી મંડળીઓ : ૧૪૫

(૮) ૧૯૮૧-૮૨ના વર્ષનું કુલ દૂધ :

| | | |
|---|---|---|
| ગાય | : | ૯,૮૫,૧૩૦ લીટર |
| ભેંસ | : | ૧,૧૧,૨૧,૯૭૦ લીટર |

(૯) મંડળીઓ નફામાં : ૮૮ ટકા (૩૬૧ મંડળીઓ)

(૧૦) ખોટમાં ચાલતી મંડળીઓ : ૧૧ ટકા

(૧૧) સાધન સહાય ઓફ - ૨ (સેકન્ડ) ૭૦૮૦૦

| | | |
|---|---|---|
| (૧૨) ડેયલી પેમેન્ટ સહાય | : | ૧,૨૦,૦૦૦ |
| સરકારની પગાર સહાય | : | ૧,૭૧,૬૭૧ |
| સાધન સહાય | : | ૧,૦૮,૦૦૦ |
| મકાન સહાય આપેલી | : | ૧,૫૬,૦૦૦ |
| ભવિષ્યની મંજૂર થયેલ | : | ૫,૧૮,૦૦૦ |

(૧૩) મંડળીઓના સભાસદોની સંખ્યા કુલ - ૪૬,૮૭૮

(સ્ત્રી) ૫૩૮૦

(૧૪) આણંદ પેટર્ન મંડળીઓ - ૨૭૨

(૧૫) સંઘ સભાસદ મંડળીઓ - ૩૮૫

| | | | |
|---|---|---|---|
| (૧૬) | દૂધનો સરેરાશ ભાવ | - | ૩૮.૬૬ |
| | હાલના ચાલુ રૂટ સંખ્યા | - | ૧૩ |
| (૧૮) | દાણ રૂટ સંખ્યા | - | ૨ |
| (૧૯) | ૧૯૮૨-૮૩ના વર્ષનું ખાટા દૂધનું પ્રમાણ : ૩.૧૨ ટકા | | |
| (૨૦) | ૧૯૮૨-૮૩ના વર્ષનું સરેરાશ દૂધ તણામણ ખર્ચ લીટરે - ૧૮ પૈસા | | |
| (૨૧) | દૂધાળી ભેંસોની સંખ્યા | - | ૧,૭૨,૭૯૫ |
| | ગાયો | - | ૧,૯૨,૨૭૩ |
| (૨૨) | નવી મંડળીઓ આણંદ પેટર્ન સહાય | - | ૬૦ |
| (૨૩) | આણંદ પેટર્ન મંડળીઓ નફામાં | - | ૮૫ ટકા (૫૧) |

ઉપર મુજબ મંડળીઓની સામાન્ય માહિતી જોયા પછી આદિવાસી વિસ્તારમાં કામ કરતી મંડળીઓ વિષે જોઈશું.

પસંદ થયેલ વિસ્તારની તાલુકાવાર મંડળીઓ અને આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વ્યાજરાહત યોજના હેઠળ આપેલ ભેંસો અને તેની રકમ (રૂપિયામાં)ની માહિતી.

નમૂનાના પસંદ પામેલ તાલુકાની કુલ ૨૦૧ મંડળીઓ હતી. જેમાંથી ૯૩ મંડળીઓને ૧,૧૩,૨૦,૬૦૦ની કિંમતની કુલ ૪,૮૩૦ જેટલી ભેંસો ઓગસ્ટ-૮૩ સુધીમાં આપવામાં આવી હતી. તાલુકાવાર જોઈએ તો ઝાલોદ તાલુકાની કુલ ૩૧ મંડળીઓમાંથી ૨૨ મંડળીઓને ૧૧૨૧ ભેંસો, ૨૭,૮૯,૭૦૦ રૂ.ની કિંમની, સંતરામપુર તાલુકાને કુલ ૨૧ મંડળીઓમાંથી ૩ મંડળીઓને ૧૪૯ ભેંસો ૩,૭૦,૦૦૦ની કિંમતની, દાહોદ તાલુકાને ૫૨ મંડળીઓમાંથી ૪૯ મંડળીઓને ૨૫૯૪ ભેંસો ૫૮,૨૦,૯૦૦ રૂ.ની કિંમતની, લીમખેડા તાલુકાને ૪૫ મંડળીઓમાંની ૧૮ મંડળીઓને ૯૪૪ ભેંસો ૨૫,૮૦,૦૦૦ રૂ.ની કિંમતની અને બારિયા તાલુકાની ૫૨ મંડળીઓમાંથી ફક્ત ૧ મંડળીને ૨૦ ભેંસો ૬૦,૦૦૦ રૂ.ની કિંમતની આપવામાં આવી હતી.

દૂધળાં ઢોર આપવાની આ યોજના હેઠળ દરેક વિસ્તારને એક સરખો લાભ મળેલ નથી તે કોઠામાં જોઈ શકાય છે.

### પસંદ પામેલ તાલુકાવાર મંડળીઓને આ. વિ. કો. દ્વારા અપાયેલ ભેંસોની સંખ્યા અને તેની રકમ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મંડળી અને ભેંસો | ભેંસો આપેલ મંડળીઓની સંખ્યા | કુલ ભેંસો | રકમ | ૫૦ ટકા પ્રમાણે આપવાની થતી સબસીડી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | ૩૧ | ૨૨ | ૧૧૨૧ | ૨૭,૮૯,૭૦૦ | ૧૩,૯૪,૮૫૦ |
| ૨. | સંતરામપુર | ૨૧ | ૩ | ૧૪૯ | ૩,૭૦,૦૦૦ | ૧,૮૫,૦૦૦ |
| ૩. | દાહોદ | ૫૨ | ૪૯ | ૨૫૯૪ | ૫૮,૨૦,૯૦૦ | ૨૯,૧૦,૪૫૦ |
| ૪. | લીમખેડા | ૪૫ | ૧૮ | ૯૪૬ | ૨૨,૮૦,૦૦૦ | ૧૧,૪૦,૦૦૦ |
| ૫. | દેવગઢબારિયા | ૫૨ | ૧ | ૨૦ | ૬૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| | કુલ | ૨૦૧ | ૯૩ | ૪૮૩૦ | ૧,૧૩,૨૦,૬૦૦ | ૫૬,૬૦,૩૦૦ |

**પ્રાપ્તિસ્થાન :** દાહોદ ટ્રાયબલ સબપ્લાન આ.વિ.કો. મેનેજર ઓફિસથી

અહીં આગળ ઉપર નમૂનાના વિસ્તારની કુલ મંડળીઓનો ટૂંકો પરિચય મેળવ્યા પછી આ વિસ્તારના દૂધ ઉત્પાદકોને મળતા દૂધના ભાવો વિષે જોઈએ. આ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદોને બિનપછાત વિસ્તારની સરખામણીએ પોષણક્ષમ ભાવો મળે છે કેમ તે જોવું ખૂબ જરૂરી છે. આદિવાસી વિસ્તાર માટે અપનાવેલ દૂધાળાં ઢોર આપવાની યોજનાને સફળ બનાવવા દૂધના ભાવો પર મુખ્ય આધાર રહેલો છે. તેની સાથે જેટલા પ્રમાણમાં દૂધાળાં ઢોર આપવામાં આવે છે તેટલા પ્રમાણમાં તેના ચારાની વ્યવસ્થા અંગે પણ વિચારણા થવી ઘટે.

આગળ ઉપર સહકારી ડેરી ઉદ્યોગની અને તેના વિકાસની અનેક ચર્ચાઓ કરી છે. પરંતુ આ સહકારી ડેરી ઉદ્યોગના પાયામાં દૂધ ઉત્પાદક રહેલો છે અને તે દૂધ ઉત્પાદકને તેના ઉત્પાદનના પૂરતાં નાણાં મળે છે કે નહીં તે વિચારવું ઘણું જ અગત્યનું છે. એટલે કે દૂધ ઉત્પાદકોને જે ભાવ ચૂકવાય છે તે પોષણક્ષમ ભાવો ન મળે તો ધીમે ધીમે તે ઉત્પાદનમાં ઘટાડો થતો જાય છે. આદિવાસી વિસ્તારમાં આજ પરિસ્થિતિ સર્જાઈ છે તેમાં શંકાને સ્થાન નથી. ઉત્પાદકને ઓછો ભાવ મળતાં ઉત્પાદનમાં રસ રહેતો નથી અને છેલ્લે તેનું પરિણામ ઊંધુ આવે છે. સહકારી ડેરી ઉદ્યોગના વિકાસ પહેલાં વેપારીઓ તેમની મરજી મુજબ ભાવો આપતા હતા અને તેમાં હરિફાઈ ઊભી થઈ છે અને જેને લઈ દૂધ ઉત્પાદકને દૂધ વધુને વધુ ઉત્પન્ન કરવામાં રસ જાગ્યો છે. દૂધમાં ઉત્પાદન અંગેના અલગ અલગ સ્તરે ઉત્પાદન ખર્ચ કેટલો આવે છે તેના પણ ઘણાંજ અભ્યાસો થયા છે. આ અભ્યાસો ઉપર નજર ફેરવી શું તો અવશ્ય લાગશે કે હજુ સુધી દૂધ ઉત્પાદકને તેને ઉત્પાદન ખર્ચની સામે પોષણક્ષમ ભાવો મળતા નથી. એકબાજુ ઉત્પાદકને સારા ભાવ આપવા હોય તો બીજી બાજુ દૂધ અને તેની બનાવટોના વેચાણ ભાવ વધારવા જરૂરી બને છે. થોડા જ સમય પહેલાં દૂધના વેચાણ ભાવ વધારાથી અમદાવાદ, વડોદરા જેવા શહેરોમાં વિરોધ ઊભા થયેલા તે જાણીએ છીએ. વાપરનારાઓને વ્યાજબી ભાવે દૂધ મળવું જોઈએ. પરંતુ તે ઉત્પાદકતાના ભોગે નહીં. બજારમાં કેટલીય ચીજવસ્તુઓના ભાવો આજે કયાંય આસમાને પહોંચ્યા છે જેની સરખામણીમાં દૂધના ભાવો કેટલા વધ્યા છે અને કેટલા હોવા જોઈએ તે અંગે વિચાર કરી પછી વિરોધ કરે તો તે કેટલેક અંશે વ્યાજબી ગણાય.

જયારે જયારે ઉત્પાદનના પોષણક્ષમ ભાવોની વાત આવે છે ત્યારે અહીં કેટલાક ભૂતકાળના ભાવો (તાત્કાલીન ચલણ પ્રમાણે) ગુજરાત સમાચારના સૌજન્યથી પ્રાપ્ત થયેલ તે દર્શાવવાનું મન થાય છે. જે નીચે મુજબ છે.

**વિગતવાર સમય નોંધ : (રૂા.૧માં પ્રાપ્ત થતી કુલ વસ્તુ)**

| અ. નં. | પાંડવોના વખતના ભાવ | અશોકના વખતે | અકબરના વખતે | સને ૧૯૨૨ | સને ૧૯૪૭ | ડિસે'૮૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ રૂા. નું અનાજ ૮૦ મણ | ૬૪ મણ | ૬ મણ | ૧ મણ | ૫ શેર | ૪૦૦ ગ્રામ |
| ૨. | ૧ રૂા. નું દૂધ ૮૦ મણ | ૬૪ મણ | ૩-૧/૨ મણ | ૮ શેર | ૪ શેર | ૩૫૦ મિ.લી. |
| ૩. | ૧ રૂા. નું ઘી ૮ મણ | ૪ મણ | ૮-૧/૨ શેર | ૧ શેર | ૧ શેર | ૨૫ ગ્રામ |
| ૪. | ૧ રૂા. ના ચોખા ૪ મણ | ૩ મણ | ૨ મણ | ૧૦ શેર | ૨-૧/૨ શેર | ૨૫૦ ગ્રામ |
| ૫. | ૧ તોલા સોનાના ૨ આના | ૩ આના | ૧૦ રૂા. | ૨૧ રૂા. | ૧૦૮ રૂા. | ૧૯૫૦ રૂપિયા |
| ૬. | ૭ તોલા ચાંદીના એક પૈસો | પાંચ તોલાના એક પૈસો | ત્રણ આને તોલો | આઠ આને તોલો | ૧-૧/૨ રૂા. | ૩૦ રૂા.તોલો |

(ગુજરાત સમાચારના સૌજન્યથી)

ઉપર કોઠામાં દર્શાવેલા ભૂતકાળના ભાવોમાં દૂધના ભાવો પણ આવી જતા હોવાથી ઉપરોક્ત કોઠો મૂક્યો છે. હાલમાં ૧૯૮૨-૮૩ના અંતે માસવાર દૂધના કેટલા ભાવો ગ્રાહકો / સભાસદોને ચૂકવાય છે તે જોઈએ.

## ભેંસના દૂધના દર કિલો ફેટના વર્ષવાર અને માસવાર ચૂકવવામાં આવેલા ભાવો (ડિસેમ્બર-૮૩ સુધી)

| પ્રોજેકટનું નામ | ૧૯૭૫-૭૬ | ૧૯૭૬-૭૭ | ૧૯૭૭-૭૮ | ૧૯૭૮-૭૯ | ૧૯૭૯-૮૦ | ૧૯૮૦-૮૧ | ૧૯૮૧-૮૨ | ૧૯૮૨-૮૩ | ૧૯૮૩-૮૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૨૬.૦૦ | ૨૧.૫૦ | ૨૪.૫૦ | ૨૭.૦૦ | ૨૭.૦૦ | ૨૭.૦૦ | ૨૯.૦૦ | ૪૦.૦૦ | ૩૮.૦૦ |
| મે | ૨૬.૦૦ | ૨૨.૫૦ | ૨૪.૫૦ | ૨૮.૦૦ | ૨૮.૦૦ | ૨૭.૦૦ | ૨૯.૦૦ | ૪૦.૦૦ | ૩૯.૦૦ |
| જૂન | ૨૬.૦૦ | ૨૩.૫૦ | ૨૪.૫૦ | ૨૮.૦૦ | ૨૯.૦૦ | ૨૭.૦૦ | ૩૦.૦૦ | ૪૦.૦૦ | ૪૦.૦૦ |
| જુલાઈ | ૨૫.૦૦ | ૨૪.૦૦ | ૨૭.૦૦ | ૨૮.૦૦ | ૨૯.૦૦ | ૨૭.૦૦ | ૩૧.૦૦ | ૪૦.૦૦ | ૪૦.૦૦ |
| ઓગષ્ટ | ૨૪.૦૦ | ૨૪.૦૦ | ૨૭.૦૦ | ૨૭.૦૦ | ૨૭.૦૦ | ૨૭.૦૦ | ૩૧.૦૦ | ૪૦.૦૦ | ૩૮.૦૦ |
| સપ્ટેમ્બર | ૨૩.૦૦ | ૨૪.૦૦ | ૨૩.૦૦ | ૨૭.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૩૧.૦૦ | ૪૦.૦૦ | ૩૭.૦૦ |
| ઓકટોબર | ૨૨.૫૦ | ૨૪.૫૦ | ૨૬.૦૦ | ૨૭.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૩૨.૦૦ | ૩૯.૦૦ | ૩૬.૦૦ |
| નવેમ્બર | ૨૧.૫૦ | ૨૪.૫૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૫.૦૦ | ૩૨.૦૦ | ૩૮.૦૦ | ૩૬.૦૦ |
| ડિસેમ્બર | ૨૦.૫૦ | ૨૫.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૪.૦૦ | ૩૬.૦૦ | ૩૬.૦૦ | ૩૭.૦૦ |
| જાન્યુઆરી | ૨૦.૫૦ | ૨૫.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૬.૦૦ | ૨૪.૦૦ | ૩૬.૦૦ | ૩૬.૦૦ | |
| ફેબ્રુઆરી | ૨૧.૫૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૬.૦૦ | ૨૫.૦૦ | ૨૭.૦૦ | ૩૭.૦૦ | ૩૭.૦૦ | |
| માર્ચ | ૨૧.૫૦ | ૨૫.૦૦ | ૨૪.૫૦ | ૨૭.૦૦ | ૨૬.૦૦ | ૨૮.૦૦ | ૩૯.૦૦ | ૩૮.૦૦ | |

## ગાયના દૂધના કિલો ફેટના ચૂકવાતા ભાવોની માહિતી વર્ષવાર અને માસવાર (ડિસેમ્બર-૮૩ સુધી)

| પ્રોજેકટનું નામ | ૧૯૭૫-૭૬ | ૧૯૭૬-૭૭ | ૧૯૭૭-૭૮ | ૧૯૭૮-૭૯ | ૧૯૭૯-૮૦ | ૧૯૮૦-૮૧ | ૧૯૮૧-૮૨ | ૧૯૮૨-૮૩ | ૧૯૮૩-૮૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૨.૫૦ | ૭.૭૫ | ૭.૭૫ | ૧૩.૭૫ | ૧૩.૭૫ | ૧૩.૭૫ | ૧૪.૭૫ | ૨૦.૦૦ | ૧૮.૦૦ |
| મે | ૧૨.૫૦ | ૮.૫૦ | ૯.૭૫ | ૧૪.૫૦ | ૧૪.૫૦ | ૧૩.૭૫ | ૧૪.૭૫ | ૨૦.૦૦ | ૧૮.૫૦ |
| જૂન | ૧૨.૫૦ | ૯.૦૦ | ૯.૭૫ | ૧૪.૫૦ | ૧૪.૭૫ | ૧૩.૭૫ | ૧૫.૦૦ | ૨૦.૦૦ | ૧૯.૦૦ |
| જુલાઈ | ૧૧.૭૫ | ૭.૫૦ | ૧૩.૭૫ | ૧૪.૫૦ | ૧૩.૭૫ | ૧૩.૭૫ | ૧૫.૫૦ | ૨૦.૦૦ | ૧૮.૦૦ |
| ઓગષ્ટ | ૭.૫૦ | ૯.૫૦ | ૧૩.૭૫ | ૧૩.૭૫ | ૧૪.૧૦ | ૧૩.૭૫ | ૧૫.૫૦ | ૨૦.૦૦ | ૧૭.૫૦ |
| સપ્ટેમ્બર | ૯.૦૦ | ૯.૫૦ | ૧૩.૨૫ | ૧૩.૫૦ | ૧૨.૫૦ | ૧૨.૭૫ | ૧૫.૦૦ | ૨૦.૦૦ | ૧૭.૦૦ |
| ઓકટોબર | ૮.૫૦ | ૯.૭૫ | ૧૨.૫૦ | ૧૩.૭૫ | ૧૨.૫૦ | ૧૨.૭૫ | ૧૬.૨૫ | ૧૮.૦૦ | ૧૭.૦૦ |
| નવેમ્બર | ૭.૭૫ | ૯.૭૫ | ૧૨.૫૦ | ૧૩.૦૦ | ૧૧.૭૫ | ૧૨.૦૦ | ૧૬.૨૫ | ૧૮.૫૦ | ૧૭.૫૦ |
| ડિસેમ્બર | ૭.૦૦ | ૧૧.૭૫ | ૧૨.૫૦ | ૧૩.૦૦ | ૧૦.૭૫ | ૧૨.૫૦ | ૧૮.૦૦ | ૧૮.૦૦ | |
| જાન્યુઆરી | ૭.૦૦ | ૧૧.૭૫ | ૧૨.૫૦ | ૧૩.૦૦ | ૧૦.૭૫ | ૧૨.૭૫ | ૧૮.૦૦ | ૧૭.૦૦ | |
| ફેબ્રુઆરી | ૭.૭૫ | ૧૧.૭૫ | ૧૧.૭૫ | ૧૩.૦૦ | ૯.૭૫ | ૧૩.૭૫ | ૧૮.૫૦ | ૧૭.૫૦ | |
| માર્ચ | ૭.૭૫ | ૧૧.૭૫ | ૯.૭૫ | ૧૩.૫૦ | ૧૨.૭૫ | ૧૪.૫૦ | ૧૯.૫૦ | ૧૬.૦૦ | |

ઉપરના કોઠામાં ૧૯૭૫-૭૬થી ૧૯૮૩-૮૪ સુધીના માસવાર દૂધના દર કિલો ફેટના ભાવ દર્શાવ્યા છે. તે જોતાં સ્પષ્ટ જણાય છે કે છેલ્લા દાયકામાં દૂધના ભાવો સતત વધતા રહ્યા છે. પરંતુ આ વધેલા ભાવથી સભાસદોને કોઈ ફાયદો થયો હોય તેવું જણાતું નથી. ભાવો વધવાની સાથે ખર્ચ પણ વધતું ગયું છે. સાથે સાથે ખાણ-દાણના ભાવો પણ વધતા ગયા છે. તેની તુલનામાં જે કંઈ ભાવ વધારો ચૂકવાય છે તે બિનઆદિવાસી વિસ્તાર માટે કે જેની પાસે પૂરતી જમીન છે, પૂરતો ઘાસચારો મળે છે, પરંતુ અનાજ પણ દૂધાળા ઢોરને ખવડાવી શકે છે તેને માટે ફાયદારૂપ છે. કારણ કે તે આ ભાવ લેવા માટે દૂધાળાં ઢોરની કાળજી રાખવા સારી સેવા-ચાકરી કરી શકે છે. જયારે આદિવાસી વિસ્તારમાં લોકોની આર્થિક પરિસ્થિતિ જોતાં તે પોતાના માટે પુરતું ધાન્ય પકવી શકતો નથી ત્યાં તે પોતાના ઢોરને શું નીરી શકવાનો અને દૂધ ઉત્પાદન મેળવવા દૂધાળા ઢોરની જેટલી કાળજી રાખવી જોઈએ, તેની પાછળ સતત એક માણસ રોકાઈ રહે તો જ આ લાભ લઈ શકે. પરંતુ પરિસ્થિતિ કંઈક જુદી જ છે. ચોમાસાના ચાર-પાંચ માસ જયારે દૂધ સારૂં નીકળે ત્યારે કાંતો સંઘ દ્વારા દૂધ લેવાનું બંધ કરાય છે કાંતો ભાવો ઓછા ચૂકવાય છે. બીજુ કે જયારે ભેંસો સૂકાઈ જાય, દૂધનું ઉત્પાદન ઘટી જાય ત્યારે સંઘ / મંડળી દૂધ લેવાનું ચાલુ કરે તો શું એ આદિવાસી પ્રજા માટે ફાયદાકારક છે કે કેમ ? તે સ્પષ્ટ સમજી શકાય છે. અહીં એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે આદિવાસી વિસ્તારો માટે સરકારશ્રી તરફથી જો તેમના ઉત્થાન માટે જુદી જુદી યોજનાઓ દ્વારા પૂરક આવક મેળવવા ભેંસો અપાઈ રહી છે ત્યારે સંઘ દ્વારા આદિવાસી વિસ્તારની મંડળીઓ પાસેથી બંને ટાઈમ સવાર/ સાંજ દૂધ એકત્રિત કરી બિનઆદિવાસી વિસ્તાર કરતાં થોડા વધુ ભાવ ચૂકવાય તો ચોક્કસ આ યોજના ફળીભૂત બનશે, પરંતુ ક્ષેત્રકાર્ય પરથી અહીં એમ લાગે છે કે આ વિસ્તારમાંથી દૂધ એકત્રિત કરવા સંઘ તૈયાર નથી. સંઘ દ્વારા જો આ પ્રવૃત્તિને જોરશોરથી અપનાવી લેવાય તો ચોક્કસ સંઘને પણ લાભ થશે અને આદિવાસી સભાસદોની દૂધ ઉત્પાદકની પ્રવૃત્તિને વેગ મળશે. પરંતુ તે ત્યારે જ શક્ય બનશે કે દૂધ ઉત્પાદક સંઘ દ્વારા વાહતુકની સુવિધા વિસ્તારીને આ વિસ્તારની મંડળીઓ પાસેથી બન્ને વખતનું દૂધ લેવામાં આવશે ત્યારે આ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ધમધમી ઉઠશે.

અહીં કોઠામાં ભેંસના દૂધના કિલો ફેટના ભાવની સાથે સાથે ગાયના દૂધના ૧ કિલો ફેટના ભાવની માહિતી દર્શાવી છે. આ બન્ને ભાવોની તુલનાત્મક રીતે જોતાં સ્પષ્ટ જણાશે કે ભાવો ઉત્પાદકના હિતમાં પોષણક્ષમ છે કે કેમ ? અને આ ભાવો કયારે ચૂકવાય છે તે આ સાથેના સંઘ દ્વારા મંડળીઓને મોકલી આપવામાં આવતા ભાવના કોઠાની આગળ દર્શાવેલા ધોરણ મુજબનું દૂધ હોય ત્યારે જ નિશ્ચિત ભાવો ચૂકવાય છે. સંઘ દ્વારા જયારે જયારે દુધના ભાવમાં વધારો/ અથવા ઘટાડો થાય ત્યારે આ રીતે મંડળીઓને પરિપત્ર મોકલે છે. તે મુજબ મંડળી દ્વારા સભાસદોને ભાવ ચૂકવાય છે.

આગળ ઉપર કોઠામાં દર્શાવેલ દૂધના ભાવ સંઘ ત્યારે જ ચૂકવે છે કે સંઘમાં / મંડળીમાં

આવતું દૂધ ૫.૧ ફેટ ટેસ્ટથી ઓછા ફેટવાળુ અથવા ૮.૦ થી ઓછા એસ.એન.એફ.વાળુ હલકું અગર ખાટું દૂધ તેના ડેરીમાં ઉતારેલા વજનના અડધા ભાગનો જથ્થો ગણી તેના ફેટ ટકા પ્રમાણે થતા કિલો ફેટ ગણી સારા અગર ખાટા દૂધના ભાવે રકમ ચૂકવવામાં આવે છે.

| ફેટ ટકા | એસ.એન.એફ. | ચૂકવણી |
|---|---|---|
| ૬.૦ અને ઉપર<br><br>૫.૦ થી ૫.૯ | ૯.૦ અને ઉપર<br><br>૮.૦ થી ૮.૯ | જે તે સમયના નિશ્ચિત કિલો ફેટના ભાવ પ્રમાણે |

ઉપર જણાવેલ ફેટ ટકા અને એસ.એન.એફ.વાળા દૂધના ભાવ પૂરેપૂરા ચૂકવાય છે. જયારે ખાટા દૂધના ભાવ ઉપર સમજાવ્યા પ્રમાણે કુલ મળવાપાત્ર ભાવથી અમુક રકમ કાપીને ચૂકવાય છે.

મંડળીઓ દ્વારા મોકલાવેલ દૂધ સંઘમાં કોઈ કારણસર વપરાશ માટે અયોગ્ય જણાય તો દૂધ સંઘમાં સ્વીકારવામાં આવતું નથી અને તેવા દૂધનો મંડળીઓને અગાઉથી જાણ કર્યા સિવાય નાસ કરવામાં આવે છે. તે દૂધ પેટે સંઘમાંથી મંડળીઓને કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી. દરેક મંડળીને સંઘમાંથી દર વખતે ઉત્પાદકોને ચૂકવવા માટેનો ભાવનો કોઠો મોકલી આપવામાં આવે છે. જેનો નમૂનો પરિશિષ્ટમાં મૂક્યો છે.

આગળ ઉપર ભાવો અંગેની વિગતો જોયા પછી નમૂનાની પસંદ થયેલ ચાલુ મંડળીઓની

**<u>યથાસ્થિતિ અહેવાલ :</u>**

ગુજરાત રાજયમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશનની સ્થાપના પછી ૧૯૭૭ના રોજથી ખુલ્લી મૂકવામાં આવેલ વ્યાજ રાહત યોજના હેઠળ આદિજાતિના સામાજિક-આર્થિક ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરીને વિશાળ કાર્યક્રમ હાથ ધર્યો છે. છેલ્લા સાત-આઠ વર્ષના સમયગાળામાં કોર્પોરેશન દ્વારા જુદા જુદા વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદો તેમજ આદિવાસી પ્રજાને આગળ લાવવા માટે બેરોજગારીનું પ્રમાણ ઘટાડવા કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. આ સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં સ્થપાયેલી અને નવી ઊભી થયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ આદિવાસીઓમાં પ્રાણ પૂર્યા છે જે હકીકત બની જાય છે. જેના માટે પસંદ થયેલી મંડળીઓનો અભ્યાસ જરૂરી બને છે. તે પહેલાં આદિવાસી વિસ્તારની કરોડરજ્જુ સમાન કામ કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ વિષે જોઈએ તે પહેલાં રાજયની કુલ જિલ્લાવાર ચાલુ મંડળીઓની સંખ્યા જોઈએ.

ગુજરાત રાજયમાં ૧૯૮૩-૮૪ના વર્ષમાં નીચે મુજબની મંડળીઓ કાર્યરત હતી.

## જિલ્લાવાર દૂધ ઉત્પાદક (કાર્યકરની) સહકારી મંડળીઓ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ મંડળીઓ (કાર્યરત) | કુલ દૂધ ભરતા સભ્ય | મંડળીમાં આવેલ માસિક દૂધ | દૈનિક દૂધ (લીટરમાં) | વાર્ષિક દૂધ (લીટરમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | ૧૩૨ | ૨૮૭૫ | ૩,૨૩,૫૭૭ | ૧૦૪૩૮ | ૩૮,૮૨,૯૨૪ (સરેરાશ) |
| ૨. | જૂનાગઢ | ૧૫૫ | ૫૬૬૧ | ૬,૬૮,૨૬૯ | ૨૧૫૫૭ | ૮૦,૧૯,૨૨૮ (સરેરાશ) |
| ૩. | ભાવનગર | ૧૧૮ | ૩૩૬૯ | ૫,૨૪,૬૯૩ | ૧૪૯૨૫ | ૬૨,૯૬,૩૧૩ (સરેરાશ) |
| ૪. | સુરેન્દ્રનગર | ૨૨૭ | ૬૫૧૩ | ૮,૮૦,૭૯૭ | ૨૯૩૫૯ | ૧,૦૫,૬૯,૫૬૪ (સરેરાશ) |
| ૫. | કચ્છ | ૬૯ | ૨૫૧૫ | ૪,૮૯,૨૧૭ | ૧૬૩૦૭ | ૫૮,૭૦,૬૦૪ (સરેરાશ) |
| ૬. | રાજકોટ | ૧૫૪ | અપ્રાપ્ય | ૮,૪૨,૭૬૮ | ૨૭૧૮૬ | ૧,૦૧,૧૩,૨૧૬ (સરેરાશ) |
| ૭. | ગાંધીનગર | ૩૫ | ,, | ૩,૨૩,૯૪૮ | ૧૦૭૯૮ | ૩૮,૮૭,૩૭૬ (સરેરાશ) |
| ૮. | ખેડા | ૮૯૫ | ,, | ૧૪,૯૧,૦૮૩ | - | ૧,૦૮,૯૨,૯૯૬ (સરેરાશ) |
| ૯. | મહેસાણા | ૮૮૯ | ,, | | | ૧,૭૩,૯૫,૨૦૦ |
| ૧૦. | બનાસકાંઠા | ૮૦૦ | | | | ૪,૩૭,૮૩,૦૦૦ |
| ૧૧. | ભરૂચ | ૨૬૯ | અપ્રાપ્ય | એન.એ. | એન.એ. | એન.એ. |
| ૧૨. | સાબરકાંઠા | ૯૩૦ | | | | ૭,૯૧,૭૨,૬૭૨ |
| ૧૩. | પંચમહાલ | ૨૭૧ | અપ્રાપ્ય | | | ૧,૨૧,૦૭,૧૦૦ |
| ૧૪. | સુરત | ૬૫૭ | | | | ૪,૪૩,૫૩,૫૭૧ |
| ૧૫. | વડોદરા | ૬૭૭ | | | | ૩,૬૨,૦૦,૦૦૦ |
| ૧૬. | વલસાડ | ૧૬૧ | | | | ૮,૬૮,૭૬૦ |
| ૧૭. | અમદાવાદ (સરદાર) | ૩૬૦ | | | | ૨,૧૧,૩૧,૬૫૦ |
| ૧૮. | જામનગર | ૨૫ | | | | એન.એ. |

**નોંધ :** ૧ થી ૭ નંબર સુધીની માહિતી સીઝન વખતના આવેલ કુલ દૂધ (લીટર્સ)માં દર્શાવ્યું છે અને ૮ થી ૧૮ સુધી કુલ ચાલુ મંડળીઓનું વાર્ષિક દૂધ (લીટર્સ) દર્શાવેલ છે.

૧૯૮૩-૮૪ દરમ્યાન કુલ કાર્યરત મંડળીઓનું પ્રમાણ આ કોઠામાં દર્શાવ્યું છે. રાજયમાં વર્ષ દરમ્યાન ૬૮૨૪ મંડળીઓ દ્વારા કુલ કેટલું દૂધ આવે છે તેનું પ્રમાણ કોઠામાં જ દર્શાવ્યું છે. આ માટે કોઠો જોવાથી જ ખ્યાલ આવી જાય છે.*

કોઠામાં કેટલીક માસવાર અને કેટલીક વાર્ષિક દૂધની માહિતી દર્શાવી છે. અહીં આ ચાલુ મંડળીઓની સંખ્યા જોયા પછી રાજયના આદિવાસી વિસ્તારની કુલ મંડળીઓ અને સાથે કાર્યરત મંડળીઓનો પણ ખ્યાલ આપ્યો છે.

* ગુજરાત ડેરી વિકાસ નિગમ - ગાંધીનગર દ્વારા પ્રાપ્ય માહિતી.

# આદિવાસી વિસ્તારની જિલ્લાવાર / તાલુકાવાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ ગામોની સંખ્યા | કુલ દૂધ મંડળી ધરાવતાં ગામો | કુલ સભાસદ સંખ્યા | મંડળી નોંધ ચાલુ | મંડળી બંધ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | બનાસકાંઠા | દાંતા | ૧૮૬ | ૨૭ | ૨૧૭૨ | ૧૯ | ૮ | |
| ૨. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧૩૬ | - | અપ્રાપ્ય | | | |
| | | વિજયનગર | ૮૬ | ૧૮ | ૨૧૫૪ | ૧૭ | ૧ | |
| | | ભીલોડા | ૧૬૮ | ૭૯ | ૯૦૪૪૯ | ૭૩ | ૬ | |
| | | મેઘરજ | ૧૨૮ | ૪૪ | ૩૪૦૦ | ૪૪ | - | ૪૧ મંડળીના સભાસદો છે. |
| | કુલ | | ૫૧૮ | ૧૪૧ | ૧૬૧૦૫ | ૧૩૪ | ૭ | |
| ૩ | પંચમહાલ | સંતરામપુર | ૩૯૧ | ૨૧ | ૯૪૫ | ૨૭ | ૧૪ | |
| | | ઝાલોદ | ૧૫૨ | ૩૧ | અપ્રાપ્ય | ૭ | ૨૪ | |
| | | દાહોદ | ૧૨૧ | ૫૨ | ” | ૫ | ૪૭ | |
| | | લીમખેડા | ૨૪૪ | ૪૫ | ” | ૯ | ૩૬ | |
| | | દે.બારિયા | ૧૮૪ | ૫૨ | ૨૫૦૨ | ૩૨ | ૨૦ | |
| | કુલ | | ૧૦૯૨ | ૨૦૧ | ૩૪૪૭ | ૬૦ | ૧૪૧ | |

# આદિવાસી વિસ્તારની જિલ્લાવાર / તાલુકાવાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ ગામોની સંખ્યા | કુલ દૂધ મંડળી ધરાવતાં ગામો | કુલ સભાસદ સંખ્યા | મંડળી નોંધ ચાલુ | મંડળી બંધ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૪. | વડોદરા | છોટાઉદેપુર | ૨૭૯ | ૧૪ | ૧૯૦૬ | ૧૪ | - | |
| | | નસવાડી | ૨૧૯ | ૨૩ | અપ્રાપ્ય | અપ્રાપ્ય | ૨૩ | |
| | | તિકલવાડા | ૧૧૭ | ૩૯ | ૪૬૭૫ | ૩૯ | - | |
| | **કુલ** | | **૬૧૫** | **૭૬** | **૬૨૮૧** | **૫૩** | | |
| ૫. | ડાંગ | આહવા | ૩૧૧ | ૩૪ | ૩૨૫૨ | ૧૩ | ૨૧ | |
| ૬. | ભરૂચ | ડેડિયાપાડા | ૨૧૪ | | અપ્રાપ્ય | અપ્રાપ્ય | | |
| | | નાંદોદ | ૨૦૯ | | | | | |
| | | સાગબારા | ૧૨૧ | ૧૫ | ૧૭૯૫ | ૧૦ | ૫ | ૧૪ મંડળીના સભાસદ છે. |
| | **૭૧૦૬-૩૩** | | **૭૧૦૬-૩૩** |

**નોંધ :** રૂા.૧૦૦થી ૨૨૧૯ સુધીની પૂરક આવક આ ધંધામાંથી પ્રાપ્ત થાય છે.

## તા.૩૦-૬-૮૨ના રોજનું સરવૈયું

| | | | |
|---|---|---|---|
| શ્રી શેરભંડોળ | ૧૦૮૦-૦૦ | પંચ.ડી.કો.બેંક | ૧૨૧૦-૯૮ |
| શ્રી રીઝર્વ ફંડ | ૧૩૪-૦૦ | ટેસ્ટીંગ સામાન | ૨૫૫૮-૪૧ |
| શ્રી ગ્રાહક બાકી | ૧૨૬૪-૭૩ | અનામત ખાતે | ૫૦-૪૬ |
| શ્રી સાધન સહાય | ૨૦૦૦-૦૦ | લાયબ્રેરી | ૨૦-૦૦ |
| શ્રી કેન સહાય | ૫૦૦-૦૦ | ગ્રાહક એડવાન્સ | ૧૯૨-૦૦ |
| શ્રી દૂધ સંઘ ચાલુ | ૩૭૫-૪૭ | શેર કપાત ખાતે | ૬૬૧-૨૩ |
| શ્રી સ્ટેટમેન્ટ મુજબ | ૪૫-૧૩ | ડેડસ્ટોક ખાતે | ૬૭૪-૭૫ |
| શ્રી નફો ૩૦-૬-૮૨ | ૨૬૯૮-૩૩ | દૂધ સંઘ શેર ખરીદી | ૧૦૦૦-૦૦ |
| રી ડેડસ્ટોક ઘસારા ફંડ | ૩૩-૭૩ | દૂધ સંઘ શેર અનામત | ૧૧૬૪-૩૧ |
| શ્રી ટેસ્ટીંગ ઘસારા ફંડ | ૧૨૭-૯૨ | સિલક ભૂલ | ૦-૫૦ |
| | | દૂધ બીલ બાકી | ૬૩૦-૦૦ |
| | | ૩૦-૬-૮૨ | |
| | | બંધ સિલક | ૯૬-૬૭ |
| | ૮૨૫૯-૩૧ | | ૮૨૫૯-૩૧ |

## રૂા.૨૬૯૮-૩૩ ન.પૈ. ચો. નફાની ફાળવણી

| જમા | ટકા | રૂા. પૈસા | ઉધાર | રૂા. પૈસા |
|---|---|---|---|---|
| રીઝર્વ ફંડ | ૨૫ ટકા | ૬૭૪-૫૮ | ચો. નફા ખાતે | ૨૬૯૮-૩૩ |
| શેર ડીવીડન્ડ | ૯ ટકા | ૯૭-૨૦ | | |
| શિક્ષણ ફંડ | ૨ ટકા | ૫૩-૯૬ | | |
| મકાન ફંડ | ૧૫ ટકા | ૪૦૪-૭૪ | | |
| | | ૧૨૩૦-૪૮ | | |
| સભાસદ બોનસ | ૬૫ ટકા | ૯૫૪-૧૧ | સભાસદ બોનસ | ૮૩૩-૦૦ |
| ઢોર સુધારણા | ૧૦ ટકા | ૧૪૬-૭૮ | | |
| ધર્માદા ફંડ | ૧૦ ટકા | ૧૪૬-૭૮ | | |
| સ્ટાફ બોનસ | ૧૦ ટકા | ૧૪૬-૭૮ | સ્ટાફ બોનસ | ૧૪૬૦-૭૮ |
| સહકાર પ્રચાર ફંડ | ૫ ટકા | ૭૩-૪૦ | | |
| | | ૨૬૯૮-૩૩ | | |

## ધી સીમલિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી

### તા.૧-૭-૧૯૮૨ થી ૩૦-૬-૮૩ તારીજ

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | ૯૬-૬૭ | દૂધ ખરીદી | ૫૩૩૯૧-૦૪ |
| દૂધ વકરો | ૫૬૮૫૪-૪૦ | ગ્રાહક ચૂકવણી | ૫૩૩૪૯-૧૭ |
| પં.ડી. બેંક | ૫૭૫૦૫-૦૦ | પં.ડી.બેંક | ૫૮૭૨૫-૭૮ |
| હેન્ડ લોડ આવક | ૭૪૫-૦૦ | પગાર ખર્ચ | ૧૯૩૬-૦૦ |
| ભાવ ફેર આવક | ૧૨૮૪-૨૬ | શેર કપાત | ૬૫૭-૪૧ |
| સંઘ શેર અનામત | ૧૧૬૪-૩૧ | મકાન ભાડું | ૧૮૦-૦૦ |
| સંઘ શેર કપાત | ૨૨૮-૦૦ | ગ્રાહક એડવાન્સ | ૨૫૯૦-૦૦ |
| પંચ જી.દૂધ સંઘ ચાલુ | ૯૫૮-૭૭ | મુસાફરી ખર્ચ | ૩૮૦-૦૦ |
| શેર ડિવિડન્ડ | ૮૪-૦૦ | હેંડ લોડ આવક | ૭૪૫-૦૦ |
| દાખલ ફી | ૫-૦૦ | પરચુરણ ખર્ચ | ૧૨-૫૦ |
| શેર ભંડોળ | ૫૦-૦૦ | ભાવ ફેર અનામત | ૯૬૩-૨૦ |
| ગ્રાહક બાકી | ૫૩૩૯૧-૦૪ | શેર અનામત | ૩૨૧-૦૬ |
| સંઘ એડવાન્સ | ૧૪૦૦-૦૦ | દૂધ સંઘ ચાલું | ૬૭૧-૧૩ |
| પં.જિ.સ.સંઘ ચિત્રા | ૫૨-૫૦ | પં.જિ.દૂધસંઘ શેર ખરીદી | ૧૩૦૦-૦૦ |
| ગ્રાહક એડવાન્સ | ૨૩૯૦-૦૦ | સ્ટેશનરી | ૨૧૪-૭૫ |
| અનામત | ૮૦૫-૦૦ | ટેસ્ટીંગ અનામત | ૩૮૮-૯૩ |
| સ્થા. દૂધ વેચાણ | ૨૫૫-૦૦ | ઓડીટ ફી | ૫૦-૦૦ |
| રજ. બીજ વેચાણ | ૧૧૦-૦૦ | પ.જી.દૂધસંઘ એડવાન્સ | ૧૪૦૦-૦૦ |
| ભાવ ફેર અનામત | ૯૬૩-૨૦ | પ.જી.સ.સંઘ ચિત્રા | ૫૨-૫૦ |
| રીઝર્વ ફંડ | ૬૭૪-૫૮ | અનામત | ૮૧૦-૦૦ |
| શેર ડિવિડન્ડ | ૯૭-૨૦ | શિક્ષણ ફંડ | ૫૩-૯૬ |
| શિક્ષણ ફંડ | ૫૩-૯૬ | રજબીજ ખરીદી | ૧૧૦-૦૦ |
| મકાન ફંડ | ૪-૭૪ | નફો ૩૦-૬-૮૨ | ૨૬૯૮-૩૩ |
| સભાસદ બોનસ | ૯૫૪-૧૧ | સભાસદ બોનસ | ૮૪૬-૬૦ |
| ઢોર સુધારણા ફંઢ | ૧૪૬-૭૮ | સ્ટાફ બોનસ | ૧૪૬-૭૮ |
| ધર્માદા ફંડ | ૧૪૬-૭૮ | લાયબ્રેરી | ૨૦-૦૦ |
| સ્ટાફ બોનસ | ૧૪૬-૭૮ | શેર ડીવીડન્ડ | ૯૭-૨૦ |
| સહકાર પ્રચાર ફંડ | ૭૩-૪૦ | ગોવિંદ છત્રસિંહ | ૪૦-૦૦ |
| સેમ્પલ વકરો | ૨૫૫-૦૦ | ભૈરવસિંહ લક્ષમણસિંહ | ૭૦-૦૦ |
| વહીવટી સહાય | ૧૦૪૫-૦૦ | કિરીટસિંહ | ૬૦-૦૦ |
| ગોવિંદ છત્રસિંહ | ૪૦-૦૦ | સિલક ભૂલ | ૦-૨૨ |
| | | બંધ સિલક | ૯૯-૩૨ |
| | ૧૮૨૩૮૦-૮૮ | | ૧૮૨૩૮૦-૮૮ |

**વેપાર પત્રક**

| | | | |
|---|---|---|---|
| દૂધ વકરો | ૫૬૮૫૪-૪૦ | દૂધ ખરીદી | ૫૩૩૯૧-૦૪ |
| રજ.બીજ વકરો | ૧૧૦-૦૦ | હેડવોડ | ૭૪૫-૦૦ |
| હેડલોડ | ૭૪૫-૦૦ | રજ.બીજ ખરીદી | ૧૧૦-૦૦ |
| ભાવ ફેર | ૧૨૮૪-૨૬ | બીલ બાકી ૩૦-૬-૮૨ | ૬૩૦-૦૦ |
| સ્થા. વેચાણ | ૨૫૫-૦૦ | | ૫૪૮૭૬-૦૪ |
| સેમ્પલ વેચાણ | ૨૫૫-૦૦ | | ૫૩૫૧-૫૨ |
| દૂધ બીલ ૩૦-૬-૮૩ | ૭૨૩-૯૦ | | |
| | ૬૦૨૨૭-૫૬ | | ૬૦૨૨૭-૫૬ |

**નફા-તોટા પત્રક**

| | | | |
|---|---|---|---|
| દૂધ વેપાર નફો | ૫૩૫૧-૫૨ | પગાર | ૧૯૨૬-૦૦ |
| શેર ડિવિડન્ડ | ૮૪-૦૦ | મકાન ભાડું | ૧૮૦-૦૦ |
| વહીવટી સહાય | ૧૦૪૫-૦૦ | મુસાફરી | ૩૮૦-૦૦ |
| | | પરચુરણ | ૧૨-૫૦ |
| | | સ્ટેશનરી | ૨૧૪-૭૫ |
| | | ઓડિટ ફી | ૫૦-૦૦ |
| | | | ૨૭૭૩-૨૫ |
| | | | ૩૭૦૭-૨૭ |
| | ૬૪૮૦-૫૨ | | ૬૪૮૦-૫૨ |

**તા.૩૦-૬-૮૩નું સરવૈયું**

| દેવું | રૂા. પૈસા | પૂંજી | રૂા. પૈસા |
|---|---|---|---|
| શેર ભંડોળ | ૧૧૩૦-૦૦ | પ.ડી.બેંક | ૨૪૩૧-૭૬ |
| રીઝર્વ ફંડ | ૮૦૮-૫૮ | ટેસ્ટીંગ સામાન | ૨૯૪૭-૩૪ |
| દાખલ ફી | ૫-૦૦ | અનામત | ૫૫-૪૬ |
| ગ્રાહક બાકી | ૧૩૦૬-૬૦ | લાયબ્રેરી | ૪૦-૦૦ |
| સાધન સહાય | ૨૦૦૦-૦૦ | ગ્રાહક એડવાન્સ | ૩૯૨-૦૦ |
| કેનરી સહાય | ૫૦૦-૦૦ | શેર કપાત | ૧૦૯૦-૨૪ |
| પં.જી.દૂધ સંઘ ચાલુ | ૬૬૩-૧૧ | ડેડસ્ટોક | ૬૭૪-૭૫ |
| સ્ટેટમેન્ટ મુજબ | ૪૫-૧૩ | સંઘ શેર ખરીદી | ૨૩૦૦-૦૦ |
| ડેડ. ઘસારા ફંડ | ૩૩-૭૩ | સિલક ભૂલ | ૦-૫૦ |
| ડેડ. સામાનય ફંડ | ૧૨૭-૯૨ | દૂધબીલ બાકી ૩૦-૬-૮૩) | ૭૨૩-૯૦ |
| મકાન ફંડ | ૪૦૪-૭૪ | શેર અનામત | ૩૨૧-૦૬ |
| સભાસદ બોનસ | ૧૦૭-૫૧ | ભેરવસિંહ | ૭૦-૦૦ |
| ઢોર સુધારણા ફંડ | ૧૪૬-૭૮ | કિરીટસિંહ | ૬૦-૦૦ |
| ધર્માદા ફંડ | ૧૪૬-૭૮ | સિલક ભૂલ | ૦-૨૨ |
| સહ. પ્રચાર ફંડ | ૭૩-૪૦ | બંધ સિલક | ૯૯-૩૨ |
| નફો ૩૦-૬-૮૩ | ૩૭૦૭-૨૭ | | |
| | **૧૧૨૦૬-૫૫** | | **૧૧૨૦૬-૫૫** |

નમૂનાની પસંદ થયેલ મંડળીઓના અભ્યાસ પરથી આગળ ઉપર પાંચે મંડળીઓના વિગતવાર અભ્યાસથી તેની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે. એક દ્રષ્ટિએ જોતા મંડળીઓની આર્થિક પરિસ્થિતિ સારી ન ગણાવી શકાય, પરંતુ આદિવાસી વિસ્તારમાં પણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જો પૂરતું માર્ગદર્શન અને જરૂરી સગવડો પૂરી પાડવામાં આવે તો જરૂર બીજી બિનઆદિવાસી વિસ્તારની મંડળીઓની સરખામણીએ કંઈક અંશે પ્રગતિ કરી શકશે છતાં આ મંડળીઓના અભ્યાસ પરથી નીચે મુજબ કેટલાંક તારણો સૂચવી શકાય.

(૧) આજે રાજયમાં આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ૧૯૭૭ થી અમલી બનાવેલ વ્યાજ રાહત યોજના દ્વારા આપવામાં આવેલી ભેંસોથી આ વિસ્તારમાં સારી ઓલાદના દૂધાળાં ઢોર પ્રાપ્ય બન્યાં છે. જેથી પશુપાલન વ્યવસાય આ લોકોમાં ધીમે ધીમે નફાકારક બનતો જણાય છે.

(૨) દૂધાળાં ઢોર આપવાની યોજનાની સાથે સાથે પશુ સારવારની પેઢી દરેક મંડળીને આપતાં આરોગ્ય વિષયક સવલતોમાં ઉમેરો થયો છે. પશુ ચિકિત્સાની સેવાની જોગવાઈથી આ લોકોમાં પશુપાલન અંગેની ઉત્તેજના વધી છે.

(૩) આગળ ઉપર દર્શાવેલ દરેક નમૂનાની મંડળીના દૂધની આવક / જાવકની કેટલીક આંકડાકીય માહિતી પરથી પણ જોઈ શકાય છે કે આદિવાસી વિસ્તારમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખેડૂતોને પૂરક આવક મેળવી આપવામાં સહાયક બની છે.

(૪) આ વિસ્તારમાં દૂધનું ઉત્પાદન ઘી નું છતાં વધવા પામ્યું છે. આદિવાસી વિસ્તારની દૂધ મંડળીઓમાં દૂધનું પ્રમાણ પણ વધવા પામ્યું છે. પરંતુ અહી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આ વિસ્તારમાં દૂધ મંડળીના સભાસદોની અજ્ઞાનતા અને યાંત્રિક જ્ઞાનના અભાવે ભેંસની જે કાળજી લઈ દૂધ ઉત્પાદન લેવું જોઈએ તે લઈ શકાતું નથી.

(૫) દૂધ મંડળીના સભાસદોની વ્યક્તિગત આવકમાં ઉમેરો થયો છે. દૂધ મંડળીની સ્થાપનાથી અને દૂધાળાં પશુથી આ વર્ષની આવક વધવાની સાથે જીવન-ધોરણ પણ સુધર્યુ છે.

(૬) આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓની સ્થાપનાથી અને વિકાસ કાર્યક્રમોમાં દૂધાળાં ઢોરની યોજનાના અમલથી દૂધનું ઉત્પાદન વધતાં તેનું શહેરોમાં વેચાણ થતાં ગામડામાં નાણાં પ્રવાહિત થયાં છે. આ વિસ્તારમાં આ કાર્યક્રમને પરિણામે શ્વેતક્રાંતિ સર્જાઈ રહી છે.

(૭) આદિવાસી વિસ્તારમાં આવકનું પ્રમાણ વધતાં તેમની રહેણીકરણી અને સામાજિક દ્રષ્ટિએ ઘણુ પરિવર્તન આવી રહ્યું છે.

(૮) નમૂનાના વિસ્તારોની મંડળીઓના સભાસદોને તો ફાયદો થયો છે જ. પરંતુ મંડળીની આર્થિક પરિસ્થિતિ વિષે જોતાં જણાય છે કે મંડળીની આવકમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. આવા વિસ્તારમાં મંડળીઓની આર્થિક સધ્ધરતા વધે અને વધુ કાર્યક્ષમ બને તે માટે યોગ્ય વિચારણા જરૂરી છે.

આદિવાસી વિસ્તારની પસંદ પામેલી નમૂનાની મંડળીઓના અભ્યાસ પરથી સ્પષ્ટ કહી શકાય કે દૂધના સહકારી ધંધાના કારણે વિકાસની દિશાઓ ખુલી અને ભૂમિહીનો તેમજ નાના અને સીમાંત ખેડૂતોને રોજી-રોટીની આવક પ્રાપ્ત કરવામાં અનેક રીતે સહાયભૂત નીવડી છે. બીજુ કે આદિવાસી પ્રજાને દૂધ અને દૂધની પેદાશોમાં ઘી, છાશનો વપરાશ પણ વધ્યો. ક્ષેત્રકાર્ય વખતે દરેક વિસ્તારમાંથી સાંભળવા મળ્યું છે કે સરકારે ભેંસો આપી છે તેથી ચોખ્ખા ઘી-દૂધ ખાવા પામ્યાં છીએ અને હકીકત પણ છે કે દૂધ, ઘી પૌષ્ટિક આહાર પૂરો પાડવામાં તેનું જેટલું મહત્વ આંકીએ તેટલું ઓછું છે. આજે આદિવાસી વિસ્તારમાં અમુલના ધોરણે ઠેરઠેર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની

રચનાથી ઊંડાણના વિસ્તારોમાં સામાજિક આર્થિક પરિસ્થિતિમાં ઝડપી પરિવર્તન થઈ રહ્યું છે. આને જો હાલની જેમજ પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવશે તો જરૂર આપણે સમાજવાદી સમાજરચનાનો હેતુ હાંસલ કરી શકીશું. પરંતુ તેને માટે એક દાયકો રાહ જોવી પડશે.

આ પ્રકરણમાં નમૂનાના વિસ્તારનો પરિચય, પસંદ પામેલ મંડળીઓનો વિસ્તાર પરિચય, તાલુકાવાર દૂધાળાં ઢોરની યોજનાથી અપાયેલ ભેંસો અને લોન, સંઘ દ્વારા ચૂકવવામાં આવેલા વર્ષ વાર દૂધના ભાવો, (ગાય-ભેંસ) રાજયની કુલ કાર્યરત મંડળીઓ અને નમૂનાની પસંદ થયેલ મંડળીઓનો યથાસ્થિતિ અહેવાલ જોયા પછી હવે પસંદ થયેલ મંડળીઓના સભાસદોને મંડળીથી શું લાભ થયો. તેમનામાં શું પરિવર્તન આવ્યું તે અંગે તપાસેલ કુટુંબોની સર્વેક્ષણ નોંધ વિષે જોઈએ.

# પ્રકરણ - ૪

## દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ

**દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના અભ્યાસ માટે વિસ્તાર પ્રમાણે અભ્યાસમાં આવરી લીધેલા નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ :**

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસમાં પંચમહાલ જિલ્લાના પાંચ આદિવાસી વસ્તી ધરાવતા તાલુકાઓમાંથી ચાર તાલુકાઓની કુલ આઠ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જ્યારે બારિયા તાલુકાની બે જ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં સાગટાળા અને સિમલિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની આંકડાકીય માહિતી મેળવીને મંડળીની સ્થિતિનો ચિતાર મેળવવામાં આવ્યો હતો. આ અભયાસ માટે સૌથી વધુ પછાત એવા ઝાલોદ, સંતરામપુર, દાહોદ અને લીમખેડા તાલુકાની બબ્બે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને દરેક તાલુકાના કુલ ૪૦ - ૪૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લઈ કુલ આઠ મંડળીઓના ૧૬૦ સભાસદો પાસેથી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના લાભ-ગેરલાભ અને મળેલી સહાય અંગેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જેની નોંધ અહીં જુદા જુદા કોઠાઓમાં પૃથ્થકરણ દ્વારા ઊંડાણપૂર્વક દર્શાવવામાં આવી છે. જેથી નમૂનાના કુટુંબોના અભ્યાસ પરથી આદિવાસી વિસ્તારમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીથી તેમના પર શી અસર થઈ ? તેમની આવકમાં શો ફેર પડ્યો ? રોજગારીની તકો વધવા પામી કે કેમ ? આ સઘળા પાસાંઓ કેટલા સબળ બન્યા, ઉપરાંત આદિવાસીઓની કૌટુંબિક પરિસ્થિતિમાં શું પરિવર્તન આવ્યું તે જાણી શકાશે. ઉપરના દરેક પ્રશ્નો સમજવા માટે સૌ પ્રથમ વિસ્તાર પ્રમાણે નમૂનાના કુટુંબોની ભૂભૌતિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિષેનો ખ્યાલ મેળવવો યથાર્થ લેખાશે.

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસ માટે ઝાલોદ તાલુકાની બે, સંતરામપુર તાલુકાની બે, દાહોદ તાલુકાની બે અને લીમખેડા તાલુકાની બે કુલ મળી આઠ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અભ્યાસમાં આવરી લીધી હતી. જેમાંથી ચાર ચાલુ મંડળીઓ અને ચાર બંધ મંડળીઓ હતી. દરેક તાલુકામાંથી કુલ બે ગામોના મળી ૪૦ સભાસદોની મુલાકાત લઈ મંડળી સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવી હતી. અહીં દરેક સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત ન લેતાં કુલ સભાસદોના ૨૦.૭૫ ટકા સાસદોને અભ્યાસમાં આવરી લીધા હતા. જેની માહિતી કોઠા નં.૧ માં દર્શાવી છે.

**દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના વિસ્તારવાર તપાસેલ નમૂનાના સભાસદ કુટુંબોની સંખ્યા દર્શાવતો કોઠો**

| ક્રમ | તાલુકાનું નામ | દૂધ ઉત્પાદક સહ. મંડળીનું નામ | કુલ સભાસદ | આદિવાસી સભાસદ | બિન આદિવાસી સભાસદ | અભ્યાસમાં આવરી લીધેલ આદિવાસી સભાસદ કુટુંબો | મંડળી કાર્યરત હા | મંડળી કાર્યરત ના |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૬૨ | ૫૧ | ૧૧ | ૨૦ (૩૯.૨૨) | ✓ | - |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૭૧ | ૭૦ | ૧ | ૨૦ (૨૮.૫૭) | - | ✓ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૫૪ | ૪૩ | ૧૧ | ૩૦ (૬૯.૭૬) | - | ✓ |
| | | ઘરોળા (૧૦) | ૩૨ | ૧૨ | ૨૦ | ૧૦ (૮૩.૩૩) | ✓ | - |
| ૪. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૪૬ | ૪૬ | - | ૨૦ (૪૩.૪૮) | - | ✓ |
| | | ગરબાડા (૨૦) | ૨૩૦ | ૨૨૧ | ૯ | ૨૦ (૯.૦૫) | ✓ | - |
| ૫. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૬૨ | ૧૬૨ | - | ૨૦ (૧૨.૩૫) | - | ✓ |
| | | કંબોઈ (૨૦) | ૧૧૪ | ૧૦૪ | ૧૦ | ૨૦ (૧૯.૨૩) | ✓ | - |
| | કુલ | ૧૬૦ | ૭૭૧ | ૭૦૯ | ૬૨ | ૧૬૦ (૨૦.૭૫) | ૪ | ૪ |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

નમૂનાના કુલ કુટુંબોમાંથી સંતરામપુર તાલુકાના ૩૦ કુટુંબો બક્ષીપંચે સૂચવેલ જાતિના હતા. જ્યારે બાકીના ૧૩૦ સભાસદો આદિવાસી હતા. કોઠા-૧માં અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોની માહિતી મેળવ્યા પછી કોઠા નં.૨માં નમૂનાના કુટુંબોની ઘરોની સ્થિતિ વિષે જોઈશું.

**ઘર :**

તપાસેલ ૧૬૦ સભાસદોના ઘરોની સ્થિતિ જોઈએ તો કુલ ઘરોમાંથી માત્ર ૫ ઘરો પાકા જોવા મળ્યાં હતા. જેમાં ઝાલોદ તાલુકાના સંજેલી ગામમાંથી ૧ ઘર અને કલજીની સરસવાણી ગામમાં ૧ ઘર પાકું હતું. જ્યારે લીમખેડા તાલુકાના કંબોઈ ગામમાં ૩ ઘર પાકાં હતાં.

**દિવાલ :**

નમૂનાના ૧૬૦ સભાસદોના ઘરોની દિવાલ જોઈએ તો ૧૩૨ ઘરોની દિવાલ કાચી માટીની હતી. ૧૭ ઘરોની દિવાલ સાંઠીની / લાકડાંની (રોપણિયા ઘરો) હતી. માત્ર ૧૧ ઘરોની દિવાલ ઈંટ-માટીની હતી. એટલે કે ૮૨.૫૦ ટકા ઘરોની દિવાલ માટીની, ૧૦.૬૩ ટકા ઘરોની દિવાલ સાંઠીની અને ૬.૮૭ ટકા ઘરોની દિવાલ ઈંટ-માટીની જોવા મળી હતી.

**છાજ :**

તપાસેલ સભાસદોના ઘરોની છાજ દેશી નળિયા અને વિલાયતી નળિયાનું હતું. કુલ ઘરોમાંથી ૯૬.૨૫ ટકા ઘરોની છાજ દેશી નળિયાથી ઢાંકેલી હતી. જ્યારે ૩.૭૫ ટકા ઘરોની છાજ વિલાયતી નળિયાથી છાયેલું હતું.

**મકાન માલિકીની જમીન :**

તપાસેલ દરેક સભાસદોના ઘરો પોતાની માલિકીની જમીનમાં બાંધેલા હતા. દરેક ઘરોની સાથે પશુ બાંધવાની જગા અંદર જ હતી. કુલ ઘરોમાંથી ૯૫.૬૩ ટકા ઘરોમાં પશુ બાંધવાની જગા સાથે જ હતી. જ્યારે માત્ર ૭ ઘરો એટલે કે ૪.૩૭ ટકા ઘરો એવા હતા કે જેમણે પશુ બાંધવાની જગા અલગ બનાવી હતી.

**ગમાણ :**

આ દરેક ઘરોમાંથી માત્ર ૧૨.૫૦ ટકા ઘરોમાં પશુઓને ઘાસ નિરવાની જગા આડું લાકડું મૂકી અલગ ગમાણ બનાવેલી હતી. માત્ર ૨૦ જ ઘરોમાં આવી કાચી અલગ ગમાણ જોવા મળી હતી. જ્યારે ૮૭.૫૦ ટકા ઘરોમાં પશુઓને ઘાસ નિરવા માટે કોઈ અલગ ગમાણની વ્યવસ્થા ન હતી. તપાસેલ દરેક કુટુંબોના મકાનની, દિવાલની, છાજની, પશુ બાંધવાની જગા અંગે અને અલગ ગમાણ વિશેની વિગતવાર અને વિસ્તારવાર માહિતી કોઠા-૨ માં દર્શાવી છે. જે જોવાથી વધુ ખ્યાલ આવશે.

## નમૂનાના કુટુંબોના ઘરની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | દૂધ ઉત્પાદક સહ. મંડળીનું નામ | મકાનનો પ્રકાર | | દિવાલનો પ્રકાર | | | છાપરાનો પ્રકાર | | | મકાન માલિકીની જમીન પોતાની | પશુ બાંધવાની જગા | | ઘાસ નિરવાની | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાચું | પાકું | માટીની | સાંઠીની | ઈંટ માટી | દેશી નળિયા | છાજ | વિલાયતી નળિયા | | સાથે | અલગ | હા | ના |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૯ | ૧ | ૧૯ | - | ૧ | ૧૯ | - | ૧ | ૨૦ | ૧૪ | ૬ | ૫ | ૧૫ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૯ | ૧ | ૧૯ | - | ૧ | ૧૯ | - | ૧ | ૨૦ | ૧૯ | ૧ | ૧ | ૧૯ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૦ | - | ૩૦ | - | - | ૨૭ | - | ૩ | ૩૦ | ૩૦ | - | - | ૩૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૧૦ | - | ૧૦ | - | - | ૯ | - | ૧૦ | ૧૦ | ૧૦ | - | - | ૧૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૦ | - | ૯ | ૭ | ૪ | ૨૦ | - | - | ૨૦ | ૨૦ | - | ૧ | ૧૯ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૨૦ | - | ૧૪ | ૪ | ૨ | ૨૦ | - | - | ૨૦ | ૨૦ | - | ૩ | ૧૭ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૨૦ | - | ૨૦ | - | - | ૨૦ | - | - | ૨૦ | ૨૦ | - | ૮ | ૧૨ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૭ | ૩ | ૧૧ | ૬ | ૩ | ૨૦ | - | - | ૨૦ | ૨૦ | - | ૨ | ૧૮ |
| | કુલ | ૧૬૦ | ૧૫૫ (૯૬.૮૮) | ૫ (૩.૧૨) | ૧૩૨ (૮૨.૫૦) | ૧૭ (૧૦.૬૩) | ૧૧ (૬.૮૭) | ૧૫૪ (૯૬.૨૫) | - | ૬ (૩.૭૫) | ૧૬૦ (૧૦૦) | ૧૫૩ (૯૫.૬૩) | ૭ (૪.૩૭) | ૨૦ (૧૨.૫૦) | ૧૪૦ (૮૭.૫૦) |

કોઠા નં.૨ માં ઉપર પ્રમાણે ઘર વિષયક માહિતી મેળવ્યા પછી તપાસેલ કુટુંબોની ઘરવખરીના સાધનો વિષે જોઈએ.

**ઘરવખરીના સાધનો અને ફર્નિચર :**

તપાસેલ કુટુંબોની ઘરવખરીના સાધનો જોઈએ તો તેમની પાસેના ઘરવખરીના સાધનો માંડ તેમની જરૂરિયાતને સંતોષી શકે તેટલાં જ હતાં. તેમની ઘરવખરીના સાધનોમાં રાંધવા માટેના કેટલાક એલ્યુમિનિયમના ઠામ (તેપલા) અને કેટલાક કુટુંબો પાસે માટીના વાસણો હતાં. ખાવા માટે પિત્તળની બે-ત્રણ થાળી અને બે-એક વાડકા હતા. પાણી ભરવા માટે બે-ત્રણ માટલાંનો ઉપયોગ કરતાં. કેટલાક કુટુંબો પાસે પિત્તળના દેગડા અને ઘડા પણ જોવા મળ્યાં હતાં. તે પણ બક્ષી જાતિના ઉમેદવારો પાસે સંતરામપુર તાલુકાના ગોધરા ગામમાં પરિસ્થિતિ કંઈક અંશે સારી ગણી શકાય તેવી હતી. તેઓ પોતાની જરૂરિયાત પૂરતાં જ તાંબા-પિત્તળ અને માટીના વાસણો રાખતા હતા. તપાસવામાં આવેલા કુલ આઠ ગામના ૧૬૦ કુટુંબો પાસે ઘરવખરીના કેટલા અને કેવા સાધનો હતાં. તે કોઠા-૩માં દર્શાવવામાં આવ્યાં છે. સાથે સાથે કોઠા-૪માં ઘરવખરીના સાધનો સાથે પોતાને જરૂરી એવા ફર્નિચરના સાધનોની વિગતો દર્શાવવામાં આવી છે.

## ઘરવખરીના સાધનો (વાસણો)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | તાંબાના | પિત્તળના | એલ્યુમિનિયમ | સ્ટીલ | માટીના | કાચના નાના | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૨ | ૧૦૫ | ૭૯ | ૩૩ | ૭૩ | ૨૪ | ૩૪૬ | ૧૭ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૫૨ | ૧૫૭ | ૭૭ | ૬૮ | ૭૫ | ૨૦ | ૪૪૯ | ૨૨ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૦૫ | ૨૮૫ | ૧૪૨ | ૧૧૯ | ૧૪૭ | ૧૬૫ | ૯૬૩ | ૩૨ |
| ૪. | | ધરોળા (૧૦) | ૨૦ | ૬૧ | ૪૮ | ૧૯ | ૩૮ | ૨૬ | ૨૧૧ | ૨૧ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૯ | ૧૦૯ | ૯૩ | ૪૧ | ૮૬ | ૪૩ | ૪૨૧ | ૨૧ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૩૧ | ૧૨૨ | ૯૮ | ૭૦ | ૮૪ | ૧૨ | ૪૧૭ | ૨૧ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | - | ૧૦૬ | ૯૮ | ૬૭ | ૮૯ | ૪૭ | ૪૦૭ | ૨૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૨ | ૧૪૨ | ૧૦૨ | ૪૪ | ૯૪ | ૨૭ | ૪૨૧ | ૨૧ |
| | કુલ | ૧૬૦ | ૨૬૧ | ૧૧૧૨ | ૭૩૭ | ૪૬૦ | ૧૮૬ | ૩૧૪ | ૩૬૨૦ | ૨૩ |

## ઘરવખરીના સાધનો (ફર્નિચર)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખટલા પલંગ | ટેબલ ખુરશી | કબાટ | સાયકલ | ઘડિયાળ | રેડિયો | સીવ-વાના સંચા | ફાનસ ચીમની | ઘંટી | પ્રાય-મશ કેશ | પેટી શૂટ | વીટી | ઘડી | જાળ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૫૩ | ૬ | ૧ | ૩ | ૫ | ૧ | - | ૩૫ | ૧૮ | ૪ | ૩૦ | ૧૫ | - | - | ૧૮૧ (૯) |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૬૪ | ૨ | - | ૨ | ૩ | ૧ | ૧ | ૨૫ | ૨૦ | ૫ | ૨૪ | ૨૦ | - | - | ૧૬૭ (૮) |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૨૧ | ૩૦ | - | ૧૬ | ૩૫ | ૧૩ | - | ૪૪ | ૩૦ | ૧૬ | ૬૪ | ૩૨ | - | - | ૪૦૧ (૧૩) |
| ૪. | | ધરોળા (૧૦) | ૨૫ | ૨ | - | ૩ | ૭ | ૨ | - | ૩૧ | ૨૦ | ૭ | ૩૯ | ૧૮ | ૧ | ૧ | ૬૯ (૬) |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૬૯ | ૫ | - | ૩ | ૭ | ૨ | - | ૩૧ | ૨૦ | ૭ | ૩૯ | ૧૮ | ૧ | ૧ | ૨૦૩ (૧૦) |
| ૬. | | ગરબાડા (૨૦) | ૭૪ | ૯ | ૧ | ૨ | ૯ | - | - | ૩૫ | ૧૮ | ૬ | ૩૭ | ૧૯ | - | - | ૨૧૦ (૧૧) |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૭૧ | ૧ | - | - | ૬ | ૩ | - | ૨૬ | ૨૧ | ૩ | ૨૬ | ૨૧ | - | - | ૧૭૮ (૯) |
| ૮. | | કંબોઈ (૨૦) | ૭૪ | ૩ | - | ૪ | ૭ | ૧ | ૧ | ૩૨ | ૨૧ | ૩ | ૪૦ | ૨૩ | - | - | ૨૦૯ (૧૦) |
| | કુલ | ૧૬૦ | ૧૫૧ | ૫૮ | ૨ | ૩૧ | ૭૩ | ૨૧ | ૨ | ૨૪૦ | ૧૫૮ | ૪૫ | ૨૭૧ | ૧૫૪ | ૧ | ૧ | ૧૨૦૮ (૮) |

ઉપરના કોઠા -૪ પરથી જોઈ શકાય છે કે નમૂનાના કુટુંબો પાસે ખાટલા-પલંગ, ટેબલ-ખુરશી, કબાટ, ફાનસ-ચીમની, ઘંટી, પતરાની પેટી બધા મળીને સરેરાશ ૮ સાધનો જોવા મળ્યાં હતાં. દરેક કુટુંબ પાસેના વિસ્તારવાર / ગામવાર ઘરવખરીમાં ખાટલા-ફાનસ-ચીમની અને ઘંટી જેવા સાધનો સરેરાશ એક-એક જ હતાં. જયારે નોકરીવાળા કુટુંબો પાસે જ મોજશોખના સાધનો રેડિયો, સાયકલ, ઘડિયાળ જોવા મળ્યાં હતા. આ અંગે કોઠો જોવાથી વિગતે ખ્યાલ આવશે.

ઉપર મુજબ કોઠા નં.૧ થી ૪ માં તપાસેલ કુટુંબોની ઘર-ઘરવખરી, ફર્નિચરના સાધનોની વિગતો જોયા પછી નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા જોઈએ.

**સભ્ય સંખ્યા :**

તપાસેલ કુલ સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યા ૧૧૦૫ની હતી.જેમાં ૫૨.૬૭ ટકા પુરુષો અને ૪૭.૩૩ ટકા સ્ત્રીઓ હતી. જેમનું સરેરાશ કુટુંબ કદ ૭ માસણનું હતું. જે ખરેખર જે કુટુંબકદ હોવું જોઈએ તેના કરતાં વધારે માણસો એક કુટુંબમાં રહેતા હતાં. એટલે કે સંયુકત કુટુંબો વધારે જોવા મળ્યાં હતાં. નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા વિસ્તાર પ્રમાણે ગામવાર કોઠા-૫માં દર્શાવી છે. જયારે કોઠા-૬માં કુટુંબના સભ્યોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે.

**નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યાનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ :**

કોઠા-૬માં દર્શાવ્યા મુજબ જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૧૬.૧૫ ટકા પુરુષ અને ૧૭.૫૯ ટકા સ્ત્રી, બાળકો ૦ થી ૬ વર્ષની ઉંમરના હતાં. જયારે ૨૨.૧૬ ટકા પુરુષ અને ૨૦.૬૫ ટકા સ્ત્રી બાળકો ૭ થી ૧૪ વર્ષની વયના હતાં. ૪૧.૪૧ ટકા પુરુષો અને ૩૮.૮૧ ટકા સ્ત્રીઓ ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરના હતાં. ૧૨.૮૯ ટકા પુરુષો અને ૧૪.૭૩ ટકા સ્ત્રીઓ ૩૬ થી ૫૦ વર્ષની ઉંમરના હતાં. ૫૦ વર્ષની ઉંમરના માત્ર ૭.૩૯ ટકા પુરુષો અને ૮.૨૨ ટકા સ્ત્રીઓ હતી. એટલે કે અહીં પાકી વયની ઉંમરના સ્ત્રી-પુરુષોની સંખ્યા વધુ હતી. તપાસેલ ચારે તાલુકાની ગામવાર વિગતો કોઠામાં જોતાં સ્પષ્ટ થાય છે કે દરેક ગામોમાં ૧૫ થી ૩૫ વર્ષની વયના સ્ત્રી-પુરુષોની સંખ્યા વિશેષ હતી. તેના પરથી એક અનુમાન એ બાંધી શકાય કે લાંબે ગાળે વસ્તી વૃધ્ધિ થતાં નવી રોજગારીની તકો ખુલશે કે કેમ તે એક સવાલ છે.

**વૈવાહિક દરજ્જો :**

તપાસેલ કુલ કુટુંબોની સભ્ય સંખ્યામાંથી ૪૬.૨૨ ટકા પુરુષો અને ૫૨.૫૮ ટકા સ્ત્રીઓ પરિણિત હતી. જયારે ૫૨.૫૮ ટકા પુરુષો અને ૪૩.૫૯ ટકા સ્ત્રીઓ અપરિણિત હતી. ૧.૨૦ ટકા પુરુષ વિધુર અને ૩.૮૩ ટકા સ્ત્રીઓ વિધવા હતી.જેની વિગતવાર માહિતી કોઠા નં.૭માં દર્શાવવામાં આવી છે.

**કોઠા નં.૫**

**કુલ સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | પુરુષ | સ્ત્રી | કુલ | સરેરાશ કુટુંબ કદ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઝાલોદ | સંજેલી (૨૦) | ૫૫ (૫૩.૪૦) | ૪૮ (૪૬.૬૦) | ૧૦૩ (૧૦૦.૦) | ૫ |
| ૨. | | કલજીની-સરસવાણી (૨૦) | ૬૮ (૪૭.૫૫) | ૭૫ (૫૨.૪૫) | ૧૪૩ (૧૦૦.૦) | ૭ |
| ૩. | સંતરામપુર | ગોધર (૩૦) | ૧૩૫ (૫૬.૨૫) | ૧૦૫ (૪૩.૭૫) | ૨૪૦ (૧૦૦.૦) | ૮ |
| ૪. | | ઘરોળા (૧૦) | ૩૩ (૬૨.૨૬) | ૨૦ (૩૭.૭૪) | ૫૩ (૧૦૦.૦) | ૫ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૬૧ (૫૧.૬૯) | ૫૭ (૪૮.૩૧) | ૧૧૮ (૧૦૦.૦) | ૬ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૭૩ (૪૯.૩૨) | ૭૫ (૫૦.૬૮) | ૧૪૮ (૧૦૦.૦) | ૭ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૭૮ (૫૪.૫૫) | ૬૫ (૪૫.૪૫) | ૧૪૩ (૧૦૦.૦) | ૭ |
| ૮ | | કંબોઈ (૨૦) | ૭૯ (૫૦.૩૨) | ૭૮ (૪૯.૬૮) | ૧૫૭ (૧૦૦.૦) | ૮ |
| | **કુલ** | **૧૬૦** | **૫૮૨** (૫૨.૬૭) | **૫૨૩** (૪૭.૩૩) | **૧૧૦૫** (૧૦૦.૦) | ૭ |

## કુટુંબના સભ્યોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ૦ થી ૬ | | ૭ થી ૧૪ | | ૧૫ થી ૩૫ | | ૩૬ થી ૫૦ | | ૫૦થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૧ | ૯ | ૧૨ | ૧૦ | ૨૧ | ૨૦ | ૮ | ૬ | ૬ | ૩ | ૫૫ | ૪૮ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૩ | ૧૩ | ૧૩ | ૨૩ | ૩૧ | ૨૮ | ૪ | ૪ | ૭ | ૭ | ૬૮ | ૭૫ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૧ | ૧૪ | ૨૨ | ૯ | ૭૭ | ૫૫ | ૧૩ | ૧૩ | ૧૨ | ૧૪ | ૧૩૫ | ૧૦૫ |
| ૪. | | ધરોળા (૧૦) | ૨ | ૧ | ૭ | ૧ | ૧૫ | ૯ | ૬ | ૬ | ૩ | ૩ | ૩૩ | ૨૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૨ | ૧૨ | ૧૩ | ૧૬ | ૨૩ | ૧૬ | ૮ | ૮ | ૫ | ૫ | ૬૧ | ૫૭ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૧૦ | ૮ | ૨૨ | ૨૪ | ૨૧ | ૨૪ | ૧૫ | ૧૫ | ૫ | ૪ | ૭૩ | ૭૫ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૬ | ૧૮ | ૨૬ | ૧૨ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૬ | ૫ | ૭૮ | ૬૫ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૯ | ૧૭ | ૧૪ | ૧૩ | ૩૩ | ૪૧ | ૧૧ | ૧૫ | ૨ | ૨ | ૭૯ | ૭૮ |
| | કુલ | ૧૬૦ | ૮૪ (૧૬.૨૫) | ૯૨ (૧૭.૫૯) | ૧૨૯ (૨૨.૧૬) | ૧૦૮ (૨૦.૬૫) | ૨૪૧ (૪૧.૪૧) | ૨૦૩ (૩૮.૮૧) | ૭૫ (૧૨.૮૯) | ૭૭ (૧૪.૭૩) | ૪૩ (૭.૩૯) | ૪૩ (૮.૨૨) | ૫૮૨ (૧૦૦) | ૫૨૩ (૧૦૦) |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | પરણિત | | અપરિણત | | વિધુર-વિધવા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૭ | ૨૬ | ૨૭ | ૨૨ | ૧ | - | ૫૫ | ૪૮ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૨૮ | ૨૮ | ૪૦ | ૪૫ | - | ૨ | ૬૮ | ૭૫ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૭૩ | ૭૪ | ૬૧ | ૨૪ | ૧ | ૭ | ૧૩૫ | ૧૦૫ |
| ૪. | | ધરોળા (૧૦) | ૧૭ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨ | - | ૩૩ | ૨૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૭ | ૨૬ | ૩૩ | ૨૯ | ૧ | ૨ | ૬૧ | ૫૭ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૩૧ | ૩૨ | ૩૯ | ૩૯ | ૩ | ૪ | ૭૩ | ૭૫ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૩૦ | ૩૨ | ૪૭ | ૩૨ | ૧ | ૧ | ૭૮ | ૬૫ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૩૬ | ૪૧ | ૪૩ | ૩૫ | - | ૨ | ૭૯ | ૭૮ |
| | કુલ | ૧૬૦ | ૨૬૯ (૪૬.૨૨) | ૨૭૫ (૫૨.૫૮) | ૩૦૬ (૫૨.૫૮) | ૨૨૮ (૪૩.૫૯) | ૭ (૧.૨૦) | ૨૦ (૩.૮૩) | ૫૮૨ (૧૦૦.૦૦) | ૫૨૩ (૧૦૦.૦૦) |

**શિક્ષણ :**

નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા, વયજૂથ પ્રમાણે વર્ગીકરણ અને પરિણિત-અપરિણિત વિષે જોયા પછી વિસ્તારવાર અને ગામવાર શિક્ષણનું પ્રમાણ જોઈએ. અહીં સૌ પ્રથમ માહિતીદાતા એટલે કે કુટુંબના વડાનું શિક્ષણ જોઈએ. તપાસેલા કુલ કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબના વડા અશિક્ષિત હતા. ૬૧.૮૮ ટકા વડાઓ અભણ, ૨૬.૨૫ ટકા કુટુંબના વડાઓએ ધો.૧ થી ૭ સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. ૫.૬૨ ટકા કુટુંબોના વડાઓએ માધ્યમિક કક્ષાનું ધોરણ ૮ થી ૧૦ સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. ૫.૦૦ ટકા કુટુંબના વડાઓએ એસ.એસ.સી. સુધીનું શિક્ષણ લીધું હતું. માત્ર ૧.૨૫ ટકા (બે કુટુંબના) એ કોલેજ કક્ષાનું શિક્ષણ લીધું હતું. જેમાંથી એક પી.ટી.સી. ટ્રેઈન્ડ અને એક પુરુષે ટેકનીકલ શિક્ષણ મેળવ્યું હતું. અહીં કુટુંબના વડાનું શિક્ષણ જોયા પછી દરેક તપાસેલ સભાસદોના કુટુંબના સભ્યોનું શિક્ષણનું પ્રમાણ જોઈએ તો વધુ ખ્યાલ આવશે કે આ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ કેવું છે.

કોઠા-૯માં નમૂનાના કુટુંબોમાંથી વિસ્તારવાર શિક્ષણ પુરુ કર્યુ છે તેની વિગતો દર્શાવી છે. તે જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મોટાભાગના સભ્યો કુટુંબમાં અભણ હતાં. જેમાં ૪૯.૧૪ ટકા પુરુષો અને ૮૬.૦૪ ટકા સ્ત્રીઓ અભણ હતી. ૧૨.૦૩ ટકા પુરુષો અને ૧.૯૧ ટકા સ્ત્રીઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ લીધું હતું. ૮.૫૯ ટકા પુરુષો અને ૦.૯૬ ટકા સ્ત્રીઓએ માધ્યમિક કક્ષાનું, ૨.૫૮ ટકા પુરુષોએ ઉચ્ચત્તર (એસ.એસ.સી.) કક્ષાનું અને ૧.૩૭ ટકા પુરુષો અને ૦.૧૯ ટકા સ્ત્રીઓએ પી.ટી.સી. કક્ષાનું તેમજ ૦.૮૭ ટકા પુરુષોએ કોલેજના શિક્ષણમાં કોઈએ બે વર્ષ તો કોઈએ એક વર્ષ પુરુ કર્યુ હતું અને છોડી દીધું હતું.

એજ રીતે વિસ્તારવાર ચાલુ શિક્ષણ લેનારની સંખ્યા જોઈએ તો તે પણ ઘણી જ ઓછી હતી. કુલ સભ્ય સંખ્યામાંથી માત્ર ૧૭.૩૫ ટકા પુરુષો અને ૯.૫૬ ટકા સ્ત્રીઓ પ્રાથમિક ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ લઈ રહી હતી. જેમાં ધોરણ ૧ થી ૪ સુધીમાં જ વધારે સંખ્યા જણાતી હતી. જયારે માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ લેનારની સંખ્યામાં કુલ ૭.૭૩ ટકા પુરુષો અને ૧.૧૫ ટકા સ્ત્રીઓ ધોરણ ૮ થી ૧૨ સુધીમાં શિક્ષણ લઈ રહી હતી. કોલેજ કક્ષાનું શિક્ષણ લેનારાઓનું પ્રમાણમાં માત્ર ૦.૩૪ ટકા પુરુષ અને ૦.૧૯ ટકા સ્ત્રીઓ હતી. આમ અહીં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળ્યું હતું. આમ અહીં કોઠા નં.૮, ૯ માં શિક્ષણની વિગતો જોયા પછી તપાસેલ કુટુંબોના આર્થિક પાસા વિષે જોઈએ. જેથી ભૂભૌતિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિને સમજી શકાય.

## કુટુંબના વડાનું શિક્ષણ સ્તર

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | અભણ | પ્રાથમિક | માધ્યમિક | એસ.એસ.સી. | કોલેજ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૪ (૭૦.૦૦) | ૩ (૧૫.૦૦) | ૩ (૧૫.૦૦) | - | - | ૨૦ (૧૨.૫૦) |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૫ (૭૫.૦૦) | ૪ (૨૦.૦૦) | ૧ (૫.૦૦) | - | - | ૨૦ (૧૨.૫૦) |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૨ (૪૦.૦૦) | ૧૨ (૪૦.૦૦) | ૩ (૧૦.૦૦) | ૩ (૧૦.૦૦) | - | ૩૦ (૧૮.૭૫) |
| | | ઘરોળા (૧૦) | ૮ (૮૦.૦૦) | ૧ (૧૦.૦૦) | - | - | ૧ (૧૦.૦૦) | ૧૦ (૬.૨૫) |
| ૪. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૩ (૬૫.૦૦) | ૫ (૨૫.૦૦) | - | ૨ (૧૦.૦૦) | - | ૨૦ (૧૨.૫૦) |
| | | ગરબાડા (૨૦) | ૧૧ (૫૫.૦૦) | ૬ (૩૦.૦૦) | ૧ (૫.૦૦) | ૧ (૫.૦૦) | પી.ટી.સી. ૧ (૫.૦૦) | ૨૦ (૧૨.૫૦) |
| ૫. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૫ (૭૫.૦૦) | ૩ (૧૫.૦૦) | - - | ૨ (૧૦.૦૦) | - | ૨૦ (૧૨.૫૦) |
| | | કંબોઈ (૨૦) | ૧૧ (૫૫.૦૦) | ૮ (૪૦.૦૦) | ૧ (૫.૦૦) | - | - | ૨૦ (૧૨.૫૦) |
| | કુલ | ૧૬૦ | ૯૯ (૬૧.૮૮) | ૪૨ (૨૬.૨૫) | ૯ (૫.૬૨) | ૮ (૫.૦૦) | ૨ (૧.૨૫) | ૧૬૦ (૧૦૦.૦૦) |

## વિસ્તાર પ્રમાણે શિક્ષણ પુરૂ કરેલ સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચસ્તર | | પી.ટી.સી. | | કોલેજ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૩૪ | ૩૯ | ૪ | - | ૭ | - | - | - | - | - | - | - |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૪૦ | ૫૪ | ૪ | ૧ | ૪ | ૨ | ૨ | - | - | - | ૧ | - |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૫ | ૯૪ | ૨૪ | ૫ | ૨૧ | ૨ | ૭ | - | ૨ | - | ૪ | - |
| ૪. | | ધરોળા (૧૦) | ૨૨ | ૨૦ | ૧ | - | ૨ | - | - | - | ૨ | - | - | - |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૯ | ૪૮ | ૯ | ૧ | ૪ | ૧ | ૩ | - | ૧ | - | - | - |
| ૬. | | ગરબાડા (૨૦) | ૩૫ | ૬૬ | ૮ | - | ૩ | - | ૨ | - | ૨ | - | - | - |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૫૧ | ૬૨ | ૭ | ૧ | ૩ | - | - | - | - | - | - | - |
| ૮. | | કંબોઈ (૨૦) | ૪૦ | ૬૭ | ૧૩ | ૨ | ૬ | - | ૧ | - | ૧ | ૧ | - | - |
| | કુલ | ૧૬૦ | ૨૮૬ (૪૯.૧૪) | ૪૫૦ (૮૬.૦૪) | ૭૦ (૧૨.૦૩) | ૧૦ (૧.૯૧) | ૫૦ (૮.૫૯) | ૫ (૦.૯૬) | ૧૫ (૨.૫૮) | - | ૮ (૧.૩૭) | ૧ (૯.૧૮) | ૫ (૯.૮૭) | - |

## વિસ્તારવાર ચાલુ શિક્ષણ લેનાર સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચસ્તર | | પી.ટી.સી.કોલેજ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૮ | ૮ | ૨ | - | - | - | - | ૧ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૧ | ૧૫ | ૪ | ૨ | ૨ | ૧ | - | - |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૨૦ | ૪ | ૧૯ | - | ૩ | - | - | - |
| ૪. | | ધરોળા (૧૦) | ૪ | - | ૧ | - | - | - | ૧ | - |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૧ | ૫ | ૨ | ૨ | ૧ | - | ૧ | - |
| ૬. | | ગરબાડા (૨૦) | ૨૦ | ૯ | ૩ | - | - | - | - | - |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૫ | ૧ | ૨ | ૧ | - | - | - | - |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૨ | ૮ | ૬ | - | - | - | - | - |
| | કુલ | ૧૬૦ | ૧૦૧ (૧૭.૩૫) | ૫૦ (૯.૫૬) | ૩૯ (૬.૭૦) | ૫ (૦.૯૬) | ૬ (૧.૦૩) | ૧ (૦.૧૯) | ૨ (૦.૩૪) | ૧ (૦.૧૯) |

ઉપર મુજબ કોઠા ૯માં દર્શાવ્યા મુજબ શિક્ષણની પરિસ્થિતિ જોતાં ઝાલોદ તાલુકામાં અને સંતરામપુર તાલુકાની સ્થિતિ ખૂબજ હૃદયદ્રાવક ગણાવી શકાય. અહીં એ જરૂર સૂચવી શકાય કે આ લોકોમાં શિક્ષણની આજ સ્થિતિ જો ચાલુ રહેશે તો તેમાં કોઈ ફેરફાર નહિ થાય તો તેમની આર્થિક સધ્ધરતા અનેરોજગારીની તકો વધારવાના પ્રયાસો એળે જશે. લાંબા ગાળા સુધી તેમનામાં કોઈ પ્રગતિ જોઈ શકાશે નહિ.

આમ ઉપર મુજબ દરેક કોઠાઓમાં કુટુંબ-કુટુંબ કદ, ભૂભૌતિક પરિસ્થિતિ અને શૈક્ષણિક સ્થિતિનો ટૂંકમાં ચિતાર મેળવ્યા પછી તપાસેલા સભાસદ કુટુંબોની આર્થિક પરિસ્થિતિ વિષે હવે વિગતે જોઈએ.

**અર્થવ્યવસ્થા :**

તપાસેલ નમૂનાના કુટુંબો / સભાસદો પાસે થોડી ઘણી જમીન છે. જે જમીન ધરાવે છ તેઓની પાસે પૂરતા પ્રમાણમાં જમીન ન હોવાથી તેમને જુદા જુદા ધંધા રોજગાર કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવવો પડે છે. તપાસેલ સભાસદો મુખ્ય ..... સાથે સંકળાયેલા હતા. જેની વિગતો કોઠા -૧૦માં દર્શાવવામાં આવી છે. કુલ સભાસદોમાંથી ૯૫.૬૩ ટકા સભાસદોનો મુખ્ય ધંધો ખેતી હતો. જયારે ૪.૩૭ ટકા સભાસદો નોકરી કરતા હતાં. સાથે સાથે ખેતી પણ કરતા હતાં. કોઠા નં.૧૦ અને કોઠા નં.૧૧ માં નમૂનાના કુટુંબોના ધંધાની માહિતી દર્શાવામાં આવી છે. તે પરથી જોઈ શકાય છે કે સોએ સો ટકા કુટુંબો ખેતીના ધંધા સાથે સંકળાયેલા હતાં. તેની સાથે સાથે તે જ સો ટકા સભાસદ કુટુંબો ખેતી + નોકરી, ખેતી + પશુપાલન અને તેમાંના ૫૫.૬૩ ટકા સભાસદ કુટુંબો ખેતીની સાથે મજૂરીકરી જીવનનિર્વાહ વિતાવે છે. આ રીતે કોઠા નં.૧૧માં દર્શાવેલ જુદા જુદા પ્રકારની અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં દરેક સભ્યો રોકાયેલી હોય છે. અત્યારે છેલ્લા પાંચ વર્ષથી આ વિસ્તારમાં પશુપાલનના વ્યવસાયને ખેતીની સાથે સાંકળી લઈ સારૂં એવું ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. કોઠામાં એ પણ જોઈ શકાય છે કે ૯૬.૮૮ ટકા કુટુંબોએ ખેતીની સાથે સાથે આ વ્યવસાય અપનાવ્યો છે. કોઠામાં એ પણ દર્શાવ્યું છે કે ખેતી સિવાય કયા પ્રકારની નોકરીમાં આ લોકો જોડાયેલા છે તે જાણી શકાય છે. કોઠામાં સભાસદ અને બિનસભાસદોનો ચિતાર પણ સમાવી લીધો છે. બિનસભાસદ હોવા છતાં પોતાની ઘરની ભેંસ હોવાથી દૂધ મંડળી સાથે સંકળાયેલા હતાં. આ વિશ્લેષણમાં સંજેલી, કલજીની- સરસવાણી, ગોધરા, ઘરોળા, ગરબાડા અને પાડલિયાના બિનસભાસદોને આવરી લીધા છે.

## કોઠા નં.૧૦

## કુટુંબનો મુખ્ય ધંધો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખેતી | ખેતી-નોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૯ (૯૫.૦૦) | ૧ (૫.૦૦) | ૨૦ (૧૦૦.૦) |
| ૨. | | કલજીની સરસવાણી (૨૦) | ૨૦ (૧૦૦.૦) | - - | ૨૦ (૧૦૦.૦) |
| ૩. | સંતરામપુર | ગોધર (૩૦) | ૨૭ (૯૦.૦૦) | ૩ (૧૦.૦) | ૩૦ (૧૦૦.૦) |
| ૪. | | ઘરોળા (૧૦) | ૧૦ (૧૦૦.૦) | - - | ૧૦ (૧૦૦.૦) |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૯ (૯૫.૦૦) | ૧ (૫.૦૦) | ૨૦ (૧૦૦.૦) |
| | | ગરબાડા (૨૦) | ૧૮ (૯૦.૦૦) | ૨ (૧૦.૦૦) | ૨૦ (૧૦૦.૦) |
| ૬. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૨૦ (૧૦૦.૦) | - - | ૨૦ (૧૦૦.૦) |
| | | કંબોઈ (૨૦) | ૨૦ (૧૦૦.૦) | - - | ૨૦ (૧૦૦.૦) |
| | કુલ | ૧૬૦ | ૧૫૩ (૯૫.૬૩) | ૭ (૪.૩૭) | ૧૬૦ (૧૦૦.૦) |

**કોઠા નં.૧૧**

**વિસ્તાર પ્રમાણે ધંધાનો પ્રકાર દર્શાવતો કોઠો**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખેતી | ખેતી+ નોકરી | ખેતી + પશુપાલન | ખેતી + મજૂરી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૦ | ૪ | ૧૯ | ૧૨ |
| ૨. | | કલજીની સરસવાણી (૨૦) | ૨૦ | ૩ | ૧૬ | - |
| ૩. | સંતરામપુર | ગોધર (૩૦) | ૩૦ | ૧૮ | ૩૦ | ૬ |
| ૪. | | ધરોળા (૧૦) | ૧૦ | ૨ | ૧૦ | ૧૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૦ | ૪ | ૨૦ | ૧૨ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૨૦ | ૮ | ૨૦ | ૧૩ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૨૦ | ૧ | ૨૦ | ૧૯ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૨૦ | ૨ | ૨૦ | ૧૭ |
| | કુલ | ૧૬૦ | ૧૬૦ (૧૦૦.૦) | ૪૨ (૨૬.૨૫) | ૧૫૫ (૯૬.૮૮) | ૮૯ (૫૫.૬૩) |

**નોંધ :** નોકરી કરનાર માણસો, હોટલ, દૂધ ઉ.ક.સ.મંડળી, મિલોમાં, એસ.ટી. ખાતામાં, વિદ્યુત બોર્ડ, કંડકટર-ડ્રાયવર, વોચમેન, પોસ્ટમેન, પી.ડબલ્યુડી. ખાતામાં, એસ.આર.પી., રેલ્વે અને આશ્રમ શાળાઓમાં શિક્ષક તરીકે નોકરી કરે છે.

ઉપર મુજબ બન્ને કોઠામાં જુદા જુદા ધંધાઓની વિગતો જોયા પછી તેમાં કેટલા સભ્યો કુટુંબમાંથી રોકાયેલા હતા તે જોઈએ.

**કમાનાર - નહિકમાનાર :**

કોઠા નં.૧૨માં પસંદ થયેલ સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યામાંથી કામ કરનાર અને કામ નહિ કરનાર સભ્યોની વિગતો વિસ્તારવાર દર્શાવવામાં આવી છે. કોઠા પરથી જોઈ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાંથી ૫૧.૩૭ ટકા પુરુષો અને ૩૩.૬૫ ટકા સ્ત્રીઓ આગળ કોઠા -૧૧માં દર્શાવેલ જુદા જુદા ધંધામાં એક યા બીજી રીતે સંકળાયેલા હતાં. ૪૮.૬૩ ટકા પુરુષો અને ૬૬.૩૫ ટકા સ્ત્રીઓકુલ કમાનાર સભ્યો પર આધારિત હતા. જેમાંથી ૩૮.૩૧ ટકા પુરુષ સભ્યો અને ૩૮.૨૪

ટકા સ્ત્રી સભ્યો ૦ થી ૧૪ વર્ષની ઉંમરના કામ ન કરી શકે તેવા હતાં. એટલે કે કુટુંબમાં એક બીજા પરનું ભારણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. નાની વયના બાળકો કે જેઓ ૭ થી ૧૪ વર્ષની ઉંમરના હતાં. એઓ પશુપાલનના વ્યવસાયમાં મદદરૂપ થતા હતાં. પશુઓને ચરાવવા/ગોપાળ તરીકે કામગીરી કરીને કુટુંબને સીધા મદદરૂપ થતા હતાં. કોઠામાં દર્શાવ્યા મુજબ નહિ કમાનાર સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ હતું. પરંતુ તેઓ ઘરકામમાં અને ખેતીના કામમાં થોડા ઘણા મદદરૂપ થતા હતાં. જેમાંથી કુલ ૨૫.૪૨ ટકા કુમાર અને કુલ ૧૦.૯૦ ટકા કન્યાઓ શિક્ષણ લઈ રહી હતી. જેથી કુલ નહિ કમાનાર સભ્ય સંખ્યામાંથી અભ્યાસ કરનાર સભ્ય સંખ્યા બાદ કરતાં કુટુંબના એક-બીજા સભ્યો પરનું ભારણ ખૂબજ ઓછું હતું. આ અંગે કોઠો-૯ અને કોઠો-૧૨ બન્ને જોવાથી વધુ ઊંડાણપૂર્વક ખ્યાલ આવે છે.

ઉપર મુજબના કામ કરનાર સભ્યો ખેતી, મજૂરી, નોકરી અને પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલા હતા. અહીં કમાનાર અને નહિ કમાનાર સભ્યોની વિગતે ખ્યાલ મેળવ્યાં પછી તેમની પાસેની ખેતીની જમીન, તે માટે ઉપયોગી ખેતી સાધનો અને પશુધન પૂરતા પ્રમાણમાં છે કે કેમ તે જોયા પછી તેમને આ જુદા જુદા ધંધામાંથી કેટલી આવક પ્રાપ્ત થાય છે તે જોઈશું.

**કોઠા નં.૧૨**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | કુલ કમાનાર | | નહિ કમાનાર | |
|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૩૦ (૫૪.૫૫) | ૧૮ (૩૭.૫૦) | ૨૫ (૪૫.૪૫) | ૩૦ (૬૨.૫૦) |
| ૨. | | કલજીની સરસવાણી (૨૦) | ૩૭ (૫૪.૪૧) | ૨૬ (૩૪.૬૭) | ૩૧ (૪૫.૫૯) | ૪૯ (૬૫.૩૩) |
| ૩. | સંતરામપુર | ગોધર (૨૦) | ૭૭ (૫૭.૦૪) | ૧૬ (૧૫.૨૪) | ૫૮ (૪૨.૯૬) | ૮૯ (૭૪.૭૬) |
| ૪. | | ઘરોળા (૧૦) | ૨૦ (૬૦.૬૧) | ૧૦ (૫૦.૦૦) | ૧૩ (૩૯.૩૯) | ૧૦ (૫૦.૦૦) |
| ૫. | દાહોદ | ટૂંકીવજુ (૨૦) | ૩૩ (૫૪.૧૦) | ૧૫ (૨૬.૩૨) | ૨૮ (૪૫.૯૦) | ૪૨ (૭૩.૬૮) |
| ૬. | | ગરબાડા (૨૦) | ૩૬ (૪૯.૩૨) | ૩૦ (૪૦.૦૦) | ૩૭ (૫૦.૬૮) | ૪૫ (૬૦.૦૦) |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૩૪ (૪૩.૫૯) | ૨૮ (૪૩.૦૮) | ૪૪ (૫૬.૪૧) | ૩૭ (૫૬.૯૨) |
| ૮. | | કંબોઈ (૨૦) | ૩૨ (૪૦.૫૧) | ૩૩ (૪૨.૩૧) | ૪૭ (૫૯.૪૯) | ૪૫ (૫૭.૬૯) |
| | **કુલ** | **૧૬૦** | **૨૯૯ (૫૧.૩૭)** | **૧૭૬ (૩૩.૬૫)** | **૨૮૩ (૪૮.૬૩)** | **૩૪૭ (૬૬.૩૫)** |

**નોંધ :** કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

**કોઠા નં.૧૩**

**વિસ્તારવાર નમૂનાના કુટુંબોનું જમીનનું કદ**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | કુલ જમીન | | કુટુંબદીઠ સરેરાશ જમીન | |
|---|---|---|---|---|---|---|
| | | | એકર | ગુંઠા | એકર | ગુંઠા |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૪૮ | ૦૨ | ૨ | ૨૧ |
| ૨. | | કલજીની સરસવાણી (૨૦) | ૪૬ | ૦૭ | ૨ | ૧૭ |
| ૩. | સંતરામપુર | ગોધર (૩૦) | ૧૪૪ | ૩૦ | ૪ | ૩૭ |
| ૪. | | ઘરોળા (૧૦) | ૨૩ | ૦૦ | ૨ | ૧૫ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૭૪ | ૦૯ | ૩ | ૩૫ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૫૨ | ૨૦ | ૨ | ૩૧ |
| ૭. | લીમખેડા | પાંડલિયા (૨૦) | ૫૪ | ૦૦ | ૨ | ૩૫ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૧૦ | ૩૩ | ૫ | ૨૭ |
| | **કુલ** | **૧૬૦** | **૫૫૪** | **૨૧** | **૩** | **૨૪** |

**વિસ્તારવાર જમીન ધારણનું કદ :**

કોઠા નં.૧૩માં જમીન ધારકતાનું પ્રમાણ અને દરેક કુટુંબ કેટ-કેટલી જમીન ધરાવે છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. તપાસેલ કુલ સભાસદ કુટુંબો પાસે ૫૫૪ એકર અને ૨૧ ગુંઠા જમીન હતી. કુટુંબદીઠ સરેરાશ જમીન ધારકતા ૩ એકર અને ૨૪ ગુંઠા હતી. તપાસના ગામોમાંથી સંતરામપુર તાલુકાના ગોધર ગામના સભ્યોની જમીન ધારકતા, લીમખેડા તાલુકાના કંબોઈ ગામના સભ્યોની જમીન ધારકતા અને દાહોદ તાલુકાના ટૂંકીવજુ ગામના સભ્યોની જમીન ધારકતા ૩ એકરથી ઉપરની હતી. જયારે બાકીના પાંચ ગામોમાં દરેક સભ્યો સરેરાશ બે થી ત્રણ એકર જેટલી જમીન ધરાવતા હતાં.

તપાસેલ કુટુંબોની જમીનધારણનું કદ ખૂબ ઓછું હોવાથી અને મોટાભાગની જમીન

અનઉપજાઉ હોવાથી ખેતી માટે નકામી હોઈ ઉત્પાદન ઘણું જ ઓછું આવે છે. જેથી તેમને પૂરક વ્યવસાય તરીકે પશુપાલનના વ્યવસાયને ખેતીની સાથે સાંકળી લીધો છે. જેમાંથી કુટુંબદીઠ સરેરાશ ચોખ્ખી આવક રૂા.૯૦૦ સુધીની પ્રાપ્ત કરે છે. અહીં આવક-ખર્ચનો ખ્યાલ મેળવવા જુદા જુદા કોઠાઓના વિશ્લેષણનો અભ્યાસ જરૂરી હોઈ તે પર દ્રષ્ટિપાત કરીને અને આવક-ખર્ચ અને દેવાનો ખ્યાલ મેળવીએ.

આગળ ઉપર જમીનધારણ કદ અને તેના પર નભતી સભ્ય સંખ્યા વિષેની માહિતી મેળવ્યા પછી જિલ્લાની જમીન વિષે ખ્યાલ મેળવીએ.

**પંચમહાલ જિલ્લાની જમીન :**

પંચમહાલ જિલ્લાની જમીન મૂળભૂત રીતે ગુજરાતના અન્ય વિભાગોની જમીનથી જુદી પડે છે. ગુજરાતના બીજા ભાગોની જમીનો ઘસડાઈ આવેલા કાંપની બનેલી છે. જયારે આ જિલ્લાની જમીન મુખ્યતવે નીચે રહેલા ગ્રેનાઈટ અને નીસના ખડકોમાંથી છૂટા પડેલા અવશેષોની બનેલી છે. સામાન્ય નિયમ તરીકે તે ઝાંખા રંગની, છીછરી અને ઓછી ફળદ્રુપ છે. નીચાણના ભાગોમાં આવેલી જમીન રંગે કાળી માટીવાળી અને ફળદ્રુપ છે. આવી જમીનને આ જિલ્લામાં બેસર કહેવામાં આવે છે. આદિવાસી વિસ્તારની દાહોદ, ઝાલોદ અને લીમખેડા તાલુકાના કેટલાક ભાગોમાં આ જમીનમાં પાણી સંઘરી રાખવાની શક્તિ તેમાં ઘણી હોવાથી તેમાંથી દર વર્ષે ખરીફ (ચોમાસુ) અને રવિ (શિયાળુ) બન્ને પાક લેવાય છે. ગોધરાની ઉત્તર અને ઈશાન બાજુએ મહી નદીના કાંઠા તરફ તેમજ હાલોલની દક્ષિણે આવી ફળદ્રુપ જમીનના પ્રદેશો છે. ઊંચાણવાળા બીજા સ્થળોની જમીન પથરાળ, કાંકરાવાળી, છીંછરી ઝાંખી અને ઓછી ફળદ્રુપ છે.*

જિલ્લાની જમીન ઓછી ફળદ્રુપ અને ખર્ચાળ હોવા છતાં આ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબોનો પોતાના જીવનનો આધાર ખેતી પર જ છે. તેમની ખેતીની પદ્ધતિઓ પણ ઘણી જૂની-પુરાણી છે. ખેતીના સાધનો અને સિંચાઈની સગવડો ઘણી અપૂરતી છે. મોટાભાગની જમીન ડુંગરાળ, ખડકાળ અને સમતળ ન હોવાથી ખેતીમાંથી થતું ઉત્પાદન અને તે ઉત્પાદન મેળવવા કરવો પડતો ખર્ચ જોતાં જીવન-નિભાવ પૂરતું પણ ઉત્પાદન મેળવી શકાતું નથી. જેથી ખેતીની સાથે ઘાસની અછત હોવા છતાં પણ પશુપાલનનો વ્યવસાય કરે છે. અહીં ખેતીની સાથે જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવકનો ખ્યાલ મેળવીશું.

**ખેતીની આવક :**

ગુજરાતની મોટાભાગની આદિવાસી પ્રજા પહેલા પગથિયા ટાઈપની, ફરતી ખેતી કરતી હતી, પરંતુ ધીમે ધીમે તેમાં પરિવર્તન આવવાથી આજે તેઓ ખેતી માટેના થોડા સાધનો અને

* ગુજરાત એક પરિચય - સ્મૃતિ ગ્રંથ - ૧૯૬૧

બળદો રાખી સ્થાયી ખેતી કરતા થયા છે. અને કરે છે પણ ખરાં ! ખેતીમાં છેલ્લા બે દાયકાથી ખેતીના સુધારેલા સાધનો, ઉપયોગ, સારી જાતના બિયારણો, કિટસ અને ખેતી માટે અપાતા સરકારશ્રીના જુદા જુદા લાભો લેતા થયા છે. છતાં પણ આ સરકારશ્રીના જુદા જુદા લાભો લેતા થયા છે. છતાં પણ આ વિસ્તારની જમીન ખડકાળ, ડુંગરાળ અને છીંછરી (ઓછી ફળદ્રુપ) હોવાથી, સાથે સાથે ભૌગોલિક પરિસ્થિતિ અનુકુળ ન હોવાથી, આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી ખેતી પ્રત્યે જેટલું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેટલું કરી શકતા નથી. આ સિવાય પણ સિંચાઈનો અભાવ હોવાને લીધે ઉત્પાદન જોઈએ તેટલું મેળવી શકાતું નથી. ઉત્પાદન ઓછું હોવાથી આવક પણ ત્ઓછી, આવક ઓછી હોવાથી તેમજ ખેત ઉત્પાદકતા નીચે હોવાથી ચોમાસુ પુરુ થતાં આ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સ્થળાંતર થાય છે. જેથી ખેતીના પૂરક વ્યવસાય પાછળ પણ ધ્યાન કેન્દ્રિત થઈ શકતું નથી. જેથી પૂરક વ્યવસાયમાંથી મળતી આવક પર અસર થાય છે. આ વિસ્તારમાં પસંદ થયેલા સભાસદ કુટુંબોની ગામવાર આવકનું પ્રમાણ તપાસી શું તો સ્પષ્ટ ખ્યાલ આવશે કે તેમને મળતી કુલ આવક પાછળ શું/કેટલું ખર્ચ કરવું પડે છે અને ચોખ્ખી આવક કેટલી થાય છે તે જાણી શકાય છે.

**ખેતીની આવક :**

અહીં કોઠા નં.૧૧ થી ૧૪ની અંદર વિસ્તાર પ્રમાણે કુલ આવક, કુટુંબદીઠ આવક કુલ આવક ટકામા અને કુટુંબદીઠ વાર્ષિક, માસિક તેમજ માથાદીઠ વાર્ષિક અને માસિક આવક દર્શાવી છે. જેનો ખ્યાલ આ કોઠાઓના ઊંડાણપૂર્વક અભ્યાસથી ખ્યાલ આવશે.

નમૂનાના કુટુંબોની વિસ્તારવાર ખેતીની આવક જોઈએ તો તેમને કુલ કુટુંબદીઠ ખેતીની કુલ આવક ૩૯૯૩.૯૩ રૂપિયાની થતી હતી. જે કુલ આવકના ૪૮ ટકા આવક ખેતીની હતી. ઝાલોદ તાલુકાના સંજેલી ગામમાં નમૂનાના કુટુંબોની કુલ આવકના ૪૦.૨૯ ટકા આવક ખેતીની હતી. કલજીની સરસવાણી ગામની ૪૨.૨૯ ટકા આવક, સંતરામપુર તાલુકાના ગોધર ગામની ૪૭. ૧૭ ટકા આવક, ધરોળા ગામના નમૂનાના કુટુંબોની ૨૯.૬૪ ટકા, દાહોદ તાલુકાના ટૂંકીવજુ ગામમાં ૫૭.૭૨ ટકા આવક, ગરબાડા ૪૬.૩૩ ટકા આવક, લીમખેડા તાલુકાના પાડાલિયા ગામના ખેડૂતોની ૫૪.૯૭ ટકા અને કંબોઈ ગામના ખેડૂતોની ૫૬.૬૧ ટકા આવક ખેતીમાંથી મળતી હતી. સંતરામપુર અને દાહોદ તાલુકાના અમુક વિસ્તારમાં સિંચાઈની સુવિધાનો લાભ મળતો હોવાથી ખેતીમાંથી પ્રાપ્ત થતી આવક થોડી વધુ જણાય છે.

**પશુપાલનની આવક :**

કનમૂનાના સભાસદ કુટુંબોની ખેતીના ધંધા સાથે પૂરક એવા પશુપાલનના વ્યવસાયની કુલ કુટુંબદીઠ આવક ૧૪૧૩.૫૯ રૂપિયાની પ્રાપ્ત થતી હતી. તેમને પશુપાલનના વ્યવસાયમાંથી મળતી

આવક ગામ પ્રમાણે જોઈએ તો અનુક્રમે કુટુંબદીઠ ૧૪૪૭.૦૦, ૧૭૩૮.૭૫, ૧૫૪૩.૩૩, ૧૪૯૮.૦૦, ૧૨૩૭.૫૦, ૧૩૩૭.૦૦, ૯૭૮.૫૦ અને ૧૫૦૬.૦૦ રૂપિયાની કુલ આવક પ્રાપ્ત થતી હતી. આ આવક પ્રાપ્ત મેળવવા-પાછળ પશુપાલન પાછળ કુટુંબદીઠ સરેરાશ ૫૬૬.૩૧ રૂા.નું ખર્ચ થતું હતું. જેની જુદા જુદા ધંધા પાછળ થતા ખર્ચની વિગતો કોઠા-૧૫માં દર્શાવવામાં આવી છે. અહીં એટલું સ્પષ્ટ સૂચવી શકાય કે છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં આ વિસ્તારમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વ્યાજરાહત યોજનામાં મળેલી ભેંસોથી આવકમાં વૃધ્ધિ જોવા મળી છે. પરંતુ આ વિસ્તારમાં આપેલી સહાય અને ભેંસોની સંખ્યા જોતાં પશુપાલનની આવકનું પ્રમાણ ઘણું ઓછું કહેવાય, કારણ કે દૂધ ઉત્પાદક સહકારી મંડળી ઊભી કરીને પૂરક આવક મેળવવા આ યોજનાનો દોર છૂટો મૂકયો છે. પરંતુ ભેંસો મળ્યા પછી કોઈ સભાસદ મંડળીમાં દૂધ ભરવા જતા નથી. જેથી જે નિશ્ચિત આવક પ્રાપ્ત થવી જોઈએ તે થતી નથી. અહીં માત્ર આવકનો જ ખ્યાલ મેળવીશું. આ અંગે છેલ્લા પ્રકરણમાં વિગતે જોઈશું.

**મજૂરીની કુલ આવક :**

તપાસેલ સભાસદ કુટુંબો માત્ર ખેતી કે પશુપાલનના વ્યવસાય પર નિર્ભર ન હતાં. ખેતી અને પશુપાલનની સાથે જે કુટુંબમાં કામ કરી શકે તેવા બે થી વધુ સભ્યો હતા તેઓ બહાર ગુજરાતમાં, દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ખેતી મજૂરી, રસ્તા બાંધકામ અને છૂટક મજૂરી અર્થે બહાર જઈ રોજી મેળવતા હતાં. કે.ટલાક ઘેર રહેનારા દિવસ દરમ્યાન સ્થાનિક જંગલમજૂરી અને ખેતી મજૂરીએ પણ જતા હતાં. મજૂરીમાંથી તેઓ કુલ કુટુંબદીઠ ૫૧૬.૧૬ રૂા. ની આવક મેળવતા હતા. એટલે કે કુલ આવકના ૬.૨૧ ટકા આવક મજૂરીના ધંધામાંથી પ્રાપ્ત કરતા હતાં. મજૂરીની વિસ્તાર પ્રમાણે આવક જોઈએ તો ઓછામાં ઓછી રૂપિયા ૫૫ અને વધુમાં વધુ રૂપિયા ૧૧૩૫ સુધીની વાર્ષિક આવક મેળવતા હતાં.

**ગૃહઉદ્યોગની કુલ આવક :**

પસંદ કરેલ વિસ્તારના નમૂનાના સભાસદ કુટુંબો કલજીની સરસવાણી અને પાડલિયા ગામ સિવાય છ ગામોમાં કેટલાક કુટુંબો એવા હતા કે જેઓ પોતાની લોટ દળવાની ઘંટી ધરાવતા હતા. તો કેટલાક દલાલી કરીને અને કેટલાક અન્ય ગૃહઉદ્યોગમાંથી સરેરાશ કુટુંબદીઠ ૩૧૫.૬૧ રૂપિયાની આવક એટલે કે કુલ આવકના ૩.૭૯ ટકા આવક આ ધંધામાંથી પ્રાપ્ત કરતાં હતાં. ગૃહઉદ્યોગ કરનાર કુટુંબોમાંથી ટૂંકીવજુ ગામમાંથી એક કુટુંબ પોતાની હોડી ધરાવતું હતું જે ઠક્કરબાપા સરોવરમાંથી માછલાં પકડવા અને તેને વેચીને આવક મેળવતું હતું. આ ગામના કેટલાક કુટુંબો ચોમાસાના અને શિયાળાના દિવસોમાં આ કામ કરીને પોતાની જરૂરિયાતની માછલી પણ ચોરી-છૂપીથી પકડવાનો ધંધો કરતા હતાં.

**નોકરીની આવક :**

પસંદ પામેલા વિસ્તારના દરેક ગામમાંથી કેટલાક કુટુંબો આગળ ઉપર કોઠા નં.૧૧ની નોંધમાં દર્શાવેલ વિવિધ પ્રકારની નોકરીમાં જોડાયેલા હતાં. જેમની કુલ કુટુંબદીઠ સરેરાશ આવકના ૨૪.૨૧ ટકા આવક આ નોકરી દ્વારા કમાતા હતા. જેની વિગતવાર વિસ્તાર પ્રમાણે ગામવાર નોકરીની કુલ આવક કુટુંબદીઠ આવક કોઠામાં દર્શાવી છે. તે જોવાથી વધુ ઊંડાણપૂર્વક ખ્યાલ મેળવી શકાશે.

**વેપાર-ધંધો અને અન્ય આવક :**

પસંદ થયેલ નમૂનાના કુટુંબોમાંથી ત્રણ ગામના સભાસદ કુટુંબો નાની સરખી કરિયાણાની દુકાન ચલાવતા. જયારે કેટલાક બહારના વેપારીઓના સંપર્કમાં રહી દલાલી કમાતા હતા. જેમાંથી તેઓ કુટુંબદીઠ સરેરાશ ૬૬.૨૫ રૂપિયા એટલે કે કુલ આવકના ૦.૮૦ ટકા આવક આ ધંધામાંથી પ્રાપ્ત કરતા હતાં.

આમ પસંદ થયેલ નમૂનાના સભાસદ કુટુંબો જીવન-નિર્વાહ માટે જુદી જુદી અર્થોપાર્જનની પ્રક્રિયા કરીને આવક મેળવતા હતા. આ આવક મેળવવા તેમને કેટલું ખર્ચ કરવું પડતું તેની વિગતો કોઠા-૧૫ ઉપરથી જોઈશું.

## વિસ્તાર પ્રમાણે જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી કુલ આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | પ્રાથમિક | પ્રાથમિક | પ્રાથમિક | પ્રાથમિક | પ્રાથમિક | પ્રાથમિક | પ્રાથમિક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૫૬૦૦૦ | ૨૮૯૪૦ | ૫૨૫૦ | ૩૦૦૦૦ | ૧૦૮૦૦ | ૮૦૦૦ | ૧૩૮૯૯૦ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૪૩૯૦૦ | ૩૪૭૭૫ | ૧૨૧૦૦ | - | ૧૨૧૨૦ | ૯૦૦ | ૧૦૩૭૯૫ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૨૦૫૧૦૦ | ૪૬૩૦૦ | ૧૬૫૦ | ૧૪૪૦૦ | ૧૬૬૩૦૦ | ૧૭૦૦ | ૪૩૫૪૫૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૨૧૭૩૦ | ૧૪૯૮૦ | ૫૪૦૦ | - | ૩૧૨૦૦ | - | ૭૩૩૧૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૮૨૬૦૦ | ૨૪૭૫૦ | ૭૧૫૦ | ૪૦૦૦ | ૨૪૬૦૦ | - | ૧૪૩૧૦૦ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૭૦૫૦૦ | ૨૬૭૪૦ | ૧૫૨૦૦ | ૬૦૦ | ૩૯૧૨૦ | - | ૧૫૨૧૬૦ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૬૦૪૦૦ | ૧૯૫૭૦ | ૨૨૭૦૦ | - | ૭૨૦૦ | - | ૧૦૯૮૭૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૯૮૮૦૦ | ૩૦૧૨૦ | ૧૩૨૦૦ | ૧૫૦૦ | ૩૦૯૦૦ | - | ૧૭૪૫૨૦ |
| | કુલ | ૧૬૦ | ૬૩૯૦૩૦ | ૨૨૬૧૭૫ | ૮૨૬૫૦ | ૫૦૫૦૦ | ૩૨૨૨૪૦ | ૧૦૬૦૦ | ૧૩૩૧૧૯૫ |

## વિસ્તાર પ્રમાણે જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી કુલ આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખેતી | પશુપાલન | મજૂરી | ગૃહઉદ્યોગ | નોકરી | વેપાર-ધંધો અન્ય | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૮૦૦.૦૦ | ૧૪૪૭.૦૦ | ૨૬૨.૫૦ | ૧૫૦૦.૦૦ | ૫૪૦.૦૦ | ૪૦૦.૦૦ | ૬૯૪૯.૫૦ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૨૧૯૫.૦૦ | ૧૭૩૮.૭૫ | ૬૦૫.૦૦ | - | ૬૦૬.૦૦ | ૪૫.૦૦ | ૫૧૮૯.૭૫ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૬૮૩૬.૬૬ | ૧૫૪૩.૩૩ | ૫૫.૦૦ | ૪૮૦.૦૦ | ૫૫૪૩.૩૩ | ૫૬.૬૬ | ૧૪૫૧૫.૦૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૨૧૭૩.૦૦ | ૧૪૯૮.૦૦ | ૫૪૦.૦૦ | - | ૩૧૨૦.૦૦ | - | ૭૩૩૧.૦૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૪૧૩૦.૦૦ | ૧૨૩૭.૫૦ | ૩૫૭.૫૦ | ૨૦૦.૦૦ | ૧૨૩૦.૦૦ | - | ૭૧૫૫.૦૦ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૩૫૨૫.૦૦ | ૧૩૩૭.૦૦ | ૭૬૦.૦૦ | ૩૦.૦૦ | ૧૯૫૬.૦૦ | - | ૭૬૦૮.૦૦ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૩૦૨૦.૦૦ | ૯૭૮.૫૦ | ૧૧૩૫.૦૦ | - | ૩૬૦.૦૦ | - | ૫૪૯૩.૫૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૪૯૪૦.૦૦ | ૧૫૦૬.૦૦ | ૬૬૦.૦૦ | ૭૫.૦૦ | ૧૫૪૫.૦૦ | - | ૮૭૨૬.૦૦ |
| | કુલ | ૧૬૦ | ૩૯૯૩.૯૩ | ૧૪૧૩.૫૯ | ૫૧૬.૫૬ | ૩૧૫.૬૧ | ૨૦૧૪.૦૦ | ૬૬.૨૫ | ૮૩૧૯.૬૬ |

## વિસ્તારવાર જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવક ટકામાં

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખેતી | પશુપાલન | મજૂરી | ગૃહઉદ્યોગ | નોકરી | વેપાર-ધંધો અન્ય | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૪૦.૨૯ | ૨૦.૮૨ | ૩.૭૮ | ૨૧.૫૮ | ૭.૭૭ | ૫.૭૬ | ૧૦૦.૦૦ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૪૨ફ૨૯ | ૩૩.૫૦ | ૧૧.૬૬ | - | ૧૧.૬૮ | ૦.૮૭ | ૧૦૦.૦૦ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૪૭.૧૦ | ૧૦.૬૩ | ૦.૩૮ | ૩.૩૧ | ૩૮.૧૯ | ૦.૩૯ | ૧૦૦.૦૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૨૯.૬૪ | ૨૦.૪૩ | ૭.૩૭ | - | ૪૨.૫૬ | - | ૧૦૦.૦૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૫૭.૭૨ | ૧૭.૩૦ | ૫.૦૦ | ૨.૮૦ | ૧૭.૧૮ | - | ૧૦૦.૦૦ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૪૬.૩૩ | ૧૭.૫૭ | ૯.૯૯ | ૦.૩૯ | ૨૫.૭૨ | - | ૧૦૦.૦૦ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૫૪.૯૭ | ૧૭.૮૧ | ૨૦.૬૬ | - | ૬.૫૬ | - | ૧૦૦.૦૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૫૬.૬૧ | ૧૭.૨૬ | ૭.૫૬ | ૦.૮૬ | ૧૭.૭૧ | - | ૧૦૦.૦૦ |
| | કુલ | ૧૬૦ | ૪૮.૦૦ | ૧૬.૯૯ | ૬.૨૧ | ૩.૭૯ | ૨૪.૨૧ | ૦.૮૦ | ૧૦૦.૦૦ |

## વિસ્તારવાર જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવક ટકામાં

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | કુટુંબદીઠ વાર્ષિક આવક | કુટુંબદીઠ માસિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૬૯૪૯.૫૦ | ૫૭૯.૧૩ | ૧૩૪૯.૪૨ | ૧૧૨.૪૫ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૫૧૮૯.૭૫ | ૪૩૨.૪૮ | ૭૨૫.૮૪ | ૬૦.૪૯ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૪૫૧૫.૦૦ | ૧૨૦૯.૫૮ | ૧૮૧૪.૩૮ | ૧૫૧.૨૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૭૩૩૧.૦૦ | ૬૧૦.૯૨ | ૧૩૮૩.૨૧ | ૧૧૫.૨૭ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૭૧૫૫.૦૦ | ૫૯૬.૨૫ | ૧૨૧૨.૭૧ | ૧૦૧.૦૬ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૭૬૦૮.૦૦ | ૬૩૪.૦૦ | ૧૦૨૮.૧૧ | ૮૫.૬૮ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૫૪૯૩.૫૦ | ૪૫૭.૭૯ | ૭૬૮.૩૨ | ૬૪.૦૩ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૮૭૨૬.૦૦ | ૭૨૭.૧૭ | ૧૧૧૧.૫૯ | ૯૨.૬૩ |
| | કુલ | ૧૬૦ | ૮૩૧૯.૯૭ | ૬૯૩.૩૩ | ૧૨૦૪.૭૦ | ૧૦૦.૩૯ |

કોઠા નં.૧૪માં દર્શાવ્યા મુજબ નમૂનાના સભાસદ કુટુંબોની કુલ કુટુંબદીઠ બધા સાધનોમાંથી વાર્ષિક ૮૩૧૯.૯૭ રૂા. ની આવક થતી હતી. બધાજ સાધનોની માસિક આવક ૬૯૩.૩૩ રૂા. કુટુંબદીઠ હતી. જયારે માથાદીઠ વાર્ષિક આવક ૧૨૦૪.૭૦ રૂપિયા અને માથાદીઠ માસિક આવક ૧૦૦.૩૯ રૂપિયા થતી હતી. જે કુલ આવક - ખર્ચ બાદ કર્યા સિવાયની હતી. અહીં આપણે હવે કોઠા-૧૫માં દર્શાવ્યા મુજબ જુદા જુદા આવકના સાધનો પાછળ કેટલું ખર્ચ થતું તે જોઈશું.

ખેતી,પશુપાલન, ગૃહઉદ્યોગ, નોકરી અને અન્ય ધંધા પાછળનું કુલ ખર્ચ :

ઉપર મુજબ વિસ્તારવાર જુદા જુદા ધંધાની કુલ આવકનો ખ્યાલ મેળવ્યા પછી તેની પાછળ કુલ કેટલો ખર્ચ થાય છે અને ચોખ્ખી કેટલી આવક થાય છે તે જોઈએ.

પસંદ થયેલ સભાસદ કુટુંબોને કુલ ખર્ચમાંથી ૧૧૪૮.૧૩ રૂપિયા ખેતી પાછળ ખેતી-સાધનો, બિયારણ અને મજૂરીનો ખર્ચ થતો હતો. જયારે ૫૬૬.૩૧ રૂપિયા દૂધાળાં પશુઓનો ઘાસચારો અને ખાણ-દાણ પાછળ ખર્ચ થતો હતો. આ સિવાય ગૃહઉદ્યોગમાં મરામત અને નોકરી પાછળ નોકરીની સ્થળે આવવા જવાનું અને પરચૂરણ ખર્ચ મળીને કુલ ૫૦૮.૫૦ રૂપિયાનો ખર્ચ થતો હતો. કુલ્લે મળી બધા સાધનો પાછળ સરેરાશ ૨૨૨૩ રૂપિયાનો ખર્ચ થતો હતો.

અહીં વિસ્તારવાર અને ગામવાર ખર્ચની વિગતો જોતાં સ્પષ્ટ થાય છે કે બિનઆદિવાસી વિસ્તારની સરખામણીએ આદિવાસી વિસ્તારમાં ખેતી / પશુપાલન પાછળનો ખર્ચ ખૂબજ ઓછો આવતો. હા એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ક્ષેત્રકાર્ય વખતે ઘણા કુટુંબો પાસેથી ''જયાં ઘરમાં ખાવા માટે કણ ન હોય ત્યાં ભેંસોના દાણની શી વાત થાય'' આ વાક્ય સાંભળવા મળતું અને આ પણ હકીકત છે તેનો ખ્યાલ આપણને પોતાના પ્રત્યક્ષકાર્ય અને નિદર્શનથી આવી જાય છે. અહીં કોઠા નં.૧૫ માં ગામવાર જુદા જુદા ધંધા પાછળ થતા ખર્ચની વિગતો જોતાં વધુ ખ્યાલ આવશે જેથી કોઠાનો પણ અભ્યાસ જરૂરી લેખાશે.

## કુલ ખર્ચ

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખેતી ખર્ચ | પશુપાલન | ગૃહઉદ્યોગ, નોકરી અને અન્ય | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૫૭૦૦ (૮૭૫.૦૦) | ૧૦૭૧૦ (૫૩૫.૫૦) | ૧૮૭૧૦ (૯૩૫.૫૦) | ૪૫૧૨૦ (૨૨૫૬.૦૦) |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૧૧૦૦ (૫૫૫.૦૦) | ૧૧૧૫૦ (૫૫૭.૫૦) | ૩૫૦૦ (૧૭૫.૦૦) | ૨૫૭૫૦ (૧૨૮૭.૫૦) |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૬૯૧૦૦ (૨૩૦૩.૩૩) | ૨૧૦૦૦ (૭૦૦.૦૦) | ૩૧૯૦૦ (૧૦૬૩.૩૩) | ૧૨૨૦૦૦ (૪૦૬૬.૬૭) |
| ૪. | | ધરોળા (૧૦) | ૬૪૦૦ (૬૪૦.૦૦) | ૫૩૬૦ (૫૩૬.૦૦) | ૧૭૫૦ (૧૭૫.૦૦) | ૧૩૫૧૦ (૧૩૫૧.૦૦) |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૩૨૦૦ (૧૧૬૦.૦૦) | ૧૦૪૧૦ (૫૨૦.૫૦) | ૬૦૫૦ (૩૦૨.૫૦) | ૩૯૬૬૦ (૧૯૮૩.૦૦) |
| ૬. | | ગરબાડા (૨૦) | ૧૯૭૦૦ (૯૮૫.૦૦) | ૧૦૩૦૦ (૫૧૫.૦૦) | ૫૯૦૦ (૨૯૫.૦૦) | ૩૫૯૦૦ (૧૭૯૫.૦૦) |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૩૨૦૦ (૬૬૦.૦૦) | ૭૭૩૦ (૩૮૬.૫૦) | ૬૨૫૦ (૩૧૨.૫૦) | ૨૭૧૮૦ (૧૩૫૯.૦૦) |
| ૮. | | કંબોઈ (૨૦) | ૨૫૩૦૦ (૧૨૬૫.૦૦) | ૧૩૯૫૦ (૬૯૭.૫૦) | ૭૩૦૦ (૩૬૫.૦૦) | ૪૬૫૫૦ (૨૩૨૭.૫૦) |
| | કુલ | ૧૬૦ | ૧૮૩૭૦૦ (૧૧૪૮.૧૩) | ૯૦૬૧૦ (૫૬૬.૩૧) | ૮૧૩૬૦ (૫૦૮.૫૦) | ૩૫૫૬૭૦ (૨૨૨૨.૯૪) |

**ચોખ્ખી આવક :**

પસંદ થયેલા નમૂનાના સભાસદ કુટુંબોની વિસ્તારવાર અને ગામવાર ચોખ્ખી આવક જોઈએ તો આવક મેળવવા કરવા પડતું ખર્ચ બાદ કરીને તેમની કુટુંબદીઠ વાર્ષિક ચોખ્ખી આવક અનુક્રમે ૪૬૯૩.૫૦ રૂ.,૩૯૦૨.૨૫ રૂ., ૧૦૪૪૮.૩૩ રૂ., ૫૯૮૦.૦૦ રૂ., ૫૧૭૨.૦૦ રૂ., ૫૮૧૩.૦૦ રૂ. ૪૧૩૪.૫૦ રૂ. અને ૬૩૯૮.૫૦ રૂ. ચોખ્ખી આવક પ્રાપ્ત થતી હતી. બધા કુટુંબોની મળી કુલ કુટુંબદીઠ વાર્ષિક આવક જોઈએ તો બધા સાધનોની મળી કુલ ૬૦૯૭.૦૩ રૂ. આવક પ્રાપ્ત થતી હતી.

વિસ્તાર પ્રમાણે સંજેલી ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક ૩૯૧.૧૩ રૂ., માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૯૧૧.૩૬ રૂ. અને માથાદીઠ માસિક આવક રૂ.૭૫.૮૫ ની થતી હતી. કલજીની સરસવાણી ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક ૩૨૫.૧૯ રૂપિયા, માથાદીઠ વાર્ષિક ૫૪૫.૭૭ રૂ. અને માથાદીઠ માસિક આવક રૂ.૪૫.૪૮ ની થતી હતી. ગોધર ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક ૮૭૦.૬૯ રૂ., માથાદીઠ વાર્ષિક આવક ૧૩૦૬.૦૪ રૂ. અને માથાદીઠ માસિક આવક ૧૦૮.૮૪ રૂ.ની હતી. ઘરોળા (મોટા) ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક ૪૯૮.૩૩ રૂ., માથાદીઠ વાર્ષિક ૧૧૨૮.૩૦ રૂ. અને માથાદીઠ માસિક આવક રૂ.૯૪.૦૩ થતી હતી. દાહોદ તાલુકાના ટૂંકીવજુ ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક ૪૩૧.૦૦ રૂ., માસિક આવક ૪૩૧.૦૦ રૂ., માથાદીઠ વાર્ષિક ૮૭૬.૬૧ રૂ. અને માથાદીઠ માસિક ૭૩.૦૫ રૂ.ની આવક થતી હતી. ગરબાડા ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક રૂ.૪૮૪.૪૨ રૂ., માથાદીઠ વાર્ષિક આવક ૭૦૫.૫૪ રૂ. અને માથાદીઠ માસિક ૬૫.૪૬ રૂ. થતી હતી. જયારે પંચમહાલ જિલ્લાના આજ સુધી સૌથી પછાત રહેલ લીમખેડા તાલુકાના પસંદ થયેલ પાડલિયા ગામના નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક રૂ.૩૪૪.૫૪ અને માથાદીઠ વાર્ષિક આવક ૫૭૮.૨૫ રૂ., માથાદીઠ માસિક આવક રૂ.૪૮૯.૧૯ રૂ. થતી હતી. કંબોઈ ગામના કુટુંબોની કુટુંબદીઠ માસિક આવક રૂ.૫૩૩.૨૧, માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૫૨૬.૬૯ રૂ. અને માથાદીઠ માસિક રૂ.૪૩.૮૯ની આવક થતી હતી. બધાજ કુટુંબોની કુલ કુટુંબદીઠ વાર્ષિક ૬૦૯૭.૦૩ રૂ., કુટુંબદીઠ માસીક ૫૦૮.૦૯ રૂ. અને માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૮૮૨.૮૩ , માથાદીઠ માસિક આવક રૂ. ૭૩.૫૭ની હતી.

પસંદ થયેલ નમૂનાના કુટુંબોની વિસ્તાર પ્રમાણે માથાદીઠ માસિક આવક જોતાં એ સ્પષ્ટ થાય છે કે નમૂનાના ગામોમાંથી કલજીની સરસવાણી, પાડલિયા અને કંબોઈ ગામના દરેક કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વિતાવતી હતી. ૧૯૭૭-૭૮ના ભાવે (ગરીબીની રેખા સમકક્ષ ગણાતી આવક) શહેરી વિસ્તારમાં માથાદીઠ માસિક આવક રૂ.૭૫ સુધીની અને ગ્રામ્ય વિસ્તારમાં માથાદીઠ

રૂા. ૭૫ સુધીની આવક મેળવતાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવતા હોય છે. આ ગણતરીએ ગરબાડાનો પણ આમાં સમાવેશ થઈ શકે છે. ગુજરાત રાજયની કુલ વસ્તીના મોટાભાગની વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. કુલ વસ્તીના ૩૯.૦૪ ટકા વસ્તી ૧૯૭૭-૭૮ના ભાવે ગરીબીની રેખા નીચે જીવન જીવી રહી છે. તે પણ સ્પષ્ટ કળી આવે છે.x

અહીં કોઠા-૧૯માં પસંદ થયેલા નમૂનાના કુટુંબોની વિસ્તારવાર - ગામવાર જુદા જુદા ધંધાની કુલ આવકમાંથી ખર્ચ બાદ કરતાં ચોખ્ખી આવક દર્શાવી છે. જેના ઊંડાણપૂર્વકના અભ્યાસથી આ વિસ્તારમાં વસવાટ કરતા કુટુંબોની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવશે. અહીં તેમની ચોખ્ખી આવકનું પ્રમાણ જોયા પછી તેમના વપરાશી ખર્ચની વિગતો જોઈએ તો એ સ્પષ્ટ થાય છે કે આ લોકો આવકના પ્રમાણમાં ખર્ચની મર્યાદા પણ જાળવી રાખે છે.

...

x વ્યાપાર વર્ષ-૩૫, અંક-૨૮ શનિવાર પાન -૧ તા.૧૧-૨-૮૪

## જુદા જુદા ધંધાની કુલ આવક - કુલ ખર્ચ અને ચોખ્ખી આવક

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | કુલ આવક | કુલ ખર્ચ | ચોખ્ખી આવક | કુટુંબદીઠ વાર્ષિક આવક | કુટુંબદીઠ માસિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૩૮૯૮૦ | ૪૫૧૨૦ | ૯૩૮૭૦ | ૪૬૯૩.૫૦ | ૩૯૧.૧૩ | ૯૧૧.૩૬ | ૭૫.૯૫ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૦૩૭૯૫ | ૨૫૭૫૦ | ૭૮૦૪૫ | ૩૯૦૨.૨૫ | ૩૨૫.૧૯ | ૫૪૫.૭૭ | ૪૫.૪૮ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૪૩૫૪૫૦ | ૧૨૨૦૦૦ | ૩૧૩૪૫૦ | ૧૦૪૪૮.૩૩ | ૮૭૦.૬૯ | ૧૩૦૬.૦૪ | ૧૦૮.૮૪ |
| ૪. | | ધરોળા (૧૦) | ૭૩૩૧૦ | ૧૩૫૧૦ | ૫૯૮૦૦ | ૫૯૮૦.૦૦ | ૪૯૮.૩૩ | ૧૧૨૮.૩૦ | ૯૪.૦૩ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૪૩૧૦૦ | ૩૯૬૬૦ | ૧૦૩૪૪૦ | ૫૧૭૨.૦૦ | ૪૩૧.૦૦ | ૮૭૬.૬૧ | ૭૩.૦૫ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૧૫૨૧૬૦ | ૩૫૯૦૦ | ૧૧૬૨૬૦ | ૫૮૧૩.૦૦ | ૪૮૪.૪૨ | ૭૮૫.૫૪ | ૬૫.૪૬ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૦૯૮૭૯ | ૨૭૧૮૦ | ૮૨૬૯ | ૪૧૩૪.૫૦ | ૩૪૪.૫૪ | ૫૭૮.૨૫ | ૪૮.૧૯ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૭૪૫૨૦ | ૪૬૫૫૦ | ૧૨૭૯૭૦ | ૬૩૯૮.૫૦ | ૫૩૩.૨૧ | ૫૨૬.૬૯ | ૪૩.૮૯ |
| | કુલ | ૧૬૦ | ૧૩૩૧૧૯૫ | ૩૫૫૬૭૦ | ૯૭૫૫૨૫ | ૬૦૯૭.૦૩ | ૫૦૮.૦૯ | ૮૮૨.૮૩ | ૭૩.૫૭ |

ઉપર પ્રમાણે વિસ્તારવાર - ગામવાર કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક / માસિક આવકનો ખ્યાલ મેળવ્યા પછી કુલ ચોખ્ખી આવકમાંથી જીવન જરૂરી ચીજવસ્તુઓ ઉપભોગમાં કુલ કેટલો ખર્ચ થાય છે તે જોઈએ.

**વપરાશી ખર્ચ :**

નમૂનાના સભાસદ કુટુંબોનું વિસ્તાર પ્રમાણે ગામવાર જુદી જુદી ચીજવસ્તુઓ, અનાજ-કઠોળ, શાકભાજી, ફળફળાદિ, તેલ, દૂધ, ઘી, ખાંડ-ગોળ, ચ્હા-કોફી અને ગરમમસાલા તેમજ કપડાં, પગરખા, મુસાફરી અને અન્ય વપરાશી ખર્ચ ૧૯૦ કુટુંબના સંદર્ભમાં જોઈએ તો કુટુંબદીઠ વાર્ષિક ૧૦૫૮૦.૦૩ રૂા. કુટુંબદીઠ માસીક ખર્ચ ૮૮૧.૬૭ રૂા., માથાદીઠ વાર્ષિક ખર્ચ૬૫૯.૬૭ રૂા. અને માથાદીઠ માસિક ખર્ચ ૫૪.૯૭ રૂા.નો થતો હતો.

કોઠામાં દર્શાવ્યા મુજબ કલજીની સરસવાણી, પાડલિયા અને કંબોઈ ગામના કુટુંબોને બધી જ આવક વપરાશી ખર્ચ પાછળ ખર્ચાઈ જતી હતી. જયારે બાકીના પાંચ ગામોની સ્થીતિ એકંદરે સારી હતી. ચાલુ ભાવોના સંદર્ભમાં જોઈએ તો દરેક ગામના નમૂનાના કુટુંબો ગરીબીની રેખાની સમકક્ષ જ જીવન જીવતા હતાં. તેમણે અપનાવેલ પશુપાલનના વ્યવસાયથી અને તેની રોકડ આવકથી કંઈક અંશે પરિસ્થિતિમાં સુધરવા પામી હતી. નમૂનાના આવક અને વપરાશી ખર્ચની વિગતો જોતાં સંજેલી, ગોધર, ધરોળા, ટૂંકીવજુ અને ગરબાડા ગામના નમૂનાના કુટુંબોને આવક કરતાં વપરાશી ખર્ચ ઓછું હતું. અહીં એ પણ ન ભૂલવું જોઈઅ કે આ ગામો કલજીની સરસવાણી, પાંડલિયા અને કંબોઈ ગામની સરખામણીએ સપાટ અને થોડી ફળદ્રુપ જમીન ધરાવતા હોવાથી ખેતીમાંથી સારી આવક મેળવી શકતા હતા. અને ખેતીમાં આ ગામોને થોડી પિયતની પણ સુવિધા હતી. જેથી આ ગામોના નમૂનાના કુટુંબો વધારાની આવક ખેતીમાં રોકી શકતા અને ઉત્પાદન પણ એ પ્રમાણે લઈ શકતા હતા.

નમૂનાના કુટુંબો પાસેથી આવક / ખર્ચની સાથે સાથે દેવા વિષયક માહિતી પણ એકત્રિત કરવામાં આવી હતી. દેવું શા માટે કરવું પડતું તેની વિગતો પણ મેળવી હતી જેની નોંધ કોઠા નં.૧૮માં દર્શાવી છે.

## વિસ્તારવાર નમૂનાના કુટુંબોનું કુલ વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | કુલ વાર્ષિક વપરાશી ખર્ચ | કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | કુટુંબદીઠ માસિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ માસિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૭૨૩૨૦ | ૩૬૧૬.૦૦ | ૩૬૧.૩૩ | ૭૦૨.૧૪ | ૫૮.૫૧ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૭૨૪૨૦ | ૩૬૨૧.૦૦ | ૩૦૧.૭૫ | ૫૦૬.૪૩ | ૪૨.૨૦ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૨૦૮૩૮૦ | ૬૯૪૬.૦૦ | ૫૭૮.૮૩ | ૮૬૮.૨૫ | ૭૨.૩૫ |
| ૪. | | ધરોળા (૧૦) | ૪૫૬૦૦ | ૪૫૬૦.૦૦ | ૩૮૦.૦૦ | ૮૬૦.૩૮ | ૭૧.૭૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૭૫૯૦૦ | ૩૭૯૫.૦૦ | ૩૧૬.૨૫ | ૬૪૩.૨૨ | ૫૩.૬૦ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૯૩૨૨૦ | ૪૬૬૧.૦૦ | ૩૮૮.૪૨ | ૬૨૯.૮૬ | ૫૨.૪૯ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૭૯૨૨૦ | ૩૯૬૦.૦૦ | ૩૩૦.૦૦ | ૫૫૩.૮૫ | ૪૬.૧૫ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૮૧૯૦૦ | ૪૦૯૫.૦૦ | ૩૪૨.૨૫ | ૫૨૧.૬૬ | ૪૩.૪૭ |
| | કુલ | ૧૬૦ | ૭૨૮૯૪૦ | ૧૦૫૮૦.૦૩ | ૮૮૧.૬૭ | ૬૫૯.૬૭ | ૫૪.૯૭ |

**દેવું :**

પ્રસ્તુત અભયાસમાં પસંદ કરેલ વિસ્તારના નમૂનાના સભાસદ કુટુંબો પાસેથીદેવા વિષયક માહિતી એકત્રિત કરાઈ હતી. નમૂનાના કુલ કુટુંબોમાંથી ૮૧.૨૫ ટકા કુટુંબો દેવાદાર હતા. જેમણે શાહુકાર/વેપારી, કૃષિમંડળી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, બેંક, સગાંવહાલાં અને સરકાર પાસેથી કુલ રકમ પ્રાપ્ત કરી હતી.જેમનું કુલ દેવું દેવાદાર કુટુંબદીઠ કુલ ૧૪૧૮.૭૭ રૂા. નું દેવું હતું.

દેવું કરનાર કુટુંબોએ કુટુંબદીઠ કુલ દેવાના ૧૮૩.૪૬ રૂા. શાહુકાર અને વેપારી પાસેથી, ૨૬૩.૬૯ રૂપિયા કૃષિ સહકારી મંડળી, ૫૬૧.૬૨ રૂપિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, દ્વારા (આદિજાતિ વિકાસ કોર્પોરેશનની ભેંસો માટેની બાકી લોનના રૂપે) ૩૨૪.૬૨ રૂા. બેંક, ૩૮.૪૬ રૂા. સગાંવહાલાં અને ૪૬.૯૨રૂા. સરકારી દેવું હતું.

ગામવાર દેવાનું પ્રમાણ જોઈએ તો દેવાદાર કુટુંબદીઠ સરેરાશ દેવું અનુક્રમે ૧૬૭૯.૪૧ રૂા., ૧૨૨૮.૮૯ રૂા., ૨૪૪૨.૭૩ રૂા., ૭૦૦.૦૦ રૂા., ૮૯૨.૫૦ રૂા., ૧૦૩૯.૪૭ રૂા., ૧૮૫૨.૫૦ રૂા. અને૧૩૩૨.૫૦ રૂા. નું દેવું હતું. દેવાની વિગતવાર માહિતી કોઠા-૧૮માં દર્શાવી છે. જેનો અભ્યાસ કરવાથી વિગતે ખ્યાલ આવશે.

**હેતુવાર દેવું :**

નમૂનાના સભાસદ કુટુંબોમાંથી દેવાદાર કુટુંબોએ જુદા જુદા હેતુસર દેવું કર્યુ હતું. જેની વિગતો કોઠા-૧૯માં દર્શાવી છે. હેતુવાર દેવું દર્શાવતા કોઠા પરથી જોઈ શકાય છે કે કુલ્લે દેવાદાર કુટુંબોએ કુલ રકમના ૬૨૧.૩૮ રૂા. ખેતી-બિયારણ અને ઓજારો પાછળ, ૬૦૩.૧૫ રૂા. ભેંસોની ખરીદી માટે લીધેલ લોનની બાકી રકમ, ૧૯૪.૨૩ રૂા.માંથી સામાજીક ખર્ચ, જીવન જરૂરી - ખાદ્યખોરાકીની ચીજવસ્તુઓ પાછળ અને કપડાં-લત્તા માટે ખર્ચેલી રકમ દેવાના સ્વરૂપે બાકી હતી.

કોઠામાં ગામવાર - વિસ્તાર પ્રમાણે દેવાની અને હેતુવાર દેવાની વિગતોની સમજૂતી દર્શાવી છે. તે જોવાથી ગામવાર (ભેંસો પાછળ) પશુ ખરીદીની કેટલી રકમ બાકી છે તે પણ જોઈ શકાય છે. દેવા વિષયક પરિસ્થિતિના વિગતે અભ્યાસ માટે કોઠો જોવો જરૂરી લેખાશે.

# વિસ્તારવાર / ગામવાર દેવું - દેવાદાર કુટુંબો 'હા' તો કોનું

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | હા | ના | શાહુકાર | કૃષિમંડળી | દૂધમંડળી | બેંક | સગાં-વહાલા | સરકારી | કુલ | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૭ (૮૫.૦૦) | ૩ (૧૫.૦૦) | ૩૯૦૦ | ૨૮૫૦ | ૪૮૦૦ | ૧૭૦૦૦ | - | - | ૨૮૫૫૦ | ૧૬૭૯.૪૧ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૮ (૯૦.૦૦) | ૨ (૧૦.૦૦) | ૩૦૦૦ | ૧૯૧૦ | ૮૭૧૦ | ૫૯૦૦ | - | ૨૬૦૦ | ૨૨૧૨૦ | ૧૨૨૮.૮૯ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૧ (૩૬.૬૭) | ૧૯ (૬૩.૩૩) | ૭૦૦ | ૬૬૭૦ | - | ૧૬૦૦૦ | - | ૩૫૦૦ | ૨૬૮૭૦ | ૨૪૪૨.૭૩ |
| ૪. | | ઘરોળા (૧૦) | ૮ (૮૦.૦૦) | ૨ (૨૦.૦૦) | ૫૬૦૦ | - | - | - | - | - | ૫૬૦૦ | ૭૦૦.૦૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૦ (૧૦૦.૦૦) | - | ૨૫૦ | ૫૭૦૦ | ૧૧૯૦૦ | - | - | - | ૧૭૮૫૦ | ૮૯૨.૫૦ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૧૯ (૯૫.૦૦) | ૧ (૫.૦૦) | ૨૧૦૦ | ૬૮૫૦ | ૧૦૮૦૦ | - | - | - | ૧૯૭૫૦ | ૧૦૩૯.૪૭ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૨૦ (૧૦૦.૦૦) | - | ૫૧૦૦ | ૪૦૫૦ | ૨૩૯૦૦ | - | ૪૦૦૦ | - | ૩૭૦૫૦ | ૧૮૫૨.૫૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૧૭ (૮૫.૦૦) | ૩ (૧૫.૦૦) | ૩૨૦૦ | ૬૨૫૦ | ૧૨૯૦૦ | ૩૩૦૦ | ૧૦૦૦ | - | ૨૬૬૫૦ | ૧૩૩૨.૫૦ |
| | કુલ | ૧૬૦ | ૧૩૦ (૧.૨૫) | ૩૦ (૧૮.૭૫) | ૨૩૮૫૦ (૧૮૩.૪૬) | ૩૪૨૮૦ (૨૬૩.૬૯) | ૭૩૦૧૦ (૫૬૧.૬૨) | ૪૨૨૦૦ (૩૨૪.૬૨) | ૫૦૦૦ (૩૮.૪૬) | ૬૧૦ (૪૬.૯૨) | ૧૮૪૪૪૦ (૧૪૧૮.૭૭) | |

## હેતુવાર દેવું

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ખેતીકામ | પશુ ખરીદી | સામાજિક અને જીવન - જરૂરિયા ચીજવસ્તુઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૬૬૫૦ (૯૯૭.૪૧) | ૭૫૦૦ (૪૪૧.૧૭) | ૪૪૦૦ (૨૫૮.૮૨) | ૨૮૫૫૦ (૧૬૭૯.૪૧) |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૯૨૧૦ (૫૧૧.૬૬) | ૧૧૪૧૦ (૬૩૩.૮૮) | ૧૫૦૦ (૮૩.૩૩) | ૨૨૧૨૦ (૧૨૨૮.૮૯) |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૨૬૪૭૦ (૨૪૦૬.૩૬) | - | ૪૦૦ (૩૬.૩૬) | ૨૬૮૭૦ (૨૪૪૨.૭૩) |
| ૪. | | ધરોળા (૧૦) | ૩૦૦૦ (૩૭૫.૦૦) | - | ૨૬૦૦ (૩૨૫.૦૦) | ૫૬૦૦ (૭૦૦.૦૦) |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૫૭૦૦ (૨૮૫.૦૦) | ૧૧૯૦૦ (૫૯૫.૦૦) | ૨૫૦ (૧૨.૫૦) | ૧૭૮૫૦ (૮૯૨.૫૦) |
| ૬. | | ગરબાડા (૨૦) | ૬૫૫૦ (૩૪૪.૭૩) | ૧૦૮૦૦ (૫૬૮.૪૨) | ૨૪૦૦ (૧૨૬.૩૧) | ૧૯૭૫૦ (૧૦૩૯.૪૭) |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૪૦૫૦ (૨૦૨.૫૦) | ૨૩૯૦૦ (૧૧૯૫.૦૦) | ૯૧૦૦ (૪૫૫.૦૦) | ૩૭૦૫૦ (૧૮૫૨.૫૦) |
| ૮. | | કંબોઈ (૨૦) | ૯૧૫૦ (૫૩૮.૨૩) | ૧૨૯૦૦ (૭૫૮.૮૨) | ૪૬૦૦ (૨૭૦.૫૮) | ૨૬૬૫૦ (૧૩૩૨.૫૦) |
| | કુલ | ૧૬૦ | ૮૦૭૮૦ (૬૨૧.૩૮) | ૭૮૪૧૦ (૬૦૩.૧૫) | ૨૫૨૫૦ (૧૯૪.૨૩) | ૧૮૪૪૪૦ (૧૪૧૮.૭૭) |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા કુટુંબદીઠ (દેવાદાર) દેવું સૂચવે છે.

ઉપર પ્રમાણે જુદા જુદા કોઠાઓના વર્ગીકરણ પરથી આવક - ખર્ચ - દેવા વિષયક પરિસ્થિતિનો ચિતાર મેળવ્યા પછી નમૂનાના સભાસદ કુટુંબો પાસેથી અસ્કયામતનો ખ્યાલ મેળવીએ.

**અસ્કયામત :**

કોઈ સમાજ હોય ચાહે તે આદિવાસી હોય કે પછી બિનઆદિવાસી હોય, તેની આર્થિક સંરચનાને સમજવા માટે તેઓ પોતાની કઈ કઈ વસ્તુઓને પોતાની અસ્કયામત તરીકે ગણાવે છે તે સમજવું આવશ્યક છે. દરેક સમાજમાં તે આદિમ હોય, કૃષિપ્રધાન હોય કે ઔદ્યોગિક હોય તેમની અર્થવ્યવસ્થા હોય છે અને આ અર્થવ્યવસ્થામાં મિલકતની ધારણા મહત્વપૂર્ણ રહે છે. મનુષ્ય પોતાની આવશ્યકતાઓની પૂર્તિ જે સાધનો દ્વારા કરે છે તેને તે મિલકતમાં સામેલ કરે છે. અહીં આપણે અસ્કયામતનો અર્થ બે પ્રકારે ગણીએ છીએ. એક સ્થાવર અને બીજી જંગમ મિલકત. સ્થાવર મિલકતમાં પ્રાકૃતિક તથા માનવ સર્જીત અચલ વસ્તુઓનો સમાવેશ થાય છે. જેમાં પશુધન, ખેતી-ઓજારો, ઘરેણા જેવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. જેનોઉલ્લેખ કોઠા નં.૨૦ અને ૨૧ માં કર્યો છે. તે જોવાથી કુટુંબોની અસ્કયામતમાં કયા સાધનો કેટલા પ્રમાણમાં હોય છે તે જોઈ શકાય છે.

નમૂનાના સભાસદ કુટુંબો પાસેની મિલકત જોતાં સ્પષ્ટ થાય છે કે દરેક કુટુંબો પાસે એક સરખી મિલકત હોતી નથી. અહીં દરેક ગામવાર માલિકીના સાધનોની સંખ્યા જોઈએ તો સરેરાશ એક સરખુ સંખ્યા જોવા મળતી હતી. પરંતુ કુલ કુટુંબોની તુલનામાં જોઈએ તો સરેરાશ કુટુંબદીઠ સાધન સંખ્યા એકની પણ ન હતી. સરેરાશ બે કુટુંબ વચ્ચે એક સાધન ગણાવી શકાય. તેટલા જ સાધનો આ કુટુંબો પાસે હતા. સંતરામપુર તાલુકાના કુલ ૪૦ કુટુંબોની સરખામણીએ સરેરાશ પની સંખ્યા થતી હતી, કારણકે ગોધર ગામના કુટુંબોનો સમાવેશ આદિવાસીમાં નહીં પણ બક્ષી કમિશને સૂચવેલ જાતિના હતાં.

અહીં ખેતીના સૌથી વિશેષ ઉપયોગી સાધનોની સંખ્યા જોતાં કહી શકાય કે આ સાધનો ઘણા અપૂરતા ગણી શકાય. સિંચાઈ માટેના સાધનો પણ અપૂરતા હતાં. અહીં અસ્કયામતના સાધનો રૂપે ખેતીના ઓજારો, કૂવા, ઈલે.મોટર, ઓઈલએન્જિનની વિગતો કોઠા-૨૦ માં જોયા પછી તેમની પાસેના પશુધન, ઘર અને ઝાડની અસ્કયામત વિશે જોઈશું.

## વિસ્તાર પ્રમાણે નમૂનાના કુટુંબો પાસે ખેતીના સાધનોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | હળ | કરબ | સમાર | ગાડું | કુવો | | ઓઈલ એન્જિન | ઈલે. મોટર | કોંશ | રહેંટ | કુલ | સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કાચો | પાકો | | | | | | |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૧ | ૧૫ | ૨૦ | - | ૫ | ૧૧ | ૪ | ૨ | ૭ | - | ૮૫ | ૪ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૨૧ | ૧૫ | ૧૮ | ૩ | ૩ | ૧૦ | ૩ | - | ૧૦ | - | ૭૩ | ૪ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૪૬ | ૩૮ | ૩૧ | ૯ | ૮ | ૧૯ | ૯ | ૭ | ૩ | ૨ | ૧૭૨ | ૬ |
| ૪. | | ધરોળા (૧૦) | ૧૧ | ૮ | ૧૦ | ૧ | ૧ | ૬ | ૨ | - | ૫ | - | ૪૪ | ૪ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૪૩ | ૩ | ૨૦ | ૬ | ૫ | ૩ | - | - | ૭ | - | ૮૭ | ૪ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૩૮ | ૩ | ૨૦ | ૭ | ૩ | ૧ | - | - | ૪ | - | ૭૬ | ૪ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૩૧ | ૧૪ | ૧૯ | ૨ | ૩ | ૩ | - | - | ૭ | - | ૭૯ | ૪ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૩૯ | ૩ | ૨૦ | ૩ | ૭ | ૩ | ૧ | - | ૧ | - | ૭૭ | ૪ |
| | કુલ | ૧૬૦ | ૨૫૦ | ૯૯ | ૧૫૮ | ૩૧ | ૩૫ | ૫૬ | ૧૯ | ૯ | ૪૪ | ૨ | ૭૦૩ | ૪ |

**પશુધન :**

આગળ ઉપર અસ્કયામત રૂપે ખેત સાધનોની વિગતો કોઠા નં.૨૦માં જોયા પછી પશુધનની વિગતો, ઘરની સંખ્યા અને ઝાડની સંખ્યા વિષે જોઈશું. તેના માટે કોઠા નં.૨૧ જોવાથી વધુ ખ્યાલ આવે છે. જેનો અભ્યાસ ખૂબજ ઉપયોગી નીવડશે.

કોઠામાં દર્શાવ્યા મુજબ ગામવાર પશુધનની વિગત જોઈએ તો કુટુંબદીઠ પશુધનની સંખ્યા અનુક્રમે ૫, ૯, ૮, ૫, ૮, ૭, ૯ અને ૧૪ની હતી. જેમાં ખેતી માટે ઉપયોગી એવા બળદની સંખ્યા સૌથી વિશેષ હતી. જયારે દૂધાળા પશુઓની સંખ્યા કુલ કુટુંબદીઠ (૧૬૦ કુટુંબોના સંદર્ભમાં) સરેરાશ ગાય-૧, દૂધ આપતી અને ટૂંકાગાળામાં દૂધ આપી શકે તેવા દૂધાળા ઢોરની સંખ્યા-૨ અને બકરાંની સંખ્યા-૩ની સરેરાશ હતી. જયારે દરેક કુટુંબ પાસે સરેરાશ મરઘાંની સંખ્યા કુટુંબદીઠ ૩ની હતી.

એજ રીતે દરેક કુટુંબ પાસે એક-એક રહેવા લાયક ઘર પણ હતું. દરેક કુટુંબ પાસે પોતાની માલિકીના ઝાડ- આંબા, મહુડા અને સાગ હતાં. જેની અનુક્રમે ગામદીઠ કુટુંબદીઠ સરેરાશ સંખ્યા ૩, ૪, ૮, ૪, ૩, ૪, ૩ અને ૨૪ની સંખ્યામાં ઝાડ હતાં. નમૂનાના વિસ્તારમાંથી લીમખેડા તાલુકાના કંબોઈ ગામમાં સભાસદ કુટુંબો પાસે સૌથી વિશેષ સાગનાં ઝાડ હતાં.

પસંદ થયેલ નમૂનાના વિસ્તારમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદોને આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ૧૨-૧૦-૭૭ના રોજ માજી માનનીય વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈના વરદ્હસ્તે આદિવાસી વિસ્તારના આદિજાતિ સભાસદોને વ્યાજ રાહત યોજના હેઠળ જુદી જુદી ઉત્પાદન પ્રવૃત્તિઓ માટે લોન વિતરણના શુભારંભ પછી આ વિસ્તારમાં ઉત્પાદકીય પ્રવૃત્તિઓ જેવી કે દૂધાળાં ઢોર, બળદ / પાડા બળદગાડા, મરઘાં ઉછેર તથા મત્સ્ય ઉદ્યોગ માટે પૂરી પાડવામાં આવેલ સહાય દ્વારા આ જિલ્લાની ચારે તાલુકાની દૂધ મંડળીઓને દૂધાળા ઢોર પૂરા પાડવામાં વ્યા છે. જેથી દરેક કુટુંબ પાસે ભેંસો હતી. કેટલાક કુટુંબો પાસે પોતાની ઉછરેલી ભેંસો પણ હતી. દરેક સભાસદ પાસેની પશુધનની અસ્કયામત પણ સારી હતી. તેનો વિગતે ખ્યાલ કોઠો-૨૧ જોવાથી આવશે.

અહીં અસ્કયામતના રૂપે ઘર, ઝાડની સંખ્યા, પશુધન - ખેત ઓજારોની વિગતો જોયા પછી તેની કિંમતના રૂપે અસ્કયામત જોઈશું. જે અંગે કોઠો-૨૨ જોવાથી ઊંડાણપૂર્વક ખ્યાલ આવશે.

## વિસ્તાર પ્રમાણે ઘરની/ઝાડની સંખ્યા અને પશુધનની વિગતો દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ઘરની સંખ્યા | ઝાડની સંખ્યા | ગાય | ભેંસ | પાડી | બકરા | બળદ | વાછરડાં | વાછરડી | પાડા | મરઘાં | કુલ | સરેરાશ પશુધન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૨ | ૫૯ | ૧૧ | ૨૭ | ૧ | ૧૭ | ૪૩ | ૬ | ૧ | - | ૪૪ | | |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૨૦ | ૮૪ | ૩૧ | ૨૩ | ૭ | ૪૯ | ૩૪ | ૩૬ | ૧૬ | ૧ | ૧ | | |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૧ | ૨૨૭ | ૫ | ૭૦ | ૮ | ૫૧ | ૬૦ | ૬ | ૧ | ૧ | ૧૬૭ | | |
| ૪. | | ધરોળા (૧૦) | ૧૦ | ૪૦ | ૧૧ | ૧૫ | ૫ | ૪૯ | ૧૮ | ૪ | ૨ | - | ૯ | | |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૦ | ૫૦ | ૨૩ | ૨૨ | ૧૩ | ૫૦ | ૪૦ | ૨૧ | ૮ | ૨ | - | | |
| ૬. | | ગરબાડા (૨૦) | ૨૧ | ૮૯ | ૯ | ૨૪ | ૧૨ | ૩૪ | ૪૫ | ૫ | ૪ | ૫ | ૧૨૨ | | |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૨૦ | ૭૦ | ૧૯ | ૨૩ | ૧૦ | ૭૮ | ૩૯ | ૩ | ૧૪ | - | ૮૧ | | |
| ૮. | | કંબોઈ (૨૦) | ૨૦ | ૪૯૨ | ૩૪ | ૩૮ | ૧૯ | ૭૮ | ૫૭ | ૨૨ | ૧૮ | ૪ | ૨૨ | | |
| | કુલ | ૧૬૦ | ૧૬૪ | ૧૧૧૧ | ૧૪૩ | ૨૪૨ | ૧૧૫ | ૪૦૬ | ૩૩૬ | ૭૩ | ૬૭ | ૧૩ | ૪૫૧ | | |

**અસ્કયામતની કિંમત :**

પસંદ થયેલ નમૂનાના સભાસદ કુટુંબોની જમીન, ઘર, ઝાડ, પશુધન, ખેતીના સાધનો, ઘરવખરી, ફર્નિચર, સોના-ચાંદીના ઘરેણાં અને શેર અનામત મળીને કુલ કુટુંબદીઠ રૂા.૪૧૫૦.૩૧ ની હતી.

વિસ્તાર પ્રમાણે ગામવાર અસ્કયામત જોઈએ તો સંજેલી ગામની કુટુંબદીઠ સરેરાશ અસ્કયામત બધા સાધનોની રૂા.૨૧૮૬૮.૦૦ની હતી. કલજીની સરસવાણી ગામની કુટુંબદીઠ કુલ અસ્કયામત રૂા.૨૧૨૫૨.૫૦ ની હતી. જયારે ગોધર ગામની કુલ અસ્કયામત ૩૮૩૫૪.૬૭ રૂા.ની હતી. આ ગામના ખેડૂતો પાસેના અસ્કયામતના સાધનો તપાસના બીજા વિસ્તારો કરતાં વિશેષ હતાં. ધરોળા ગામની કુટુંબદીઠ અસ્કયામત ૧૮૭૩૪.૫૦ રૂા.ની હતી. ટૂંકીવજુ ગામની કુટુંબદીઠ અસ્કયામત ૧૯૫૮૯.૭૫ રૂા.ની હતી. ગરબાડા ગામની કુલ કુટુંબદીઠ અસ્કયામત ૧૮૭૫૭.૨૫ રૂા.ની હતી. પાડલિયા ગામની કુલ કુટુંબદીઠ અસ્કયામત ૧૬૪૫૫.૫૦ રૂા.ની હતી. જયારે કંબોઈ ગામની કુટુંબદીઠ અસ્કયામત ૨૮૩૮૦.૦૦ રૂા.ની હતી. આ ગામમાં દરેક સભાસદો પાસેના સાગના ઝાડ હતા અને અત્યારની આની સરેરાશ કિંમતના સંદર્ભમાં કુટુંબદીઠ અસ્કયામત વધારે જોવા મળી હતી.

અહીં તપાસના ચાર તાલુકાના આઠે ગામની જમીનની અસ્કયામતની કિંમત સ્થાનિક જમીનના ભાવોને લક્ષમાં રાખીને આકારવામાં આવી હતી. તે પ્રમાણે ભાવો આંકીને કુલ જમીનની કિંમત દર્શાવી છે.

કુલ તપાસેલ નમૂનાના કુટુંબોની સાધનવાર અસ્કયામતનું પ્રમાણ જોઈએ તો ૧૬૦ કુટુંબના સંદર્ભમાં દરેક કુટુંબદીઠ જમીનની અસ્કયામત ૭૫૮૫.૦૦ રૂા.ની, ઘરની કિંમત આકારણીની દ્રષ્ટિએ ૪૩૯૬.૨૫ રૂા.ની, ઝાડની સરેરાશ કિંમત પરથી કુટુંબદીઠ ૧૩૬૯.૬૩ રૂા.ની, પશુધન ૬૦૭૬.૧૩ રૂા.નું ખેતીના સાધનો રૂપે ૨૭૨૯.૭૨ રૂા.ની કુટુંબદીઠ ઘરવખરીના સાધનોની ૪૩૦.૧૯ રૂા.ની, ફર્નિચર ૬૨૫.૭૮ રૂા. ઘરેણાંની અસ્કયામત ૯૨૭.૫૦ રૂા.ની અને શેર અનામત કુટુંબદીઠ ૧૦૧૩ રૂા.ના અસ્કયામત રૂપે હતાં.

નમૂનાના કુટંબોની વિસ્તારવાર, ગામવાર અને સાધનવાર કુટુંબદીઠ સરેરાશ અસ્કયામતનો ખ્યાલ કોઠા નં.૨૨માં દર્શાવવામાં આવ્યો છે. કુટુંબદીઠ અસ્કયામતનો વિગતે ખ્યાલ મેળવવા કોઠાનો અભ્યાસ અહીં જરૂરી બને છે.

# વિસ્તારવાર અસ્કયામતની કિંમત દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | જમીન | ઘર | ઝાડ | પશુધન | ખેતીના સાધનો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૧૧૦૦૦ (૫૫૫૦.૦૦) | ૭૩૨૦૦ (૩૬૬૦.૦૦) | ૧૫૦૦૦ (૭૫૦.૦૦) | ૧૦૭૮૩૦ (૫૭૯૧.૫૦) | ૮૬૦૬૫ (૪૩૦૩.૨૫) |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૧૧૮૦૦ (૫૫૯૦.૦૦) | ૮૯૭૦૦ (૪૪૮૫.૦૦) | ૨૧૦૦૦ (૧૦૫૦.૦૦) | ૧૧૦૪૭૦ (૫૫૨૩.૫૦) | ૬૦૧૪૫ (૩૦૦૭.૨૫) |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૭૭૭૦૦ (૧૨૫૯૦.૦૦) | ૨૩૮૦૦૦ (૭૯૩૨.૩૩) | ૬૬૮૫૦ (૨૨૨૮.૩૩) | ૨૦૫૧૪૦ (૬૮૩૮.૦૦) | ૧૭૩૨૩૦ (૫૭૭૪.૩૩) |
| ૪. | | ધરોળા (૧૦) | ૫૫૪૦૦ (૫૫૪૦.૦૦) | ૩૩૧૦૦ (૩૩૧૦.૦૦) | ૬૯૪૦ (૬૯૪.૦૦) | ૫૫૬૮૦ (૫૫૬૮.૦૦) | ૨૬૨૫૦ (૨૬૨૫.૦૦) |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૧૩૨૨૦૦ (૬૬૧૦.૦૦) | ૬૫૦૦૦ (૩૨૫૦.૦૦) | ૧૨૦૦૦ (૬૦૦.૦૦) | ૧૧૩૭૦૦ (૫૬૮૫.૦૦) | ૩૦૨૦૦ (૧૫૧૦.૦૦) |
| ૬. | | ગરબાડા (૨૦) | ૧૦૭૦૦૦ (૫૩૫૦.૦૦) | ૭૯૩૦૦ (૩૯૬૬.૦૦) | ૨૩૩૦૦ (૧૧૬૫.૦૦) | ૧૦૮૫૯૦ (૫૪૨૯.૫૦) | ૧૯૩૮૦ (૯૬૯.૦૦) |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૧૧૫૦૦ (૫૫૭૫.૦૦) | ૪૮૪૦૦ (૨૪૨૦.૦૦) | ૧૮૩૦૦ (૯૬૫.૦૦) | ૧૦૮૧૧૦ (૫૪૦૫.૫૦) | ૧૬૫૮૦ (૮૨૯.૦૦) |
| ૮. | | કંબોઈ (૨૦) | ૨૦૭૦૦૦ (૧૦૩૫.૦૦) | ૭૬૭૦૦ (૩૮૩૫.૦૦) | ૫૪૭૫૦ (૨૭૩૭.૫૦) | ૧૬૨૬૬૦ (૮૧૩૩.૦૦) | ૨૪૯૫૦ (૧૨૪૫.૨૫) |
| | કુલ | ૧૬૦ | ૧૨૧૩૬૦૦ (૭૫૮૫.૦૦) | ૭૦૩૪૦૦ (૪૩૯૬.૨૫) | ૨૧૯૧૪૦ (૧૩૬૯.૬૩) | ૯૭૨૧૮૦ (૬૦૭૬.૧૩) | ૪૩૬૭૫૫ (૨૭૨૯.૭૨) |

## વિસ્તારવાર અસ્કયામતની કિંમત દર્શાવતો કોઠો (ચાલુ....)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ઘરવખરી | ફર્નિચર | સોન-ચાંદી દાગીના | શેર અનામત | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૭૮૨૫ (૩૯૧.૨૫) | ૮૭૦૦ (૪૩૫.૦૦) | ૨૭૬૦૦ (૧૩૮૦.૦૦) | ૧૪૦ (૭.૦૦) | ૪૩૭૩૬૦ (૨૧૮૬૮.૦૦) |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૮૨૦૦ (૪૧૭.૦૦) | ૯૨૫૫ (૪૬૨.૭૫) | ૧૪૧૫૦ (૭૦૭.૫૦) | ૩૩૦ (૧૬.૫૦) | ૪૨૫૦૫૦ (૨૧૨૫૨.૫૦) |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૧૮૨૭૦ (૬૦૯.૦૦) | ૩૨૧૨૦ (૧૦૭૦.૬૭) | ૩૯૦૦૦ (૧૩૦૦.૦૦) | ૩૩૦ (૧૧.૦૦) | ૧૧૫૦૬૪૦ (૩૮૩૫૪.૬૭) |
| ૪. | | ધરોળા (૧૦) | ૩૪૪૫ (૩૪૪.૫૯) | ૩૧૮૦ (૩૧૮.૦૦) | ૩૩૫૦ (૩૩૫.૦૦) | - - | ૧૮૭૩૪૫ (૧૮૭૩૪.૫૦) |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૮૨૦૦ (૪૧૨.૦૦) | ૧૦૯૭૫ (૬૦૭.૭૫) | ૧૮૨૦૦ (૯૦૫.૦૦) | ૨૦૦ (૧૦.૦૦) | ૩૭૫૧૪૫ (૧૯૫૮૯.૭૫) |
| ૬. | | ગરબાડા (૨૦) | ૮૨૦૦ (૪૧૦.૦૦) | ૧૦૯૭૫ (૫૪૮.૭૫) | ૧૮૨૦૦ (૯૧૦.૦૦) | ૨૦૦ (૧૦.૦૦) | ૩૭૫૧૪૫ (૧૮૭૫૭.૫૦) |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૩૩૮૦ (૩૧૯.૦૦) | ૧૦૫૪૦ ((૫૨૭.૦૦) | ૮૧૦૦ (૪૯૫.૦૦) | ૨૦૦ (૧૦.૦૦) | ૩૨૯૧૧૦ (૧૬૪૫૫.૫૦) |
| ૮. | | કંબોઈ (૨૦) | ૮૨૭૦ (૪૧૩.૫૦) | ૧૩૨૦૦ (૬૬૦.૦૦) | ૧૯૯૦૦ (૯૯૫.૦૦) | ૨૨૦ (૧૧.૦૦) | ૫૬૭૬૦૦ (૨૮૩૮૦.૦૦) |
| | કુલ | ૧૬૦ | ૬૮૮૩૦ (૪૩૦.૧૯) | ૧૦૦૧૨૫ (૬૨૫.૭૮) | ૧૪૮૪૦૦ (૯૨૭.૫૦) | ૧૬૨૦ (૧૦.૧૩) | ૩૮૬૪૦૫૦ (૨૪૧૫૦.૩૧) |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા કુટુંબદીઠસ્કયામત દર્શાવે છે.

અહીં આગળ ઉપર પસંદ થયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના નમૂનાના સભાસદ કુટુંબોની વિસ્તાર પ્રમાણે તેમની સામાન્ય માહિતી, આર્થિક પાસાં અંગેનો ચિતાર મેળવ્યા પછી તેમની પાસેથી મંડળીને લગતી માહિતી મેળવી હતી. તેમને પૂછવામાં આવેલા પૂરક પ્રશ્નોના પ્રત્યુત્તરોને જુદા જુદા પ્રશ્નો પ્રમાણેવિસ્તારવાર જુદા જુદા કોઠાઓમાં દર્શાવ્યાં છે. જેના માટે કોઠા નં.૨૩-અ, ૨૩-બ, ૨૩-ક, ૨૩-ડ અને ૨૩-ઈનો અભ્યાસ કરવાથી વિગતવાર ખ્યાલ મેળવી શકાશે.

આ દરેક કોઠાઓમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદ થવાથી માંડીને મંડળી દ્વારા મળેલ સવલતોની દરેક પ્રકારની છણાવટ કરી છે. દરેક પૂરક પ્રશ્નોના પ્રત્યુત્તરની નોંધ કુટુંબ સંખ્યા દર્શાવીને કરી છે.

કોઠા નં.૨૩-અ માં પસંદ પામેલ વિસ્તારના નમૂનાના કુટુંબોમાંથી કેટલા સભાસદો હતાં. તેમની પાસે દૂધાળા ઢોરની સંખ્યા અને કયા પશુ પાળવા ગમે તેની વિગતો દર્શાવી છે. કુલ કુટુંબોમાંથી ૧૨૯ સભાસદ, ૩૧ બિનસભાસદ હતા. તેમની પાસે ૧૧૨ દૂધાળી ગાય જે ઘરની ઉછેરેલી હતી અને ૨૨૬ ભેંસ દૂધાળી હતી. જેમાંથી ૮૪ ભેંસ લોનની મળી હતી. તેમને કયાં પશુ પાળવા વધુ ગમે તે પૂછતાં દરેકે ભેંસ પ્રત્યે વધુ ઝોક આપી હતી. સાથે સાથે ગાયની પણ પસંદગી કરી હતી. દરેક સભાસદ ભેંસ વેતરે આવતા ગામના ખાનગી પાડાથી ઢોર બંધાવતા હતા. કૃત્રિમ વીર્યદાનથી આજ સુધી એકપણ ઢોર બંધાયું નથી. આ વિસ્તારમાં ડેરી સંઘ દ્વારા ઓરમાયું વર્તન રખાતું હોય તેવું ભાસે છે.

નમૂનાના કુટુંબોમાંથી ૮૧ સભાસદોને જ ઘાસચારાની પૂરતી વ્યવસ્થા મળતી હતી. બાકીના ૭૯ કુટુંબો, ખેતી, જંગલ, લીલો (ઝાડનો) પાલો અને ઘાસ ખોદીને પશુને ચારો પૂરો પાડતાં હતાં. કુલ કુટુંબોમાંથી પશુ ઉછેર માત્ર ૧ કુટુંબ જ માણસ રાખીને કરાવતું હતું. મંડળી દ્વારા ભેંસ મળી છે કે નહિ તે જોતાં ૮૪ સભાસદોને મંડળી દ્વારા ભેંસ મળી હતી. તેમને કુલ ૧૮૪૫૦૦ રૂા.ની લોન મંજૂર કરીને ૫૦ ટકા પ્રમાણે સબસીડી ૮૩૬૫૦ રૂા.ની મળી હતી. તે પણ ૫૦ ટકાના ધોરણે ૮૪ સભાસદોને રૂા. ૮૬૦૦ ઓછા પ્રાપ્ત થયા છે.

ભેંસ ભળવાથી આવકમાં ફેર પડ્યો કે નહિ તે પૂછતાં કુલ ૧૫૯ સભાસદોએ તેનો પ્રત્યુત્તર ''હા'' માં આપ્યો હતો. પરંતુ તેની સાથે ખર્ચ પણ એટલું જ વધ્યું હતું. તેમને ભેંસની કાળજી વિષેની કોઈ તાલીમ પણ લીધી ન હતી. કેટલીક બંધ મંડળીવાળા ગામોમાંથી પ્રવાસ ખેડ્યો હતો. માત્ર ૪ કુટુંબો જ એવા હતા કે જેમને ભેંસો પ્રત્યે કાળજી રાખવા તાલીમની જરૂરિયાત ન હતી. દૂધ મંડળીને વેચો છો ? તેના જવાબમાં માત્ર ૭૮ કુટુંબો જ દૂધ મંડળીમાં દૂધ ભરતા હતા. તે પણ લીટરથી દોઢ લીટર જ દૂધ ભરતા. આ લોકો માત્ર નામનું કહેવડાવા પૂરતું જ (કે અમો દૂધ મંડળીમાં

દૂધ ભરીએ છીએ) મંડળીમાં દૂધ ભરતા. આ દરેક સભાસદ કુટુંબો નજીકના સ્થળે સંતરામપુર, ઝાલોદ અને દાહોદ મુકામે છૂટક, વેપારીને અને ગ્રાહકોને વેચી દેતા. જેમને દૂધ મંડળીના ભાવ કરતાં દોઢ ગણા ભાવ અને મરજી મુજબ ભેળસેળ કરી વેચી શકતા. બે લીટર દૂધ હોય તો તેનું ત્રણ લીટર કરી શકતા. કંબોઈ જેવા મોટા ગામોમાં કેટલાકખાનગી વેપારીઓ દ્વારા દૂધ એકઠું કરાવવામાં આવતું અને દાહોદ કે લીમખેડા લઈ જવાતું હતું. દૂધ મંડળીમાં દૂધ ભરનાર સભાસદોને બધી મળીને કુલ આવક સરેરાશ ૨૪૦.૯૪ રૂા.ની થતી હતી.

દૂધ ઘરમાં વાપરો છો ? આ પ્રશ્નના જવાબમાં ૧૫૩ કુટુંબોએ હા માં જવાબ આપ્યો હતો અને કહેતા પણ ખરા દૂધ મંડળી દ્વારા ભેંસ મળવાથી ભલે મંડળીમાં દૂધ ભરી ન શકાય પરંતુ ચોખ્ખા ઘી, દૂધ, છાશ તો ખાવા મળે છે, કારણ કે દરેક સભાસદ કુટુંબ ઘેર ઘી પણ બનાવતા. જેમાંથી ૯૭ કુટુંબો ઘી (વધારાનું) વેચીને પૂરક આવક મેળવતા તેમને કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ૭૬.૧૩ રૂા.ની ઘીની આવક પ્રાપ્ત થતી હતી.

મંડળી દ્વારા પશુખાણ માટે દાણની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. માત્ર નમૂનાની આઠ મંડળીમાંથી ૩ મંડળી જ આ માટે પ્રયત્ન કરેલ, પરંતુ લાભ લેનારની સંખ્યા ખૂબજ ઓછી રહેતી. એ પણ હકીકત છે કે આ વિસ્તારમાં એક તો અછતની પરિસ્થિતિ હોય, ઘાસચારાની ઉણપ હોય અને આર્થિક સ્થિતિ પણ સારી ન હોય તો ખાણ-દાણનો લાભ કયાંથી લઈ શકે ? ઘરમાં પોતાને ખાવા પૂરતું અન્ન ન હોય તો ભેંસોને તો કયાંથી ખવડાવવાના. આ કારણોથી સ્વભાવિક છે કે દૂધનું ઉત્પાદન ઓછું જ રહે અને જોઈએ તેટલું વળતર મેળવી ન શકાય.

ઉપરોક્ત કેટલાક પ્રશ્નો સિવાય મંડળી માટે ભેંસોની કાળજી ઉપરાંત તેની પસંદગી, ભેંસોની વધેલી આવકનો ઉપયોગ, ગાય, ભેંસ, બળદ પાળવાથી થતા કેટલાક લાભોની ચર્ચા-વિચારણા દ્વારા મેળવેલ માહિતીની રજૂઆત અત્રે કરી છે તે જોઈએ.

## પૂરક પ્રશ્નો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | સભાસદ | બિન-સભાસદ | દૂધાળા ઢોરની સંખ્યા | | | કયાં પશુ પાળવા ગમે | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ગાય | ભેંસ | કુલ | ગાય | ભેંસ | બળદ |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૧૪ | ૬ | ૧૧ | ૨૭ | ૩૮ | ૧૩ | ૨૦ | ૪ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૧૫ | ૫ | ૨૫ | ૨૧ | ૪૬ | ૧૯ | ૧૯ | ૨ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૦ | - | ૪ | ૬૩ | ૬૭ | ૨ | ૩૦ | ૮ |
| ૪. | | ધરોળા (૧૦) | - | ૧૦ | ૧૦ | ૧૪ | ૨૪ | ૭ | ૧૦ | ૧ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૦ | - | ૧૭ | ૨૩ | ૪૦ | ૧૧ | ૨૦ | ૫ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૧૩ | ૭ | ૮ | ૨૨ | ૩૦ | ૧૮ | ૨૦ | ૪ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૭ | ૩ | ૧૫ | ૨૩ | ૩૮ | ૧૭ | ૧૮ | ૨ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૨૦ | - | ૨૨ | ૩૩ | ૫૫ | ૧૯ | ૨૦ | ૭ |
| | કુલ | ૧૬૦ | ૧૨૯ | ૩૧ | ૧૧૨ | ૨૨૬ | 338 | 106 | 157 | 33 |

## પૂરક પ્રશ્નો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | કૃત્રિમ વીર્યદાનથી ઢોર બંધાવો છો | | પૂરતું ઘામ મળે છે | | પશુ ઉછેર | | મંડળી દ્વારા ભેંસ મળી છે. | | 'હા' તો લોન કેટલી મળી (રૂ.માં) | સબસીડી કેટલી મળી (રૂ.માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના | જાતે | માણસ રાખીને | હા | ના | | |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | - | ૨૦ | ૧ | ૪ | ૨૦ | - | ૧૨ | ૮ | ૨૮૫૫૦ | ૧૧૬૦૦ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | - | ૨૦ | ૬ | ૧૪ | ૨૦ | - | ૧૨ | ૮ | ૨૧૯૦૦ | ૧૦૯૦૦ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | - | ૩૦ | ૨૧ | ૯ | ૩૦ | - | - | ૩૦ | - | - |
| ૪. | | ધરોળા (૧૦) | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | - | ૧૦ | - | - |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | - | ૨૦ | ૫ | ૧૫ | ૨૦ | - | ૨૦ | - | ૪૩૫૦૦ | ૨૧૭૫૦ |
| ૬. | | ગરબાડા (૨૦) | - | ૨૦ | ૨ | ૧૮ | ૨૦ | - | ૧૦ | ૧૦ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | - | ૨૦ | ૧૩ | ૭ | ૨૦ | - | ૧૭ | ૩ | ૪૧૭૦૦ | ૧૭૦૦૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | - | ૨૦ | ૧૮ | ૨ | ૧૯ | ૧ | ૧૩ | ૭ | ૨૮૮૫૦ | ૧૨૪૦૦ |
| | કુલ | ૧૬૦ | - | ૧૬૦ | ૮૧ | ૭૯ | ૧૫૯ | ૧ | ૮૪ | ૭૬ | ૧૮૪૫૦૦ | ૮૩૬૫૦ |

## પૂરક પ્રશ્નો

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ભેંસ મળવાથી આવકમાં શું ફેર પડ્યો | | | ભેંસો પ્રત્યે કાળજી રાખવા તાલીમની જરૂરિયાત | | દૂધ મંડળીને વેચો છો ? | | 'ના' તો કોને | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | આવક વધી | આવક ઘટી | ખર્ચ વધ્યું | હા | ના | હા | ના | વેપારી | નજીકના સ્થળે | છૂટક ગ્રાહકોને |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૦ | - | ૧૦ | ૨૦ | - | ૧૬ | ૪ | ૨ | ૧ | ૧૭ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૨૦ | - | ૨૦ | ૧૮ | ૨ | ૧૬ | ૪ | - | - | ૨૦ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૦ | - | ૩૦ | ૩૦ | - | - | ૩૦ | - | - | ૩૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૧૦ | - | ૧૦ | ૯ | ૧ | ૧ | ૯ | - | - | ૭ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | ૧૯ | ૧ | - | ૨૦ | - |
| ૬. | | ગરબાડા (૨૦) | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | ૧૧ | ૯ | - | ૧૦ | ૧૦ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૧૯ | - | ૧૯ | ૧૯ | ૧ | - | ૧૯ | ૧૮ | - | ૧૮ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | ૧૫ | ૫ | ૧૭ | - | ૩ |
| | કુલ | ૧૬૦ | ૧૫૯ | - | ૧૫૯ | ૧૫૬ | ૪ | ૭૮ | ૮૧ | ૩૭ | ૩૧ | ૧૦૫ |

નોંધ : સભાસદની ભેંસ મળ્યા પછી થોડા દિવસમાં ભેંસ મરી જવાથી ગણતરીમાં લીધેલ નથી.

પૂરક પ્રશ્નો ચાલુ...

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | દૂધની માસિક આવક | દૂધ ઘરમાં વાપરો છો ? | | ઘી બનાવો છો ? | | 'હા' તો વેચો છો ? | | ઘીની માસીક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | હા | ના | |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૧૧૧૦ | ૧૯ | ૧ | ૧૦ | ૧૦ | ૫ | ૫ | ૨૬૦ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૩૧૦૦ | ૧૯ | ૧ | ૧૧ | ૯ | ૭ | ૪ | ૬૮૫ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૩૧૯૫ | ૩૦ | - | ૩૦ | - | ૨૯ | ૧ | ૨૬૨૦ |
| ૪. | | ધરોળા (૧૦) | ૯૦૦ | ૧૦ | - | ૮ | ૨ | ૩ | ૫ | ૧૪૦ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ૨૫૧૫ | ૧૯ | ૧ | ૧૭ | ૩ | ૯ | ૮ | ૬૬૫ |
| ૬. | | ગરબાડા (૨૦) | ૨૩૦૦ | ૧૮ | ૨ | ૧૮ | ૨ | ૧૭ | ૧ | ૧૪૮૫ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ૨૩૩૦ | ૧૮ | ૨ | ૧૮ | ૨ | ૧૮ | ૨ | ૯૯૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | ૩૧૦૦ | ૨૦ | - | ૧૫ | ૫ | ૯ | ૬ | ૫૪૦ |
| | કુલ | ૧૬૦ | ૩૮૫૫૦ (૨૪૦.૯૪) | ૧૫૩ | ૭ | ૧૨૭ | ૩૩ | ૯૭ | ૩૨ | ૭૩૮૫ (૭૬.૧૩) |

## પૂરક પ્રશ્નો ચાલુ.....

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | મંડળી દ્વારા પશુખાનની વ્યવસ્થા કરાય છે | | 'હા' તો લાભ લીધો છે? | | મંડળીના વહીવટથી સંતોષ છે. | | દૂધ મંડળીમાંથી કુલ વેચાણના ક્યારે ..... છે. | | | કારોબારી ની સભા દર માસે મળે છે. | તેમાં ભાગ લો છો | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના | હા | ના | ઓઈલએન્જિન | હા | ના | | હા | ના |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | ૨૦ | - | ૬ | ૧૪ | ૨૦ | - | - | ૧૬ | - | ૨૦ | ૧૮ | ૨ |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ૪ | ૧૬ | - | ૨૦ | ૧૮ | ૨ | - | ૧૬ | - | ૨૦ | ૧૭ | ૩ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | ૪ | ૨૬ | ૪ | ૨૬ | ૩૦ | - | - | - | અ | ૩૦ | ૨૯ | ૧ |
| ૪. | | ધરોળા (૧૦) | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | - | ૧ | - | ૧૦ | ૭ | ૩ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | - | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | - | ૧૯ | - | ૨૦ | ૧૫ | ૫ |
| ૬. | | ગરબાડા (૨૦) | - | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | - | ૧૧ | - | ૨૦ | ૧૪ | ૬ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | - | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | - | - | - | ૨૦ | - | ૨૦ |
| ૮. | | કંબોઈ (૨૦) | - | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | - | ૧૫ | - | ૨૦ | ૧૪ | ૬ |
| | કુલ | ૧૬૦ | ૨૮ | ૧૩૨ | ૧૦ | ૧૫૦ | ૧૫૮ | ૨ | - | ૭૮ | - | ૧૬૦ | ૧૧૪ | ૪૬ |

**ભેંસોની સારવાર અંગે કાળજી લો છો ?**

પસંદ પામેલા વિસ્તારોમાં નમૂનાના સભાસદ કુટુંબોને ભેંસોની સારવાર અંગે કઈ કાળજી લો છો તેના પ્રત્યુત્તરમાં દરેક વિસ્તારમાંથી જુદા જુદા જવાબો મળ્યાં હતા. તે અહીં દર્શાવ્યા છે.

દરેક કુટુંબ સભાસદ ભેંસોની કાળજીમાં ફક્ત નિયમિત ઘાસચારો નીરવો, નિયમિત પાણી પાવું, ચોમાસાની ૠતુમાં લીલુ ઘાસ, તે સિવાય શિયાળામાં લીલો ચારો ખોદીને નીરતા, કેટલાક સભાસદો ભેંસને નિયમિત નવડાવતા પણ ખરા ! કેટલાક કુટુંબો પરિસ્થિતિ પ્રમાણે વાટો (ચૂરી) કે જેને તુવેરનું ગોતું કહે છે તે ખવડાવતા. આ ઉપરાંત કેટલાક કુટુંબો ઘરનું ખાણ, દાણ ટાઈમસર આપતા. કેટલાક કુટુંબો દાકતરી સલાહ પ્રમાણે પણ સેવા ચાકરી કરતા હતા. કેટલાક કુટુંબો લીલુ દરોડું (હાથથી ખોદેલું) પણ ખવડાવતા. કેટલાક કુટુંબો ચૂરનું પણ ખવડાવતા હતા.

દરેક કુટુંબો ખેતીનું ઘાસ, ગોચરમાંથી સૂકું ઘાસ અને જંગલમાંથી એકઠું કરેલું લુખુ ઝાડનો લીલો પાલો પણ નીરતા હતા.

**ગાય, ભેંસ, બળદ પાળવાથી થતા ફાયદા :**

નમૂનાના સભાસદ કુટુંબોને કયા પશુ પાળવા ગમે ? એ પ્રશ્ન પૂછવામાં આવતો હતો તેના જવાબમાં કેટલા કુટુંબોએ ગાય, ભેંસ, બળદ પાળવા ગમે છે તેવું સૂચવ્યું હતું. જેનાથી અનેક ફાયદા થાય છે.

**ગાય :**

ગાય પાળવાથી વંશવૃધ્ધિ થતાં વાછરડો આવે તો એક સરસ બળદ તૈયાર થાય, જે ખેતીના કામમાં આવે, અથવા તો વેચીને રોકડ આવક મેળવી શકાય, વાછરડી આવે તો ઘરમાં સ્થાનિક મિલકત વધે ત્રણ-ચાર વર્ષે ગાય વેતરે આવતાં ફરી વિવાય ત્યારે દૂધનું ઉત્પાદન વધે, ભેંસ કરતાં ગાયનું દૂધ વધુ મેળવી શકાય, અને ઓછા ખર્ચે પાલન-પોષણ કરી શકાય. આ ઉપરાંત ખાતરનું ઉત્પાદન વધતાં ખેતીમાં ઉપયોગ થતાં અનાજનું ઉત્પાદન વધે. અનાજનું ઉત્પાદન વધતાં આવક પણ સારી મેળવી શકાય. ભેંસની જગ્યાએ એક-એક ગાય આપવામાં આવે તો તેની સેવા ચાકરી ઓછી કરવી પડે છતાં દૂધ વધુ મેળવી શકાય. ગાયની વંશવૃધ્ધિ થતાં બળદ વેચાતા ન લાવવા પડે. એકંદરે ગાયનો નિભાવ ખર્ચ ઓછો હોવાથી આદિવાસી કુટુંબોને પરવડે પણ ખરી.

**ભેંસ :**

ભેંસ પાળવાથી સ્થાયી મિલકતમાં વૃધ્ધિ થાય છે. વંશવૃધ્ધિ થતાં નવો માલ તૈયાર થાય છે. જેને વેચીને વધારાની આવક મેળવી શકાય, સાથે સાથે દૂધનું ઉત્પાદન મેળવીને તેને વેચીને પૂરક આવક મેળવી શકાય. ભેંસ પાળવાથી ખાતરનું ઉત્પાદન બીજા પશુઓ કરતાં સારું મળે છે. જેથી

લાંબી જમીનવાળા માટે ભેંસ અતિ ઉત્તમ પૂરવાર થાય છે. ખાતરનો ઉપયોગ ખેતીમાં થતાં પાકનું ઉત્પાદન વધે અને આવક પણ વધે. દૂધ વેચીને અથવા દૂધની બનાવટો વેચીને સારી આવક મેળવી શકાય. ઘરમાં દૂધનો વપરાશ છૂટથી કરી શકાય છે અને સારી રીતે ભેંસની દેખભાળ રાખવામાં આવે તો એકબાજુ ખેતી અને એક બાજુ ભેંસની આવક સરખી મેળવી શકાય છે.

**બળદ :**

નમૂનાના વિસ્તારમાંથી કેટલાક કુટુંબોએ બળદને પણ પ્રાધાન્ય આપ્યું હતું અને બળદ પાળવા વધુ ગમે તેમ સૂચવ્યું હતું. બળદ એ વાહતુકના કામમાં, ખેતીના કામમાં, સિંચાઈ માટે કોશ-રહેટ ખેંચવાના કામમાં ગાડા દ્વારા ભાડાની આવક મેળવી આપવામાં તેમજ બળદ દ્વારા કુલ શક્તિના ૫૦ ટકા શક્તિ મેળવી શકાય છે. બળદ એ દરેક પ્રક્રિયામાં ઉત્તમ શક્તિ પૂરી પાડનાર પશુ તરીકે પૂરવાર થયેલું છે.

આ ઉપરાંત નમૂનાના કુટુંબોને દૂધ મંડળી દ્વારા જે ભેંસો મળી તે અને પોતાની ભેંસોની આવકમાં શો ફેર પડ્યો તે અંગે પૂછતાં સ્પષ્ટ તારણ મળ્યું હતું કે દરેક કુટુંબોની આવક વધવા પામી હતી. આવક વધવાની સાથે થોડું ખર્ચ પણ વધ્યું હતું. કારણ કે દૂધ ઉત્પાદન મેળવવા પૂરતો ઘાસચારો, વાટો-ચૂરનું, દાણ, ખાણ વગેરે માટે કેટલાક ખર્ચ કરવો પડતો હોય છે. ઘરના ખેતરના છેડાનું કે નિંદામણના ઘાસના ઉપયોગ ઉપરાંત પણ વધારાના ઘાસ માટે ખર્ચ કરવો પડતો હોય છે. જેથી આવકની સાથે ખર્ચ પણ વધવા પામ્યું હતું. દૂધ ઉત્પાદનમાંથી મળતી આવકનો ઉપયોગ જુદી જુદી રીતે કરતા હતાં.

વધેલી આવકના ઉપયોગ અંગે પૂછતાં તેઓ આ વધેલી આવક - સામાજિક પ્રસંગોએ, દૂધાળા ઢોરની લોન ભરપાઈ કરવા, ખાધાખોરાકીની ચીજવસ્તુઓ મેળવવા, કપડાં ખરીદવા, જમીનમાં ખાતરના ઉપયોગ માટે, તેમજ મકાન સમારકામના ઉપયોગમાં લેતા. વધેલી આવકની એકંદરે પરિસ્થિતિ સુધરવા પામી હતી.

આ સિવાય મંડળીને લગતા કેટલાક પ્રશ્નોની ચર્ચા કરી હતી જેની નોંધ છેલ્લા પ્રકરણમાં દર્શાવી છે.

# પ્રકરણ-૫

# વહીવટી માળખું

**વહીવટી માળખું :**

દરેક ઉદ્યોગને પોતાના વિકાસનું એક આગવું ક્ષેત્ર હોય છે અને ખાસ કરીને સહકારી ક્ષેત્રે વિકાસને સાધવો એ એક જોતાં ખૂબજ સરળ છે. પરંતુ ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલા અંગો બંનેનો સમન્વય એજ મુખ્ય અંગ છે. આમ છતાં ભૌગોલિક પરિસ્થિતિ અને કેટલાક કુદરતી કારણોસર ડેરીની વિકાસયાત્રામાં વિલંબ થવા છતાં પણ આગળ ધપે છે.

ગ્રામ વિકાસનો એક સુંદર અને સુગઠિત કાર્યક્રમ ઘડી કાઢવો એ કોઈ મુશકેલ કામ નથી. કાર્યક્રમનો લક્ષ્યાંક નક્કી કરી તેને હાંસલ કરવા કેટલો ખર્ચ કરવો અને શી વ્યવસ્થા કરવી તેની ગણતરી કરીને તે તૈયાર કરી શકાય છે. કાર્યક્રમ તૈયાર કરવો એ એક વાત છે, પરંતુ તેનો અમલ કરવો એ ખરેખર એક જુદી જ અને ઘણી જ મુશ્કેલ વાત છે. વિકાસ કાર્યક્રમના અમલમાં આખા દેશમાં લાખો લોકો સંકળાયેલા હોય છે. જો આ લોકો પોતપોતાના સ્થળે જ કાચો માલસામાન, ઉત્પાદનની કાર્યપદ્ધતિ, શાખની સુવિધા, ખરીદ-વેચાણની યોગ્ય વ્યવસ્થા વગેરે અનેક બાબતો ધ્યાનમાં રાખીને સાચા નિર્ણયો લે તો કાર્યક્રમના અપેક્ષિત લક્ષ્યાંકો સિધ્ધ થઈ શકે, કાર્યક્રમનો અમલ સફળતાપૂર્વક અને સમય મર્યાદામાં કરવા માટે એક અત્યંત કુશળ વહીવટી અને સંસ્થાકીય માળખુ ઊભુ કરવું જરૂરી છે.

દેશના બદલાતા જતા અર્થતંત્રમાં સહકારી સંસ્થાઓએ અગત્યનો ભાગ ભજવવાનો છે. કાર્યક્ષમ અને અસરકારક કામગીરી વાળી સહકારી સંસ્થાઓ જ દેશના અર્થકારણને મજબૂત બનાવી શકે. મંડળીમાં જાગ્રત સભ્યો, કાર્યક્ષમ વ્યવસ્થાપક મંડળ, પ્રમાણિક અને ભાવનાવાળા કર્મચારીઓ અને સહકારી ભાવનાવાળા પ્રમુખો જ સહકારી સંસ્થાને કાર્યક્ષમ અને અસરકારક બનાવી શકે છે.

આજે દરેક દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં નીચે પ્રમાણેનું વહીવટી માળખું ગોઠવાયેલું જોવા મળે છે.

**પ્રમુખ :**

મંડળીના અર્થક્ષમ વહીવટ થાય તે માટે મંડળીના પ્રમુખે મંડળીના સમગ્ર વ્યવહાર પર દેખરેખ રાખવી તથા મંડળીના કામોનું નિરીક્ષણ કરે છે.

**મંત્રી :**

દૂધ મંડળીના મંત્રીઓ દૂધ ઘરનારને નાણાં વહે.ચવા, ખરીદ રજીસ્ટરની જાળવણી કરવી, સ્થાનિક દૂધ વેચાતું હોય તો તેની પહોંચો આપવી, ડેરીનો સંઘ સાથેનો પત્ર-વ્યવહાર કરવો, સંઘ

સાથેના વહીવટી કાર્ય, મંડળીના અન્ય વહીવટી કાર્યો, દૂધ ભરાય ત્યારે તેની નોંધણી કરવી, તથા ડેરીમાં ફેટ ટેસ્ટ, દૂધ ગ્રેડીંગ, કેનની સફાઈ, દૂધની જાળવણી ટ્રકશીટ નોંધણી વગેરે કાર્યોની ગમે ત્યારે તપાસ કરી શકે છે.

**ટેસ્ટર :**

દૂધ ખરીદ રજીસ્ટર લખવું, ટેસ્ટ કાઢવા, કેન ટ્રકમાં ચઢાવવા ઉતરવામાં મદદ કરવી, ટ્રકશીટમાં ચોક્કસ માહિતી લખવી અને કેનની બરાબર ગણત્રી કરવાનું કાર્ય કરે છે.

**દૂધ ભરનાર :**

દૂધ મંડળી જો સધ્ધર હોય તો દૂધ ભરનાર પણ અલગ રાખતા હોય છે. તે સભાસદનો નંબર બોલી દૂધ ભરવું, કેન ચઢાવવા, તેમજ ટેસ્ટીંગ કામમાં મદદ કરવી, તેમજ સભાસદનું દૂધ લેતાં પહેલું ગ્રેડીંગ કરવું, કેનની સફાઈ બરાબર થઈ છે કે કેમ તે તપાસી ગાળીને દૂધ ભરી કેનનાં ઢાંકણ બંધ કરવાનું કાર્ય બજાવે છે.

**પટાવાળા :**

દરેક દૂધ મંડળીમાં એક પટાવાળો પણ હોય છે. જે મંડળી પર રહી મંડળીના કામો કરવા, દૂધ ભરતી વખતે લીધેલા સેમ્પલ દૂધની શીશીઓ ખાલી કરી સાફ કરવી, ટેસ્ટ કાઢવાની શીશીઓ બરાબર સાફ રાખવી તેમજ અન્ય સેવાઓ આપે છે.

ઉપર મુજબ દરેક મંડળીમાં કર્મચારીઓને કામની વહેંચણી કરેલી હોય છે. દૂધમ્ડળીઓના અર્થક્ષમ વહીવટ માટે મંડળીના ચેરમેન અને કમિટી સભ્યોની નજર દૂધ મંડળીના સમગ્ર વ્યવહાર પર હોવી જોઈએ. દૂધના ઉત્પાદકોને (સભાસદોને) દૂધના નક્કી કરેલા ભાવ પૂરા મળે તે જરૂરી છે. દૂધ ઉત્પાદકો જયાં કાળજી રાખતા ન હોય ત્યાં તેમની ક્ષતિ શોધી કાઢી વ્યવસ્થિત વહીવટ થાય તે જોવાની જવાબદારી આ સર્વે વહીવટકર્તાઓની છે. તેમના પ્રમાણિક પ્રયાસો અને તેમની સૂઝ આ કામ પાર પાડવામાં ધારી સફળતા પ્રાપ્ત કરી શકે તે જોવાની છે.

સહકારી ધોરણ સિવાય કોઈપણ રસ્તે દૂત્પાદકોને દૂધના ઊભા ભાવ મળે નહી, મંડળીમાં દૂધ ઉત્પાદકો પાસેથી દૂધ સ્વીકારતી વખતે કાળજી રાખી દૂધનું વજન કરવું, ગુણવત્તાની ચકાસણી કરવી અને તેજ પ્રમાણે ડેરીના મુખ્ય મથક પર દૂધ મોકલવામાં આવે ત્યારે કાળજી રાખવી જોઈએ. દૂધ ઉત્પાદકોનું દૂધ પુરવઠા મંડળી મારફતે ડેરીમાં જાય ત્યારે સંઘમાં સહેજે સહકારી કાર્યકરો અને વહીવટદારની આ ધંધા માટેની સૂઝ તેમજ કરકસર ભર્યો વહીવટ જરૂરી છે. વ્યવસ્થિત આયોજન કરી એકત્રિત થયેલું દૂધ પ્રોસેસીંગ કરી વ્યાજબી ભાવે નિકાલ કરી, આડ પેદાશ દ્વારા સારા ભાવ ઉપજાવીને ઉત્પાદકોને સારા ભાવો ચૂકવી શકાય અને વર્ષાન્તે કરેલા તનફા પર દરેક ઉત્પાદકને

તેણે વર્ષ દરમ્યાન પૂરા પાડેલા દૂધના જથ્થાને ધ્યાનમાં લઈ ભાવ ફેરના નાણાં ચૂકવી શકાય. આ બધુ વહીવટી સંચાલન સારૂ હોય તો જ થઈ શકે. નહિ તો ''સો ના સાહિઠ થાય'' સહકારી ડેરીઓએ દૂધ અને તેની આડપેદાશની માંગ, પૂરવઠો અને ખર્ચ ધ્યાનમાં રાખી તેના ભાવનું આયોજન કરવું જોઈએ. આ આયોજનના અભાવે ઉત્પાદકો અને વાપરનારાઓ વચ્ચેની કડી ગેરલાભ ન ઉઠાવે તે માટે યોગ્ય વહીવટી માળખું ડેરી વ્યવસાયમાં જરૂરી છે.

નમૂનાની પસંદ થયેલ દૂધ મંડળીઓના વહીવટી માળખામાં ૩ આદિવાસી અને ૫ બિનઆદિવાસી હતા. જયારે ટેસ્ટરમાં ૩ આદિવાસી અને ૫ બિનઆદિવાસી સભ્યો હતા. આ દરેક મંડળીમાં વહીવટી સ્ટાફ અપૂરતો અને બિનતાલીમી હતો. દરેક મંડળીની મંત્રી / પ્રમુખે કોઈએ ડેરી અંગેની તાલીમ લીધી ન હતી. દરેક મંડળીના વહીવટકર્તાઓ શિક્ષણ પામેલા હતા. જેમાં બે પ્રમુખોએ તો કોલેજકક્ષાનું શિક્ષણ મેળવ્યું હતું. જયારે છ પ્રમુખોએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ લીધું હતું. મંત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો છ મંત્રીઓએ એસ.એસ.સી. સુધીનું શિક્ષણ લીધેલું હતું અને એક મંત્રી ધોરણ ૮ પાસ અને એક ધોરણ ૫ પાસ હતા.

દરેક મંડળીમાં કાર્યકર્તાઓએ સારૂ શિક્ષણ મેળવ્યું હતું.

## પસંદ થયેલ મંડળીઓના વહીવટી માળખામાં કામ કરતા કર્મચારીઓની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | પ્રમુખ | | મંત્રી | | ટેસ્ટર | | શિક્ષણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | આદિ-વાસી | બિન આદિવાસી | આદિ-વાસી | બિન આદિવાસી | આદિ-વાસી | બિન આદિવાસી | પ્રમુખ | મંત્રી | ટેસ્ટર |
| ૧. | ઝાલોદ | સંજેલી (૨૦) | - | ✔ | - | ✔ | - | ✔ | ડી.ટી.સી. ડી.એમ. | એસ.એસ.સી. | એસ.એસ.સી. |
| ૨. | | કલજીની, સરસવાણી (૨૦) | ✔ | - | ✔ | - | ✔ | - | બી.એસ.સી. બી.એડ. | એસ.એસ.સી. | ધોરણ-૧૨ પાસ |
| ૩. | સંતરામપુર | ગોધરા (૩૦) | - | ✔ | - | ✔ | - | ✔ | ધોરણ-૭ પાસ | એસ.એસ.સી. | ધોરણ-૮ પાસ |
| ૪. | | ધરોળા (૧૦) | - | ✔ | - | ✔ | ✔ | - | ધોરણ-૭ પાસ | એસ.એસ.સી. | અભણ |
| ૫. | દાહોદ | ટંકીવજુ (૨૦) | ✔ | - | ✔ | - | - | - | સહી આવડે | એસ.એસ.સી. | -- |
| ૬. | | ગરબાડા (૨૦) | - | ✔ | - | ✔ | ✔ | - | ધોરણ-૪ પાસ | એસ.એસ.સી. | ધોરણ-૭ પાસ |
| ૭. | લીમખેડા | પાડલિયા (૨૦) | ✔ | - | ✔ | - | - | - | ધોરણ-૭ પાસ | ધોરણ-૮ પાસ | -- |
| ૮. | | કંબોઈ (૨૦) | - | ✔ | - | ✔ | - | ✔ | ધોરણ-૫ પાસ | ધોરણ-૫ પાસ | ધોરણ-૫ પાસ |
| | કુલ | ૧૬૦ | ૩ | ૫ | ૩ | ૫ | ૩ | ૩ | | | |

આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓના વહીવટ માટે સ્થાનિક મંત્રી / પ્રમુખ હોય છે. જેઓ આદિવાસી સમાજના જ હોય છે. તેમને દૂધ મંડળીઓની શરૂઆતમાં મંડળી વિષેની ઓછી કાર્યસૂઝ અને અજ્ઞાનતાને લીધે કેટલીક મુશ્કેલીઓ અનુભવવી પડે છે. જે નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીની શરૂઆતના તબક્કામાં પડતી મુશ્કેલીઓ :

આજે કોઈપણ ધંધાની શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ રહેતી જ હોય છે. તેમાંય આદિવાસી વિસ્તારમાં દૂધ સહકારી મંડળીઓને નીચે પ્રમાણેની કેટલીક મુશ્કેલીઓ અનુભવવી પડે છે અન તેમાંથી પસાર થવા માટે આ મુશકેલીઓ સામે અડગ રહી હિંમતભેર, સંઘ, તાલુકાકક્ષાના અધિકારીઓ અને સહકાર તંત્રના માર્ગદર્શન દ્વારા મુશ્કેલીઓનો સામનો કરી આવા વિસ્તારોમાં મંડળીને અર્થક્ષમ બનાવી શકાશે.

(૧) આદિવાસી વિસ્તારમાં શરૂઆતમાં મંડળીમાં ઓછું દૂધ આવવાને લીધે એકઠા થતા દૂધના પ્રમાણમાં વહીવટી ખર્ચ વધુ ભોગવવો પડતો હોવાથી શરૂઆતમાં આર્થિક લાભો ઓછા થાય છે.

(૨) આ વિસ્તારમાં મંડળીની શરૂઆતમાં બિનઅનુભવી અને તાલીમ લીધા વગરના મંત્રી અને કર્મચારીઓ દૂધ મંડળીના વહીવટમાં ધારી પકડ મેળવી શકતા નથી. પરંતુ સમયના વહેણ સાથે અનુભવની એરણ પર પડાતાં તેઓ જરૂર આ ધંધામાં ધારી પકડ મેળવી શકશે.

(૩) આ વિસ્તારમાં દૂધ વિશે અને દૂધના વ્યવસાયની અજ્ઞાનતા, બિનઆવડત તેમજ કેટલીક ગેરસમજ ઘણીવાર મંડળીના વહીવટમાં અવિશ્વાસ ઊભો થાય છે. આવાં સમયે મંડળીના મંત્રી/ચેરમેને થોડી ધીરજ અને સહનશીલતા લાવવી જરૂરી બને છે.

(૪) આદિવાસી વિસ્તારમાં કેટલાક હરિફ વેપારીઓની દખલગીરી અને ગામમાં દૂધના ધંધાની ગેરસમજ, સ્વાર્થી અને અસંતુષ્ટ થયેલા થોડાક લોકોનો પક્ષપાત, સહકારી ધોરણે ચાલતા દૂધના ધંધા વિશે ખોટો પ્રચાર, બહારના ખાનગી વેપારીઓ દ્વારા શરૂઆતમાં મંડળી કરતાં અપાતાં ઊભા ભાવો દ્વારા ગેરરીતિઓ વગેરે બાબતોથી દૂધ મંડળીના કર્મચારીઓ ઘણીવાર ખોટા પાડવાના પ્રયત્નો હાથ ધરાતા હોય છે. કેટલીકવાર જિલ્લા સંઘમાં મોકલાતા દૂધ સાથે રસ્તામાં એક યા બીજી રીતે ચેડાં કરવા પ્રયત્નો કરતા હોય છે. આવા સમયે મંડળીના વહીવટી તંત્ર સાથે સંકળાયેલા દરેક કર્મચારીઓએ થોડી સહનશીલતા કેળવી દૂધમંડળીના સહકારી ધંધાથી થતા લાભો લોકોને સમજાવી તેમનામાંવિશ્વાસ સંપાદન કરી ખાનગી હરિફોની દખલગીરીને દૂધ કરવાના પ્રયત્નો થતાં લોકો સત્ય હકીકત સમજશે અને મંડળી માટે વફાદાર રહેશે.

(૫) આદિવાસી વિસ્તારમાં શરૂઆતના તબક્કે મંડળીમાં કર્મચારીઓની તૂટ પડે છે અને કર્મચારી મળે તો પણ તે ઓછું ભણેલો અને બિનઅનુભવી હોવાને લીધે મંડળીનો વહીવટ ચલાવવામાં મુશ્કેલી પડતી હોય છે.

(૬) આદિવાસી વિસ્તારમાં દરેક મંડળીને યા દરેક ગામને જોડતા કાચા / પાકા રસ્તાઓની સગવડના અભાવે દૂધની કાયમી હેરફેર થતી નથી. અથવા ઘણીવાર દૂધના ઉપાડમાં અનિયમિતતા જોવામળે છે તો આવા સમયે દરેક મંડળીએ એક યા બીજી રીતે વ્યવસ્થા ઊભી કરીને જયાંથી દૂધની હેરફેર શક્ય બને તેવા નજીકના સ્થળે દૂધ મોકલી આપવું જોઈએ.

(૭) આદિવાસી વિસ્તારમાં શરૂઆતમાં દૂધના ધંધાની ઓછી જાણકારી અથવા અજ્ઞાનતાને લીધે આદિવાસી સભાસદ દૂધની સ્વચ્છતાનું ધોરણ જાળવી શકતો નથી. આવે ટાણે મંડળીમાં દૂધની ભેળસેળ અંગેના કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેને પરિણામે ખાટા દૂધ, દહી તરીકે, હલકા દૂધના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેથી આવું વારંવાર થતાં મંડળી આર્થિક મુશ્કેલીમાં મૂકાય છે. આ સમયે મંત્રી / ચેરમેન દ્વારા ગ્રાહકને યોગ્ય સલાહ સૂચનો આપી દુધની જાત સુધારવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

(૮) આદિવાસી વિસ્તારમાં મંડળીની શરૂઆતમાં જે સહાય અપાય છે તે મંડળી સધ્ધર ન બને ત્યાં સુધી ચાલુ રાખી જેમ બને તેમ વધુ ગ્રાહકો મંડળીમાં જોડાય તેવી ગોઠવણ જુદી જુદી યોજનાઓ દ્વારા થવી જોઈએ.

આ રીતે ઉપર મુજબની કેટલીક મુશ્કેલીઓમાંથી મંડળીને પસાર થવું પડતું હોય છે. પરંતુ મંડળીનું વહીવટી માળખુ જો કાર્યક્ષમ રીતે વહીવટ ચાલુ રાખે તો મંડળી પગભર થતાં વિકાસની તકો ખુલે છે.

આજે સહકારી ડેરી ઉદ્યોગની પદ્ધતિમાં સમગ્ર વહીવટ લોકાભિમુખ રહ્યો છે. પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ હોય કે જિલ્લા કક્ષાના સંઘો હોય, કે પછી રાજયકક્ષાનું ફેડરેશન હોય તેની વહીવટી વ્યવસ્થાનું સમગ્ર માળખું લોકશાહી ઢબે ગોઠવાયેલું છે. જે આખા જિલ્લાની દૂધ મંડળીઓને વધુ કાર્યક્ષમ બનાવવા સતત પ્રયત્નશીલ હોય છે.


GENERAL MANAGER
A.M.(F)
A.O.
Accountant
Clerk
A.M.(E)
Sr.Ele.Sup.
Ref. & A.Con. Operator & Helper Wireman
Boiler Attd. & Helper
A.M.(E)
V.O. Att.
A.I.O. Stock-men
M.D.O. Sr.M.P. & A.H. Su-per. M.P. & A.H. Sup.
Sr.D.S.(Plant)
D.S.
Shift Supervisor
Worker
Dairy Atten.
Adm.Officer
Adm. Asst.
Driver
Typist
Clerk
Security Staff
Stores Officer
Clerk
Mkrt. Officer
Clerk & Supervisor

કોઈપણ મંડળી હોય તે પછી આદિવાસી વિસ્તારની હોય યા બિનઆદિવાસી વિસ્તારની હોય, પરંતુ તેનો મુખ્ય આધાર સભાસદોની વફાદારી, વ્યવસ્થાપક કમિટિની જાગૃતિ અને કર્મચારીઓની પ્રમાણિકતા મંડળીના વિકાસ માટે જરૂરી છે. મંડળીના સમગ્ર તંત્રમાં ચેરમેન અને કમિટિ સભ્ય એ મહત્વની કડીરૂપ હોય છે.

મંડળીના વહીવટમાં ખામીઓ રહેવા પામતી હોય મંડળીના હિસાબી વર્ષ પુરુ થતાં જયારે તેનું અન્વેક્ષણ થાય છે ત્યારે દરેક મંડળીમાંથી નીચે પ્રમાણેની ખૂબીઓ / ખામીઓ નીકળતી હોય છે. જેની નમૂનાની પસંદ થયેલ મંડળીવાર અન્વેષકે દર્શાવેલ કેટલીક ખામીઓ દર્શાવી છે. તેને દૂર કરવા માટે પણ એક આદર્શ વહીવટ હોવો જરૂરી છે. અહીં મંડળીના અન્વેષક દ્વારા સૂચવેલ સામાન્ય શેરા ઉપરથી ખૂબીઓ અને ખામીઓ જોઈશું. તે પછી તેને દૂર કરવા મંડળીએ શું કરવું જરૂરી છે તે અંગેના સૂચનો જોઈશું.

**(૧) ઓડિટ સમયની મંડળીની ખામીઓ - સૂચનો :**

(૧) પાછળ ઓડીટ તપાસણીનો દુરસ્તી રીપોર્ટ કરેલ નથી જે સત્વરે મોકલઈાવી આપવા વિ. છે.

(૨) સભાસદ રજીસ્ટરમાં વારસદારોની નિમણુંક તેમજ સહીઓ બાકી છે જેની પૂર્ણતા કરી લેવી.

(૩) સભાસદોને શેર સર્ટીફિકેટ આપવાના બાકી છે જે આપી દેવા.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટી બુકમાં જે ઠરાવો થાય તે અંગે સભામાં સભ્યોની હાજરી પૂર્ણ છે કે તે જોયા સિવાય ઠરાવો લખવામાં આવે છે. ૯ સભ્યોની કમિટીમાં એ સભ્યોની હાજરીમાં પણ ઠરાવો લખેલા જણાય છે. મંડળીને મળેલ વહીવટી સહાયને બહાલી આપવા અને શરતોનું પાલન બાબતે વ્યવસ્થાપક કમિટિની મીટીંગમાં આમ બનેલ છે. તેમજ ધી પંચ.જી.દૂધ ઉત્પાદન સંઘવાળાની ચૂંટણીમાં મતદાન કરવા તેમજ પ્રતિનિધિના વ્ય. કમિટિની ૭-૪-૮૨થી મિટિંગમાં આપવામાં આવેલ છે. સંઘનો પત્ર પણ એજ તારીખે સંઘે જાવક કરેલ છે. આ બાબત ઘણી જ ગંભીર ગણાય.

(૫) મંડળીને વહીવટી સહાય જે છેલ્લા વિકાસ એજન્સી તરફથી મંજૂર કરવામાં આવેલ છે જે અંગે મંઢળીઓ તે અંગેના દર માસે ઠરાવ સરવૈયું વગેરે કયારે કર્યા તે અંગે તેમજ દર માસની સ્થળપ્રત પણ જોવા મળતી નથી. તો વ્ય.કમિટિએ યોગ્ય વિચારણા કરવી.

(૬) મંડળીના સેક્રેટરીશ્રી હિસાબી કામકાજના બરાબર જાણકાર નથી. મંડળીનો રોજમેળ સામાન્ય ખાતાવહી, ઠરાવબુકો, દૂધ ખરીદ રજીસ્ટર વગેરે કેમ લખતા તે અંગે અગાઉના

ઓડીટમાં પૂર્ણ સમય આપવા છતાં જૂના ગ્રેડથી જ કામ કરતા હોય તેમ જણાયા છે. તેમજ ગુ.આદિજાતિ નિગમ તરફથી ભેંસ લોન આપવામાં આવેલ છે તે અંગેની વ્યક્તિ ખાતાવહી પણ બરાબર રાખેલ નથી.

(૭) મંડળીના સેક્રેટરીશ્રી તેમજ ટેસ્ટરના જામીનખત જોવા મળેલ નથી તો તે મેળવી જરૂરી તપાસ કરી યોગ્ય જાપ્તામાં રાખવા વ્યવસ્થા કરવી.

(૮) મંડળીએ ડેરી રજીસ્ટર રાખેલ નથી. ઠરાવ બુકો બરાબર નથી, દૂધ ખરીદ રજીસ્ટર નિયમિત સરવાળામાં દિવસવાર અને દસ દિવસના નિયમ જણાવ્યા અનુસાર થાય તે માટે કાળજી રાખવી.

(૯) રોજમેળ, દૂધ ખરીદ રજીસ્ટર, પેમેન્ટ રજીસ્ટર, ઠરાવબુકોમાં કોઈજ જવાબદાર વ્યક્તિ ચેરમેન કે સેક્રેટરીશ્રીની નિયમિત સહીઓ થતી નથી.

(૧૦) મંડળીના રોજમેળમાં એટલી બધી છેકછાકો થાય છે અને કેટલાક પાના છેકછાક કરી કેન્સલ કરેલા જણાય છે. આ બિના દર્શાવે છે કે મંડળીના જવાબદાર વ્યક્તિ કામ કરવા ચીવટપૂર્વક અને ધગશ શાંતિથી હિસાબ કામગીરી કરવી.

(૧૧) મંડળીના સેક્રેટરીથી પેમેન્ટ કરવા સારૂ બાયપેડથી પેમેન્ટ લાવે છે અને કર્જ વસૂલાતના નાણાં ફરી પાછા જમા કરાવવા સારૂં લીમખેડા જાય છે ત્યારે પેમેન્ટ કરવાનું હોય તેવે સમયે સભાસદના હપ્તાના કેટલી રકમ કાપવા યોગ્ય છે તે પ્રમાણે જ બેન્કમાં ઉપાડ થવો જોઈએ તે માટે કાળજી રાખવી.

(૧૨) મંડળીના કોઈ હિસાબમાં દફતર પર જોડાયાનું નામ નથી તો દરેક દફતર પર જોડાવાનો સિક્કો મારી દેવો.

(૧૩) ત્રણેય બુકો કેટલી ખરીદ કરી ક્યારે વપરાશમાં લાવ્યા તે અંગે રૂબરૂ સમજ આપ્યા મુજબનું જમા પહોંચબુક અંગે જમા રજીસ્ટર રાખવું.

(૧૪) મુસાફરી ખર્ચની જે તે તારીખે બીલો મૂકી જે તે તારીખે મંજૂર કરાવી તે જ તારીખે ઉધારવાની પ્રથા રાખવી.

(૧૫) ઉધારવામાં આવતી તમામ ખર્ચ અંગેની મંજૂરી મેળવવી, ખર્ચના વાઉચરમાં સંસ્થગાનું નામ લખી જે રોજમેળના જે ખાતે ખર્ચ પાડવામાં આવેલ હોય તે દર્શાવવું.

ઉધારવામાં આવતી રકમની ઉધાર પાસામાં લખાયાની મંજૂરી મેળવવી જોઈએ.

(૧૬) અનામત તરીકે આવતી રકમની ઉધાર પાસામાં લખાયાની મંજૂરી મેળવવી જોઈએ.

(૧૭) ગુ.આ. નિગમને અભ્યાસને લોનના હપ્તાની ચૂકવણી, ચેક અથવા ડ્રાફટ દ્વારા કરાઈ હોય તેની પહોંચ અવશ્ય મેળવવી.

(૧૮) સંઘ તરફથી મોકલવામાં આવતા હિસાબોની મેળવણીની સેક્રેટરીશ્રીએ બરાબર કાળજી લેવી જોઈએ.

(૧૯) ધી પં.ડી.કો.ઓ.બેન્ક બીજુ સેવિંગ્સ બાજુ આવતા તફાવત મેળવી લેવો.

(૨૦) મંડળીએ તેના સભાસદોની દૂધ પેમેન્ટની રકમ પર સહી લેવી અને સંઘનું દૂધ બીલ જમા થતો જ ચૂકવણી કરી દેવી, વ્ય. કમિટિની બેઠક દર બે માસે બોલાવવાની પ્રથા રાખવી. અને સભા પૂરી થતાં ચેરમેનશ્રીની સહી મેળવી લેવી.

(૨૧) મંડળીને ગુ.આ. નિગમ તરફથી સભાસદોને ભેંસ લોન આપવામાં આવેલ છે. જેના હપ્તા નિયમિત ભરાય તેમજ હપ્તાની વસૂલાત નિયમિત આવે તે માટે ખાસ કાળજી રાખવી. જે સભાસદ દૂધ ભરતા ન હોય વસૂલાત થતી ન હોય તેઓની સામે પગલાં ભરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

(૨૨) ડેડસ્ટોક તેમજ ટેસ્ટસામાનની ભાંગફોડ થઈ હોય તો તેની યાદી તૈયાર કરી રજીસ્ટર પર રાખી થયેલ ભાંગફોડ અને વર્ષ આખરે હવાલો નાખવો જેથી પરિસ્થિતિ જાણી શકાય.

(૨૩) રોજમેળ નિયમિત લખવાનો આગ્રહ રાખવો.

(૨૪) મંડળીના સભાસદોને આપવામાં આવતા સાધનો (સબસીડીથી) નું રજીસ્ટર રાખવું. સભાસદોએ ૫૦ ટકા લેખે ફાળો આપેલ હોય તેને સાધનો આપી સહી લેવી.

(૨૫) હિસાબ કેટલીકવાર આગળ-પાછળ (જમાના ઉધાર, ઉધારના જમા) લખાતા હોય તો તે અંગે કાળજી લેવી.

**(૨) સામાન્ય શેરો : ખામીઓ - સૂચનો :**

(૧) સભાસદ રજીસ્ટર અધૂરા છે. વારસદારોના વારસાઈસરનામા વગેરે બાકી છે પૂર્ણ કરી દેવા.

(૨) નવા દાખલ થયેલ સભાસદોના દાખલ અરજીઓ લેવામાં આવેલ નથી જે મેળવી લેવી.

(૩) શેર સભાસદ પત્રક રાખેલ નથી.

(૪) સભાસદોને શેર સર્ટીફિકેટ આપવાના બાકી છે જે સત્વરે આપી દેવા.

(૫) વા.સા.સભા તેમજ વ્ય.કમિટિમાં જે ઠરાવો થાય છે તે વ્યવસ્થિત અને સ્પષ્ટ લખવા તેમજ સભા પૂરી થયે સભાના ચેરમેનશ્રીની સહી લેવાની પ્રથા રાખવી.

(૬) સેક્રેટરીશ્રીને સહકારી હિસાબો અંગે ખાસ તાલીમ આપવાની જરૂર છે. તો તે અંગે જરૂરી વ્ય.કમિટિએ વિચારણા કરવી.

(૭) મંડળના કર્મચારીના કામ અંગે જરૂરી વહેંચણી કરી જવાબદાર વ્યક્તિની સહી થાય તે અને કમિટિએ તકેદારી રાખવી.

(૮) મંડળીના દરેક દફતર પર મંડળનો સિક્કો મારવો તેમજ (વ્યક્તિની સહી થાય તે અંગે કમિટિએ તકેદારી રાખવી કે મંડળના હિસાબ દફતરમાં પ્રમુખશ્રી / મંત્રીશ્રીની સહી કરાવવી.

(૯) ઉધાર આવતા તમામ ખર્ચ વ્ય. કમિટિ પાસે મંજૂર કરાવવા.

(૧૦) ધી પંચ.ડી. ઘોઘળા શાખામાં ખાતામાં આવતો તફાવત મેળવી લેવો.

(૧૧) દર ત્રણ માસે દૂધ ઉત્પાદક ધી પંચની સહકારી ખાતાની મેળવણી કરવી. તેમજ સંઘના હિસાબો અને મેળવણી કરવી.

(૧૨) વાર્ષિક નફાખોટની ફાળવણી વાર્ષિક સાધારણ સભામાં કરી લેવી.

(૧૩) રોજમેળ સિલક ખેંચવામાં ભૂલ થાય છે તે માટે કાળજી લેવી.

(૧૪) દૂધ ખરીદી પેટે એડવાન્સ રકમ સભાસદોને આપવામાં આવે છે તે અંગે એડવાન્સ ખાતાવહી રાખેલ નથી. આવી એડવાન્સ રકમો વસૂલ કરી એડવાન્સ પ્રથા બંધ કરવી.

(૧૫) સભાસદોનું દૂધ સારા ફેટનું આવે તેની કાળજી રાખવી, સારા ફેટના દૂધથી સારી આવક મળે અને મંડળીની આર્થિક પરિસ્થિતિ સુધરે અને સભાસદોને આર્થિક લાભ મળે.

(૧૬) ટપાલ ખર્ચ અંગે ટપાલ રજીસ્ટર રાખવું.

(૧૭) સેમ્પલ દૂધ અંગે હરાજીની પ્રથા રાખવી.

(૧૮) સેમ્પલ દૂધ વેચાણની રકમ દર માસે જમા કરી શકે તેવી વ્યક્તિને જ સેમ્પલ દૂધ આપવું.

**(૩) ખામીઓ અને સૂચનાઓ :**

(૧) મંડળીની વ્ય.કમિટિની મીટીંગ પેટાનિયમમમાં જણાવ્યા પ્રમાણે મેળવવી જોઈએ અને તેનું કામકાજ પેટાનિયમમાં દર્શાવ્યા મુજબ કરવા સૂચના છે.

(૨) જયાં પાવતીબુક ઓડિટ સમયે ઓડિટમાં રજૂ કરેલ નથી.

(૩) સિલક સંબંધી ઠરાવ કરવામાં આવેલ નથી તો કરી દેવો.

(૪) જામીનખત સેક્રેટરીનું મેળવી લેવું.

(૫) સભાસદ અરજીઓ દફતરે જોવા મળેલ નથી

(૬) સભાસદ રજીસ્ટર બનાવ્યું નથી જે બનાવી દેવું અને શેર ખાતાવહી બનાવી દેવી.

(૭) શેર પત્રક બનાવેલ નથી તો બનાવી દેવું અને શેરસર્ટી. આપવાના બાકી છે તે આપી દેવા.

(૮) સભાસદની વારસાઈ કરેલ નથી જે કરી તેની જે તે રજીસ્ટરમાં નોંધ કરવી.

(૯) નીચે મુજબના વાઉચરની પુરત કરવી.

(અ) રૂા.૮-૦૦નું અનામત પરત મળ્યાની સહી લેવી. રો.પા.૧૬

(બ) રૂા.૧૭-૪૦નું વાઉચર ભાડા ભથ્થાનું જેના પર સહી લેવી.

(ક) રૂા.૩૬-૭૦નું વાઉચર દફતરે છે, પરંતુ રેવન્યુ સ્ટેમ્પ ઉપર સહી નથી. રો.પા.૧૦

(૧૦) મંડળીએ દૂધ ખરીદી અને વેચાણ પ્રયત્ન ચાલુ છે, વધારવા પ્રયત્નશીલ રહેવું.

**(૪) સામાન્ય શેરો : ખામીઓ અને સૂચનો :**

(૧) પાછલા ઓડિટની દુરસ્તી કરી અહેવાલ અત્રે આજદિન સુધી મોકલાવેલ નથી. જે ગંભીર બાબત છે. માટે તાત્કાલિક દુરસ્તી અહેવાલ મોકલી આપવા સૂચના છે.

(૨) મંડળીના દૂધ સંઘ સાથેના તમામ ખાતાની મેળવણી કરી લેવી.

(૩) જે તે સમયની ગ્રાહક ચૂકવણી અને દૂધ ખરીદીની મેળવણી કરવાની પ્રથા રાખવી.

(૪) છેલ્લા સરવૈયામાં વહીવટી સહાય ૨૫૦૦/-, અનામત ૧-૫૦ અને સિલક ભૂલ ૦-૩૦ દેવા બાજુએ છે.જેનો યોગ્ય નિકાલ કરી લેવો.

(૫) ગ્રાહક ચૂકવણીમાં આવતા તફાવતની રકમ જમા લેવી.

(૬) મંડળીની પ્રગતિ જેમાં વ્યવહારિક ખર્ચ વધુ છે માટે તે ઓછું કરવું.

(૭) સંઘ શેરના ડિવિડન્ડની રકમ બે સ્થળે ઉધારેલ છે, પરંતુ બેંકમાં જમા થયેલ નથી. માટે સદર રકમ બેંકમાં જમા લઈ સંઘ ખાતે ઉધારવી.

(૮) મંડળીએ કરેલ નફાની પેટા કાયદાની જોગવાઈસઓ પ્રમાણે વહેંચણી કરી લેવી.

(૯) મંડળીમાં થતા વ્યવહારિક ખર્ચની દર માસે વ્ય.કમિટિમાં મંજૂરી મેળવી લેવી.

(૧૦) રૂબરૂમાં આવેલ સૂચનાઓનો અમલ કરવો.

**(૫) મંડળીના ઓડિટ સમયમાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે :**

(૧) પાછલી હિસાબ તપાસણીમાં ખૂટતી પહોંચો નથી.

(૨) મંડળી પાસે કાયદો, કાનૂન અને પોતાના પ્રમાણિત પેટાકાયદાની નકલમાંથી ફકત પેટાનિયમની નકલ છે. જ્યારે મંડળીએ સભાસદોને પૂરી પાડવા પોતાના પેટાકાયદાની નકલો આજદિન સુધીના સુધારા વધારા સાથે છપાયેલ નથી.

(૩) મંડળીના સભાસદોએ તેના પેટાનિયમમાં નક્કી કરવામાં આવેલ મર્યાદા પ્રમાણે શેર ધારણ કર્યા છે, પરંતુ નવા શેરોદની નોંધ શેરપત્રક પર કરેલ નથી. તેમજ તે શેરોના સર્ટીફિકેટો આપવામાં આવેલા નથી.

(૪) ધી પં.જિ.દૂધ સંઘ તરફથી કરવામાં આવેલ તપાસણીનો દુરસ્તી રિપોર્ટ મોકલેલ નથી જે સત્વરે મોકલી આપવો.

(૫) ઓડીટ સમયમાં દાખલ કરેલ નવીન સભાસદોની સભાસદ અરજીઓમાં વ્ય.કમિટિનો ઠરાવ નંબર, તારીખ, લખી મંત્રીની સહીઓ મેળવેલ હોતી નથી એ મેળવી લેવી.

(૬) મંડળીની હાથ પર સિલક રૂ.૧૦૦૦ સુધી રાખવા ઠરાવેલ છે જે મર્યાદા મંડળીની પ્રવૃત્તિઓ જોતાં વધુ પડતી છે તે મર્યાદા ઘટાડવા સૂચના છે.

(૭) સભાસદોને પાસબુકો આપવામાં આવેલ નથી જે સત્વરે આપી દેવી.

(૮) દૂધ વ્યક્તિગત ખાતાવહી નયત નમૂનામાં રાખવામાં આવેલ નથી જે નિયત નમૂનામાં વસાવી લેવી.

(૯) સેમ્પલ દૂધ વકરો જમા લેવામાં આવતો નથી તો અવશ્ય જમા લેવા નોંધ લેવી.

(૧૦) સભાસદોને આપવામાં આવતી શેર લોનની બિલકુલ વસુલાત કરવામાં આવતી નથી તો વસુલાત અને ઘટતું કરવું જોઈએ.

(૧૧) ગુજરાત આદિજાતિ વિકાસ નિયમને લોનના હપ્તા નિયમિત ભરાતા નથી તો સભાસદો પાસેથી નિયમિત વસુલાત કરી, હપ્તા ભરવા ખાસ સૂચના છે.

(૧૨) આ ઉપરોક્ત હિસાબી કામકાજમાં કેટલીકવાર જમાનું ઉધાર અને ઉધારનું જમા થતાં સરવૈયું મેળવતાં મુશ્કેલી પડે છે તો તે અંગે ખાસ કાળજી લેવી જરૂરી છે.

**(૬) ખામી / સૂચનો :**

(૧) જમા પાવતી બુક છાપેલા નંબર વાંચી રાખી નથી માટે હવેથી છાપેલા નંબર વાંચી રાખવા.

(૨) અનામતની જે રકમો રોજમેળે જમા લીધી છે તેની જમા પાવતી બનાવીને રાખી નથી.

(૩) ચેકની રકમો બેંકમાંથી જે તારીખે ઉપાડ થાય તે તારીખે રોજમેળે જમા લીધેલ નથી માટે તે તારીખે જમા લેવી.

(૪) સભાસદ પત્રકે વારસોના નામ લખેલા નથી જે લખી રજીસ્ટર કરવુ.

(૫) સેક્રેટરીઓ રોજેરોજ હાથપર સિલક રાખવાની મર્યાદાનો ઠરાવ વ્ય.કમિટિમાં કરેલ નથી માટે ઠરાવ કરી લેવો.

(૬) ઉધાર વાઉચરો સહી વગરના ફાઈલે રાખવાની પ્રથા બંધ કરી જે તે વખતે વાઉચર તૈયાર કરી સહીઓ મેળવી લેવી.

(૭) ગ્રાહક બાકીના કેટલાક પેમેન્ટ વખતે ૦૦-૨૦ પૈસાની ટીકીટ લગાવ્યા સિવાય સહીઓ લીધી છે. હવેથી ટીકીટ લગાવ્યા વગર સહીઓ લેવી નહી.

(૮) મંડળીને સાધન સહાય રૂ.૨૫૦૦ મળેલી છે, પરંતુ પૂરતા સાધનો ખરીદેલ નથી માટે પૂરતા સાધનો ખરીદી લેવા.

(૯) પં.ડી.બેંક તથા પં.જી.દૂધ સંઘના શેરોમાં શેર સર્ટી. મેળવી લેવા.

(૧૦) સંસ્થાનો કર્મચારી સ્ટાફ અનુભવી ન હોવાને કારણે દૂધ ટેસ્ટ કાઢવાની ખામીને કારણે સંસ્થા ઓછા ફેટનું દૂધ ખરીદી સંઘને મોકલે છે. જેને કારણે સંઘને/મંડળીને નુકશાન થાય છે. જેથી કર્મચારી વર્ગને યોગ્ય તાલીમ અને હિસાબી અનુભવ મળી રહે તે માટે વ્યવસ્થાપક કમિટિએ યોગ્ય કરવું જરૂરી છે.

(૧૧) સંસ્થાના સાસદોનું ઓછા ફેટનું દૂધ ખરીદતા સંસ્થાની આર્થિક પરિસ્થિતિ દિવસે દિવસે નબળી પડતી જાય છે. ઓછા ફેટના દૂધને સંઘ ઘણીવાર દહી અથવા ખાટા દૂધમાં ગણે છે અને જેની કિંમત ઘણી જ ઓછી ઉપજે છે અને સંસ્થાને ગ્રાહકોને ઊંચા ભાવ ચૂકવવાને કારણે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ કથળતી જાય છે.

(૧૨) વાર્ષિક સાધારણ સભામાં ઓડિટ નોંધ વેચાણે લેવાય એ અંગે કોઈ ઠરાવ હોતો નથી તો ઠરાવ કરવો જોઈએ.

(૧૩) સંસ્થાના સેક્રેટરીશ્રી પાસે કેટલી મર્યાદામાં સિલક રાખવી જોઈએ જે અંગે કોઈ ઠરાવ થયેલ હોતો નથી. જે અંગે સિલક કેટલી અને કોની પાસે રાખવી તે અંગે ઠરાવ કરી લેવો જોઈએ.

(૧૪) મંડળીમાં જે કંઈપણ ખર્ચ થાય તેની વ્યવસ્થાપક કમિટિની બેઠકમાં મંજૂરી મેળવી લેવી જોઈએ.

(૧૫) ડેરીની વ્ય.કમિટિમાં જે સભાસદો નિયમિત દૂધ ભરતાં હોય તેવા સભાસદોને રાખવા જોઈએ.

(૧૬) મંડળીની એકંદરે કામગીરી અને કાર્યવાહી ઉપરથી જ વર્ગ અપાય છે જેથી વહીવટી, હિસાબી ચોપડાઓ સમગ્ર કામગીરીને પરિપૂર્ણ કરવી.

**નોંધ :** સબ ઓડીટર સહકારી મંડળીઓ લીમખેડા

અન્વેષક દ્વારા દરેક મંડળીને થતા ઉપર પ્રમાણેના સૂચનો અથવા તો તારવવામાં આવતી ખામીઓને દૂર કરવા દરેક મંડળીએ આટલું તો કરવું જ જોઈએ.

(૧) મંડળીના હિસાબો નિયમિત લખાવા જોઈએ. રોજમેળમાં બંધ થતી સિલક સાથે તિજોરીની સિલક રોજરોજ મેળવી લેવી જોઈએ. જો કોઈ તફાવત હોય તો તે શોધ કાઢવો અને દરરોજ સિલક તપાસીને જ પ્રમુખ/મંત્રીએ સહી કરવી જોઈએ.

(૨) મંડળીની સિલક ઘણીવાર અંગત સિલક સાથે રખાતી હોય છે, પરંતુ તેમ ન કરતાં મંડળીની કચેરીમાં જ અલગ રાખવી જોઈએ અને આ સિલક મંડળી સિવાયના કામકાજમાં કે અંગત કામમાં વાપરવી જોઈએ નહિ.

(૩) સામાન્ય ખાતાવહીમાં રોજરોજ ખતવણી થવી જોઈએ. દરેક મહિનાના અંતે તારીજ કાઢવી જોઈએ. વ્યવસ્થાપક સમિતિની સભામાં તે રજૂ કરવી જોઈએ.

(૪) દર વર્ષે મંડળીનું આવક અને ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરી સાધારણ સભામાં મંજૂર કરાવી તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવો જોઈએ.

(૫) મંડળીમાં જમા થતી દરેક રકમ માટે મંડળીના મંત્રી કે જવાબદાર કર્મચારીની સહીવાળી પહોંચ આપવી જોઈએ. અને દરેક રકમનું બીલ કે વાઉચર લેવું જોઈએ. તેવું દરેક વાઉચર પર મંડળીના પ્રમુખે સર્ટિફાઈડ કર્યા અંગેની સહી કરવી જોઈએ. નાણાં ચૂકવનારે પણ તેના પર સહી કરવી જોઈએ.

(૬) દાણ-ઘી-દૂધનું છૂટક વેચાણનું કામ કરતી દરેક મંડળીએ વસ્તુના વેચાણનું કેશમેમો બીલ આપવું જોઈએ. પેટાનિયમોમાં જોગવાઈ હોય અને તે મુજબ ઉધાર આપવાની પ્રથા હોય તો ઉધાર બીલબુક અલગ રાખવી જોઈએ અને દરેક બીલ ઉપર માલ લેનાર સભાસદની સહી કરાવવી જોઈએ. મંડળીના બિનસભાસદને ઉધાર માલ વેચી શકાય નહિ. ઉધાર વેચાણની પ્રથા અપનાવતા પહેલાં યોગ્ય વિધિ કર્યા પછી જ પ્રથા અપનાવવી જોઈએ. તે સિવાય વેચાણ કરવામાં આવે તો વેચનારની અંગત જવાબદારી ગણાય છે. (જો કે ઉધાર વેચાણની પ્રથા દાખલ કરવાનું હિતાવહ નથી.

(૭) વેચાણમાલનું રોજેરોજનું વિગતો દર્શાવતું વેચાણ રજીસ્ટર અને સ્ટોક રજીસ્ટર રાખવું જોઈએ અને તે નિયમિત લખાવું જોઈએ.

(૮) સ્ટોક રજીસ્ટરમાં દરેક ચીજવસ્તુનું અલગ ખાતું રાખવું જોઈએ અને દર ત્રણ માસે કંટ્રોલ કમિટિ નીમેલી હોય તો અગર માલની ખરીદ વેચાણ કરનારે માલ તપાસી લેવો. અને તે તપાસણી કર્યા અંગેની સહીઓ કરાવવી જોઈએ.

(૯) સ્ટોક રજીસ્ટર પ્રમાણે માલ-સામાન ન હોય અને વ્યાજબી ઘટ હોય તો વ્યવસ્થાપક સમિતિના મંજૂરીથી લખી વાળી શકાય, પરંતુ ગેરવ્યાજબી ઘટનો વ્યાજબી ઘણી વ્યવસ્થાપક સમિતિના સભ્યોની અંગત જવાબદારી ગણાય છે. સ્ટોક રજીસ્ટર કરતાં માલ વધે તો માલ મંડળીના ચોપઢે જમા લેવો જોઈએ.

(૧૦) મંડળીના રોજમેળમાં ઉધારવામાં આવતી દરેક રકમ માટેનું વાઉચર હોવું જ જોઈએ. પૈસા ચૂકવતી વખતે જ નાણાં લેનારની સહી વાઉચરમાં લેવી જોઈએ. ખરીદી અંગેના અસલ બીલ વાઉચર તરીકે રાખવા જોઈએ. વાઉચરો તારીખવાર વાઉચર ફાઈલમાં રાખવા જોઈએ. તેને દરેક નવા વર્ષથી નં.૧ અનુક્રમ નંબર આપી શરૂઆત કરવી જોઈએ અને રોજમેળમાં વાઉચર નંબરના ખાનામાં વાઉચરનો અનુક્રમ નંબર લખવો જોઈએ. રૂા.૨૦/- ઉપરના તમામ ખર્ચના વાઉચરો ઉપર રેવન્યુ સ્ટેમ્પ લગાડવો. કેશમેમો બીલ ઉપર રેવન્યુ સ્ટેમ્પ લગાડવાની જરૂર નથી.

(૧૧) જો મંડળી દ્વારા ધિરાણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલી હોય - ધિરાણ કરવામાં આવે ત્યારે વ્યવસ્થાપક સમિતિમાં ધિરાણ અંગેનો ઠરાવ થવો જોઈએ. ધિરાણ કરતી વખતે જ કરજખત ભરી લેવું જોઈએ. તેમાં દર્શાવેલી વિગતો પણ કાળજીપૂર્વક ભરી લેવી જોઈએ અને નાણાં કરજે લેનારના જામીનોની અને સાક્ષીઓની સહીઓ લેવાની બાકી રહે નહિ તેની કાળજી રાખવી જોઈએ. મંડળીના પ્રમુખ કે વ્યવસ્થાપક સમિતિના સભ્યની હાજરીમાં જ ધિરાણ થવું ઘટે.

(૧૨) મંડળી માટે મંડળી તરફથી કરવામાં આવતા તમામ ખર્ચ માટે વ્યવસ્થાપક કમિટિની મંજૂરીની જરૂર રહે છે. માટે થયેલ તમામ ખર્ચ અંગેનો વ્યવસ્થાપક સમિતિનો વિગતવાર ઠરાવ કમિટિની સભામાં થવો જોઈએ.

(૧૩) વ્યવસ્થાપક સમિતિમાં મંડળીના મંત્રી અને પ્રમુખ વધુમાં વધુ કેટલી રકમનો ખર્ચ કરી શકે તે અંગે સત્તા આપતો ઠરાવ જોઈએ. ખર્ચના વાઉપર ઉપર જેને સત્તા આપી હોય છે તેણે મંજૂર કર્યાની સહી કરાવવી જોઈએ. સ્થાવર કે જંગમ મિલકત વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઈને જ ખરીદી શકાય.

(૧૪) મંડળીની વધુમાં વધુ કેટલી સિલક અને તે કોની પાસે રાખવી તે અંગે વ્યવસ્થાપક સમિતિએ ઠરાવ કરેલો હોવો જથોઈએ અને તેનો ચૂસ્તપણે અમલ થવો ઘટે.

(૧૫) દરેક પગારદાર કર્મચારીના જામીનખતો લેવા જોઈએ અને જામીનખતની એક નકલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં રાખવી જોઈએ.

(૧૬) બેંક સાથેની લેવડ-દેવડ કરવાની ચેકબુક, પાસબુક, નાણાં ભરવાની સ્લીપો વિગેરે વ્યવસ્થિત રાખવી જોઈએ. દરેક લેવડ-દેવડ વખતે બેંક પાસે પાસબુકમાં નોંધ કરાવી લેવી જોઈએ અને તે દરેક મહિનાની અંતે પાસબુક સાથે મંડળીના ચોપડામાંનું બેંકનું દરેક ખાતું મેળવી લેવું જોઈએ.

(૧૭) જે જે ખાતામાં સભાસદ સાથે અંગત લેવડ-દેવડ કરવાની હોય તેવા દરેક ખાતાની અલગ અલગ પેટા-ખાતાવહીઓ રાખવી જોઈએ. દા.ત. શેર ખાતાવહી, કરજ ખાતાવહી, થાપણ ખાતાવહી વિગેરે અને તેવી પેટા ખાતાવહીઓના દરેક ખાતાનો સરવાળો સામાન્ય ખાતાવહીના તે ખાતાના સરવાળા સાથે મેળવી લેવા જોઈએ.

(૧૮) વર્ષના અંતે દરેક સભાસદની જમા અને ઉધાર બાજુઓની વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરવું જોઈએ અને આ પત્રકનો કુલ સરવાળો સરવૈયામાં બતાવવામાં પાવતી જમા ખાતામાં જમા કે ઉધાર કુલ રકમો મેળવી લેવી જોઈએ. દરેક સભાસદને પાસબુક આપવી જોઈએ. તેમાં સભાસદોની લેવડ-દેવડની નોંધ કરવી જોઈએ.

(૧૯) મંડળીમાં આવતી તમામ ટપાલ મંડળીમાં મળે તે જ દિવસે ઈન્વર્ડ રજીસ્ટરમાં અને બહાર મોકલવામાં આવતી ટપાલ આઉટવર્ડ રજીસ્ટરમાં નોંધાવી જોઈએ. મંડળીમાં આવેલી તમામ ટપાલો મંડળીના પ્રમુખ / મંત્રીએ વાંચવી જોઈએ અને દરેક ટપાલના યોગ્ય પ્રત્યુત્તર સમયસર આપવા જોઈએ. અગત્યની ટપાલો મંડળીની વ્યવસ્થાપક સમિતિની સભામાં પણ રજૂ કરવી જોઈએ.

(૨૦) ઓડિટ મેમો કે ઈન્સ્પેકશન મેમો અને તેનો સુધારણા રીપોર્ટ મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં વંચાવો જોઈએ. તેમાં જણાવેલી ખામીઓ ઉપર મુકત રીતે ચર્ચા કરવી જોઈએ અને ત્યારબાદ તેનો સુધારણા રિપોર્ટ તૈયાર કરી સમયસર મોકલી આપવો જોઈએ.

(૨૧) મંડળીમાં રાખવામાં આવતા તમામ હિસાબી ચોપડાઓ, દરેક પ્રકારના પત્રકો, ફાઈલો વગેરેને નંબરો આપવા જોઈએ અને તેની અલગ યાદીઓ તૈયાર કરી મંડળીની કચેરીમાં જ યોગ્ય સ્થળે રાખવી જોઈએ. મંડળીમાં રાખવામાં આવતી દરેક પ્રકારની બુકો પર પણ નંબર રાખવા જોઈએ.

(૨૨) મંડળીની આર્થિક પરિસ્થિતિ બતાવતું પ્રગતિ પત્રક અને ગામની સામાન્ય માહિતી આપતું બોર્ડ મંડળીમાં રાખવું જોઈએ.

(૨૩) પ્રમુખ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને મુખ્ય કર્મચારીઓના નામો બતાવતું બોર્ડ પણ કચેરીમાં હોવું જરૂરી છે.

(૨૪) મંડળીના હોદ્દેદારો અને કર્મચારીઓનું સભાસદો અને આમ જનતા સાથેનું વર્તન વિનયી, વિવેકી અને નમ્ર હોવું જોઈએ.

(૨૫) વાર્ષિક સાધારણ સભાનો પૂરતો પ્રચાર થવો જોઈએ અને સભાસદો ઉપરાંત બિનસભાસદો મોટી સંખ્યામાં તેમાં હાજર રહી ચર્ચામાં અને સભાની કાર્યવાહીમાં ભાગ લે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૨૬) વ્યવસ્થાપક સમિતિની સભાઓ દર મહિને નિયમિત મળવી જ જોઈએ અને તેમાં રાબેતા મુજબની કામગીરી ઉપરાંત મંડળીના વિકાસ અને સભાસદોના ઉત્કર્ષ અંગે ચર્ચા થવી જોઈએ.

(૨૭) મંડળીનો સુદ્રઢ વહીવટ અને વ્યવસ્થિત આયોજન માટે પક્ષાપક્ષી કે અંગત રાગદ્વેષ અને ગામના ઝઘડાઓ તેમજ રાજકારણથી પર રાખવી. મંડળીના દરેક પ્રકારના કામકાજ અને મુશ્કેલીઓ નિવારવા માટે, મંડળીના વિકાસ માટે માર્ગદર્શન મેળવવા જિલ્લા સંઘનો સંપર્ક યથાવત જારી રાખવો જોઈએ.

ઉપર મુજબની જુદી જુદી વિગતોનું બરાબર અમલીકરણ થાય તે માટે મંડળીમાં રાખવામાં આવતા જુદા જુદા રજીસ્ટરો અને ફાઈલો વ્યવસ્થિત રાખવી જોઈએ.

મંડળીમાં તેના આદર્શ વહીવટ માટે અને તેનો ઓડિટ વર્ગ સુધારવા માટે નીચે મુબજના રજીસ્ટરો, ફોર્મ્સ અને વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**(૧) રજિસ્ટારો :**

(૧) સભાસદની કાર્યવાહીની નોંધ

(૨) સભાસદ રજીસ્ટર

(૩) રોજમેળ

(૪) લોન ખાતાવહી

(૫) રસદી-બુક

(૬) બાંધી મુદત થાપણ ખાતાવહી

(૭) ચાલુ અગથર બચત ખાતાવહી

(૮) મુદત વીતેલા બાકી લેણાનું રજીસ્ટર

(૯) વાઉચર ફાઈલ

(૧૦) સંયુક્ત ખરીદી રજીસ્ટર

(૧૧) સંયુક્ત વેચાણ રજીસ્ટર

(૧૨) ખરીદી ઈસ્યુ અને સ્ટોક રજીસ્ટર

(૧૩) સેલ્સમેન ઈન્ડેન્ટ રજીસ્ટર

(૧૪) સેલ્સમેન વેચાણ માલ સુપરત રજીસ્ટર

(૧૫) વેચાણ ચિઠ્ઠી નોંધ

(૧૬) બોનસ રજીસ્ટર

(૧૭) ડિવિડન્ડ રજીસ્ટર

(૧૮) ફર્નિચર, સ્ટેશનરી વગેરેનું રજીસ્ટર

(૧૯) સ્ટોક રજીસ્ટર

(૨૦) બાકી માગણા પત્રક

ઉપર મુજબના રજીસ્ટરો ઉપરાંત નીચેના ફોર્મ્સ પણ દરેક મંડળીએ રાખવા અનિવાર્ય છે.

(૧) દાખલ અરજી ફોર્મ (૨) લોન અરજી (૩) પાસબુક (૪) શેર સર્ટીફિકેટસ (૫) જામીનખત (૬) સભાસદ માલ રસીદ

આ ઉપરાંત રોજેબરોજના ઉપયોગી હોય તેવા પત્રકો રાખવા જરૂરી છે. પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ વાર્ષિક હિસાબમાં એકસૂત્રતા રહે ત માટે નીચે મુજબના ફોર્મ પ્રમાણે હિસાબો તૈયાર કરવા જરૂરી છે.

**દૂધ મંડળીઓને વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંગે સૂચનો :**

પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના વાર્ષિક હિસાબમાં એકસૂત્રતા રહે તે ઘણું જ જરૂરી છે. આ માટે નિરિક્ષણ અને અન્વેક્ષણ સમિતિની કચેરી, સહકારી ખાતુ, ગુજરાત રાજય એ તેમના તા.૨૯-૯-૮૩ના પરિપત્ર ક્રમાંક : ૧૩/૮૩, જાવક નંબર : નિ અને અસ/અષણ/૧/૫/૧૦૧૪ સને ૧૯૮૩થી નીચે મુજબના ફોર્મમાં હિસાબો તૈયાર કરવાના રહેશે.

.................... દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ..................

તાલુકો.......................... જિલ્લો............................

વેપાર ખાતું સને...................... માટેનું

## દૂધના હિસાબ

| ૮૨-૮૩ રૂપિયા | જમા વિગત | ૮૩-૮૪ રૂપિયા | ૮૨-૮૩ રૂપિયા | ઉધાર વિગત | ૮૩-૮૪ રૂપિયા |
|---|---|---|---|---|---|
| | દૂધ-સંઘ/ડેરીને કરેલ વેચાણ | | | ખરીદ દૂધ | |
| | | | | ટેસ્ટીંગ ખર્ચ | |
| | નમૂનાનું દૂધ વેચાણ | | | કાચો નફો | |
| | કાચી ખોટ | | | | |
| | **કુલ** | | | **કુલ** | |

## દાણના હિસાબ

| ૮૨-૮૩ રૂપિયા | જમા વિગત | ૮૩-૮૪ રૂપિયા | ૮૨-૮૩ રૂપિયા | ઉધાર વિગત | ૮૩-૮૪ રૂપિયા |
|---|---|---|---|---|---|
| | દાણ વેચાણ | | | તા..........ના | |
| | કપાસીયા-ખોળ વેચાણ | | | રોજનો ઉઘડતોસ્ટોક | |
| | તા............. ના | | | દાણ ખરીદ | |
| | રોજનો બંધ સ્ટોક | | | કપાસીયા-ખોળ-ખરીદી | |
| | કાચી ખોટ | | | કાચો નફો | |
| | **કુલ** | | | **કુલ** | |

## ઘીનો હિસાબ

| ૮૨-૮૩ રૂપિયા | જમા વિગત | ૮૩-૮૪ રૂપિયા | ૮૨-૮૩ રૂપિયા | ઉધાર વિગત | ૮૩-૮૪ રૂપિયા |
|---|---|---|---|---|---|
| | ઘી વેચાણ | | | તા..............ના | |
| | તા............ના | | | રોજનો ઉઘડતો સ્ટોક | |
| | રોજનો બંધ સ્ટોક | | | ઘી ખરીદ | |
| | કાચી ખોટ | | | કાચો નફો | |
| | **કુલ** | | | **કુલ** | |

## ....................વર્ષનું નફા-નુકશાન ખાતું

| આવક | | | ખર્ચ | | |
|---|---|---|---|---|---|
| ૮૨-૮૩ રૂપિયા | વિગત | ૮૩-૮૪ રૂપિયા | ૮૨-૮૩ રૂપિયા | વિગત | ૮૩-૮૪ રૂપિયા |
| | દૂધનો કાચો નફો | | | દૂધની કાચી ખોટ | |
| | ઘીનો કાચો નફો | | | ઘીની કાચી ખોટ | |
| | દાણનો કાચો નફો | | | દાણની કાચી ખોટ | |
| | વ્યાજ | | | પગાર પ્રિન્ટીંગ્સ | |
| | ડીવીડન્ડ | | | ટેલીફોન, તાર-ટપાલ | |
| | પરચૂરણ આવક | | | વિમાપ્રિમિયમ,ભાડુ,ટેક્ષ | |
| | ચોખ્ખી ખોટ | | | ઓડીટ ફી, બેંક વટાવ | |
| | | | | વ્યાજ, ઘસારો | |
| | | | | પરચૂરણ ખર્ચ, મુસાફરી ખર્ચ | |
| | | | | વિદ્યુત ખર્ચ | |
| | | | | કર્મચારી ભવિષ્યનિધિ | |
| | | | | કર્મચારી બોનસ | |
| | | | | વકીલ ફી | |
| | | | | ચોખ્ખો નફો | |
| | કુલ | | | કુલ | |

પેટા કાયદા મુજબ નફાની ફાળવણીની વિગત નીચે આપવી.

તારીખ ..............................નું સરવૈયું

મંડળીનું નામ .............................. મંડળીનો કોડ નંબર ..............................

સભાસદ સંખ્યા : પુરુષ : સ્ત્રી : કુલ :

| પાછલા વર્ષના સરવૈયામાં દર્શાવેલ રકમ રૂપિયા | દેવું | રકમ રૂપિયા | પાછલા વર્ષના સરવૈયામાં દર્શાવેલ રકમ રૂપિયા | પુંજી | રકમ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ''અ'' શેર ભંડોળ | | | ''એ'' મિલકતઅનેજમીન | |
| | ''બી'' રીઝર્વ ફંડ અને અન્ય ફંડ | | | ૧. જમીન | |
| | ૧. રીઝર્વ ફંડ, ૨. ઢોર સુધારણા ફંડ | | | ૨. દૂધ ખરીદ કેન્દ્ર | |
| | ૩. સહકાર પ્રચાર ફંડ | | | ૩. કૃ. વિ. કેન્દ્ર | |
| | ૪. ધર્માદા ફંડ, ૫. મકાન દંડ | | | ૪. અન્ય મકાન | |
| | ૬. ડી.ઈ. ફંડ, અન્ય | | | ૫. અન્ય | |
| | કુલ : | | | કુલ : | |
| | ''સી'' જોગવાઈરૂપી ફંડો | | | ''બી'' મિલકતો | |
| | ૧. ડેડસ્ટોક ઘસારા ફંડ | | | ૧. ડેડસ્ટોક | |
| | ૨. મકાન ઘસારા ફંડ | | | ૨. ટેસ્ટીંગ સામાન | |
| | ૩. ટેસ્ટીંગ ઘસારા ફંડ | | | ૩. કૃ.વિ. સામાન | |
| | ૪. કૃ.વિ.સ્ટોક ઘસારા ફંડ | | | ૪. પાઈપ લાઈન | |
| | ૫. કૃ. વિ.સેન્ટર ઘસારા ફંડ | | | ૫. ઈલે.સામાન | |
| | ૬. ઈલે.સાધનો ઘસારા ફંડ | | | ૬. ટી.વી.સેટ | |
| | ૭. લાયબ્રેરી | | | ૭. લાયબ્રેરીઅનેઅન્ય | |
| | ૮. ખરાબા, શકમંદ લ્હેણા, અને અન્ય | | | | |
| | કુલ | | | કુલ | |

| | |
|---|---|
| ''ડી'' દેવા-૧ | ''સી'' રોકાણો |
| ૧. બેંકનું ભેંસોનું ધિરાણ | ૧. સંઘમાં |
| ૨. સંઘનું દેવું, ૩. ગ્રાહક બાકી | ૨. બેંકમાં |
| ૪. સ્પેશ્યલ વિઝીટ | ૩. પોસ્ટલ સર્ટીફિકેટ |
| ૫. દૂધ ખરીદ કેન્દ્ર ગ્રાન્ટ | ૪. અન્ય શેર |
| ૬. શેર ડીવીડન્ડ | |
| ૭. સ્ટાફ પ્રોવીડન્ડ ફંડ | |
| ૮. ગ્રેજયુઈટી ફંડ, | |
| ૯. અન્ય | |
| **કુલ :** | **કુલ :** |

| | |
|---|---|
| ''ઈ'' દેવા-૨ | ''ડી'' થાપણો |
| ૧. અમુલ દાણ | ૧. પ્રલવીડન્ટ ફંડ રોકાણ, બેંક, સંઘ |
| ૨. અન્ય | ૨. ગ્રેજયુઈટી રોકાણ, બેંક, સંઘ |
| ૩. સ્ટાફ બોનસ | ૩. અન્ય થાપણ, બેંક, સંઘ, ઈતર, કુલ |
| ૪. સભાસદ બોનસ | ''ઈ'' ડીપોઝીટ અને અન્ય રોકાણ |
| ૫. અનામત | ૧. ડીપોઝીટ, ઈલકેટ્રીક, ટેલીફોન અન્ય |
| ૬. સંઘ ભાવ ફેર | ૨. અન્ય રોકાણ, ખાસ બચત ગ્રેજયુઈટી ફંડ, કુલ |
| ૭. ચોખ્ખો નફો | ''એફ'' |
| | ૧. પ્રોવીડન્ડ ફંડ લોન ભેંસ ધીરાણ મધ્યમ મુદત લોન ગ્રાહક વીમા પ્રિમિયમ બાકી સ્પે. વીઝીટ ફી |
| | ૨. અન્ય સંસ્થાઓ પાસે બાકી ઈલેકટ્રીક બોર્ડ, અન્ય |
| | **કુલ** |

૩. વ્યક્તિ લ્હેણાં

૧.

૨.

૩.

૪.

૫.

૬.

''જી'' સ્ટોક

૧. દૂધ બીલ બાકી, ૨. દાણ

૩. બારદાન, ૪. ઘી,

૫. રજકો, ૬. અન્ય, કુલ

''એચ''

૧. હાથ પર, ૨. બેંકમાં,

૩. સંઘમાં,

૪. પોસ્ટ ઓફિસમાં,

૫. અન્ય

બેંકમાં કુલ ખોટ

---

કુલ

---

આગળ ઉપર દર્શાવ્યા મુજબની કેટલીક બાબતોને જાણ્યા પછી દૂધ ઉત્પાદક સહકારી મંડળી કાર્યક્ષમ એકમ ત્યારે જ થઈ શકે, આ માટે

(૧) મંડળીને પોતાની માલિકીનું અથવા ભાડે લીધેલ મકાનમાં વ્યવસ્થિત કાર્યાલય હોય.

(૨) મંડળીમાં પૂરા સમયનો પગારદાર મંત્રી હોય.

(૩) જરૂરિયાત પ્રમાણેના દરે ધારાકીય અને અન્ય ફંડોમાં ફાળો આપવાની શક્તિ ધરાવતી હોય.

(૪) મંડળીની મૂડી પર વળતર આપવાની શક્તિ ધરાવતી હોય.

(૫) દર વર્ષે દૂધ પ્રાપ્તિના પ્રમાણમાં વધારો થાય તેમજ દૂધમાં રહેલા ફેટના પ્રમાણમાં વૃધ્ધિ થતી હોય.

(૬) મંડળીને દૂધ ઉત્પાદકોને ચૂકવાતા ભાવ, સંઘમાંથી મળતી દૂધની રકમ અને તેના ભાવો વચ્ચે સમતુલન જણાવવું.

(૭) દૂધ મંડળીનું સંચાલન ખર્ચ ઓછું હોય.

(૮) દૂધના ઉત્પાદન અને પૌષ્ટિક પશુઆહારના વપરાશ વચ્ચેનો સંબંધ જળવાતો હોય.

(૯) ફાજલ મૂડીનું યોગ્ય તે જગ્યાએ રોકાણ અને મંડળીના ધિરાણની નિયમિત વસુલાત આવેલ છે કે કેમ ?

સમગ્ર ડેરી સહકારી પ્રવૃત્તિને માટે આ બધી બાબતોથી ગ્રામકક્ષાની દૂધ ઉત્પાદક સહકારી મંડળી કે જે દૂધના વ્યવસાયના સમગ્ર માળખાના પાયામાં છે તે જેટલી મજબૂત અને કાર્યક્ષમ બને તેટલો જ તેના સભાસદોની જરૂરિયાતોને સંતોષીને લાભ આપી શકશે અને આર્થિક રીતે પગભર બનાવવા પ્રયત્નશીલ બની રહેશે. પણ આ બધા માટે જરૂર છે. મંડળીના કાર્યક્ષમ અને જાગૃત વહીવટકર્તાઓની.

આ પ્રકરણમાં મંડળીની વહીવટી બાબતોનું અધ્યયન કર્યા પછી હવે મંડળી માટેના પ્રશ્નો અને ઉકેલો વિષે ઉપસંહાર અને સૂચનોના છેલ્લા પ્રકરણમાં આછો ખ્યાલ મેળવીશું.

## પ્રકરણ-૬

## નિષ્કર્ષ અને સૂચનો

દૂધ ઉત્પાદનનો વ્યવસાય આપણા દેશમાં ઘણો પુરાણો છે. લગભગ ૬ હજાર વર્ષોથી દૂધ માનવજીવનના દરરોજના ખોરાક તરીકે વપરાય છે. સમય અને સંસ્કૃતિના પરિવર્તનની સાથે દૂધ વેચાણની આ નાની સીધી સારી પ્રક્રિયાએ આધુનિક જમાનાનો મોટો અને મહત્વનો ડેરી ઉદ્યોગ ઉભો કરેલ છે.

શહેરો અને નગરોના વિકાસની સાથે દૂધની માંગ વધતી જતી હોવા છતાં બુધ્ધિપૂર્વકના આયોજનના અભાવે ગામડાં અને શહેરોને સાંકળતા રસ્તાઓની મુશ્કેલીને કારણે ઝડપી વાહનવ્યવહાર ઉપલબ્ધ ન હોવાથી દૂધના વિનિમય માટે દૂધ ઉત્પાદકોને હંમેશા દૂધના ખાનગી વેપારીઓની કદમપોશી કરવી પડતી હતી. આ વેપારીઓની શોષણખોરીને પરિણામે અને દૂધના ધંધામાં ઘણાં ઓછા મળતરના લીધે પશુપાલનના વ્યવસાયમાં ખાસ આકર્ષણ રહ્યું નહતું. શહેરોના વિકાસની સાથે ઢોરોના ઉછેર અને પાલનપોષણનો ખર્ચ બેહદ વધતો ગયો હતો અને તેને કારણે દેશમાં મહામૂલા પશુધનના સર્વનાશનાં એંધાણ વર્તાવા લાગ્યા હતા.

બરાબર આજ સમયે દેશમાં આઝાદીના ઉષાકાળ દરમ્યાન એક નૂતન વિચારનો ઉદય થયો. મહેનત કરનારને તેની મહેનતના ફળ મળે અને ગરીબ લોકોના પરિશ્રમનો લાભ કોઈ વચલો વર્ગ ન ઉઠાવે તેની ઝંખના પરિપૂર્તિ સહકારી પ્રવૃત્તિ દ્વારા થનારા આયોજનમાં જ થઈ શકે. તે નિશ્ચિત જણાવવાથી સહકારી ડેરી ઉદ્યોગના શ્રીગણેશ આજથી ચાર દાયકા પૂર્વે ગુજરાતમાં આણંદ ખાતે મંડાયા. ત્યારપછીના વર્ષોમાં સહકારી ઢબે રચાયેલા આ ડેરી ઉદ્યોગે તેના વિકાસની વણથંભી કૂચ જારી રાખીને દૂધ ઉત્પાદકોનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ દેશના મહામુલા પશુધનની સારવાર અને ઓલાદ સુધારણા અને શહેરીજનો માટે દૂધ વિતરણનું વ્યવસ્થિત આયોજન કરીને અમૂલ્ય ફાળો આપ્યો છે. એટલું જ નહિ પરંતુ ગુજરાતમાં સ્થપાયેલા આ ડેરી ઉદ્યોગે સામાજિક ક્રાંતિ અને શોષણવિહિન સમાજરચનાનું સ્વપ્ન સાર્વત્રિક બનાવવાના ભગીરથ પ્રયાસોમાં દેશને સાચી દિશા બતાવી છે.

સહકારી ભાવના આધારિત ગુજરાતમાં ડેરી ઉદ્યોગની અને ખાસ કરીને અમુલની સિધ્ધિથી પ્રભાવિત થઈને તે વખતના વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીજીએ ડેરી ઉદ્યોગના પ્રણેતા અને પિતામહ જેવા ડૉ. કુરિયનને આખા દેશમાં આણંદની ઢબે ડેરી ઉદ્યોગનો વિકાસ કરી ખેડૂતોના આર્થિક તેમજ સામાજિક સમસ્યાઓના ઉકેલની દિશામાં ચોક્કસ પ્રયાસો કરવા સૂચના આપી અને તે રીતે ઓપરેશન, ફલડ નામ હેળ અતિ મહત્વની યોજના અમલમાં મૂકી, દેશના મુખ્ય ચાર મહાનગરો દિલ્હી, કલકત્તા, મદ્રાસ અને મુંબઈના લોકોને બારે માસ જોઈતા પ્રમાણમાં દૂધ મળી

રહે તે માટે ઓપરેશન ફલડ હેઠળ ખાસ આયોજન વિચારાયું છે. મહાનગરોની દૂધની જરૂરિયાતો પુરી પાડવા માટે ગામડાઓમાંથી મહામુલ પશુધન શહેરમાં લાવવામાં આવતું અને જયાં સુધી તે વસુકી ન જાય ત્યાં સુધી તેને પાલવવામાં આવતું અને ત્યારપછી આ પશુધન બિનઉત્પાદકીય અને આર્થિક બોજારૂપ બનતાં તેને કતલખાને ધકેલી સદંતર નાશ કરવામાં આવતો. છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહેલી આ પ્રક્રિયાને અટકાવવામાં ઓપરેશન ફલડની યોજનાએ ઘણા મહત્વનો ભાગ ભજવ્યો છે. ઓપરેશન ફલડ-૧ યોજનાના અમલ દરમ્યાન પરદેશથી આવતા સ્કીમ મિલ્ક પાવડર અને બટર ઓઈલના વેચાણ દ્વારા પ્રાપ્ત થયેલા નાણાં આ યોજનામાં ઉપયોગી થયાં છે. આ પ્રમાણે નાણાંના ઉપાર્જન અને વિનિમય માટે કેન્દ્ર સરકારે ઈન્ડિયન ડેરી કોર્પોરેશનની ખાસ રચના કરેલી છે. ઓપરેશન ફલડ-૧ ની સફળ અમલીકરણને પગલે પગલે રૂા. ૪૮૫ કરોડના ખર્ચે ઓપરેશન ફલડ-૨ નો અમલ શરૂ થઈ ચૂકયો છે. આ યોજનાના માત્ર બે વર્ષ જ દરમ્યાન પાંચ વર્ષના અંતે કુલ ૧૫૫ સંઘોની રચના સામે ૭૯ જિલ્લાકક્ષાએ દૂધ ઉત્પાદક સંઘો, ૩૪,૦૦૦ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચનાના લક્ષ્ય સામે લગભગ ૨૩૫૦૦ પ્રાથમિક મંડળીઓ રચીને સિધ્ધિ હાંસલ કરી છે.

આજે ગુજરાતમાં ઠેર ઠેર ડાંગ સિવાયના દરેક જિલ્લાઓમાં દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપનાથી ગુજરાતના આદિવાસી વિસ્તારને ઘણો મોટો ફાયદો થયો છે. આ વિસ્તારમાં કામ કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા દરેક સંઘોમાં આવતા કુલ દૂધના ૨/૩ ભાગનું દૂધ આદિવાસી વિસ્તારનું આવે છે. જે ખરેખર આ લોકોના આર્થિક ઉત્થાન માટે, રોજગારીની તકો પૂરી પાડવા માટે અને આવક વૃધ્ધિના સાધન તરીકે ડેરી ઉદ્યોગે ગામડાની કાયાપલટ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. પરંતુ શુભ કાર્યોમાં જેમ બનતું આવ્યું છે તેમ આ લોકકલ્યાણની પ્રવૃત્તિમાં પણ વિઘ્નો ઉભા કરવાનો સતત પ્રયાસ પ્રસ્થાપિત થતો આવ્યો છે અને આજે ડેરીના નામ નીચે દૂધનો વેપાર કરનાર વેપારીઓ ''અમૂલ'' ના જેવી સહકારી ડેરી પ્રવૃત્તિને કાવાદાવાથી ઉખેડી નાખવા મથે છે કારણ કે સહકારી ડેરી પ્રવૃત્તિ આ શોષણખોરોના પાપી પેટ પર પાટુ મારે છે, એટલે આજની ફાલીફૂલી સહકારી ડેરી પ્રવૃત્તિને મેલા કાવાદાવાથી બદનામ કરવાના હેતુસર જ જુદા જુદા ષડયંત્રો ગોઠવાય છે. જેની પ્રતિતિ આપણને ૧૯૮૩ના ઓકટોબર-૩૦, નવેમ્બર-૫ના ઈલેસ્ટ્રેટેડ વીકલીના ''સફેદ જૂઠ''ના લેખક કોલ્ડ અલ્વારિસથી માંડીને આજસુધીના જુદા જુદા વર્તમાન પત્રોના અહેવાલોમાં સહકારી ડેરીઓની ટીકા-ટીપ્પણી થઈ છે અને ડેરી પ્રવૃત્તિને વગોવવાનો જે પ્રયત્ન થયો છે તેની સામે ગુજરાત રાજયના માજી મંત્રીશ્રી નવલભાઈ શાહ અને કેટલાક તજજ્ઞોએ આમાં ઊંડો રસ લઈ તેના સચોટ જવાબો આપ્યા છે. અને ખરેખર જે પ્રસ્થાપિત હિતો દ્વારા વિઘ્નો આડે નાખવાના જે પ્રયાસો થાય છે તે વ્યર્થ છે. કારણ કે આદિવાસી અને બિન આદિવાસી ખેડૂતોના આર્થિક અને સામાજિક ઉત્કર્ષના ભગીરથ કાર્યમાં પ્રથમથી જ કાર્યરત એવા સંનિષ્ઠ કાર્યકરો, વૈજ્ઞાનિકો અને તજજ્ઞોના પરિશ્રમની ફલશ્રુતિ રૂપે આજે બહુજન સુખ અને

હિતનો આદર્શ મૂર્તિમય થયો છે. હરિયાળી ક્રાંતિ પછી હરણફાળે પ્રગતિ કરી રહેલ ડૉ.કુરિયનની ''સફેદ ક્રાંતિ'' ના પગલે ગ્રામ્યકક્ષાથી માંડીને દેશનું અર્થકારણ વધારે શુધ્ધિકરણ પામશે તે નિશ્ચિત છે.

ઈલેસ્ટ્રેટેડ વીકલી ઓફ ઈન્ડિયાના ૧૯૮૩ની ૩૦મી ઓકટોબર અને ૫ મી નવેમ્બરના અંકોમાં શ્રી કોલ્ડઅલ્વારીએ શ્વેતક્રાંતિ વિષે લખેલા ''સફેદ જૂઠાણો'' વિષેના લેખનો રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના અધ્યક્ષ ડૉ.કુરિયન ''શ્યામ જૂઠાણું'' નામની પુસ્તિકામાં જવાબ આપ્યો છે. આના સંદર્ભમાં દૈનિક વર્તમાન પત્ર ''પ્રભાત''ની તા.૬-૪-૮૪ની ખાસ પૂર્તિમાં મયૂરી ઠાકર દ્વારા શ્વેતક્રાંતિ વિષે ગુજરાતની હરણફાળ વિષેના જુદા જુદા લેખકોના લેખોનું સંકલન સચોટ રીતે દર્શાવ્યું છે. જેનોવિગતે અભ્યાસ કરવામાં આવે તો જરૂર હરિયાળી ક્રાંતિ પછીની આ શ્વેતક્રાંતિને વધુ સ્પષ્ટ રીતે સમજી શકાશે.[x]

અહી એટલી સ્પષ્ટતા તો કરવી જ જોઈએ કે ડૉ. કુરિયને આઝાદીના સમયપર્વ વખતે ગુજરાતના ગોવાળોને આપેલ માર્ગદર્શનથી તે વખતની રચાયેલ ગોવાળોની દૂધ સહકારી મંડળીની શરૂઆતથી આજે ગુજરાતના ગામડે-ગામડે ડેરી સહકારી પ્રવૃત્તિ પહોંચી છે અને માત્ર ગામડાઓમાં જ નહીં પરંતુ રાજયમાં દેશમાં અને વિશ્વમાં જેની પ્રવૃત્તિ પ્રશંસા થઈ રહી છે ત્યારે કેટલાક સ્થાપિત હિતો દ્વારા ગુજરાતના ખૂણામાં વસતા નાનામાં નાના માણસને પગભર ઊભા રહેતા શીખવાડનાર સામે જે કાદવ ઉછાળાય છે તે વ્યવસ્થિત રીતે ઊભા કરાયેલ કાવત્રા સિવાય કંઈ નથી.

આદિવાસી વિસ્તારમાં આઠ જિલ્લાના સંદર્ભમાં જોઈએ તો આ જિલ્લાઓની પછાત વિસ્તારોની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં આદિવાસી સભ્યોની જેટલી મોટી સભ્ય સંખ્યા છે તેટલી મોટી સંખ્યા બીજી મંડળીઓમાં ભાગ્યે જ હશે. દૂધના ધંધા દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાનું પ્રદાન આ વિસ્તારોના સંઘો કરતાં હોય છે. દૂધના ધંધાથી આદિવાસી કુટુંબોને લાભદાયક રોજગારી મળી રહે છે. તેઓ જે છૂટક મજૂરી માટે ફાંફાં મારતા હતા તેને બદલે હવે તેમને ઓછી-વત્તી નિયમિત અને ખાતરીપૂર્વકની રોજગારી ઉપલબ્ધ થઈ રહી છે અને આ દ્વારા તેમને વર્ષભર કાયમી આવક મળતાં વધારાના આર્થિક લાભ પ્રાપ્ત થવા લાગ્યા છે. જેને કારણે તેમને સામાજિક અને આર્થિક જીવનમાં કેટલુંક પરિવર્તન પણ આવ્યું છે. તેઓ રોજીંદા ખોરાકમાં દૂધ/ઘી/છાશનો ઉપયોગ કરતાં થયા છે. દૂધની આવકમાંથી જરૂરી વસ્ત્રો ખરીદવા, ઘરવખરીની ચીજોમાં વૃધ્ધિ કરવી, મોસમી ખેતીની જરૂરિયાતોની ચીજવસ્તુઓ ખરીદવા માટે દૂધના નાણાંનો ઉપયોગ કરતા થયા છે. આ વિસ્તારમાં દૂધનો વ્યવસાય મજબૂતી પકડતો જાય છે.

આદિવાસી વિસ્તારોમાં સામાજિક અવ્યવસ્થા અને આર્થિક અસમાનતાની તે સમાજ પર સતત ઘેરો પ્રભાવ રહેતો હતો. પરંતુ હવે આદિવાસી વિસ્તારના ગ્રામ્યકક્ષાએ વિદાયક વિકાસ

---

x આ માટે જુઓ '' પ્રભાત'' તા.૬-૪-૮૪ની ખાસ પૂર્તિ

સાધવા પુનઃ સમય આવી પહોંચ્યો છે. આર્થિક વિકાસ સાધવાની જે પરંપરાગત રીતિનીતિઓ હતી તેની ખૂબજ ઊંડો મૂળ ગાલેલા આર્થિક દૂષણો દૂર કરવામાં નહિવત અસર પડી હતી અને ખરેખર તો કોઈપણ યોગ્ય વિકાસ કાર્યક્રમની પીછેહઠ માટે પરંપરાગત રીતિઓ જવાબદાર હતી અને આવા પ્રયાસોના શિકાર પછાત વિસ્તારોના ગામડાઓ બન્યા હતા. કંઈક અંશે તેઓ દ્વિધા અનુભવી રહ્યા હતા. આવી નિરાશાજનક વાતાવરણમાં ડેરી સહકારી પ્રવૃત્તિએ ગ્રામવિકાસની સાથે સાથે પછાત વિસ્તારના લોકોમાં આર્થિક ઉત્થાનનું એક નવું પ્રોત્સાહક બળ પુરું પાડયું છે. સહકારી ડેરી એ ગામડાઓમાં સામાજિક તાણાવાણા સાથે સુગ્રંથિત રીતે ઓતપ્રોત થઈ છે. આજ સુધીની વિવિધ યોજનાઓનો લાભ સમાજના કચડાયેલા વર્ગ સુધી ભાગ્યેજ પહોંચ્યા હશે.જે જે લાભો પહોંચ્યા હશે તે કેટલા પ્રમાણમાં ? તેની તપાસ કરવી રહી કારણ કે એ વિવિધ યોજનાઓથી આદિવાસી સમાજમાં જીવનધોરણ ઊંચુ લાવવામાં અને સમાજમાં અસમાનતા ઊભી થઈ હતી. જે આજે પણ આ વિસ્તારોના ક્ષેત્રકાર્ય પરથી કળાય છે.

ઓપરેશન ફલડ હેઠળ સહકારી ડેરીએ પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધ વપરાશના કેન્દ્રો સાથે જોડવાના પ્રયાસથી ગામડાની ગરીબ પ્રજા અન્ય વિસ્તારોની જેમ સામાજિક આર્થિક વિકાસના મુખ્ય પ્રવાહની ખૂબજ નજીક આવતી ગઈ છે. કેટલાક વિસ્તારોમાં તો દૂધ ઉત્પાદકો દૂધના ધંધામાં સ્વાવલંબન પ્રાપ્ત કરતા થયા છે. આમ સહકારી ડેરીઓનું દૂરગામી પરિણામ રૂપ દૂધની પ્રાપ્તિ વધી છે. એટલું જ નહિ બલ્કે વ્યક્તિગત આવક વધી છે. સાથે ઓરપેશન ફલડના દૂધ શેડોમાં મજૂરોને મોટા પ્રમાણમાં રોજી મળવા લાગી છે.

ડેરી પ્રવૃત્તિથી સમગ્ર રીતે જોતાં સભ્યોની આવકમાં વૃધ્ધિ થઈ છે તે નિશ્ચિત છે. ૧૯૭૫-૭૬ના વર્ષમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ દ્વારા કરાયેલા ૧૭ ઓપરેશન ફલડ શેડોના અભ્યાસ પરથી પણ સ્પષ્ટ તારણ નીકળે છે કે મોટાભાગના દૂધ ઉત્પાદકો કાંતો જમીન વિહોણા છે અથવા તો નાના સીમાંત ખેડૂતો છે. ડેરી વ્યવસાયથી તેમની આવક પણ વધવા પામી હતી. ઈંસ્ટીટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ અમદાવાદ દ્વારા હાથ ધરાયેલા એક અભ્યાસમાં ડેરી સાથે સંબંધિત કુટુંબોની કુલ વાર્ષિક આવક અન્ય કુટુંબની સરખામણીએ વધારે હતી. રાષ્ટ્રીય ડેરી સંશોધન સંસ્થાના તાજેતરમાં હરિયાણામાં ત્રણ ગામોમાં કરેલ અભ્યાસ પરથી જાણી શકાયું છે કે સ્થાનિક વેપારીઓ દ્વારા દૂધના ભાવો જે ચૂકવાય છે તેના કરતાં ગામની સહકારી મંડળીઓ દ્વારા એકંદરે વધુ ભાવો મળતા હતા.

એટલે કે ડેરી વ્યવસાય એ માત્ર રોજી ઊભી કરવાનું સાધન નથી, પરંતુ તેના દ્વારા સભ્યોની આવક વૃધ્ધિ થઈ છે. ડેરી દ્વારા ભાવો પણ સારા ચૂકવાય છે અને આ દ્વારા સામાજિક-આર્થિક અસમાનતા ઘટી છે. પ્રસ્તુત અહેવાલની ''સર્વેક્ષણ નોંધ'' પરથી પણ આ સ્પષ્ટ જોઈ શકાય છે.

આ રીતે ડેરી વ્યવસાયથી અને તેની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કોર્પોરેશનની વ્યાજરાહત યોજના

હેઠળ દૂધાળા ઢોરની યોજના દ્વારા ગ્રામ વસતીના નબળા વર્ગની આવક વધવાની સાથે જીવન સ્તરમાં પણ સુધારો જણાય છે. એટલું પુરતું નથી. પરંતુ અન્ય જ્ઞાતિઓની સાથે સાથે આદિવાસીઓ અને હરિજનોને સારી ઓલાદના પશુઓ મળવા લાગ્યા છે. જેની યોગ્ય માવજત દ્વારા તેને નફાકારક બનાવતા સારી દેખરેખ માટે પશુ-ચિકિત્સાની સેવાઓ મળતાં તેમની ઉત્પાદકતા વધવા પામી છે. આ કાર્યક્રમને પરિણામે ગામડાઓમાં ક્રાંતિ સર્જાઈ રહી છે તે નિશંક છે.

ગુજરાતમાં સહકારી ક્ષેત્રે ડેરી ઉદ્યોગ દ્વારા ''શ્વેતક્રાંતિ'' ના પગરણ મંડાયા છે. વર્ષો પહેલાં ખેડા જિલ્લામાંથી શરૂ થયેલ આ દૂધ આંદોલન પૂરના પ્રવાહનીજેમ મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, સુરત અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં ફેલાતું જાય છે. ડેરી ઉદ્યોગથી ગામડાને ખેતી સિવાયની અનય આવક વધારનાર પ્રવૃત્તિ મળી છે. સરકારની નબળા વર્ગના ઉત્કર્ષ માટેની મરઘાં ઉછેર જેવી યોજનાઓ કરતાં વધારે વળતરની શક્યતાઓ આ ઉદ્યોગમાં છે. સાથે સાથે ડેરી વ્યવસાય ગુજરાતના માનસ અને પ્રણાલિકાઓને તદ્દન અનુકૂળ છે.

**સહકારી ડેરી પ્રવૃત્તિ દ્વારા ગ્રામ વિકાસ :**

ભારતમાં બહુજન સમાજ ગામડામાં વસે છે. ૧૯૦૧માં શહેરી વસ્તીનું પ્રમાણ કુલ વસ્તીના ૧૦.૮ ટકા હતું. જે આજે ૧૯૮૧માં વધીને ૨૩.૭ ટકા થયું હોવા છતાં દવેશના ૬૮.૪૦ કરોડ વસ્તીમાં પોતા છ લાખ ગામડાંના ૪૩.૯૦ કરોડ લોકો જ પ્રધાન અંગ ધરાવે છે. જયાં સુધી આ ૬૭ ટકા ગામડાનો વિકાસ ન થાય ત્યાં સુધી આપણું અર્થતંત્ર વિકસિત બની શકે નહીં. આઝાદી બાદ ઔદ્યોગિકરણની પ્રક્રિયા વેગીલી બની છે. ટાંકણીની પણ આયાત કરનારો દેશ યંત્રો અને વિજાણું સાધનો બનાવતો થયો છે. ઉદ્યોગો વિકસતાં શહેરો ફૂલ્યાં ફાલ્યા છે. જો કે તેની સાથે શહેરીકરણના અનેકવિધ ગંભીર પ્રશ્નો પણ સર્જાયા છે. બીજી તરફ ગામડાંઓ એકલવાયા પડી ગયા છે. ગામડાની આવકનો મુખ્ય આધાર સ્તંભ ખેતી અને પશુપાલન છે. આ બંને વ્યવસાયો કુદરત આધારિત હોવાથી અને વ્યવસાયકારો બહુધા અશિક્ષિત હોવાથી ગામડાંની આવકમાં ઝડપી વધારો જોવા મળતો નથી. પરિણામે શહેરો અને ગામડાંઓ વચ્ચે આવક અને વિકાસની અસમાનતા ઊભી થઈ છે. તે માટે સહકારી સંસ્થાઓ દ્વારા ઉત્પાદનમૂલક, ગ્રાહકમૂલક અને વેચાણમૂલક સુવિધાઓ આપીને ગામડાને નંદનવન બનાવી શકાય તેમ છે. જરૂર છે પક્ષાપક્ષીથી, રાગદ્વેષથી, મુક્ત સંપથી કામ કરતી સહકારી સંસ્થાની.

ગામડાંઓમાં ખેતીની સાથે પશુપાલન ઉદ્યોગ પણ વિકસતો જાય છે. વિશ્વના ૨૫ ટકા ઢોર આપણા દેશમાં છે, પરંતુ પશુઓની ઓલાદ ખૂબ નબળી છે. ગાય કે ભેંસદીઠ દૂધના ઉત્પાદનમાં આપણે પાછળ છીએ, અમૂલ પેટર્ન ઉપર ગામડે-ગામડે ઊભી થતી દૂધ મંડળીઓએ, દૂધના સંગ્રહ અને વિતરણનું કામ કરી અટકી જવાનું નથી, પણ ગામના ઢોરની ઓલાદ સુધરે, સારો ખોરાક

નભે, તબીબી સારવાર મળે તે માટે જાગૃત રહીને જિલ્લા કક્ષાના સંગઠનો - ડેરી સંસ્થાઓનો લાભ લેવો જોઈએ.

આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકોનું મુખ્ય જીવન નિર્વાહનું સાધન ખેતી છે. પરંતુ મોટાભાગના લોકો પાસેની ટૂંકી જમીનની હલકીપ્રત, પિયતની જોગવાઈઓનો અભાવ, એકથી વધુ પાક લેવાની પરિસ્થિતિની ઉણપ, પૂરતી મજૂરી મળી શકે નહિ તેવા સંજોગો વગેરેના કારણે આદિવાસી ખેડૂતોની પૂરક રોજી ઊભી કરવામાં ન આવે તો આદિવાસી લોકોનું જીવન ધોરણ સુધરી શકે તેમ નથી. આથી ખેતીની અપૂરતી આવકને વધારવા માટે પૂરક પ્રવૃત્તિ કરવામાં આવે તો જ આવક વધતાં લોકોનું જીવનધોરણ સુધરી શકે. આથી ખેતી સાથે સહકારી દૂધ મંડળીઓ દ્વારા દૂધાળા ઢોર ખરીદી દૂધ દ્વારા આવકનું સાધન વધારવાની પણ એટલી જ જરૂરિયાત છે. સહકારી દૂધ મંડળીઓ દ્વારા પૂરક આવક મેળવવાનું કામ આ જિલ્લાના આદિવાસી વિસ્તારના કેટલાક ભાગમાં શરૂ થયં છે અને તેને ઘણો આવકાર મળતો જણાયો છે. લોકો દૂધાળાં ઢોર ખરીદી દૂધનો વ્યવસાય અપનાવવા ઠીક ઠીક પ્રમાણમાં આવતા જાય છે. ટૂંકમાં કહીએ તો આદિવાસીઓને દૂધનો વ્યવસાય પૂરક રોજી માટે સારું સાધન છે.

**દૂધ સહકારી સંસ્થા અને ખેડૂતો :**

નાના સીમાન્ત ખેડૂતો અને ખેતમજૂરોની આવકમાં વધારો કરવાનું દૂધ ઉદ્યોગ એક મહત્વનું સાધન છે. તેનો કાબૂ અને સંચાલન દૂધ ઉત્પાદકોનું પોતાનું છે અને ડેરીઓ ગ્રામ્ય વિસ્તારમાં દૂધ ઉત્પાદક મંડળીઓ દ્વારા આ કામગીરી બજાવે છે.

કેટલીક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ અને સંઘોએ શરૂઆતથી જ ઘણી પ્રગતિ કરી છે, અને તેમાંય છેલ્લા થોડા વર્ષોમાં ઘણી જ સારી પ્રગતિ કરી છે. દૂધ મંડળીઓની સંખ્યા અને સભાસદપણામાં પણ ઘણો વધારો થયો છે. આણંદ માળખાની જેમ દૂધ સહકારી માળખામાં ગુજરાતમાં દ્વિસ્તરીય માળખાની રચના કરવામાં આવી છે. એક ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને બીજી જિલ્લા કક્ષાએ દૂધ ઉત્પાદક સહકારી સંઘ હોય છે જેના દ્વારા,

**(૧) ખેડૂતોના હાથમાં રોકડ નાણાંની આવક :**

ખેડા જિલ્લામાં સવારના સાંજે અને સાંજના સવારે નાણાં મળે છે, મહેસાણામાંદસ દિવસે ચૂકવાય છે. જયારે બનાસકાંઠાની બનાસ ડેરી દર પંદર દિવસે દૂધના નાણાં ચૂકવે છે. જયારે પંચમહાલમાં દર દસ દિવસે નાણાં ચૂકવાય છે.

**પશુપાલન વ્યવસાયનું આર્થિક વિશ્લેષણ :**

ગ્રામ્ય વિસ્તારોમાં નબળી આર્થિક સ્થિતિના ખેતમજૂરો, સીમાન્ત ખેડૂતો, નાના ખેડૂતો અને

ગ્રામ્ય કારીગરોની આવક વધારવા માટે તથા તેમની બેકારી નિવારવા માટે ઘણા માર્ગો વિચારવામાં આવ્યા છે. આવા માર્ગો પૈકી ખાદીકામ (કંતાઈ અને વણાટ) ગ્રામોદ્યોગો અને પશુપાલન એને ત્રણ માર્ગોને રોજગારીની તકોને વધારનાર તથા જીવનનિર્વાહ માટે કમાણી કરવાના સાધન તરીકે ગણવામાં આવે છે. આ ત્રણેય માર્ગો અપનાવીને ગ્રામ્ય બેકારી દૂર કરવાના તથા ગામડાંની આર્થિક સ્થિતિ ઊંચી લાવવાના પ્રયત્નો ભારતની આઝાદી પછીના છેલ્લાં ત્રીસ વર્ષથી અપનાવવામાં આવ્યાં છે. પરંતુ હજુ તેનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર, પ્રભાવ અને ધારી અસરો જોવા મળી નથી. આ ત્રણેય માર્ગો પૈકી પશુપાલનનો વ્યવસાય ગામડામાં આસાનીથી અપનાવી શકાય તેવો ગણવામાં આવે છે, કારણ કે તેને ખેતીના પૂરક ધંધા તરીકે વિકસાવી શકાય તેમ છે.

પશુપાલન મુખ્યત્વે દૂધ ઉત્પાદન માટે કરવામાં આવતો અને ખેતી સાથે સંકળાયેલ આડ ધંધો છે. ખેતી અને અન્ય વ્યવસાયો પર નભતી મોટાભાગની વસ્તી ગામડામાં વસે છે અને આદિવાસી વિસ્તારમાં ખેતી માટેની પશુપાલન અને દુધ ઉત્પાદનનો વ્યવસાય ખૂબજ સહાયરૂપ ગણાય છે. આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતા કુટુંબો પોતાને ત્યાં એક બે દૂધાળાં ઢોર રાખીને દૂધ ઉત્પાદનના ધંધામાંથી પૂરક આવક મેળવવાનો પ્રયત્ન કરતા હોય છે, આદિવાસી કુટુંબોની ખેતી, મજૂરી તથા અનય ધંધાની આવક ઓછી હોય છે. તેમના માટે તો દૂધ ઉત્પાદનનો ધંધો ખૂબજ અગત્યનું રોજગારીનું અને આવક પ્રાપ્તિનું સાધન ગણાય છે. પશુપાલનનો વ્યવસાય વિકસાવવા માટેની સરકારશ્રીની નીતિ તથા સહકારી પ્રવૃત્તિનો વિકાસ તથા  સહકારી સંસ્થાઓના ધ્યેલક્ષી પ્રયત્નોને લીધે ગુજરાતના ઘણા જિલ્લાઓમાં દૂધ ઉત્પાદનનો ધંધો વિકાસ પામ્યો છે અને તે ધંધામાંથી આદિવાસી વિસ્તારના મધ્યમ અને નબળી સ્થિતિના લોકો અંશતઃ રોજગારી તથા પૂરક આવક મેળવે છે. સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓને લીધે આદિવાસી વિસ્તારમાં નબળા વર્ગોની આર્થિક ઉન્નતિના માધ્યમ તરીકે તેમજ રોજગારીની તકો પૂરી પાડવાના માધ્યમ તરીકે આજે મૂળ મહત્વ અપાયું છે.

પશુપાલનના વ્યવસાયમાંથી આદિવાસી વિસ્તારમાં લોકોને અંશતઃ રોજગારી મળે છે, પણ તે કેટલા પ્રમાણમાં મળે છે, કેટલી આવક થાય છે તેનું સ્પષ્ટ ચિત્ર દર્શાવતા આ ક્ષેત્રીય અભ્યાસ પરથી જણાયું છે કે ખેડૂતો, ખેતમજૂરો અને ખેતી મજૂરી કરતા કુટુંબોને મજૂરીમાંથી મળતી આવક ઉપરાંત વધારાની પશુપાલનાની આવક મેળવવા આ વ્યવસાય સ્વીકારે છે અને ખેતીની આડ-પેદાશો તરીકે મળતું ઘાસ દૂધાળા ઢોરને ખવડાવી દૂધ મેળવતા હોય છે. કેટલાક સમજુ ખેડૂતો દૂધાળાં ઢોરને પૌષ્ટિક દાણ પણ ખવડાવતા હોય છે. જેનો ઉદ્દેશ પશુપાલનના વ્યવસાયમાંથી જીવનનિર્વાહ માટે જરૂરી આવક મેળવવાનો હોય છે.

**દૂધ ઉત્પાદનમાંથી મળતી આવક :**

**પશુપાલન-પૂરક ઉદ્યોગ તરીકે :**

દુનિયાના ઘણા દેશોની પ્રજાઓએ જેમાં અમેરિકા, કેનેડા, ડેન્માર્ક, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને અન્ય દેશોએ તેમની ખેતી સાથે પશુપાલનનો ઉદ્યોગ આબાદી આપે તેવી રીતે દીર્ઘ દ્રષ્ટિપૂર્વક વિકસાવ્યો છે. તેમ કરીને તેમને તેમની પ્રજાની માંગ સાથે સુસંગતતા ઊભી કરી છે. આપણે ત્યાં બહુ જ થોડા ખેડૂતો પશુપાલનનો ધંધો સ્વતંત્ર રીતે અગર મહદ્‌અંશે તેવા સ્વરૂપમાં કરતા હોય છે. એકંદરે તો તે ખેતી સાથે સંકળાયેલો ધંધો રહ્યો છે. એક બી ખેતી આખા વર્ષ દરમ્યાન રોજગારી આપી શકે તેમ નથી. ખાસ કરીને જયાં ઓછો વરસાદ છે ત્યાં તે શક્ય જ નથી. ખેતીની દ્રષ્ટિથી જે સારા વિસ્તારો ગણાય છે ત્યાં પણ વ્યક્તિદીઠ જમીનનું ઓછું અને ક્રમશઃ ઘટી રહેલું પ્રમાણ વધુ આર્થિક આવક કરવાની સાનુકુળતા આવતી નથી. આથી આદિવાસી વિસ્તારોની સાથે સારા ગણાતા વિસ્તારોમાં પણ ડેરીઉદ્યોગ વિકસાવી આવક વધારવાની જરૂરિયાત છે. આ ઉદ્યોગ ગ્રામ વિસ્તારમાં આખું વર્ષ કામ અને આવક આપશે. આથી આદિવાસીઓ માટે, નાના, સીમાન્ત ખેડૂતો વગર મજૂર કક્ષાના ગણાતા દરેક ઈસમો માટે પશુપાલનની યોગ્ય ટેકનોલોજી આ લોકોને સ્પર્શે તેવી રીતે દાખલ કરવામાં આવશે તો ઘી-દૂધની પેદાશ વધશે, વધુ પ્રમાણમાં રોજીની તકો ઊભી થશે અને ગરીબ વર્ગનું સામાજિક આર્થિક ઉત્થાન થશે.

**કૃષિ વ્યવસાયનું પૂરક અંગ છે, પશુ અને ઢોર ઉછેર :**

ખાદ્ય ચીજોની ઉપલબ્ધિ જીવનનિર્વાહ માટે જરૂરી છે. આ પૈકી અનાજ ઉપરાંત અન્ય પોષણાત્મક ખોરાક માટે પણ ભિન્ન-ભિન્ન પ્રકારના ખાદ્યાન્ત જેવા કે પ્રોટીન્સ, દૂધ, ફળફળાદિ, શાકભાજી વગેરેના ઉપયોગ માટે પ્રમાણસર પ્રાપ્તિની જરૂરત છે.

ખેતીના વ્યવસાય દ્વારા અનાજ, કઠોળ, તેલીબીયાં, શાકભાજીનું ઉત્પાદન કરવામાં આવે છે. રાષ્ટ્રીય ઉત્પન્નમાં ૫૦ ટકા હિસ્સો ખેતીના વ્યવસાયનો છે અને તેમાં પોણાભાગની વસ્તીને રોજગારી મળવા સાથે ઉદ્યોગો માટે કાચામાલનો પુરવઠો પૂરો પાડે છે. સબબ ખેતી, આર્થિક વિકાસો માટેની એક મહત્વની પ્રવૃત્તિ છે.

પશુધન અને ઢોર ઉછેર ખેતીના વ્યવસાયમાં આનુષંગિક તથા પૂરક વિભાગ છે. આમ હોઈ ઢોર ઉછેર અને પશુધનની સાચવણી ખૂબજ મહત્વના છે. આપણા દેશમાં બળદ, બકરાં, ઘેટાં તથા અન્ય પશુઓ નોંધપાત્ર પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. વિશ્વના અન્ય દેશોની આ દિશાની પરિસ્થિતિ ઉપર નજર નાખીએ તો એવું તારણ નીકળે છે કે દુનિયાના પશુધન પૈકી લગભગ ૧/૬ ભાગ પશુ, ૧/૨ ભાગના બળદ તથા ૧/૫ ભાગના ઘેટાં-બકરાંની વસ્તી આપણા દેશમાં છે. ખેતી ક્ષેત્રે બળદોનો મહત્તમ ઉપયોગ સાથે ગ્રામ્ય વિસ્તારમાં માલની હેરફેરના પરિવહનનું કાર્ય પણ બળદોથી ચાલતા

ગાડાઓથી મોટા પ્રમાણમાં થાય છે. તદ્ઉપરાંત ડેરી ઉદ્યોગ દૂધાળા પશુધનથી ફાલ્યો ફૂલ્યો છે. જે દૂધ, માખણ-ઘી, દહીં જનતાને પૂરું પાડવામાં એક ઉપયોગી બની રહ્યો છે.

જેમ ખેત પેદાશો વધારવા ખાતર, બિયારણ, સિંચાઈની સુવિધા તથા નૂતન ખેડાણ પદ્ધતિ અપનાવવા અંગે લક્ષ આપવું જરૂરી છે. તેથી પશુધન વધારવા તેમજ પાળવા પોષવાનું કાર્ય પણ એટલુંજ મહત્વનું છે. જીવનનિર્વાહ માટે ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં આ બંને વ્યવસાય એક બીજાના પૂરક હોવા ઉપરાંત ખેત પેદાશો આધારિત ઉદ્યોગ, ડેરી ઉદ્યોગ તથા ખેતી ઉત્પન્ન ચીજોના ટ્રાન્સપોર્ટેશનની જરૂરી કામગીરી દ્વારા આર્થિક વિકાસનો મહત્વપૂર્ણ હિસ્સો આ વિભાગથી પરિણમે છે તે હકીકત છે, ખાસ કરીને જમીનોના નાના એકમોમાં જયાં ખેતી માટેના અદ્યતન સાધનોનો ઉપયોગ ખૂબ ઓછો થાય છે ત્યાં રોજગારીની તકો પૂરી પાડવામાં આ પ્રવૃત્તિ આશીર્વાદ સમાન છે. સાથે સાથે ઢોર ઉછેર માટે ઘાસ ઉપરાંત પશુ આહારનું ઉત્પાદન પણ એટલું જ જરૂરી છે. અલ્પવૃષ્ટિના સમયમાં જયારે ઘાસનું ઉત્પાદન નહિવત થાય છે અને તેની અછત ઊભી થાય છે, ત્યારે દૂધાળા ઢોર અને બળદો માટે પશુ આહારનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પશુઆહાર માટે કપાસ, ફોરારી, દાણ ગવાર ભરડો, તુવર, ચુની વગેરે આડ પેદાશો કપાસમાંથી રૂ, ગવારમાંથી ગમ, તુરવની દાળ બનાવવાવાળા કારખાનાઓમાંથી ઉત્પન્ન થાય છે. તે સઘળી પ્રવૃત્તિ અર્થતંત્રને વેગ આપવા જરૂરી હોઈ ખેતી તથા ઢોર ઉછેરના પ્રશ્નનો મહત્વ આપી આ વિભાગોને તેના નિક્ષેપો અને સાધનો વધુ પ્રમાણમાં પૂરા પાડવા તરફ કૃષિ ખાતુ ખૂબજ સજાગ રહે તો ખાદ્ય ચીજોની તંગી નિવારવા તથા ગ્રામ્ય રોજગારીની તકો ઊભી કરવામાં ખૂબજ મદદરૂપ થઈ પડે અને ઘણે અંશે ગરીબીની રેખા નીચી લાવવામાં ફળદાયી નીવડે એ હકીકતનોઈન્કાર થઈ શકે તેમ નથી.[x]

ક્ષેત્રકાર્ય વખતે નમૂનાના કુટુંબના વડાઓ પાસેથી મંડળીને લગતી વિગતો મેળવતી વખતે મંડળી માટે દૂધ મંડળી સારી રીતે ચાલે તે માટે તેમના સૂચનો મેળવવામાં આવ્યા હતા. જે અહીં દર્શાવ્યા છે.

**મંડળી માટે વિશેષ શું કરવું જોઈએ :**

(૧) દૂધ ઉત્પાદક સહકારી મંડળના ચેરમેન દરેક સભાસદોને મંડળીમાં દૂધ ભરવા માટે ફરજિયાત બનાવવું. મંડળીમાં દૂધ ભરનાર સભાસદોના દૂધનો ફેટ નિયમિત કાઢવા ટેસ્ટરને સૂચન કરવું.

(૨) દરેક સભાસદોએ એકઠા થઈ મંડળીને લગતાં પ્રશ્નો સમજીને ઉકેલ લાવવા પ્રયત્ન કરવો અને અવારનવાર ચેરમેન/મંત્રીના સલાહ સૂચનો મેળવી મંડળીમાં નિયમિત દૂધ ભરવાનો દરેક સભાસદે આગ્રહ રાખવો જોઈએ.

---

ખેતીવાડીનું અર્થકારણ - લેખમાંથી - મહેન્દ્રભાઈ ઓઝા, સંદેશ તા. ૧૨-૯-૮૩, પાન ૬/૭.

(૩) ચેરમેનશ્રી દ્વારા સભાસદો પર દબાણ લાવવું. દૂધાળાં ઢોર પેટે ચૂકવેલ લોનની રકમના હપ્તા વસૂલ કરવા મંડળીમાં જ દૂધ ભરાવવું જોઈએ જેથી જેટલું દૂધ મંડળીમાં વધારે આવશે તેટલો સભાસદોને ફાયદો થશે.

(૪) જે સભાસદોને દૂધાળાં ઢોર આપ્યા હોય અને મંડળીમાં દૂધ ન ભરતો હોય તેને લોનની રકમના હપ્તા સમયસર ભરવા ચેતવણી આપવી.

(૫) દૂધાળાં ઢોર મળ્યા પછી લગભગ મોટાભાગના સભાસદો લોનની હપ્તાની રકમ ભરતા નથી. જેથી જે તે ગામના બાકી સભાસદો માટે નવી ભેંસો મેળવવાની મુશ્કેલી ણભી થાય છે તો પાછલી બાકી રકમના હપ્તા સત્વરે એકત્રિત થાય તેવી ગોઠવણ કરવી જોઈએ.

(૬) મંડળી સારી રીતે કાર્યન્વીત થાય તે માટે તાલીમ પામેલો વહીવટગણ રાખવો જોઈએ.

(૭) ગામમાંથી બધાનો એકમત કેળવવો, પક્ષાપક્ષીનું વાતાવરણ દૂધ મંડળીમાં ઊભું ન થાય તે જોવું.

(૮) દૂધ મંડળીમાં દૂધ ન ભરતા દરેક સભાસદને એકત્રિત થવું જોઈએ. બધાએ મંડળી માટે શું કરવું જોઈએ તે વિચારવું. જો મંડળી ચાલુ રાખવી હોય તો બધાએ દૂધ મંડળીમાં જ ભરવાનું ચાલુ રાખવું.

(૯) દરેક સભાસદને મંડળીના મંત્રી / ચેરમેને મંડળીના લાભા-લાભની પૂરતી સમજ આપવી. આગળની લોનો ભરપાઈ કરવા તજવીજ કરવી. નવા કેસો મંજૂર કરાવી ગામમાં વધુ દૂધાળા ઢોર આવે તેવી વ્યવસ્થા કરવી.

(૧૦) મંડળી સિવાય બહાર દૂધ આપતા દરેક સભાસદને લોનના હપ્તા ભરવા દબાણ લાવવું.

(૧૧) જે તે મંડળીઓ માટે સંઘ દ્વારા સમયની અનુકૂળતા ગોઠવી આપવી જોઈએ. જેથી દરેક સભાસદ નિયમિત દૂધ સમયસર મંડળીને પહોંચાડી શકે.

(૧૨) જે તે મંડળીએ પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારવું જોઈએ. તે પ્રમાણે દૂધ ભરવાના સમયની ગોઠવણી કરવી જોઈએ. સંઘ દ્વારા દૂધ મંડળીને કાયમી વાહતુકની વ્યવસ્થા મળવી જોઈએ.

(૧૩) દૂધ મંડળીમાં જે સભાસદ ન થયા હોય તેમનો સમાવેશ કરવો જોઈએ. મંડળનો વ્યાપ વધારવો જોઈએ.

(૧૪) દૂધ મંડળી ધરાવતા ગામોની નજીક જો તાલુકા મથક સિવાયના મોટા ગામોમાં (દા.ત. ગરબાડા, જેસાવાડા) પણ સંઘ દ્વારા જ વિતરણની વ્યવસ્થા કરવી જોઈએ. જેથી સભાસદો સીધા ગ્રાહકને વેચાણ ન કરતાં મંડળીમાં દૂધ ભરતા થાય.

(૧૫) દરેક સભાસદે મંડળી આપણી છે અને આપણે બધાએ જ મંડળીમાં દૂધ ભરવા જવું જોઈએ એવો એકમત કેળવી મંડળીનો વિકાસ કરવો.

**મંડળી સારી રીતે ચાલે તે માટે :**

મંડળી સારી રીતે ચાલે તે માટે નીચે મુજબના કેટલાંક સૂચનો ક્ષેત્રકાર્ય વખતે પ્રાપ્ત થયા હતાં.

(૧) મંડળીમાં નિયમિત દૂધ ભરીએ તો મંડળી સારી રીતે ચાલે અને મંડળીની પરિસ્થિતિ સુધરે.

(૨) સંઘ દ્વારા દૂધ મંડળીના સભાસદોને બિન પછાત વિસ્તાર કરતાં ભાવો વધુ મળે તો પણ દરેક સભાસદ છૂટક વેચાણને બદલે મંડળીને દૂધ આપતા થશે.

(૩) મંડળી દ્વારા દરેક સભાસદોને દૂધ મંડળીમાં જ દૂધ ભરવા એક નિયમ બનાવવો, એટલે કે દૂધ ભરવા ફરજીયાત કરવું.

(૪) મંડળી સારી રીતે ચાલે તે માટે મંડળીનો વહીવટ સારો હોવો જોઈએ.

(૫) મંડળીમાં દૂધ ભરતા પોતાની ભેંસો ધરાવતા બિનસભાસદોને સભાસદ બનાવવા અને મંડળીના લાભો આપી તેમને પણ ભેંસો મળે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવી.

(૬) આજુબાજુના ગામોમાંથી દૂધ મંડળીમાં દૂધ આવે તેવા પ્રચાર કાર્યની વ્યવસ્થા ગોઠવવી.

(૭) દૂધના ભાવો વધારવા જરૂરી છે જેથી સ્થાનિક વેપારીઓ પાસે અથવા તો છૂટક દૂધનું વેચાણ બંધ થઈ શકે.

(૮) મંડળી દ્વારા દૂધ ભરવાનો ટાઈમ કેટલીકવાર સચવાતો નથી તો સંઘ દ્વારા આ વિસ્તારમાં સમયનો ગાળોવધારી આપવો જોઈએ. જેથી બહારથી દૂધ ભરનાર સભાસદ દૂધ મંડીમાં ભરી શકે.

(૯) મંડળી એકતરફી હોવી જોઈએ. દરેક મંડળી ધરાવતા ગામોને રસ્તાથી સાંકળી લઈ મંડળીના સ્થળે સંઘનું વાહન આવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જેથી મંડળી નિયમિત રીતે ચાલુ રહી શકે.

(૧૦) આદિવાસી વિસ્તારની મોટાભાગની મંડળીઓની આર્થિક પરિસ્થિતિ જોતાં દરેક મંડળી એકઠું કરેલ દૂધ જયાં વાહનની અવર-જવર બારે માસ સુધી ચાલુ રહેતી હોય તેવા ગામથી નજીકના સ્થળે દૂધ પહોંચાડવા વાહતુક કરી શકે તેવી પરિસ્થિતિ હોતી નથી. તો મંડળીથી રોડ સુધીના વાહતુક ખર્ચ સંઘ દ્વારા મળી શકે તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ.

(૧૧) આદિવાસી વિસ્તારની મંડળીઓ પાસેથી સંઘ દ્વારા ચોમાસામાં દૂધ લેવાની વ્યવસ્થા સતત

જાળવી રાખવી જોઈએ જેથી આ સમયે આ વિસ્તારમાં દૂધાળાં ઢોર પણ લીલા હોય છે. જેથી દરેક સભાસદ મંડળીમાં દુધ ભરીને કાયમી આવક મેળવી શકે અને નિયમિત લોનના હપ્તા પણ ભરપાઈ કરી શકે.

મંડળી સારી રીતે ચાલે તે માટે સભાસદે દૂધ મંડળીમાં જ દૂધ ભરવાનો આગ્રહ રાખવો જોઈએ.

મંડળી દ્વારા મળેલ ભેંસની લોનના હપ્તા નિયમિત ભરાય તે જોવું જોઈએ.

ઘણા સભાસદો મંડળીમાં દૂધ આપવા આવતા નથી. સીધા ગ્રાહકોને વેચાણ કરતા હોય છે. કારણ કે મંડળીના ભાવ અને ગ્રાહકો દ્વારા મળતા ભાવમાં લગભગ ૧ રૂા.નો તફાવત ચેક લીટરે હોય છે. જેથી સભાસદોને પોષણક્ષમ ભાવ મળી રહે તેવી વ્યવસ્થા સંઘ દ્વારા આદિવાસી વિભાગ માટે કરવી જોઈએ.

**પ્રશ્ન :** સભાસદો માટે મુખ્ય એક પ્રશ્ન એ પણ છે કે જેની પાસે પૂરતું ખાવાનું નથી હોતુ તે પોતાની ભેંસની શું કાળજી લેતો હશે તે વિચારવું રહ્યું. જેમાં યોગ્ય કરવા સારુ વિચારણા કરવી જોઈએ.

ભેંસો માટેના ઘાસચારાની પૂરતી વ્યવસ્થા બાદ જ ભેંસો વિતરણ કરવી જોઈએ. આ માટે દરેક મંડળીવાળા ગામમાં શક્ય હોય તેટલી ગોચરની જમીનને ઘાસ ઉછેર યોજનામાં આવરી લઈ ઢોર આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

આદિવાસીઓ માટે જે આ ભેંસો આપવાની યોજનાની સાથે સબસીડીની જે યોજના છે તે ખરેખર આદિવાસીઓને પાંગળા બનાવી દે છે, દેવાદાર બનાવી દે છે. દા.ત. ૩૦૦૦/- રૂા. લોન મળે અને ૫૦ ટકા સબસીડી મળે તો તેની નજર ભેંસ / ભેંસ માટે મળતી લોન ઉપર નહિ પરંતુ સબસીડી પર જ હોય છે. આદિવાસી વિસ્તારમાં મોટાભાગની મંડળીઓ ખાલી નામથી જ ઓળખાય છે, તે કાર્યરત હોતી નથી.

ગ્રામ્ય સ્તરે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દૂધના વેપાર અંગેના, દૂધના ઉત્પાદન અંગેની વૃધ્ધિ અંગેના તથા સભાસદોના વિકાસના ઘણાં કાર્યો કરે છે. તેનું મુખ્ય કામકાજ ગ્રામસ્તરે દૂધનું બજાર ઊભું કરવાનું છે. તેથી દૂધ એકત્ર કરવા માટે દૂધનું ખરીદ કેન્દ્ર ખોલે છે અને તે કેન્દ્ર ઉપર જે વ્યક્તિઓ પોતાને ઉપયોગી દૂધ રહેવા દઈ વધારાનું દૂધ લઈને આવે છે. તેમનું દુધ માપી લઈને કેન્દ્ર તેનો સ્વીકાર કરે છે તથા તેની ગુણવત્તા ચકાસીને તેની નાણાંની પૂરતી અને નિયમિત ચૂકવણી કરે છે. આ ધંધાની સાથે સાથે મંડળીએ વિકાસના કાર્યો પણ કરવાના હોય છે. આ વિકાસના કાર્યો ઉત્પાદનલક્ષી હોય છે. તેવા કાર્યોમાં સારી ઓલાદનાં ઢોર રાખે, તે માટે લીલો ચારો, રજકો, અમુલ દાણ જેવા પૌષ્ટિક આહાર, કૃત્રિમ વીર્યદાનથી જ ભેંસો બંધાવે અને આરોગ્ય અને માવજત

અંગેની પશુ સારવારની જરૂરી સગવડો દૂધ ઉત્પાદકોને પૂરી પાડવામાં આવે છે. તે સામે દૂધ ઉત્પાદનની હરિફાઈઓ ગોઠવવી, પર્યટનો, વ્યાખ્યાનો, નિદ્દૃશનો અને શિક્ષણના વર્ગો વગેરે કાર્યો કરવા કે જેથી દૂધ ઉત્પાદકો તેવી રીતે પદ્ધતિઓ અપનાવીને તેમના દૂધાળાં ઢોરનું દૂધ ઉત્પાદન વધારી શકે.

આ બધી કામગીરી દૂધ ઉત્પાદક ક.સ. સંઘોના સહકારથી દૂધ મંડળીઓ ગોઠવતી હોય છે છતાં જયારે જિલ્લાની બધી જ દૂધ મંડળીઓના અહેવાલ લઈને તેનો અભ્યાસ કરવામાં આવે તો એકજ જથ્થાનું દૂધ ખરીદ કરનાર મંડળીઓને કામગીરીમાં અને ખર્ચાઓમાં ફેરફાર જોવા મળશે. કયારેક ઓછું દૂધ એકત્ર કરનાર મંડળી અસરકારક રીતે કામ કરી શકતી હોય પણ વધુ દૂધ એકત્ર કરનાર મંડળી કાર્યક્ષમ ન પણ હોય તેનું કાર્ય વ્યવસ્થા તંત્ર અને દેખરેખની ખામીઓ હોઈ શકે. મંડળીનું વ્યવસ્થા તંત્ર મંડળીને અર્થક્ષમ/કાર્યક્ષમ બનાવવા માટે ઘણો જ મહત્વનો ભાગ ભજવી શકે છે.

(૧) દૂધની પ્રાપ્તિનું પ્રમાણ : વર્ષોવર્ષ દૂધ મંડળીમાં દૂધનું પ્રમાણ વધે છે ? સભાસદો વધ્યા છે ? નવું પશુ ધિરાણ થાય તો દૂધ મંડળીમાં તેના પ્રમાણમાં અંદાજે દૂધનો વધારો થયો છે? તે હરિફ માથે દૂધ જાય છે. વર્ષ આખરે અગાઉના વર્ષના દૂધ પ્રાપ્તિના પ્રમાણમાં વધારો થયો છે કે ઘટાડો ? તેની વિચારણા થવી જોઈએ.

(૨) દૂધમાં રહેલ ફેટના પ્રમાણમાં વધારો થયો છે કે કેમ તે પણ તપાસવું. દૂધનો ટેસ્ટ કાઢવાની હાલની વપરાતી પદ્ધતિમાં કેટલીક મુશ્કેલીઓ આવે છે તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

(૩) દૂધનો ફેટ ટેસ્ટ કાઢવાની ગરબર પદ્ધતિ મુશ્કેલીઓ અને ઉપાયો : સ. મંડળીઓ દ્વારા ખેડૂતો પાસેથી એકઠું કરવામાં આવતા દૂધની કિંમત તેમાં રહેલા ફેટ (ચરબી) તેમજ એસ.એન.એફ. પરથી નક્કી કરવામાં આવે છે. આથી સહકારી મંડળીઓમાં દૂધ આપતા દરેક ખેડૂતો અથવા તોદૂધ ભરતી દરેક વ્યક્તિએ દૂધના ફેટ કેવી રીતે કાઢવામાં આવે છે તે જાણી લેવું અત્યંત જરૂરી છે. જો ફેટ ટેસ્ટ કાઢવાની પદ્ધતિ યોગ્ય રીતે અપનાવવામાં ન આવે તો તેમાં ક્ષતિ આવવા સંભવ છે કે જેના ભોગ ખેડૂતોએ બનવું પડે છે.

દૂધમાંથી ફેટ કાઢવાની ઘણી રીતો પ્રચલિત છે, પરંતુ આપણી સહકારી મંડળીઓ જે પદ્ધતિથી દૂધમાંથી ફેટ કાઢે છે તેને ગરબર પદ્ધતિ કહેવામાં આવે છે. સ્વીટઝરલેન્ડના વૈજ્ઞાનિક ડૉ.એન.ગરબરે શોધેલી આ પદ્ધતિ સરળ અને ઝડપી છે.

**સાધનો :**

- ગરબર એન્ટ્રીફયુગલ મશીન
- ગરબર દૂધ માપવાની શીશી (બ્યુરોમીટર)
- ૧૦ મિલીલીટરની એસિડ્સ્વયંમાપક શીશી

- ૧ મિ.લી.ની એમાઈલ આલ્કોહોલ સ્વયંમાપક શીશી
- ૧૦.૭૫ મિ.લી. દૂધ લેવાની પિપેટ
- શીશી બંધ કરવાનો બૂચ
- શીશી ઊભી રાખવા માટેનું સ્ટેન્ડ
- ચોક્કસ ઉષ્ણતામાને પાણી રાખવાનું સાધન (બોટર બાથ)

રસાયણો :
- ગરબર સલ્ફયુરિક એસિડ વિશિષ્ટ ઘનતા ૧.૮૨૦થી ૧.૮૨૫
- ૯૫ ટકાવાળો એમોઈલ આલ્કોહોલ વિશિષ્ટ ઘનતા

૦.૮૧૪ થી ૦.૮૧૬
(૧૫° સે.ગ્રે. ઉષ્ણતામાન)

ઉપરના જુદા જુદા સાધનોના ઉપયોગથી દૂધનો ફેટ કાઢી શકાય છે.

દૂધની ચરબીની ઘનતા દૂધમાં રહેલા બીજા પદાર્થોની ઘનતા કરતાં ઓછી હોય છે. એસિડ દૂધમાં રહેલા પ્રોટીનને ઓગાળે છે અને ચરબીને છૂટી પાડે છે. જયારે આલ્કોહોલ પૃષ્ઠતાણ ઘટાડે છે અને ચરબીના કણોને છૂટાપાડી કાળા થતા અટકાવે છે. આમ જુદી જુદી ઘનતાવાળા મિશ્રણને ગોળ ફેરવતાં ઓછી ઘનતાવાળો પદાર્થ ઓછે દૂર ફેંકાતાં શીશીમાં ચરબીના સ્તંભરૂપે એકઠો થાય છે. જે દૂધમાં રહેલ ફેટનું પ્રમાણ દર્શાવે છે.

ગરબર પદ્ધતિ યોગ્ય રીતે કરવામાં ન આવે તો ફેટ સ્ટેટ ઉપર તેની અસર થાય છે. જેથી દૂધ ઉત્પાદન કરનારને ઘણીવાર સહન કરવું પડે છે.

(૪) આ ઉપરાંત મંડળીએ દર વર્ષે દૂધ મંડળીના સંચાલન અંગેની તેના ખર્ચ અંગેની તારવણી કાઢવી જરૂરી છે. સાથે સાથે મંડળી દ્વારા દૂધ ઉત્પાદન અને પૌષ્ટિક પશુઆહારના વપરાશ વચ્ચેનો સંબંધ પણ તપાસવો. મંડળીની ફાજલ મૂડીનો ઉપયોગ યોગ્ય જગ્યાએ કરવામાં આવે છે કે કેમ ? તે જોવું અને છેલ્લે મંડળી દ્વારા જો ધિરાણ કર્યુ હોય તો તેની વસૂલાત નિયમિત થાય છે કે કેમ ? તેની ખાત્રી કરવી જોઈએ.

**દૂધના ધંધમાં બહેનો વધુ ફાયદો મેળવી શકે :**

અત્યારે ગામડામાં બહેનો ૭૦ ટકા ખેતીના કામમાં મદદ કરે છે. દરેક ખેડૂતને ત્યાં મોટાભાગે ગાય કે ભેંસ હોય જ, અને પોતાની જમીન હોય એટલે સૂકો અને લીલો ઘાસચારો તો તે મેળવી શકે. ગામડામાં અનાજ દળવાની ઘંટીઓ આવી એટલે બધી ઘરની દેશી ઘંટી બંધ થઈ ગઈ એટલે આપણે સમજી શકીએ કે બહેનોને વધુ ફાજલ સમય મળે છે અને એ ફાજલ સમય

મળે તેનો તેઓ પોતાના ઢોરની માવજત પાછળ ઉપયોગ કરે તો તેમને વધુ લાભદાયક બને.

ગામડામાં દૂધની સહકારી મંડળીઓ ચાલે છે. સહકારી મંડળીઓમાં ગામડાની બહેનો પણ અગત્યનો ભાગ ભજવી શકે. તેઓ જો વધુ કાળજી રાખે તો તેમને વધુ ફાયદો થાય. આ દૂધનો ધંધો એ સહકારી ધંધો છે. દૂધ ઉત્પાદકો સ.મં. ને દૂધ આપે છે. મંડળી દૂધ જિલ્લા સંઘને આપે છે અને જિલ્લા સંઘ તેમાંથી વિવિધ દૂધની બનાવટો વેચે છે. મંડળીને પૈસા આપે છે અને મંડળી દૂધ ઉત્પાદકોને પૈસા વહેંચે છે. એમ એક બીજાના સહકારથી દૂધનો ધંધો ચાલે છે અને દૂધનો ભાવફેર- નફો જે થાય તે વહેંચાય છે. આમ સહકારથી કામ થાય છે.

**બહેનો / સ્ત્રીઓ નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખે તો વધુમાં વધુ ફાયદો મેળવી શકે :**

(૧) જે ગામડામાં પ્રાઈવેટ વેપારીને દૂધ આપવાની પ્રથા છે તે બંધ કરી સહકારી મંડળીમાં જ દૂધ આપવું જોઈએ. આપણને લાગે કે પ્રાઈવેટ મંડળી વધુ લાભ આપે છે, પણ લાંબા ગાળે નુકશાન થાય છે. તેમના દૂધ ભરવાના માપ પણ સહકારી મંડળીઓ કરતાં થોડાક મોટા જોવા મળે છે. જેથી વધુ દૂધ જાય છે અને કોઈ વખત વધુ ફેટ આપે તો કોઈવાર ઓછુ ફેટ આપે એટલે તે પણ બનવા સંભવ છે.

(૨) વધુ દૂધ આપતી ભેંસો કે ગાયો રાખવી આ માટે ભેંસોમાં પણ વધુ દુધ આપતી ભેંસોની પાડીઓને ઉછેરવી. ઓછું દૂધ આપતા જાનવરો ધીરે ધીરે કાઢી સારા જાનવરો વસાવવાં.

(૩) ભેંસ / ગાય વિયાવાના થાય ત્યારે આપણે પહેલાંના જેટલો જ ખોરાક આપીએ છીએ. કોઈ પૂરક ખોરાક આપતા નથી. આપણા મનમાં એવું હોય છે કે ભેંસ દૂધ ન આપે એટલે વધારાનો ખર્ચ કોણ કરે એવું માનીએ છીએ. પણ ગાય ભેંસ વિયાવાની હોય તેના બે મહિના પહેલાંથી ભેંસને દરરોજ ૧ કિલો ખાણ ખવડાવવું જોઈએ. ગામડામાં તે વખતે બાજરી અથવા જુવાર બાફીને ખવડાવે છે, પણ તેના બદલામાં ખાણ ખવડાવવામાં આવે તો વધુ ફાયદો થાય.

(૪) ગાય / ભેંસ વિયાયા પછી ૨૪ કલાકે મેલી પડે છે પણ ઘણા ઉતાવળ કરે છે. ૨૪ કલાક પછી મેલી ન પડે તો જ ડોકટરને બોલાવવો જોઈએ અને સારવાર કરાવવી જોઈએ.

(૫) ગાય / ભેંસ વિયાય ત્યારે ખરટું (કરાંટ) ને ઢોળી દેવામાં આવે છે પણ તે તેના બચ્ચાને પાવામાં આવે તો તે સારૂં રહે છે.

(૬) દૂધ દોહતી વખતે પહેલું દૂધ દોહી લીધા પછી પાછળથી દૂધ પાડા-પાડીને ધવડાવવામાં આવે છે. આમાં પહેલાં પાડા-પાડીને ધવડાવવાનું કારણ કે પાછળથી ધવડાવવાથી સારા ફેટનું દૂધ ગુમાવીએ છીએ. એટલે પાડા-પાડીને ધવરાવી ભેંસ દોહવા બેસવું જોઈએ.

(૭) ઘણીવાર સૂકા પૂળા નીરવામાં આવે છે તે આખા ગમાણમાં છોડી નાંખવામાં આવે છે અથવા

ગમાણ વગર છોડી દેવામાં આવે છે. તેથી તેમાં ઘણો ભાગ પડી રહે છે અથવા જાનવરના પગમાં અડધા કરતાં વધારે બગડે છે. જો પૂળાના નાના કટકા કરી અને પાકી કે કાચી ગમાણ બનાવી નીરવામાં આવે તો બગાડ બહુ જ ઓછો થાય છે અને જાનવરને ઘાસ ખાવામાં સરળતા રહે છે. આવો બગાડ અટકાવીએ તો મોંઘવારીમાં ફાયદો થાય.

(૮) સરકારશ્રી તરફથી જાનવરોના રોગો માટે રસીઓ મૂકવાની ગોઠવણ અવાર-નવાર થતી હોય છે.

**વધારાની (પૂરક) આવક મેળવી આપવામાં દુધ મંડળીઓનો ફાળો :**

ભારત એ ખેતી પ્રધાન દેશ છે. મોટાભાગની વસ્તી ખેતપેદાશો ઉપર નિર્ભર છે. આથી ખેત ઉત્પાદનને પૂરક એવો આ સહકારી ધોરણે દૂધનોધંધો પ્રાથમિક ગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફતે ખિલવવામાં આવે છે. આજની આપણી નબળી પશુ ઓલાદ સુધારી ઢોરદીઠ વધુ દૂધ ઉત્પાદન કરવાનો અને તે રીતે દૂધનાં નાણાં વધુ મેળવી ખેડૂતો તેની આર્થિક પરિસ્થિતિ સુધારવાનો, સમૂળી ક્રાંતિનો આ માર્ગ દૂધ મંડળીઓ મારફત લેવાઈ રહ્યો છે. દૂધ ઉત્પાદકો સંગઠિત થઈ સરકારી ધોરણે સીધો વેપાર કરતા બને છે. તેમજ દૂધના ધંધાને મદદ કરતા એવા નીતિના ધોરણો ઉભા કરે છે. વિકસાવે છે, એટલું જ નહીં, પરંતુ ધંધાને પોષક એવી વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ માટે જિલ્લા દૂધ સંઘ દ્વારા ગ્રામ દૂધ મંડળીઓ પોતાના સભાસદોને કેટલીક સેવાઓ પૂરી પાડે છે.

(૧) કૃત્રિમ વીર્યદાન દ્વારા દૂધાળાં ઢોરની ઓલાદ સુધારણા

(૨) પશુઓ માટે સુમિશ્રિત આહાર, દાણ, લીલો ઘાસચારો જેવા કે રજકો તથા ગજરાજ ઘાસનું ઉત્પાદન તથા તે અંગેના શુધ્ધ બિયારણની વ્યાજબી ભાવે વહેંચણી.

(૩) ફરતાં પશુઓ દવાખાના મારફત ઉત્પાદકોની ઢોરની નિયમિત સારવાર અને ચિકિત્સા.

(૪) પશુ પ્રાથમિક સારવાર પેટી દ્વારા ઢોરની તાત્કાલિક સારવાર.

સંઘ મારફતે : પશુસંવર્ધન અને પશુ ઉછેર, પશુપોષણ, પશુરોગ ચિકિત્સા અને ઉપચારની વ્યવસ્થા કરવામાં આવે છે.

**મંડળી દ્વારા કેટલાક બીજા ફાયદા :**

(૧) બિન આર્થિક અને ટૂંકી ખેતી-આવકમાં ઉમેરો થાય છે.

(૨) પશુપાલન વ્યવસાય દ્વારા રોજીનું સાધન મળે છે.

(૩) વૈજ્ઞાનિક પદ્ધતિઓના ઉપયોગથી પશુદીઠ દૂધ ઉત્પાદનમાં વધારો કરવામાં આવે છે.

(૪) દૂધની જાત અને ધોરણો પ્રમાણે ખેડૂતોને વ્યાજબી ભાવ મળે છે.

(૫) દૂધળાં ઢોરની ઓલાદ સુધરે છે.

(૬) દૂધાળાં ઢોરની ઓલાદની સારી માવજત થાય છે.

(૭) ઢોર માટે સારો પૌષ્ટિક ઘાસચારો ઉત્પન્ન કરી શકાય છે.

(૮) સુમિશ્રિત આહાર આપી ઢોરદીઠ વધુ દૂધ ઉત્પન્ન કરી શકાય છે.

(૯) દૂધ બજાર ઉભુ કરી વેચાણની સુયોગ્ય વ્યવસ્થા ઊભી થાય છે.

આમ દૂધ મંડળીઓએ ખેડૂતોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. જેનો ખ્યાલ તેને મળતી આવક પરથી આવે છે.

**સહકારી ડેરી ઉદ્યોગની ગ્રામ્ય અર્થતંત્ર પર અસર :**

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં સંકલિત ગ્રામ વિકાસ યોજનાના નામે નવી આર્થિક વ્યુહરચના અપનાવવામાં આવી છે. જેને હાલમાં અભિનવ ગ્રામ નિર્માણ યોજનાના નામે કાર્યોન્વીત કરવામાં આવી રહી છે. આ યોજનાઓનો ઉદ્દેશ ગામડાની ગરીબી નાબૂદ કરવાનો છે. ત્યારે પ્રશ્ન એ થાય કે આ ગરીબી નાબૂદ કેવી રીતે કરી શકાય ? આ પ્રક્રિયામાં સ્થાનિક સાધનોનો ઉપયોગ કરીને, વધુમાં વધુ લોકોને રસ લેતા કરીને વિકાસની પ્રક્રિયાને ચાલુ રાખીને તે દ્વારા લોકો આર્થિક અને સામાજિક પ્રવૃત્તિમાં રસ લે અને તંદ્રાંમાંથી બહાર આવે તે માટેના પ્રયત્નો કરવાનો છે. સ્થાનિક સાધનોનો ઉપયોગ કરીને ગ્રામ્ય ગરીબી દૂર કરવા માટેના પ્રયત્નોની સાથે સાથે ગ્રામ્ય રોજગારી પૂરી પાડી ગામડાના લોકોની અને ગામડાઓની આવક/સંપત્તિ/પૂંજી/માલિકીના સાધનોની મિલકત પણ વધારવાનો ઉદ્દેશ રહેલો છે.

(૧) ડેરી ઉદ્યોગ ગામડાઓમાં ખેતીનો પૂરક ઉદ્યોગ હોવાથી આવા સંકલિત ગ્રામ વીકાસ માટેનું મહત્વનું માધ્યમ છે. ગ્રામ વિકાસમાં તેણે મહત્વનો ભાગ ભજવેલ છે અને તે દ્વારા ઘણીજ સામાજિક અને આર્થિક ઉથલપાથલ પણ કરેલ છે. ડેરીઉદ્યોગ ગામડાઓમાં એક ઘણોજ મહત્વનો ઉદ્યોગ અને આર્થિક કાર્યક્રમ છે. જે ગ્રામવિકાસ માટેનું એક સાધન છે અને સમાજના નબળા વિભાગના લોકોને વિકાસ માટેની તકો પૂરી પાડે છે. સહકારી ડેરી ઉદ્યોગ દ્વારા વિકાસની પ્રક્રિયા અને હાલના સમયમાં અમૂલ પેટર્નના સ્વીકાર અને અમલીકરણ સાથે તે બધાજ પ્રકારના ઉદ્દેશો સાથે તેનો અમલ કરીને સંકલિત ગ્રામવિકાસના વાસ્તવિક દર્શન થઈ શકે છે.

(૨) હાલની ઝડપી વિકાસની પ્રક્રિયામાં સહકારી ડેરી ઉદ્યોગમાં ગ્રામ્ય અર્થતંત્રને સુધારવા માટે આ ધંધાએ ઘણોજ મહત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાતમાં અંદાજે ૨૨ લાખ ખાતેદારોમાંથી

૬૫ ટકા લોકો આ ધંધા સાથે સંકળાયેલા છે. તેમાંથી ૬૦ ટકા જેટલા લોકો નાના અને સીમાન્ત ખેડૂતો અને ખેતમજૂરો છે.

(૩) પ્રવાહી દૂધ અને વધારાના દૂધમાંથી ''ઘી'' બનાવીને કે માવો બનાવીને વેચવાનો જે રૂઢિગત વ્યવસાય ચાલતો હતો તેમાં સહકારી ડેરી ઉદ્યોગે સુધારેલી ટેકનોલોજીના ઉપયોગથી, સાધનો દ્વારા, રૂઢિગત દૂધના વ્યવસાયને દૂર કરેલ છે. આધુનિક ડેરી ઉદ્યોગમાં રૂપાંતર કક્ષાના પ્લાન્ટો અને ઉત્પાદન કક્ષાએ નવીન સંશોધનો દ્વારા ઘણા જ સારા પરિવર્તનો જણાયા છે. ગુજરાતની બધીજ સહકારી ડેરીઓ જુદા જુદા જિલ્લાઓમાં વિવિધતા હોવા છતાં ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થાનો વિકાસ કરી શકી છે. સાથે સાથે આધુનિક ટેકનિકલ ઈનપુટ જેવા કે સમતોલ પશુદાણ, કૃત્રિમ વીર્યદાન, પશુસારવાર અને આરોગ્ય, માવજત વગેરે માટેની સેવાઓ અને તે સાથે અસરકારક વિસ્તરણ સેવાઓ જેવી કે સભાસદોને ઢોર ઉછેર, પશુપોષણ, ઢોરની માવજત વિશે પત્રિકાઓ દ્વારા કે સેમિનારો યોજીને માહિતી આપવામાં આવે છે.

(૪) ગ્રામ વિકાસ અને ગ્રામગરીબો માટે ડેરીઉદ્યોગ તે ઘણુંજ મહત્વનું સાધન સાબિત થયેલ છે.

(૫) દૂધ ઉદ્યોગ સાથે સંકળાયેલાઓમાં રોજગારીની સફળતાઓ પણ ઘણી રહેલ છે. પ્રો. એલોગ જણાવે છે કે ''જયાં આધુનિક ડેરી ઉદ્યોગમાં એક રૂપિયાના મૂડીરોકાણ સામે પ્રત્યક્ષ અને પરોક્ષ અસરોથી ત્રણ રૂપિયાનું વળતર મળે છે. દૂધ મંડળીના કર્મચારીઓ, ટ્રાન્સપોર્ટેશનની સગવડમાં રોકાયેલા કર્મચારીઓ અને ડેરી ફેકટરીના કર્મચારીઓને રોજગારી પૂરી પાડવામાં આવે છે. પ્રો. દેસાઈએ આ અંગે અભ્યાસ કરતાં જણાવેલ છે કે ડેરી ઉદ્યોગ ઘણીજ લાભપ્રદ રોજગારીની તકો ઊભી કરીને લાખો માનવ દિવસો ઊભા કરી રોજગારી પૂરી પાડેલ છે. જે રોજગારી અંગેની નવી વ્યુહરચના પણ આપણે ગણી શકીએ અને સતત આવકને કારણે તેઓ ખેતમજૂરોને પણ વ્યાજબી મજૂરી ચૂકવી શકે છે.

(૬) ડેરી ઉદ્યોગનો ગામડાના લોકોની આવક અને રોજગારીની તકોનો સુધારો તે પ્રત્યક્ષ અસર છે તે સિવાય પણ બીજી પ્રત્યક્ષ અસરોમાં ગામડાના લોકોની રહેણીકરણી પર દેખાય છે. કેટલાક દૂધ ઉત્પાદકો રેડિયો, ઈલેકટ્રીકના સાધનો સ્કૂટર, મોટર સાયકલ, ફર્નિચર વગેરેની ખરીદી કરી ઉપયોગ કરતા થયા છે.

(૭) દૂધ ડેરીના કારણે દૂધ ઉત્પાદકોનો દૂધનો વપરાશ પહેલાં કરતાં ઓછો થયો છે અને દૂધ ઉત્પાદકો દૂધ ખાતા નથી પણ પૈસાના લોભમાં વેચી મારે છે. પરંતુ આ ભય ખોટો સાબિત થાય છે.

(૮) દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું એકમ ગ્રામકક્ષાએ હોય છે તેણે ગામમાં જાતિવાદ/કોમવાદના ભૂતને દૂર કર્યુ છે. દૂધ આપવા માટે લાઈનમાં કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય ઉભા રહીને આપે છે. એટલે ઘર્ષણવિહિન સામાજિક ક્રાંતિ થઈ છે.[x]

ગ્રામ્ય વિસ્તારોમાં વસતિ નબળી આર્થિક સ્થિતિવાળા, નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને જમીન વિહોણા ખેતમજૂરોને રોજગારીની તકો આપવામાં અને તેના દ્વારા તેની આર્થિક ઉન્નતિ કરવાનો પણ એક મહત્વનો પ્રશ્ન છે જ. ભારત સરકાર અને રાજ્યોની સરકારોએ પંચવર્ષીય યોજનાઓ દ્વારા આ લોકોના વિકાસ માટે ઘણી બધી જોગવાઈઓ અને કાર્યક્રમો ઘડ્યા હતા. પરંતુ એક યા બીજા કારણોસર સમાજના આ વર્ગના લોકોને આપણે અપેક્ષિત ધારણાઓ મુજબ કાર્યક્રમમાં સંપૂર્ણપણે સામેલ કરી તેમને તેમનો લાભ અપાવી શક્યા નથી. અત્યાર સુધી ગ્રામ જનતા માટે હાથ ધરવામાં આવેલા કાર્યક્રમોમાં કૃષિ ઉત્પાદનના કાર્યક્રમને કેન્દ્ર સ્થાન મળ્યું હતું. જેનો લાભ સાધન સંપન્ન ખેડૂતો જ મેળવી શક્યા હતા. જયારે જેમની પાસે ઓછી જમીન, ટાંચા સાધનો અને વૈજ્ઞાનિક સુધારેલાં ખેતી કામો, બિયારણો અને ખેતી વિષયક અજ્ઞાનતાને લીધે તેમને કોઈ લાભ અપાવી શક્યા નથી.

સરકારશ્રીની યોજનાઓ મુજબ આવા નાના અને સીમાંત ખેડૂતો અનેજમીન વિહોણા ખેતમજૂરોને કોઈપણ સંજોગોમાં તેમની આર્થિક ઉન્નતિ સાધવી જોઈએ. તેવા દ્રઢ નિર્ધાર સાથે મોટા ભાગના રાજયોમાં ખાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં પશુપાલન અને દૂધ ઉત્પાદન દ્વારા નબળા વર્ગના લોકોને રોજગારીની તકો પૂરી પાડવાનું અને તેમની આર્થિક સ્થિતિ ઉંચે લાવવાનું ધ્યેફ સ્વીકાર્યુ છે.

નબળા વર્ગના લોકોના ઉત્થાન માટે દૂધ ઉત્પાદન વ્યવસાયને વિશેષ મહત્તા આપવા પાછળનું એક કારણ એ પણ છે કે દૂધ ઉત્પાદનનો વ્યવસાય નાના ખેડૂતો અને ખેતમજૂરોના કૃષિ માળખા સાથે સુસંગતતા ધરાવે છે. દૂધ ઉત્પાદન વ્યવસાય નાના પાયા ઉપર હાથ ધરાય તો પણ તે કૃષિ ઉત્પાદનની માફક બિનઅર્થક્ષમ પૂરવાર થતો નથી. કારણ કે તેને દૂધ ઉત્પાદનના વ્યવસાયમાંથી કંઈ જ ગુમાવવાનું રહેતું નથી. બલકે કંઈક ને કંઈક મળતર તો મળવાનું જ છે. આવા દૂધ ઉત્પાદનના વ્યવસાયને વ્યવસ્થિત તંત્ર સાથે ગોઠવીને ઉત્પાદક અને વાપરનાર બંનેને લાભ આપી શકાય છે.

---

સહકાર સપ્તાહ વિશેષાંક - ૧૯૮૨ પાન નં.૮૩ થી ૮૬ શંકરભાઈ જે. ચૌધરીના લેખમાંથી ટૂંકસાર.

**દૂધના ઉત્પાદકોએ જાણવાજોગ મુખ્ય મુદ્દાઓ :**

**ભેંસના દૂધ ઉત્પાદનની હાલની ખામીઓ :**

(૧) ભેંસ બાંધવાની જગ્યાએ અનેક જાતની ગંદકી જોવામાં આવે છે. જેમકે મેલુ ઘાસ, મુતર, છાણ વિગેરે ઘણી જ ખરાબ સ્થિતિમાં એકત્ર થયેલું હોય છે.

(૨) ભેંસ ગંદી જગાએ બેસે છે ત્યારે તેના આંચળ ઉપર તેમજ બીજા શરીરના ભાગોએ મેલું ઘાસ, મુતર, છાણ વગેરે ચોંટે છે.

(૩) આવી ગંદકીમાં જ ગંદા ટોપલામાં દાણા તથા ઘાસ છુટ્ટુ મૂકી ખવરાવવામાં આવે છે.

(૪) પાણી પીવડાવવા માટે તળાવે અગર મોટા ખાડાઓમાં કે જેમાં ગંદકીનું પ્રમાણ વિશેષ હોય છે તેમાં ભેંસ ધોઈ પાણી પીવડાવવામાં આવે છે.

(૫) ભેંસને ચરાવવા માટે સામાન્ય રીતે વર્ષમાં ફક્ત બે થી ત્રણ માસ માટે જ ગોચરમાં લઈ જવામાં આવે છે.

(૬) કેટલીક વખત ગામમાં રોગચાળાથી જેમકે બળીયા, ખખવાળો, ગળસુંડા, આંચળના રોગો વિગેરેથી પીડાતા ઢોરનું દૂધ કાઢવામાં આવે છે અને તેમને દવા-દારૂ કરવા માટે કાળજી રખાતી નથી.

(૭) ભેંસને કેટલીક વખત સમયસર પાડો બતાવવામાં આવતો નથી.

(૮) ભેંસને સમયસર રૂતુમાં લાવવા માટે કોઈપણ જાતનો પ્રયત્ન કરવામાં આવતો નથી.

(૯) દૂધ દોનાર જો ચેપીરોગવાળા હોય તેવા પણ ભેંસ દોવે છે.

(૧૦) દોનારના હાથ તથા કપડાં ઘણાં જ ગંદા જોવામાં આવે છે અને કેટલીક વખત દોનાર હાથ સાફ કરવા જમીન ઉપર અગર ગંદી થયેલી ભેંસ ઉપર લુંછી દેવાનું કામ શરૂ કરે છે.

(૧૧) પવાલીઓ અગર દૂધ દોવાના અન્ય વાસણો કાળજીપૂર્વક સાફ કરવામાં આવતાં નથી.

(૧૨) દોવાને માટે પણ હાથનો અંગૂઠો આંચળને ભાર દઈને દોવામાં આવે છે.

(૧૩) પવાલી અગર વાસણમાં દૂધ ખુલ્લું રાખી વેચતાં પહેલાં લાંબો સમય રાખવામાં આવે છે અને અંદર પડેલો કચરો અસ્વચ્છ હાથથી તે કાઢી લેવામાં આવે છે.

(૧૪) વધારે નાણાં ઉપજાવવાના હેતુથી દૂધમાં પાણી ભેળવવામાં આવે છે અને તે પણ અસ્વચ્છ પાણી રેડવામાં આવે છે.

(૧૫) કેટલાંક ભેંસો બાંધવાના સ્થળોએ હવા-અજવાળું પૂરતું હોતું નથી.

**આરોગ્ય જાળવવા માટે :**

(૧) સ્વચ્છ-સુઘડ- સીમેન્ટ, ક્રાંકીટની ઢોળાવવાળી ગમાણ-મુતર-છાણનો ખાતર તરીકે ઉપયોગ થાય તેવી રીતની વ્યવસ્થાવાળી અને ભેંસને ટાઢ-તળકાથી રક્ષણ માટે વ્યવસ્થિત છાપરૂં જરૂરી છે.

(૨) ભેંસને માટે અને દોતાં પહેલાં નવરાવવાની વ્યવસ્થા, દોવા માટેના વાસણની સાફસૂફી અચૂક જાળવવી.

(૩) ભેંસને ખવરાવવામાં આવતું ઘાસ તેમજ દાણ પણ સ્વચ્છ હોવું જોઈએ.

(૪) ભેંસની સારામાં સારી દેખભાળ હશે તો દૂધનું ઉત્પાદન વધશે, લાંબા સમય સુધી દૂધ આપશે. તંદુરસ્તી જળવાઈ રહેશે, વર્ષોવર્ષ વિયાણ થશે, સમયસર પાડો દેખાડવો, કૃત્રિમ વીર્યદાન યોજના અપનાવી.

(૫) દૂધ દોનારે પણ સ્વચ્છ પોષાક પરિધાન કરેલ હોવો જોઈએ. દોતા પહેલાં સ્વચ્છ પાણીથી હાથ સાફ કરી દોવી જોઈએ અને દોતી વખતે અંગૂઠો આંચળને ભાર દઈને દોતાં આંચળ બગડે છે અને નકામો થઈ જાય છે, જેથી ઉપરની વિગતોનો ખ્યાલ રાખવો જોઈએ.*

**ભેંસ માટે પાકી ગમાણ :**

(૧) ભેંસો માટેની સાચી ગમાણ હોવાથી ભેંસ ઊઠતાં/બેસતાં બાજુમાંની બીજી ભેંસ અથવા વચ્ચે આડું રાખેલ લાકડા સાથે અથડાય છે. આ અથડાવવાની બીકથી ભેંસ ઊભી થતાં કે બેસતાં ગભરાટ અનુભવે છે. આને લીધે શરીરમાં તે આંચકો અનુભવે છે. આવા નાના-મોટા આંચકાઓથી ગાભણ ભેંસના ગર્ભાશયની કોથળી ફૂટી જવાની શક્યતા રહે છે.

(૨) ભેંસ જયાં બંધાતી હોય ત્યાં ખીલા આગળ ઘાસ નીરવાની જગા માટે એક આડું લાકડું હોય છે અને લાકડું પણ ફાટેલું તિરાડોવાળું હોવાથી અંદર કંથીરીયો તેમજ જીવજંતુઓ ભરાઈ રહે છે. જે લાગ જોઈ બચ્ચાના કે ભેંસના શરીર પર ચઢી જાય છે. જે ભેંસને કરડીને હેરાન કરે છે. તેનું લોહી ચૂસી જાય છે જેથી ભેંસની શક્તિ વેડફાય છે. પરિણામે તેની દૂધ ઉત્પાદન પર અસર પડે છે.

(૩) ભેંસને બેસવાની જગા આગળ પેશાબ, નીરેલું ઘાસ, તેના રાડાં અને માટી રગદોળાય છે. જેથી જગ્યા ભેજવાળી રહે છે. આ કારણે ભેંસને શરદી થવાનો સંભવ રહે છે. જેથી ભેંસની ગમાણ કેવી હોવી જોઈએ તે અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

---

ગ્રામ સ્વરાજ ઓગષ્ટ-૧૯૫૦ અંકે પહેલો પાન ૧૩/૧૪ શ્રી સી.પી. પટેલના લેખમાંથી

(૧) ભેંસ આરામથી ઉઠ-બેસ કરી શકે તેવી લાંબી-પહોળી ગમાણની જગા હોવી જોઈએ. ગમાણમાં ફાલતું લાકડા કે બીજી વસ્તુઓ ન રાખવી.

(૨) ભેંસને બેસવાની જગા ઢાળવાળ-પાછળની બાજુએ હોવી જોઈએ જેથી પેશાબ વગેરે તેના પગમાં ભરાઈ ન રહે.

(૩) ભેંસને ઘાસ નીરવાની જગા જીવજંતુઓ ભરાઈ ન રહે તેની વ્યવસ્થિત બાંધેલી હોવી જોઈએ અને શક્ય હોય તો સીમેન્ટ ક્રાંક્રીટની બનાવી લેવી જોઈએ.

(૪) ભેંસને પાણી માટે ભેંસ બાંધવાની જગાની પાસે જ કુંડી બાંધેલી હોવી જોઈએ જેથી સહેલાઈથી પાણી પી શકે.

(૫) ગમાણ ભલે કાચી હોય પણ તે સ્વચ્છ રહે તેની પૂરતી કાળજી રાખવી જોઈએ.

**સભાસદોએ સંકર ગાય - વાછરડાં માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

**(૧) સંકર વાછરડાંનો કરકસરયુક્ત અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉછેર :**

વાછરડી એ પશુધનનો પાયો છે; ભવિષ્યમાં વાછરડી ગાય બની સારુદૂધ આપે તે માટે જન્મથી જ વાછરડીના ઉછેર માટે સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ. ઉછેર શરૂઆતમાં થોડોક ખર્ચાળ લાગે છે પરંતુ વાછરડી વહેલી ઉંમરે વિયાઈ વધુ દૂધ ઉત્પાદન તેમજ વધારે વેતર દૂધ આપતી હોવાથી આ ઉછેર વધારે વળતર આપનાર પૂરવાર થાય છે. વાછરડાની પસંદગી જો સાંઢ તરીકે ન થાય તો તેનો ઉપયોગ બળદગાડું ખેંચવા તેમજ, ખેતીનાં અન્ય કામો માટે કાર્યકુશળ બળદ તરીકે થઈ શકે છે.

**સંકર વાછરડાનાં ઉછેર માટે નીચેનાં પગલાંની ભલામણ થયેલ છે :**

(અ) નવાજત વાછરડાનાં નાળ મારફતે કેટલા ચેપીરોગના જંતુઓ દાખલ થવાની શક્યતા છે. આને અટકાવવા માટે બચ્ચાનો જન્મ થતાં ડુંટાની બે ઈંચ લંબાઈ રાખી બાકીનો નાળ કાપી તેનાં છેડે ટિંચર આયોડીનનું પૂંમડું લગાવવું.

(બ) શક્ય હોય તો જન્મથી જ બચ્ચાને ગાયની નજરથી દૂર રાખી જુદો ઉછેર કરવો. બચ્ચાને માતાનું દૂધ આંચળથી ધવડાવીને ન પાતાં ડોલમાં કે તપેલીમાં રાખેલા જરૂરી દૂધનાં જથ્થામાં તેનું મોં બોળી દૂધ પિવડાવવાની ધીમે ધીમે સહેલાઈથી ટેવ પાડી શકાય છે. આ પદ્ધતિથી ગાયની બચ્ચા તરફની લાગણી ધીરે ધીરે દૂર થાય છે અને બચ્ચાંને ધવડાવ્યાં સિવાય દૂધ આપવાનું ચાલુ રાખે છે. આ પદ્ધતિથી નીચે પ્રમાણે ફાયદા થાય છે.

-તાજા જન્મેલા વાછરડાની તંદુરસ્તી અને વૃધ્ધિ માટે દૂધનો જરૂરી જથ્થો માપીને પિવડાવી શકાય છે.

-ચેપી રોગનો ફેલાવો અટકાવી શકાય છે.

-દૂઝણી ગાયનું દૈનિક ઉત્પાદન જાણી શકાય છે.

-વાછરડું બિમાર હોય અથવા મરણ પામ્યું હોય તો પણ ગાય દૂધ આપવાનું ચાલુ રાખે છે.

(ક) કરાટું તાજા જન્મેલાં બચ્ચા માટે બહુમૂલ્ય ખેરાક છે. કરાટું રેચર હોવાથી તાજા જન્મેલાં બચ્ચાનાં આંતરડાં સાફ કરે છે. તે પ્રોટીન તથા વિટામીન ''એ'' તથા શરીરને જરૂરી એવા ક્ષારોથી ભરપુર છે. જેથી બચ્ચાને સહેજ ગરમ કરાટું ટંકે ૧.૧ x ૪ લીટર સવાર સાંજ ખવડાવવું.

(ડ) બચ્ચાંને તેમની માતાનું દૂધ જન્મનાં પાંચમા દિવસથી ૪૦માં દિવસ સુધી તેમના શરીરના ૧૦ ટકા પ્રમાણે પીવડાવવું જોઈએ. તેની માતાના દૂધની જગ્યાએ બચ્ચાંને ''મિલ્કરી પ્લેસર પાવડર'' આપી શકાય છે.

**(૨) શંકર વાછરડાંને ખવડાવવાનો લીલો ઘાસચારો તથા સુમુલદાણ :**

વાછરડાને ત્રીજા અઠવાડિયાથી કુણું લીલું ઘાસ ખવડાવવાનું ચાલુ કરવું અને વિકાસ પામતાં વાછરડાને ખાઈ શકે તેટલા પ્રમાણમાં લીલો ઘાસચારો નીરવો જોઈએ. જયારે સુમુલદાણ નીચે બતાવ્યાં મુજબનાં પ્રમાણમાં ખવડાવી શકાય છે.

| **ઉંમર** | **દૈનિક આપવાનો સુમુલદાણનો જથ્થો** |
|---|---|
| ૧૪ દિવસથી ઉપર | ૨૦ થી ૫૦ ગ્રામ |
| ૧ થી ૨ મહિના | ૫૦ થી ૧૫૦ ગ્રામ |
| ૨ થી ૩ મહિના | ૧૫૦ થી ૩૦૦ ગ્રામ |
| ૩ થી ૪ મહિના | ૩૦૦ થી ૫૦૦ ગ્રામ |
| ૪ થી ૬ મહિના | ૫૦૦ થી ૧ કિલોગ્રામ |
| ૬ થી ૯ મહિના | ૧ કિ.ગ્રામથી ૧.૨૫૦ કિ.ગ્રામ |
| ૯ થી ૧૨ મહિના | ૧.૨૫૦ કિ.ગ્રામ થી ૨ કિ.ગ્રામ |
| ૧ વર્ષથી ૧.૧/૨ વર્ષ | ૧.૫ કિ.ગ્રામથી ૨ કિ.ગ્રામ |

ગર્ભધારણનાં છેલ્લાં દિવસો દરમયાન ૨.૫ કિલોગ્રામ સુમુલદાણ આપવું જોઈએ.

**(૩) સંકર વાછરડાનાં શીંગડા ડામી દેવા :**

બચ્ચાનાં જન્મ પછી દસ દિવસમાં શીંગડાં ડામી દેવાથી તે શીંગડાં ઉગતાં નથી. જેથી

શીંગડું ભાગી જવું, કરમોડી થવી વગેરે મુશ્કેલીઓ નીવારી શકાય છે. (તાલુકા પશુ ચિકિત્સકને મળવું.)

**(૪) સંકર વાછરડાંને કૃમિ મુક્ત કરવા :**

એક માસથી છ માસની ઉંમર સુધીના વાછરડાને તથા ૬ માસથી ૧ વર્ષની ઉંમરના વાછરડાને કરમ નાબૂદીની દવા આપવાથી કરમ નાબૂદ થાય છે. જેથી વૃધ્ધિ સારી થાય છે.

**(૫) સંકર વાછરડાને રસી મૂકાવવી :**

સંકરણથી પેદા થયેલ બધાં જ જાનવરોને નિયમિત ખરવા-મોવાસની રસી મૂકાવી લેવી જોઈએ.

વાછરડાને પ્રથમવાર ચાર (૪) માસની ઉંમરે રસી મૂકાવવી જોઈએ. ત્યાર બાદ નવ માસે બીજો ડોઝ આપવો પછી એક વર્ષનાં ગાળે નિયમિત રસી મૂકાવવી.

વાછરડાને પાંચ માસની ઉંમરે અને એક વર્ષની ઉંમરે ''ગળસૂંઢા'' ની રસી મૂકાવવી. પછી દર વર્ષે ચોમાસા અગાઉ એક માસ પહેલાં આ રસી મૂકાવવી.

વાછરડાને ૩ માસની ઉંમરે ''બળિયાની'' રસી મૂકાવવી. બીજો ડોઝ ૯ થી ૧૨ માસની ઉંમરે મૂકાવવો. ત્યાર બાદ દર આંતર વર્ષે એક વાર રસી મૂકાવવી.

**(૬) સંકર વાછરડાની માવજત અને કાળજી :**

સંકર વાછરડાને સ્વચ્છ રહેઠાણવાળી જગ્યાએ બાંધવા.

રોજ સવાર-સાંજ ખરેસની મદદથી થોડીક મિનિટો સુધી વાછરડાનાં શરીરને નિયમિત ઘસીને સાફ કરવું.

વાછરડાની ચામડી ઉપર કથીરીઓ, જૂ, ચાંચડ વગેરેનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી. આને અટકાવવા રહેઠાણથી આજુબાજુ દવા છાંટવી.

રહેઠાણની જગ્યા ઠંડી, પવન, વરસાદ અને સૂર્યના તાપથી રક્ષણ આપે તેવી હોવી જોઈએ.

**(૭) સંકર વાછરડીની માવજત અને ખોરાક :**

સૂકા તથા લીલા ઘાસનાં ટૂકડાં કરીને તેનું ટોપલામાં મિશ્રણ કરીને વાછરડીને શરીરનાં વજનનાં પ્રમાણમાં ખવડાવવું.

દા.ત. એક વર્ષની ઉંમરે સાધારણ રીતે ૨૦૦ કિ.ગ્રામ શરીરનું વજન ધરાવતી વાછરડી માટે દૈનિક બે થી ત્રણ કિ.ગ્રા. જુવાર, મકાઈ અને બાજરી જેવા સૂકા ઘાસનાં પૂળા અને ૧૫

થી ૨૦ કિ.ગ્રા. સારી જાતનો લીલો ઘાસચારો (જેવા કે રજકો, ઓટસ, ગજરાજ વગેરે) ખવડાવવો જોઈએ. કઠોળ વર્ગનો લીલો ઘાસચારો પૂરતાં પ્રમાણમાં મળતો હોય તો દૈનિક ૧ કિ.ગ્રામ. સુમુલદાણ પૂરતું થઈ રહે છે. દર માસે સૂકો અનેલીલો ઘાસચારો તથા સુમુલદાણ ૧૦ ટકાનાં પ્રમાણમાં ક્રમશઃ વધારવું જોઈએ. ગર્ભધારણના છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ૨.૦ કિ.ગ્રા. સુમુલદાણ ૨૫ થી ૩૦ કિ.ગ્રા. લીલું ઘાસ અને ૫ કિ.ગ્રા. સુકુ ઘાસ ખવડાવવું જરૂરી છે.

**(૮) દૂઝણી સંકર ગાયનો ખોરાક :**

દૈનિક ૧૦ થી ૧૫ લીટર દૂધ આપતાં સંકર જાનવરોને દિવસમાં ૧૨ કલાકનાં અંતરે સવાર-સાંજ દોહવાનું પૂરતું છે.

દૈનિક ૨૦ લીટર અથવા તેથી વધારે દૂધ આપતાં સંકર જાનવરને ૭ થી ૮ કલાકના અંતરે દિવસમાં ત્રણ વખત દોહવાથી ૧૦ થી ૧૫ ટકા (દિવસનું ૨ થી ૩ લીટર) દૂધ વધારે આપે છે.

**(૯) દૂધ ઉત્પાદનની ક્ષમતા જાળવવા માટે ગમર ઋતુરમાં સંકર ગાયની ખાસ માવજતઃ**

દૂઝણા જાનવર જેટલું વધારે દૂધ આપે તેટલી જ વધારે ગરમી શરીરમાં પેદા કરે છે. આ અસર નિવારી શકાય તેમ નથી. અનય કારણસર ગરમી લાગે તો તે નિવારવા નીચેનાં પગલાં લેવાં.

- જાનવરને ઝાડની છાયા નીચે બાંધવું ઉત્તમ છે.
- તાજુ સ્વચ્છ અને ઠંડુ પાણી જાનવરને પૂરતાં પ્રમાણમાં મળી રહેવું જોઈએ. પાણીનાં હવાડાંને સૂર્યના સીધા તડકામાં ન રાખવું.
- પૌષ્ટિક લીલો ઘાસચારો પૂરતાં પ્રમાણમાં આપવો.
- દિવસમાં ત્રણવાર ખરેરો કરવો. લાંબા વાળ હોય તો અવારનવાર તેને કાપવા જોઈએ.
- ગરમીનાં સમયે એકાદ બે વખત ઠંડા પાણીથી નવડાવવું.

**(૧૦) ગર્ભધારણનાં છેલ્લાં સમયમાં ગાયની કાળજી :**

ગાય તેના બચ્ચાંને ગર્ભાશયમાં લગભગ ૨૮૫ દિવસ સુધી ધારણ કરે છે. ગર્ભધારણનાં છેલ્લાં ત્રણ માસ દરમ્યાન (સફળતાપૂર્વકનાં વીર્યદાન પછી ૬ માસ બાદ) ગાયની નીચેનાં કારણોસર ખાસ કાળજી રાખવાની જરૂર રહે છે.

આ સમયે શરૂઆતના છ માસ કરતાં લગભગ બે ગણી ઝડપથી બચ્ચું ગર્ભાશયમાં

ઝડપથી વૃધ્ધિ પામે છે અને તેથી બચ્ચાંનાં પોષણ માટે ગાયને વધારાના પૌષ્ટિક આહારની જરૂર પડે છે. બાવલાનાં દૂધ પેદા કરતાં કોષો વેતર પૂરું થવાના સમયે ઘસાતાં જાય છે. તેથી તેમને આરામ અને તાકાત સંગ્રહ માટે કેટલોક સમય જોઈએ. આ માટે દૂધ દોહવાની બે ટંક વચ્ચેનો ગાળો વધારીને તથા ધીરે ધીરે સુમુલદાણ ઓછું આપીને છેલ્લાં બે ત્રણ માસ માટે દૂધ દોહવાનું બંધ કરવું જોઈએ. વેતન તથા વિયાણનાં પ્રતિકૂળ સંજોગો સામે ટક્કર ઝીલવા માટે ગાયને દરરોજ ૧ થી ૧.૧/૪ કિ.ગ્રામ સુમુલદાણ (ગાયના શરીરનાં કદ અને સ્થિતિના પ્રમાણમાં) અને ૧૫ થી ૨૦ કિ.ગ્રા. સારો લીલો ઘાસચારો જેવો કે રજકો, ઓટસ, ચોળા, ગજરાજનું મિશ્રણ કરીને ખવડાવી શકાય. આ સમયે ગાયના ખોરાકમાં જો સહેજ પણ નિષ્કાળજી રાખવામાં આવે તો તે નબળું વાછરડું, કષ્ટવાળું વિયાણ, મોડેથી વેતરમાં આવવું જેવા સંજોગો થાય છે.

આજ રીતે ભેંસોની પાડીના ઉછેર માટે એટલી જ કાળજી આવશ્યક છે.

**સભાસદો માટે :**

**દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને સૂચનો :**

(૧) ભેંસો માટેના દાણની સુવિધા પૂર્ણ કરવી જોઈએ.

(૨) ડોકટરી સારવાર માટે તેમજ ઢોર બંધાવવા માટે કેટલેક ઠેકાણે ગામથી બે ત્રણ કિ.મી. દૂર જવું પડતું હોય છે. તેમાં પણ ઘણીવાર લાંબા સમય સુધી રાહ જોવી પડતી હોય છે અને ઢોર બંધાવ્યા વગર પરત થવું પડતું હોય છે.

(૩) ભેંસો અને દૂધાળા ઢોર ખરીદવા માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓ મુજબ બેંકમાંથી લોન આપવાની યોજના પણ છે. જેના લાભથી મોટાભાગના કુટુંબો વંચિત રહેતા હોય છે. જેથી ઢોર ખરીદી શકતા નથી કારણ કે બેંકમાંથી લોન મેળવનાર સભાસદની બાંહેધરી દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ આપવાની હોય છે અને લોનની વસૂલાત માટે આ અનિવાર્ય હોય છે. પરંતુ દૂ.ઉ.સ. મંડળી આવી બાંહેધરી નબળા વર્ગોને આપવા માટે હિચકિચાટ અનુભવે છે.

(૪) વળી કેટલીક દૂ.ઉ.સ. મંડળીમાં આર્થિક રીતે પગભર એવા ખેડૂતોની વધુમતિ હોવાથી ઘણીવાર ખેતમજૂર કુટુંબને શોષાવું પડતું હોય છે.

(૫) દૂધાળાં ઢોર ખરીદવા માટે બેંકો અને સહકારી સંસ્થાઓ લોન પણ આપે છે, પણ તેઓ દૂધ મંડળી દૂધમાંથી હપ્તા કાપીને ભરી આપશે એવી બાંહેધરી માગતા હોય છે અને કોઈ કોઈ દૂધ મંડળીઓ આમાં આંખ આડા કાન કરતી હોય છે જે ન થવું જોઈએ.

(૬) ગામડામાં પશુપાલન અને દૂધ ઉદ્યોગ વિકસે એ માટે દૂધ મંડળીઓએ દૃષ્ટિપૂર્વક કામ કરવું જોઈએ. એટલું જ નહી ખેતમજૂરો જેવા વર્ગમાં પશુપાલન વિકસે તેમને પૂરવણી આવક / રોજગારી મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૭) દૂધ મંડળીઓના ઉત્સાહી ચેરમેન / મંત્રીઓ પોતાના ગામ કે વિસ્તાર પૂરતો ઉત્સાહી કાર્યક્રમ બનાવે અને ગામમાં કોઈપણ કુટુંબ ઢોર ઉછેર કરવા ઈચ્છે તો તેને માટે જરૂરી અનુકૂળતા ઊભી કરી ઢોર આપવાનું ગોઠવે તો ગામડામાં અર્ધબેકારી ટાળવવામાં ખૂબ મદદ થઈ શકે. ગામડાની બેકારી અર્ધબેકારી ટાળવા પ્રયાસો કરવા એ હાલની સમયની માંગ છે.

(૮) ઢોર ઉછેરની બાબતમાં ત્રણ-ચાર બાબતો પર ખાસ ધ્યાન રાખવું જોઈએ. ઢોર બાંધવાની જગા, ઘાસચારાની સગવડ, તેના છાણ-મુત્રની વ્યવસ્થા અને ઢોર લેવા માટે લોન અને દૂધ ભરાવાની ગોઠવણ આ બધામાં ઉત્સાહી મંડળીઓ ખૂબ સારો ભાગ ભજવી શકે.

(૯) આવા કામો માટે મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા સહકારી દૂધ સંઘો પણ ખાસ પ્રયત્નો કરી શકે. જે દૂધ મંડળી ખેતમજૂરીમાંથી નવા પશુપાલકો બનાવે તેમને પ્રોત્સાહક ઈનામો આપે અને તેમના કામની હરિફાઈ થાય તેમ ગોઠવણી કરવી.

(૧૦) આપણા પ્રજા જીવનમાં વર્ગ વર્ગ વચ્ચે ખાઈ વધી રહી છે તેમાં અવિશ્વાસ પેદા થઈ રહ્યાં છે તે વકરે કે અનય સ્વરૂપ લે એ સમાજના હિતમાં નથી. કોઈપણ ગામમાં રહેતા સહુ કોઈના હિત ક્ષેત્રની સંઘના અગ્રણીઓ - મંડળીના કાર્યકરો કરે અને અવિશ્વાસની ખાઈને પૂરી દે એવું કામ કરે એ જરૂરી છે.

(૧૧) ગુજરાતમાં દૂધ મંડળીઓનો અને દૂધ (ડેરી) ઉદ્યોગનો વિકાસ થઈ રહ્યા હોય ત્યાં ગ્રામ જીવનના આ પ્રશ્નો પ્રત્યે દુર્લક્ષ ન થાય તે ખૂબ જરૂરી છે.

**આદિવાસી વિસ્તારની ઊંડાણના વિસ્તારની દૂધ મંડળીના કાયમી ધોરણે નડતાં કેટલાક પ્રશ્નો :**

(૧) દૂધ ખાટું થઈ જવું.

(૨) વાહન વ્યવહારની સગવડનો અભાવ.

(૩) સમય સાચવવાની સગવડ

(૪) દૂધની ગુણવત્તા જાળવવાના પ્રશ્નો, ખરીદ કિંમત તેમજ દૂધની કિંમત ચૂકવવાની પદ્ધતિઓની ભિન્નતા.

(૫) આ વિસ્તારમાં એક સરખો દૂધનો જથ્થો મેળવવાનો પ્રશ્ન

(૬) ઢોર મેળવવાની અને ઢોર ઉછેરની કેટલીક મુશ્કેલીઓ

(૭) દૂધ ન ભરાવવાને કારણે લોનની વસૂલાતનો પ્રશ્ન અને

(૮) ખાનગી દૂધવાળાઓની હરિફાઈમાં મંડળીની વિકાસની પ્રવૃત્તિઓને જાળવી રાખવાનો પ્રશ્ન

ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતી દરેક દૂધ ઉત્પાદક સહકારી મંડળી કે જેનું લાંબામાં લાંબુ

અંતર અને વાહનવ્યવહારનો અભાવ હોય ત્યાં ખાસ આ પ્રશ્નો જોવા મળે છે.

(૯) આદિવાસી વિસ્તાર છૂટો છવાયો હોવાથી ગામડા વચ્ચેનું વધુ અંતર અને આ વિસ્તારના પશુધનની ઉત્પાદન ક્ષમતા ઓછી હોવાથી ત્યાંનું પરિવહન ખર્ચ પણ વધુ આવતું હોય છે. દા.ત. ગુજરાતની પૂર્વપટ્ટી જોતાં દરેક મંડળી કક્ષાએ અને સંઘને ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૧૦) ગામડામાં મંડળીને ટકાવી રાખવામાં અથવા તો તેને વેરવિખેર કરવામાં બંને રીતે આજે ગ્રામકક્ષા સુધી જે રાજકારણ પ્રવેશી ચૂકયું છે તે પણ થોડે અંશે પ્રશ્નો ઉભા કરે છે.

આજ રીતે સહકારી મંડળીના સંચાલનમાં પણ કેટલીક ખામીઓ જોવા મળતી હોય છે. સહકારી મંડળીના મૂલ્યાંકનનો એવો અર્થ નથી કે તેના સંચાલનમાં કોઈ ગંભીર ખામી છે જ નહિ. જુદા જુદા વિસ્તારોમાં અને જુદા જુદા ક્ષેત્રે કામ કરતી સહકારી મંડળીઓના સંચાલનમાં અનેક ખામીઓ જોવા મળતી હોય છે.

**દૂધ સહકારી મંડળીના સંચાલનની ખામીઓ :**

(૧) યોગ્ય દેખરેખનો અભાવ આદિવાસી વિસ્તારમાં મંડળીની કડી રૂપ ગણાતા ચેરમેન અને વ્યવસ્થાપક કમિટિના સભ્યોમાં શિક્ષણના અભાવે મંડળી પર જોઈએ તેટલું ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી અને દરેક પ્રકારની જવાબદારી મંત્રી પર છોડી દેવાય છે. જે મંડળી માટે લાંબા ગાળે નુકશાનકારક નીવડે છે.

(૨) સંચાલકોની ખોટી પસંદગીને લીધે મંડળીના સભાસદોને ઘણીવાર મોટું નુકશાન સહન કરવું પડે છે.

(૩) સંચાલકોની બિનકાર્યક્ષમતા અને અપ્રમાણિકતા પણ મંડળીનો વિકાસ રૂંધે છે.

(૪) આજે મોટાભાગના ગ્રામ વિસ્તારમાં જયાં જયાં કંઈક નવું તંત્ર ઊભું થાય અને ગામને વ્યક્તિને લાભદાયી હોય છતાં પક્ષાપક્ષીને કારણે આંતરિક વિખવાદો પડે છે. જેથી એક વ્યક્તિને ભોગે દસને સહન કરવું પડતું હોય છે.

(૫) મોટેભાગે દૂધ મંડળીના સભ્યોમાં મંડળીની કામગીરી તરફ બેપરવાઈ હોય છે.

(૬) મંડળીના સભ્યોની અભણતા અને અજ્ઞાનતા તેમજ સહકારી ભાવનાનો અભાવ પણ જોવા મળે છે.

(૭) મંડળીમાં થતા ઓડિટની ખૂબીઓ-ખામીઓનો સમયસર દૂરસ્તી કરવાની ટેવનો અભાવ.

(૮) મોટાભાગના સભ્યો અભણ હોવાથી મંડળીના કાર્યોથી સહકારના સિધ્ધાંતોથી અને સહકારી શિક્ષણથી તદ્દન અપરિચિત હોય છે.

(૯) ઘણીવાર મંડળીના સભ્યોમાં પણ વફાદારીનો અભાવ જોવા મળતો હોય છે.

(૧૦) દૂધ મંડળીના સંચાલનમાં હજુ પણ સ્ત્રીઓ અને યુવકોની અવગણના થાય છે. સાથે સાથે દૂધ મંડળીના સામાન્ય સભ્યો પ્રત્યે પણ ઉપેક્ષા સેવાતી હોય છે.

(૧૧) ગ્રામકક્ષાની પાયામાં કામ કરતી દૂધ મંડળીઓમાં વ્યવસ્થાપકોની વધારે પડતી સત્તા અને તેમની દીર્ઘ દ્રષ્ટિના અભાવે સભ્યોમાં પણ વિશ્વાસ સંપાદન કરી શકતા નથી અને ખોટા કર્મચારીઓની પસંદગીથી મંડળીને અધોગતિ તરફ ધકેલી દે છે.

ઉપર મુજબ મંડળીની સાથે સાથે સંચાલનના પણ કેટલાક પ્રશ્નો હોય છે. તેની પર ખાસ ધ્યાન કેન્દ્રિત ન કરાતું હોઈ ઘણા સભ્યોને (વગ સિવાયના) સહન કરવું પડતું હોય છે.

**આદિવાસી વિસ્તારમાં દૂધના ધંધાને વિકસાવવા માટે ખાસ :**

(૧) રાજય સરકારે ખેતી વિહોણા ખેતમજૂરો, નાના ખેડૂતો અને સીમાન્ત ખેડૂતોને સંયોજિત ગ્રામ વિકાસ કાર્યક્રમ દ્વારા તેમજ રાષ્ટ્રીય ગ્રામ રોજગારી કાર્યક્રમ દ્વારા આદિવાસી વિસ્તારમાં ઘર આંગણેજ રોજી-રોટી મળી રહે તે માટે મહત્વકાંક્ષી કાર્યક્રમ કેન્દ્ર સરકારની સહાયથી આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ૧૯૭૭ થી અમલમાં મૂકાયો છે. આ કાર્યક્રમ દ્વારા આદિવાસી ખેતમજૂરો, નાના સીમાંત ખેડૂતોને પૂરક રોજી અને આવક મેળવવા પશુપાલનના વ્યવસાય માટે ગાય/ભેંસો ખરીદવા લોન/સબસીડીની યોજના અમલમાં મૂકી છે. આમ ઘર આંગણેજ અસ્કયામત ઉભી થાય અને રોજી-રોટી મળી રહે તે માટેની વ્યવસ્થા ઊભી કરી છે. તેની સાથે સાથે નાની સિંચાઈ યોજનાઓ, ગામના નાના નાના તળાવો દ્વારા તેમજ અન્ય સિંચાઈની સુવિધાઓ દ્વારા ખેતીના ક્ષેત્રમાં પડતર જમીનોને ખેતીપાત્ર બનાવી ઘાસચારાની યોજના આવા સૂકા પ્રદેશમાં અમલમાં મૂકવી જોઈએ.

(૨) આદિવાસી વિસ્તારમાં ખેતીઉદ્યોગ અને ખેતી વિકાસમાં ખેડૂતોની આવક વૃધ્ધિ માટે ચાલતી સેવા સહકારી મંડળીઓ, કૃષિમંડળીઓ, ખેતવચાણની વિવિધ મંડળીઓ અને મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ ઉપરાંત પણ અનેક મંડળીઓ જેવી કે પિયત, બીજ ઉત્પાદન, ખરીદ વેચાણ મંડળીઓ આ બધાની પૂર્તિ માટે દૂધ ઉત્પાદક સહકારી મંડળીને પણ એટલું જ મહત્વ આપી વિકસાવવાની જરૂરિયાત છે.

(૩) **ડેરી ફાર્મિંગ માટે જમીનનો વિકાસ :**

આદિવાસી વિસ્તારમાં ખેતી માટે તો નહીં પરંતુ ડેરી વિકાસ માટે ગામના ગોચરો પડતર અને ન ખેડી શકાય તેવી જમીનોને ખેતી લાયક ઘાસચારાની યોજના અમલી બનાવી શકાય તે પૂરતી તો વિકસાવવી જ જોઈએ અને તેને માટે મંડળીને પ્રયત્નશીલ બનાવી સંઘ દ્વારા સહાયરૂપ થવું જોઈએ.

(૪) આદિવાસી વિસ્તારમાં આવીજમીનની ઉપલબ્ધિ માટે ઘાસચારા હેઠળ લાવવા જે તે જિલ્લાના/તાલુકાના જમીનના અધિકારીઓને મળી કંઈક ઉપાય કરવો જરૂરી છે. જો આ બાબત અશક્ય જ હોય તો આદિવાસી વિસ્તારમાં સતત વધતા જતા ડેરી વ્યવસાય માટે શું કરી શકાય તે સૂચવવું જરૂરી છે.

(૫) આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીના સભાસદોને અપાતી લોનની રકમના હપ્તા વસૂલ કરવા માટે ખાસ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. કારણ કે આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા મંજૂર થતા ભેંસોના કેસો પર બેંક દ્વારા ધિરાણ કરાય છે અને તેની સબસીડીની રકમ સરકાર દ્વારા ભરપાઈ કરાય છે. જેથી બાકી લોન ભરપાઈ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે. લોનની વસૂલાત જેના દ્વારા સહાય આપવામાં આવે છે તેના દ્વારા જ થવી જોઈએ. અથવા આદિવાસી વિસ્તાર પેટા યોજનાના સંપૂર્ણ નેજા હેઠળ આદિવાસી વિકાસ કોર્પોરેશનની દેખરેખ હેઠળ થવી જોઈએ.

- લોનના હપ્તાની મર્યાદા ઘટાડી ૩૦ને બદલે ૨૪ કરવી જોઈએ.
- લોન પેટે એડવાન્સ હપ્તાની કાપણી સભાસદોએ ભરેલા દૂધ ઉપર સીધી સંઘ દ્વારા થવી જોઈએ.
- ઘણી ખરી મંડળીઓમાં લોન ભરપાઈ કરવામાં સભાસદો નિષ્ક્રિય રહે છે જેના માટે સંઘ દ્વારા સીધું દબાણ હોવું, આદિવાસી વિકાસ પ્રાયોજના અને તાલુકા કક્ષાના સહકારી અધિકારીઓ દ્વારા દબાણ લાવવું અને લોનના હપ્તાની રકમ સમયસર આવે તે રીતે ખાસ ધ્યાન આપવું જરૂરી છે. સંઘ દ્વારા જ લોનના હપ્તાની રકમ કપાત થઈ આવે તે ખાસ જરૂરી છે.

(૬) આ વિસ્તારની મંડળીઓમાં દૂધનો વધુ જથ્થો એકત્રિત કરવા માટે સંઘ દ્વારા નજીકના વિકસેલા ગામો અથવા તાલુકા મથકોએ દૂધના વિતરણની વ્યવસ્થાને વિકસાવવી જોઈએ.

(૭) આદિવાસી વિસ્તારમાં દૂધના વ્યવસાયને વિકસાવવા ખાસ જરૂરિયાત છે. સમતોલ પશુઆહાર અને લીલો ઘાસચારો. આ વિસ્તારમાં બિન આદિવાસી વિસ્તારની સરખામણીએ આદિવાસી સભ્યો ભાગ્યેજ ખાણ/દાણનો ઉપયોગ કરતા હોય છે. આ વિસ્તારમાં દાણની પૂરેપૂરી સુવિધા પ્રાપ્ત થાય તે માટે સંઘે યોગ્ય કાર્યવાહી હાથ ધરવી જોઈએ. આ વિસ્તારમાં જમીન ઢોળાવોવાળી અને ખડકાળ હોવાથી તેમજ ભેજ સંગ્રહશક્તિ ઓછી હોવાથી ચોમાસાના ત્રણ માસ દરમયાન જ લીલો ઘાસચારો મળે છે. તે પછીના સમયગાળામાં જંગલોનું સૂકુ અને તત્વહિન ઘાસથી દૂધ ઉત્પાદકને ઘણું સહન કરવું પડે છે તો સંઘ દ્વારા અથવા તો રાજય સરકાર દ્વારા દૂધાળા પશુ યોજનાની ફલશ્રુતિ માટે લીલા ઘાસચારાની

યોજના દરેક મંડળીઓ પાસે બનાવડાવી તે અંગે પૂરતી નાણાંકીય જોગવાઈ કરવી જોઈએ. આદિવાસી વિસ્તારમાં ગામડાંને રોજી આપવા માટેના કાર્યક્રમના અસરકારક પરિણામો મેળવવા અપાતા પશુધન માટે જો લીલા ઘાસચારાની યોજના વિચાર્યા વગર ઢોર ખરીદવા અપાતી લોનથી ગરીબ આદિવાસીનું ભલુ નહિ થાય. બલ્કે આથી ખેડૂત વધુ આર્થિક ભીંસ અનુભવશે અને વધારે ગરીબ બનશે. જેથી આ યોજના ખાસ વિચારણા માંગી લે છે. આ માટે દરેક વિસ્તારમાં જમીન પણ ઉપલબ્ધ થશે. પરંતુ માત્ર ગરીબોને મદદ કર્યાનો જ સંતોષ લેવો હોય તો તે વ્યર્થ છે. માટે ગ્રામ્ય કક્ષાએ ડેરી ધરાવતા ગામોમાં - ગામના ગોચરની નજીક અથવા તો કાયમી પડતર જમીનમાં ટ્યુબવેલ અથવા નાના નાના કૂવાઓ કરીને તેના પર પિયતની યંત્ર સામગ્રી ગોઠવીને, લીલો ઘાસચારો ઊઘાડી કિફાયત ભાવે દૂધ ઉત્પાદકોને પૂરો પાડવો - તો આ વ્યવસ્થાની વહેલી તકેવિચારણા થાય તો જરૂર આદિવાસી વિસ્તારમાં અનેક પરિવર્તનો જોઈ શકીશું.

આ રીતે ગોચર સુધારણા દ્વારા, પડતર જમીનમાં ઘાસચારાનું વાવેતર, ખેતીની જમીન (ધરાવનારે ખેતરના રોઢા પરનું ઘાસ ઉત્પાદન વધારીને પૌષ્ટિક લીલાચારાની ઉણપ દૂર કરવી જોઈએ.

(૮) આદિવાસીઓમાં દૂધનું તાંત્રિક જ્ઞાન હોતું નથી તેથી ઢોર સુધારણા માટેની તાલીમ, અને દૂધાળાં ઢોરને માટે રાખવી પડતી કાળજી તેમજ દૂધ ઉત્પાદન મેળવવા માટેના ટેકનીકલ જ્ઞાનની સમજ આપવી જોઈએ.

(૯) પશુ સુધારણા માટે ગામમાંથી કૃત્રિમ વીજદાન વિષે કોઈને ખાસ ખ્યાલ હોતો નથી. તેમનાં ઢોર ગામના ખાનગી પાડા / આખલા દ્વારા જ બંધાવતા હોય છે તો કૃત્રિમ બીજદાન અંગેની પૂરતી સમજ માટે યોગ્ય તાલીમની જરૂરિયાત પૂરી પાડવી જોઈએ.

(૧૦) જિલ્લા સંઘ દ્વારા સહકારી મંડળીના આધાર સ્તંભ સમા સભાસદો, સંચાલકો અને કર્મચારીઓને સહકારી પ્રવૃત્તિની સાચી સમજ માટે સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની પ્રવૃત્તિને વેગ આપવો.

સભાસદો માટે મંડળીના કાર્યો, પેટાકાયદા-નિયમો, મંડળીની મુશ્કેલીઓ, ઉકેલો માટે મંડળીના સ્થળે શિક્ષણ વર્ગો ગોઠવવા અને સમજ આપવી. જેની જોગવાઈ છતાં ભાગ્યે જ આ પ્રકારના તાલીમ વર્ગ ગોઠવવામાં આવતા હોય છે. દરેક સંઘોમાં વ્યવસ્થાપક સમિતિના સભ્યો માટે, મહિલાઓને સહકારી શિક્ષણ માટે, યુવકોનો સહકારી પ્રવૃત્તિ તરફ અભિગમ પેદા થાય તે માટે દૂધ મંડળીના કર્મચારીઓ મંત્રી / ટેસ્ટર માટેની તાલીમ માટેનું આયોજન કરવામાં આવતું હોય છે. પરંતુ તેમાંય ઘણીવાર ઉણપ રહેતી હોય છે તો આ માટે દરેક તાલીમ વર્ગને પૂર્ણ કરી ડેરી

ઉદ્યોગને લગતી તાલીમ શિબિરો અને સેમિનારો કરીને સભાસદથી માંડી વહીવટમાં રોકાયેલ તમામને સહકારી પ્રવૃત્તિની સાચી સમજ આપવી જોઈએ.

**આદિવાસી વિસ્તારમાં સહકારી કાર્યકરોને તાલીમની અનિવાર્યતા :**

આદિવાસી વિસ્સતારોમાં આજે દૂધ મંડળીઓનું કામ સારી પેઠે ગોઠવાયું છે, પરંતુ મંડળીઓમાં જાગૃતિ રહે, વ્યવસ્થા અને વહીવટનું જ્ઞાન, પેટા-કાયદાનો ખ્યાલ વિગેરે બાબતોથી મંડળીનો સંચાલક ગણ વંચિત હોય છે. જેથી આ વિસ્તારોમાં દૂધ મંડળીને વિકસાવવા - ગામની અગોત્રી સંસ્થા બનાવવા દૂધ મંડળીનું સંચાલન કરતા પ્રમુખશ્રી તેમજ સમિતિના સભ્યોને ધંધાકીય અને વહીવટી સૂઝ અને સમજ આપવાની તાલીમ અનિવાર્ય છે. જો આવા તાલીમ પામેલા અને રાજકારણથી પર એવા કાર્યકરો સંસ્થાનું સંચાલન કરશે તો દૂધ મંડળીઓ દિનપ્રતિદિન વિકસતી જશે, સમગ્ર ગામને તેની ફલશ્રુતિનો લાભ મળશે. પરિણામે સુખ અને સમૃદ્ધિ વધારવામાં દૂધ મંડળીઓ મહત્વની કડીરૂપ બનશે. વહીવટી વ્યવસ્થાઓમાં જોઈતું કલા-કૌશલ્ય તો આપણે જે તે વેપાર વ્યવસ્થાની કે જેમાં નીતિ વિષયક બાબતો મંડળીના ધારાધોરણો વગેરે માટેની તાલીમના કાર્યક્રમો યોજીને હાંસલ કરી શકીશું.

આદિવાસી વિસ્તારમાં કેટલાકને ભેંસો આપવામાં આવી છે. કેટલાક સભ્યોને પોતાની ભેંસો છે. આ લોકો ભેંસો રાખે પણ તેને માટે યોગ્ય ગમાણ આવડે નહિ. ભેંસોના છાણ-મૂત્ર માટેના ઉકરડા પણ વ્યવસ્થિત જોવા મળતા નથી. ભેંસો આવવાથી આવક વધે છે પણ ગમે તેમ તેનો ઉપયોગ થાય છે. આ માટે ફરતા તાલીમ વર્ગો દ્વારા ભેંસો માટેના પ્રોગ્રામનું વ્યવસ્થિત આયોજન અને વ્યવસ્થા વિચારી શકાય. આવા વર્ગોથી તેમની ગાય-ભેંસની સાર-સંભાળ અને, દૂધના અર્થતંત્ર વિષે પૂરતી સમજ આપી શકાય જે નિઃશંક છે.

છેલ્લે દૂધ સહકારી મંડળીના ગામોમાં ડેરી વ્યવસાયને વિકસાવવા મંડળી ધરાવતા ગામોમાં પાર્ટીઓ અને પક્ષાપક્ષીને દૂર રાખવાની તાતી જરૂર છે, આજે પણ પ્રસ્તુત તપાસ વખતે સારો એવો અનુભવ થયો છે કે સહકારી મંડળીઓ જે જે ગામોમાં છે તેમાં પણ પક્ષો પડેલા જોવા મળે છે. દરેક જિલ્લા સંઘ દ્વારા પદ્ધતિસર આ અંગે સંશોધન કરી આંકડા બહાર પાડે તો જરૂર ગ્રામ્ય કક્ષાએથી પાર્ટી નાબૂદ કરી દરેક દૂધ મંડળી ધરાવતા ગામો સામાજિક આર્થિક અને રાજકીય બાબતોમાં ગામ વિકાસની બાબતોમાં એકત્ર થઈ કામ કરતાં શીખે - તેમ કરવાની કેટલી જરૂર છે તેનો આવા સંઘ દ્વારા કરાયેલા સંશોધનથી ખ્યાલ આવશે.

દૂધ મંડળીના કાર્યક્ષમ સંચાલનથી ડેરીની અર્થક્ષમતા વધશે, સભાસદોને વધુ સેવાઓનો લાભ મળશે, લોકોને મળતી રોજગારીની તકોમાં વૃધ્ધિ થશે. આ માટે પણ તાલીમ અને પ્રશિક્ષણ અનિવાર્ય છે. આ શક્ય બનશે તો જરૂર સામાજિક ક્રાંતિ સર્જાશે.

## સંદર્ભ સૂચિ


| | | | |
|---|---|---|---|
| (૧) | કૃષિ વિકાસ | દ્વિમાસિક અંક - ૮૪ ઓક્ટોબર-૮૩, પાન નં.૧૫<br>''દૂધના ધંધામાં બહેનો વધુ ફાયદો મેળવી શકે''<br>લેખક : મંગળદાસ એ. પટેલ<br>પ્રકાશક : શ્રી ભારતીય કૃષિ વિકાસ પરિષદ | |
| (૨) | ગ્રામ સ્વરાજ | ઓક્ટોબર - | ૧૯૪૭ પાન ૧૫ |
| | | મે - | ૧૯૪૮ પાન ૯ |
| | | જુલાઈ - | ૧૯૪૯ પાન ૨૪ |
| | | નવેમ્બર - | ૧૯૪૯ પાન ૨૧ |
| | | ડિસેમ્બર - | ૧૯૪૯ પાન ૨૧,૨૨/૨૩ |
| | | જાન્યુઆરી - | ૧૯૫૦ પાન ૧૪ |
| | | એપ્રિલ - | ૧૯૫૦ પાન ૯ |
| | | ઓગષ્ટ - | ૧૯૫૦ પાન ૧૩ |
| | | સપ્ટેમ્બર - | ૧૯૫૦ પાન ૩૬ |
| | | નવેમ્બર - | ૧૯૫૦ પાન ૪૩ |
| | | ફેબ્રુઆરી - | ૧૯૫૧ પાન ૧૦ |
| | | મે - | ૧૯૫૧ પાન ૨૭ |
| | | નવેમ્બર - | ૧૯૫૧ (દેશપરદેશમાં સ.પ્રવૃત્તિ) |
| | | ડિસેમ્બર - | ૧૯૫૧ (આયોજન પંચની યોજનામાં સહકારી પ્રવૃત્તિનું સ્થાન) |
| | | જૂન - | ૧૯૮૩ ''  '' |
| | | પ્રકાશક : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ યુનીયન, સહયોગ, જયોતિ... પાછળ | |
| (૩) | ગુજરાત સમાચાર | - | દૈનિક વર્તમાન પત્ર<br>તા.૨૫/૨૬ ડિસેમ્બર - ૧૯૮૩<br>(૧) ઉકેલ માગતો કોયડો<br>લેખક : વિદ્યુત ઠાકર<br>(૨) ''ઓપરેશન ફલડ'' પરનું આક્રમણ શા માટે?<br>લેખક : સાબર ડેરી - ચેરમેનશ્રી |

(૪) ગુજરાત સમાચાર - દૈનિક વર્તમાન પત્ર તા.૧૨-૨-૮૪
''શ્વેતક્રાંતિ'' સહકારી ''શ્યામ ક્રાંતિ''
સપ્તાહના ચહેર-મહોર - લેખમાંથી

(૫) ગુજરાત - (સાપ્તાહિક)
૧૦ થી ૧૬ ફેબ્રુઆરી, ૧૯૮૪
વર્ષ - ૨૪, અંક - ૩૫
પ્રકાશક : માહિતી ખાતું (ગુ.રાજ્ય)

(૬) દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની આંકડાકીય માહિતી :
- દૂધ બીલ ફાઈલ - દૂધ વકરો
- ખરીદ રજીસ્ટર - કુલ દૂધ
- ઓડિટ મેમો ફાઈલ - ઓડિટ નોંધ
- પેમેન્ટ રજીસ્ટર - સભાસદોને ચૂકવેલ રકમ
- ભેંસ ખરીદી લોન ફાઈલ

(નમૂનાની મંડળીઓના ઉપર મુજબના પત્રકોમાંથી)

(૭) પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગોધરા
વાર્ષિક અહેવાલ - ૧૯૮૧-૮૨
૧૯૮૨-૮૩
પ્ર.પં.જિ.સ.દૂ.ઉ.સંઘ લી., ગોધરા

(૮) ''પ્રભાત'' વર્તમાન પત્ર તા.૬-૪-૮૪ (ઈલેસ્ટ્રેટેડ વીકલી ઓફ ઈન્ડિયાના ઓકટોબર-૩૦ અને નવેમ્બર-૫ ૧૯૮૩ ના અંકોમાં શ્રી કોલ્ડ ગલ્વારિસે શ્વેત ક્રાંતિ અંગે લખેલા તેમના સંદર્ભમાં ડેરી વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી ડૉ. કુરિયન દ્વારા અપાયેલ પ્રત્યુત્તરોના લેખો - સંકલન લેખ) સંકલન : મયૂરી ઠાકોર

(૯) પંચમહાલ જિલ્લાની આંકડાકીય રૂપરેખા, ૧૯૮૩-૮૪

(૧૦) ''વ્યાપાર'' વર્તમાન પત્ર : તા.૧૧-૨-૮૪
વર્ષ - ૩૫, અંક-૨૮, શનિવાર પાન નં.૧

(૧૧) સહકાર - સ્વાતંત્ર્ય દિનપૂર્તિ ઓગષ્ટ-૮૩, અંક-૭
પ્ર. શ્રી જે.એન. મુલાણી ''સહયોગ''

(૧૨) સહકારના સિધ્ધાંતો અને વ્યવહાર

લે. પ્રિ. દર્શનસિંઘ શીખ, પ્રા. બી.કે. ગઢવી

પ્રા.બી. એસ. દોશી

પ્ર. અખિલ હિન્દ પ્રકાશન

(૧૩) સહકાર સપ્તાહ વિશેષાંક : ૧૯૭૭

(૧૪) સહકારી ધોરણે દૂધનો ધંધો - પ્ર. શ્રી બાબુભાઈ ચુ. ભટ્ટ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મહેસાણા.

(૧૫) મંડળીઓને હિસાબી માર્ગદર્શન - પ્ર.મ.જિ.સ.દૂ.ઉ.સ.સં.લી., મહેસાણા

(૧૬) ''સંદેશ'' પ્રજાસત્તાક દિન પૂર્તિ તા.૨૬-૧-૮૪ પાન નં.

- ''દૂધ શ્વેત ક્રાંતિ સામે નરદમ જુઠાણું''

શ્રી નવલભાઈ શાહ (માજી તંત્રી ગુ.રાજય)

(૧૭) ''સંદેશ'' દૈનિક વર્તમાન પત્ર તા.૧૧-૧૮-૭-૮૩

પ્રજાજિવનના પ્રવાહો

લે. શ્રી રિખવદાસ જે. શાહનો લેખ

(૧૮) સામાજિક આર્થિક સર્વેક્ષણ પુસ્તિકા - ૧૯૮૩

પ્ર. આંકડા બ્યુરો - ગાંધીનગર

(૧૯) આદિજાતિ વિકાસ કોર્પોરેશન કચેરી, દાહોદ

''૧૯૭૭-૭૮થી ૧૯૮૨-૮૩નું ધિરાણ સહાય દર્શાવતું પત્રક''

(૨૦) આદિવાસીઓના પ્રશ્નો :

લેખક : વિમલ શાહ

પ્ર. : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

(૨૧) ચરોતરનો દૂધ ઉદ્યોગ : શ્રી શાંતિલાલ શાહ ૧૯૫૫

Report on the Development of the cattle and dairy Industries of India.

- By Nurman woright

- A BLACK LIE

  - By Dr. V. Kurian, Chairman N.D.D.B.

- Censuc of India - 1991 paper - 3

  Series - 5 Gujarat

  - By R.S. Chhaya I.A.S.

  - Director of Census operations Gujarat

- Operation Flood - A Reality

  - By India Dairy Corporation, Baroda

- The Economic Times Aug. 19 - 1983

  - Friday - Page 6 - 7

  - Dairy Development of Maharashtra"